સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ/2013/58486

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 48

■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ માર્ગશીર્ષ વદ -૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20

રવિવાર, ૭ ડિસેમ્બર ૨૦૨૫, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦

ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારે ટેન્શન વચ્ચે બંગાળમાં ‘બાબરી’નો શિલાન્યાસ



પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ જેવી મસ્જિદના નિર્માણકાર્યની ગઈ કાલથી આ ઈંટો મૂકીને શરૂઆત થઈ હતી. (એજન્સી)

## બાબરીની પ્રતિકૃતિસમી મસ્જિદના નિર્માણની શરૂઆત પછી રાજકીય ઘમસાણઃ લાખો લોકોએ આપી હાજરી

બહરામપુરઃ પશ્ચિમ બંગાળમાં સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્યના હુમાયુ કબીરે શનિવારે રાજ્યના મુર્શિદાબાદ જિલ્લાના રેજિનગર ખાતે અયોધ્યાની બાબરી મસ્જિદની પ્રતિકૃતિ સમાન મસ્જિદનો બાબરી ધ્વંસની ૩૩મી તિથિએ ગઈ કાલે શિલાન્યાસ કર્યો હતો. જેના કારણે રાજ્યમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. જ્યાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે.

ચાર લાખ લોકોએ આ પ્રસંગમાં હાજરી આપી હોવાનો દાવો કરતા હુમાયુ કબીરે કહ્યું હતું કે, આમાં ગેરબંધારણીય કાંઈ નથી. બંદગીનું સ્થળનું નિર્માણ એ બંધારણીય અધિકાર છે. બાબરી મસ્જિદ બંધાઈને જ રહેશે. ૩૩ વર્ષ પહેલા મુસ્લિમોના હૃદય પર એક ઘા કરાયેલો અને તેના પર માત્ર બામ લગાડી રહ્યા છીએ.

રાજ્ય પોલીસ, આરએએફ અને કેન્દ્રીય દળોની ભારે તહેનાતી વચ્ચે કબીરે મૌલવીઓ સાથે રેજિનગરમાં એક મોટા મંચ પર રિબન કાપી હતી. જ્યારે (જુઓ પાનું ૨)

# ઍરલાઈન્સની મનમાની પર સરકારની બ્રેકઃ ટિકિટ ભાડાં નક્કી કરાયાં



**આક્રોશ અને ગુસ્સોઃ** ઈન્ડિગોની મુંબઈ ઍરપોર્ટ પરના કાઉન્ટર પર લડી રહેલો પ્રવાસી. (એજન્સી)

નવી દિલ્હીઃ ઇન્ડિગો સંકટને લઇને સરકાર હવે કડક વલણ અપનાવી રહી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે આ કટોકટીનો સામનો કરવા માટે કેટલીક માર્ગદર્શિકા જારી કરી છે. સરકારે એરલાઇન્સના ભાડામાં થઇ રહેલા ભારેભરખમ વધારા પર અંકુશ લાદ્યો છે.

ઇન્ડિગો ફ્લાઇટ્સમાં વિક્ષેપને કારણે હવાઇ ટિકિટના વધી રહેલા ભાવ વચ્ચે સરકારે શનિવારે અંતરના આધારે હવાઇ ભાડાની મર્યાદા ૭,૫૦૦થી ૧૮,૦૦૦ રૂપિયા સુધી નક્કી કરી છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એક આદેશમાં જણાવ્યું કે લાગુ પડતા શુલ્ક સિવાય ભાડાં મર્યાદા બિઝનેસ ક્લાસ અને ઉડાન ફ્લાઇટ્સ પર લાગુ થશે નહીં. જો કે આદેશમાં એ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે આ મર્યાદા ઇકોનોમી ક્લાસ ટિકિટ કે ઇકોનોમી અને પ્રીમિયમ ઇકોનોમી ક્લાસ બંને ટિકિટો પર લાગુ થશે કે નહીં.

આ મર્યાદા હેઠળ ૫૦૦ કિલોમીટર સુધીની ફ્લાઇટનું ભાડું રૂ. ૭,૫૦૦ રૂપિયા અને ૫૦૦-૧૦૦૦ કિ.મી. માટે ટિકિટની કિંમત મર્યાદા રૂ. ૧૨,૦૦૦ રૂપિયા છે. જ્યારે ૧૦૦૦-૧૫૦૦ કિ.મી.ની ફ્લાઇટ્સ માટે ભાડાની મર્યાદા રૂ. ૧૫,૦૦૦ રૂપિયા અને ૧૫૦૦ કિ.મી.થી વધુની ફ્લાઇટ્સ માટે મર્યાદા ૧૮,૦૦૦ રૂપિયા છે.

આ મર્યાદાનો અર્થ એ છે કે દિલ્હી-મુંબઇ ફ્લાઇટ માટે ઇકોનોમી ક્લાસનું લઘુત્તમ ભાડું રૂ. ૧૮,૦૦૦ રૂપિયા સુધી મર્યાદિત કરવામાં આવ્યું છે. જે ૧૩૦૦ કિલોમીટરથી વધુનું (જુઓ પાનું ૨)

### ઍરપૉર્ટ્સ પર અંધાધૂંધી ચાલુ જઃ ૮૦૦થી વધુ ફ્લાઈટ રદ

## આજ સાંજ સુધીમાં રિફન્ડ આપવા ઈન્ડિગોને આદેશ

### મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યોઃ એફડીટીએલના અમલમાં રાહત હંગામી અને માત્ર એ૩૨૦ વિમાનો પૂરતી જ

મુંબઈ : સ્થાનિક કેરિયર ઈન્ડિગોએ શનિવારે ચાર મોટા હવાઈમથકોમાં ૮૦૦થી વધુ ફ્લાઈટ રદ કરી હતી. સૂત્રોએ કહ્યું હતું કે અદાલતના આદેશથી કરાયેલી નવી ફ્લાઈટ ડ્યુટીના નિયમોના બીજા તબક્કામાં અને કોકપિટ ક્રુ માટેના આરામના સમયગાળાના નિયમોમાં છૂટ આપવામાં આવી હોવા છતાં શનિવારે અગાઉ જેવી અરાજકતા જોવા મળી હતી. સરકારે ઈન્ડિગો ફ્લાઈટને જે રદ કરેલી છે એ ઉડ્ડયનોના રિફન્ડની પ્રોસેસ રવિવાર સાંજ સુધી પૂરી કરવાનો આદેશ આપ્યો હતો. સરકારે ઍરલાઈનને વધુમાં એવો આદેશ આપ્યો હતો કે જે પેસેન્જરનો સામાન તેમનાથી અલગ થઈ ગયો છે એ આગામી બે દિવસમાં પેસેન્જરને પહોંચાડવામાં આવે.

દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગોએ ૧૦૦૦થી વધારે ફ્લાઈટ રદ કરી અને પાંચમા દિવસે પણ હાહાકાર ચાલુ હતો. મંત્રાલયે કહ્યું હતું કે રિફન્ડ આપવામાં વિલંબ થશે તો નિયામક દ્વારા તત્કાળ પગલાં લેવામાં આવશે. એરલાઈનને એવી પણ સૂચના (જુઓ પાનું ૨)



## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૭-૧૨-૨૦૨૫ થી તા. ૧૩-૧૨-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં વૃશ્ચિક રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ ધનુ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર વૃશ્ચિક રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૭મીએ મિથુનમાંથી કર્કમાં પ્રવેશે છે. તા. ૧૦મીએ સિંહ રાશિમાં, તા. ૧૨મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. તા. ૯મીએ, ૧૧, ૧૨મીએ સહકાર્યકરો અધિકારીઓ સાથે વિવાદ ટાળવો જરૂરી છે. અનારોગ્યમાં આ સપ્તાહમાં ઝડપી સુધારો આવશે. સ્વાસ્થ્ય જાળવણી માટે વિશિષ્ટ સારવાર મેળવશો. મહિલાઓના પરિવારજનો સાથેના વૈચારિક મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં નિયમિતતા જાળવી શકશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરીમાં જરૂરી અપેક્ષિત પ્રોત્સાહન મેળવશો. તા. ૧૦, ૧૧, ૧૨મીએ મહત્ત્વના નાણાવ્યવહાર પૂર્ણ કરી શકશો. આ સપ્તાહમાં નાણાંની આવકમાં વૃદ્ધિ થશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી કાર્યક્ષેત્રે સફળતા અનુભવશો. વેપારનો વિકાસ થાય. ભાગીદાર, વ્યવસાયના મિત્રો ઉપયોગી થશે. મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સગવડતા, પ્રોત્સાહન મળતું જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ શક્ય જણાય છે. નોકરીમાં યશ મેળવશો. નોકરીમાં તા. ૭, ૧૦, ૧૧મીએ સફળ નિર્ણયો લઈ શકશો. નોકરી વિશેની મૂંઝવણનો ઉકેલ આવશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. આત્મવિશ્વાસ દઢ બનશે. જૂની ઉઘરાણીનાં નાણાંની વસૂલી થાય. મહિલાઓનો પરિવારજનોમાં મતભેદ દૂર થશે. અનારોગ્યમાં ઝડપી સુધારો થશે. વિદ્યાર્થીઓને નવા વિષયનો અભ્યાસ પ્રારંભ કરવા માટે અનુકૂળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક લે-વેંચનો વેપાર અને નવું નાણારોકાણનું કામકાજ સફળ બનશે. તા. ૮, ૯મીએ નવીન પ્રવૃત્તિઓનો પ્રારંભ શક્ય છે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૩ શુભ જણાય છે. વેપાર વધશે. વેપારમાં આર્થિક વ્યવહારો સંપન્ન થશે. મહિલાઓને સંતાનના જવાબદારીના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં ઉચ્ચ પરીક્ષામાં યશસ્વી અનુભવ થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણની શક્યતા છે. નોકરી માટે તા. ૭, ૧૨, ૧૩ શુભ જણાય છે. નોકરીમાં ઉપરી અધિકારીનો સહયોગ પ્રાપ્ત થાય. સહકાર્યકરોમાં વૈચારિક મતભેદો દૂર થશે. વેપારમાં નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓ કુટુંબીજનોમાં યશસ્વીપણું અનુભવશે. માનપાન વધશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટે જરૂરી સામગ્રી, પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષાનુસાર લે-વેંચનો વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૭, ૮, ૧૩ સફળતાસૂચક છે. નોકરીના સહકાર્યકરોમાં વિવાદ ટાળવો જરૂરી છે. મિલકત, ઘર ઈત્યાદિના નિર્ણયો લઈશકશો. વાહનનો નિર્ણય લઈશકશો. મહિલાઓ કિંમતી ચીજોની ખરીદી કરી શકશે. મહિલાઓને તીર્થપ્રવાસ, ધાર્મિક આયોજનો માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવાસમાં અનુકૂળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ સફળ બનશે. નોકરી માટે તા. ૮, ૯, ૧૧ શુભ જણાય છે. તા. ૭, ૯, ૧૦ પ્રવાસ માટે શુભ જણાય છે. જૂના ઉઘરાણીના નાણાંની વસૂલી તા. ૯, ૧૧, ૧૩મીએ સફળતાસૂચક જણાય છે. મહિલાઓનો સહપરિવાર તીર્થપ્રવાસ સફળ બની રહેશે. મહિલાઓને કિંમતી ચીજોની ખરીદી માટે અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને શિક્ષણની જવાબદારીમાં આ સપ્તાહમાં સફળ અનુભવો થાય.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે આ સપ્તાહમાં તા. ૭, ૧૦, ૧૧ યશસ્વી જણાશે. મુસાફરીઓ આ સપ્તાહમાં સફળ બની રહેશે. વેપારના સફળ નિર્ણયો લઈ શકશો. જૂની ઉઘરાણીનાં નાણાંની વસૂલી શક્ય જણાય છે. મહિલાઓને પરિવારના પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. વિભાગીય પરીક્ષામાં આ સપ્તાહમાં સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષાનુસાર સાપ્તાહિક વેપાર, દૈનિક વેપાર સફળ જણાશે. નોકરી માટે તા. ૭, ૧૨, ૧૩ શુભ જણાય છે. નોકરી અર્થે પ્રવાસ શક્ય જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં જોડાશે. વેપારનાં નાણાંના વ્યવહાર સફળ બનશે. મહિલાઓ કુટુંબમાં યશસ્વીપણું અનુભવશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અધ્યયન માટે જરૂરી સાધનો પ્રોત્સાહન, સગવડતા પ્રાપ્ત કરશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં ધાર્યા મુજબના નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. નોકરી માટે સકારાત્મક નિર્ણય લઈ શકશો. તા. ૮, ૯, ૧૩ નોકરીના કામકાજ માટે પ્રગતિસૂચક ગ્રહયોગો જણાય છે. વેપારમાં સફળતા જણાશે. વેપારની આવક જળવાઈ રહેશે. મહિલાઓને કાર્યક્ષેત્રે પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વાહન સગવડતાનાં સાધનો મેળવશો. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસનાં સફળ પરિણામોનો અનુભવ થશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર માટે સફળતા સૂચક પ્રવૃત્તિઓ જણાય છે. નોકરી માટે તા. ૧૦, ૧૩ શુભ જણાય છે. નવી નોકરીનો પ્રારંભ પણ શક્ય છે. સપ્તાહના પ્રવાસ એકંદરે શુભ જણાશે, પરંતુ તા. ૯મીએ પ્રવાસમાં અકારણ નાણાખર્ચ પરત્વે સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના પ્રસંગોમાં અનુકૂળતા જણાશે. મહિલાઓને નોકરીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવીન અભ્યાસ માટે સફળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના નવીન કામકાજનો પ્રારંભ થાય તેમ જણાય છે. નોકરી માટે તા. ૧૦, ૧૧, ૧૩ શુભ જણાય છે. નોકરીમાં નવા કામકાજનો પ્રારંભ થશે. નાણાંની વ્યવસ્થા જાળવવા માટે સફળતા મેળવશો. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો પરિવારના પ્રસંગોમાં સાથ મળતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થશે. ■

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, રવિવાર, તા. ૭-૧૨-૨૦૨૫, સંકષ્ટ ચતુર્થી

ભારતીય દિનાંક ૧૬, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૩
જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૩
પારસી શહેનશાહી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૧ સુધી (તા. ૮), પછી પુષ્ય
ચંદ્ર મિથુનમાં સવારે ક. ૨૨-૩૭ સુધી, પછી કર્કમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૯, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૯, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૩, સ્ટા. ટા.

-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-

ભરતીઃ બપોરે ક. ૧૩-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૦૭ (તા. ૮)
ઓટઃ સવારે ક. ૦૭-૩૧, રાત્રે ક. ૧૯-૧૭
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ – તૃતીયા.
સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય ક. ૨૦-૩૪, સૌભાગ્ય સુંદરી વ્રત ભદ્રા ક. ૦૭-૫૦ થી ક. ૧૮-૨૪, મંગળ ધનુમાં ક. ૨૦-૧૭.
શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, સંકષ્ટ ચતુર્થી નિત્ય વ્રત-ઉપવાસ, વિશેષરૂપે શ્રી ગણેશપૂજા, ચંદ્રોદય સમયે ચંદ્રદેવતાનું દર્શન અને પૂજન, શ્રી ગણેશને ચુરમાના લાડુંનું નૈવેદ્ય અર્પણ, ચંદ્રોદય પછી એકટાણાંનું ભોજન, ગુરુદેવતાનું પૂજન, વિશેષરૂપે, પરદેશનું પસ્તાનું, વિદ્યારંભ, હજામત, પ્રયાણ, ધાન્ય ભરવું, બી વાવવું, નવાં વસ્રો, આભૂષણ, સીમંત સંસ્કાર, બાળકને અન્નપ્રાશન, નામકરણ, દેવદર્શન, દુકાન-વેપાર, પ્રથમ વાહન, નૌકા બાંધવી, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, પ્રાણી પાળવા નિત્ય થતાં પશુ લે-વેંચ, સ્થાવર મિલકતના લેવડદેવડના કામકાજ, બ્રાહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજા, અભિષેક,
આચમનઃ ચંદ્ર-ગુરુ યુતિ પ્રમાણિક, બુધ-શનિ ત્રિકોણ ગંભીર સ્વભાવ, ચંદ્ર-શનિ ત્રિકોણ કાળજીવાળા, ચંદ્ર-બુધ ત્રિકોણ સ્ફર્તિમાન.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ યુતિ, બુધ-શનિ ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૮), ચંદ્ર-બુધ ત્રિકોણ (તા. ૮)
ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક/ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૭-૧૨-૨૦૨૫ થી તા. ૧૩-૧૨-૨૦૨૫

રવિવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૩, વિ. સં. ૨૦૮૨, તા. ૭મી ડિસેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૮-૧૧ સુધી (તા. ૮), પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સવારે ક. ૨૨-૩૭ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી ચંદ્રોદય ક. ૨૦-૩૫, સૌભાગ્ય સુંદરી વ્રત ,ભદ્રા ક. ૦૭-૫૦ થી ક. ૧૮-૨૪, મંગળ ધનુમાં ક. ૨૦-૧૫. શુભ દિવસ.

સોમવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૪, તા. ૮મી ડિસેમ્બર, નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ક. ૨૬-૫૨ સુધી (તા. ૯), પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર.શુભ કાર્યો વર્જ્ય છે.

મંગળવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૫, તા. ૯મી, નક્ષત્ર આશ્લેષા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૨ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૨ સુધી (તા. ૧૦), પછી સિંહ રાશિ પર જન્માક્ષર. સામાન્ય દિવસ.

બુધવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૬, તા. ૧૦મી, નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૪૩ સુધી (તા. ૧૧), પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ભદ્રા ક. ૧૩-૪૭થી ક. ૨૫-૪૫.નેપ્ચૂન માર્ગી. શુભ કાર્યો વર્જ્ય છે.

ગુરુવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૭, તા. ૧૧મી, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૭-૫૫ સુધી (તા. ૧૨), પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. કાલાષ્ટમી, અષ્ટકા શ્રાદ્ધ.શુભ દિવસ.

શુક્રવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૮, તા. ૧૨મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૯ સુધી (તા. ૧૩), પછી હસ્ત. ચંદ્ર સિંહમાં સવારે ક. ૧૦-૨૦ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. શુક્રનો પૂર્વમાં અસ્ત થાય છે.સામાન્ય દિવસ

શનિવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૯, તા. ૧૩મી, નક્ષત્ર હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. પારસી ૫મો અમરદાદ માસારંભ, ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૯-૪૦ (તા. ૧૪), શુભ કાર્યો વર્જ્ય છે. ■

# ઈડીએ બનાવટી બૅન્ક ગેરન્ટી કેસમાં રિલાયન્સ પાવર સામે ચાર્જશીટ નોંધાવી

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે શનિવારે માહિતી આપી હતી કે ઈડીએ બિઝનેસમેન અનિલ અંબાણીની ગ્રૂપ કંપની રિલાયન્સ પાવર લિમિટેડ અને બીજા દસ સામે મની લોન્ડરિંગ કેસમાં તહોમતનામું નોંધાવ્યું છે. આ કેસ ટેન્ડર મેળવવા માટે ૬૮ કરોડ રૂપિયાની બનાવટી બૅન્ક ગેરન્ટી સાથે સંકળાયેલો છે.

આમાં બીજા આરોપીમાં રિલાયન્સ પાવરના ભૂતપૂર્વ સીએફઓ અશોક કુમાર પાલ, રિલાયન્સ એનયુ બીઈએસએસ લિમિટેડ, રોસા પાવર સપ્લાઈ કંપની લિમિટેડ (રિલાયન્સ પાવરની સબ્સિડિયરી), રિલાયન્સ ગ્રૂપના એક્ઝિક્યુટિવ પુનિત નરેન્દ્ર ગર્ગ , ઓડિસાસ્થિત શેલ કંપની બિસવાલ ટ્રેડલિન્ક પ્રાઈવેટ લિમિટેડ, તેના એમડી પાથસારથી બિસવાલ અને ટ્રેડ ફાયનાન્સિંગ કન્સલટન્ટ અમરનાથ દત્તનો સમાવેશ થાય છે. એજન્સીના જણાવ્યા પ્રમાણે બીજા આરોપીમાં બાયોથેન કેમિકલ્સ પ્રા. લિ., રવિન્દર પાલ સિંહ ચડ્ઢા અને મનોજ ભૈયાસાહેબ પોંગડે છે. તહોમતનામું શુક્રવારે દિલ્હીની પતિયાળા હાઉસ કોર્ટમાં પ્રીવેન્શન ઑફ મની લોન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ)ની જોગવાઈઓ હેઠળ નોંધવામાં આવ્યું છે.

આ કેસ રિલાયન્સ પાવરની સબ્સિડિયરી એનયુ બીઈએસએસ વતી સોલર એનર્જી કોર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ પાસેથી ટેન્ડર મેળવવા ૬૮.૨ કરોડ રૂપિયાની બનાવટી બૅન્ક ગેરન્ટી આપવામાં આવી હતી. (એજન્સી)

## સાઉથ આફ્રિકાના બારમાં અંધાધૂંધ ગોળીબાર : ૧૧નાં મોત

કેપટાઉન (દક્ષિણ આફ્રિકા) : શકમંદોએ દક્ષિણ આફ્રિકાની રાજધાનીમાં પરવાના ન ધરાવતા બારમાં અંધાધૂંધ ગોળીબાર કરતા ઓછામાં ઓછા ૧૧ જણનાં મોત થયાં હતાં. મૃતકોમાં ત્રણ વર્ષની, બાર વર્ષની અને ૧૬ વર્ષના વ્યક્તિનો સમાવેશ થયો છે. બીજા ૧૪ જણ ઘાયલ થયા હતા અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, એવી માહિતી સાઉથ આફ્રિકન પોલીસ સર્વિસીસે આપી હતી. પોલીસે ઘાયલ થનારાની વયની માહિતી આપી નહોતી. ગોળીબાર સોસ્લવિલે ટાઉનશિપની હોસ્ટેલની અંદરના બારમાં શનિવારે પરોઢિયે થયો હતો. દસ જણ ઘટનસસ્થળે મરણ પામ્યા હાત. (એજન્સી)

## અમેરિકામાં આગ લાગવાથી ભારતીય વિદ્યાર્થિનીનું મોત

ન્યૂ યોર્કઃ અમેરિકામાં એક ૨૪ વર્ષીય ભારતીય વિદ્યાર્થિનીનું ઘરમાં આગ લાગવાથી ગંભીર રીતે ઘાયલ થયા બાદ મોત નીપજ્યું છે. આ અહીં જાણકારી ભારતીય મિશને આપી હતી. મૃતક વિદ્યાર્થીની સહજા રેડ્ડી ઉદુમાલા ન્યૂ યોર્કના અલ્બનીમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહી હતી. ન્યૂ યોર્કમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે શુક્રવારે એક્સ પર જણાવ્યું કે ઉદુમાલાના અકાળ મૃત્યુથી ખૂબ દુઃખ થયું છે. આ વિદ્યાર્થીનીનું અલ્બેનીમાં એક ઘરમાં આગ લાગવાથી મોત નીપજ્યું હતું. કોન્સ્યુલેટે જણાવ્યું કે આ કપરા સમયમાં અમારી સંવેદનાઓ તેમના પરિવાર સાથે છે. તેમજ તેઓ ઉદુમાલાના પરિવારના સંપર્કમાં છે અને શક્ય તેટલી તમામ મદદ કરી રહ્યા છે. અલ્બની પોલીસ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેના કર્મચારીઓ અને અલ્બની ફાયર વિભાગ ચોથી ડિસેમ્બરની સવારે ઘરમાં આગ લાગવાની માહિતી મળતાં જ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ત્યાં પહોંચતા જ તેઓને ઘર સંપૂર્ણપણે આગની જ્વાળાઓમાં લપેટાયેલું અને હજુ પણ કેટલાક લોકો અંદર હોવાનું જોવા મળ્યું હતું. તેઓ ઘરની અંદર ચાર પુખ્ત વયના લોકોને શોધી શક્યા હતા. જેમને ઘટનાસ્થળે તાત્કાલિક તબીબી સારવાર આપી હોસ્પિટલ લઇ જવામાં આવ્યા હતા. જ્યાં તેમની ગંભીર ઇજાઓની સારવાર ચાલી રહી છે.

# શાહરુખ ખાનનો પુત્ર આર્યન ફરી વિવાદમાંઃ પબમાં અશ્લીલ ઈશારા અંગે ફરિયાદ

મુંબઈઃ બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન ફરી એકવાર વિવાદોના વંટોળમાં ફસાયો છે. તાજેતરમાં આર્યન ખાનનો એક વીડિયો ક્લિપ સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યો છે, જેમાં તે બેંગ્લુરુના એક પબમાં કથિત રીતે મિડલ ફિંગર બતાવીને અશ્લીલ ઇશારો કરતો જોવા મળે છે. આ વીડિયો વાયરલ થતાં જ બેંગ્લુરુના એક વકીલ ઓવૈઝ હુસૈન એસે તેની સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. વકીલે પોતાની ફરિયાદમાં દાવો કર્યો છે કે આ ઘટના દરમિયાન ત્યાં ઘણી મહિલાઓ હાજર હતી અને આર્યનનું આ વર્તન જાહેર શિષ્ટાચાર અને સામાજિક મર્યાદાઓનું ઉલ્લંઘન છે, જે મહિલાઓની ગરિમાનું અપમાન પણ છે.

વકીલની ફરિયાદ મળ્યા બાદ પોલીસે તાત્કાલિક આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે જણાવ્યું છે કે તેઓ ક્લબના સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો પોસ્ટના આધારે ઘટનાની સત્યતા ચકાસી રહી છે. હાલમાં આ કેસ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ (ઇગજ) ની કલમ ૧૭૩ઇ હેઠળ દાખલ કરવામાં આવ્યો છે, જે જાહેર સ્થળે કરવામાં આવતી વાંધાજનક હરકતો સાથે સંબંધિત છે. જો પોલીસની તપાસમાં આરોપો સાબિત થશે, તો જાહેર અભદ્રતા અથવા અશ્લીલતાની કલમો લાગુ થઈ શકે છે. જોકે, પોલીસે હજી સુધી ધરપકડ કે અન્ય કોઈ પગલુ લેવાની સ્પષ્ટતા કરી નથી.

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સરહદ પર ભડકો, ભારે ગોળીબાર

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના લોકો અત્યારે ભારે પરેશાની ભોગવી રહ્યાં છે, તેમાં પાકિસ્તાન બીજા દેશો સાથે યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ કરી રહ્યું છે. ફરી એકવાર પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની સરહદ પર તણાવ વધ્યો છે. શુક્રવારે મોડી રાત્રે બંને દેશોના સૈનિકો વચ્ચે ગોળીબાર થયો હતો. જો કે, આમાં કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી. પાકિસ્તાન પોતાના નાપાક હરકતો છોડતું નથી તેના કારણે પાક નાગરિકોને પણ હેરાન થવું પડી રહ્યું છે. બે મહિના પહેલા જ બંને દેશોએ યુદ્ધવિરામની ઘોષણા કરી હતી, પરંતુ ફાયરિંગ થતા યુદ્ધવિરામનો ભંગ થયો છે. જેથી બંને દેશો વચ્ચે ફરી યુદ્ધ થવાની શક્યતાઓ વર્તાઈ રહી છે.

આ મામલે પાકિસ્તાને દાવો કર્યો છે કે, પહેલા અફઘાનિસ્તાની સૈનિકોએ ફાયરિંગ શરૂ કર્યું હતું અને ચમન બોર્ડર ક્રોસિંગ પર પાકિસ્તાની સૈનિકોએ વળતો જવાબ આપ્યો હતો. વધુમાં પાકિસ્તાનના વડાપ્રધાનની પ્રવક્તાએ કહ્યું કે, પાકિસ્તાની સેના સંપૂર્ણ રીતે અલર્ટ છે. દેશની અખંડિતતા અને નાગિકોની સુરક્ષા માટે પાક સેના હંમેશા કાર્યરત રહે છે. સ્વાભાવિક છે કે, ચમન બોર્ડર ક્રોસિંગ પાકિસ્તાન માટે મહત્વનો બોર્ડર માનવામાં આવે છે. અહીં ફાયરિંગ થયું હોવાના કારણે યુદ્ધની સ્થિતિ સર્જાઈ છે.

આ સાથે અફઘાનિસ્તાને દાવો પ્રમાણે પાકિસ્તાન દ્વારા પહેલા ફાયરિંગ કરવામાં આવ્યું હતું. અફઘાનિસ્તાનના પ્રવક્તાનું કહેવું છે કે, પાકિસ્તાને પહેલા ફાયરિંગ કર્યું એટલા માટે ઇસ્લામિક અમીરાત દ્વારા જવાબ આપવામાં આવ્યો હતો. અફઘાનિસ્તાનમાં અત્યારે તાલિબાનનું શાસન છે, તેઓ પોતાના પ્રશાસનને ઇસ્લામિક અમીરાત કહે છે. આ પહેલા ઓક્ટોબરમાં થયેલા ગોળીબારમાં સામાન્ય લોકોનું પણ મોત થયું હતું. આ સાથે અનેક લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયાં હતાં. ૯ ઓક્ટોબરે અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર બ્લાસ્ટ થયો તેમાં તાલિબાન સરકારે પાકિસ્તાને આરોપી ગણાવ્યું હતું. જે બાદ બંને દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ પામી છે.

# દશકામાં ગુલામીની માનસિકતાથી આપણે મુક્ત થવું પડશેઃ પીએમ

નવી દિલ્હીઃ ભારત આત્મવિશ્વાસના માર્ગે આગળ વધી રહ્યો છે અને આને લીધે દેશ વિશ્વાસનો સ્તંભ બન્યો છે, એમ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહેતા લોકોને એવો અનુરોધ કર્યો હતો કે, આગામી દશકામાં દેશવાસીઓએ ગુલામીની માનસિકતાથી મુક્ત થવું જ પડશે.



મોદીએ એક સમિટમાં બોલતા કહ્યું હતું કે આપણે એવા તબક્કામાં છીએ કે ૨૧મી સદીનો પા ભાગ વીતી ગયો છે અને વિશ્વ ઘણા ચડાવ-ઉતાર જોઈ રહ્યું છે. નાણાકીય કટોકટી અને વૈશ્વિક મહામારી વગેરેનો વિશ્વે સામનો કર્યો. આજે વિશ્વ અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે ભારત અલગ લીગમાં છે.

ભારત આત્મવિશ્વાસથી થનગને છે. વિશ્વ મંદીની વાત કરે છે ત્યારે ભારત વિકાસની ગાથા લખે છે. વિશ્વમાં વિશ્વાસનો અભાવ છે ત્યારે ભારત વિશ્વાસનો સ્તંભ બન્યું છે. મોદીએ વધુમાં કહ્યું હતું કે આઝાદીના ૭૯ વર્ષ પછી પણ ભારત હજી અંગ્રેજોની ગુલામીના માનસમાંથી બહાર આવવા મહેનત કરી રહ્યું છે. ભારત હાલમાં જે સુધારા કરે છે કે રાષ્ટ્રીય લક્ષ્યોના આધારે કરવામાં આવે છે. અગાઉ સુધારા પ્રત્યાઘાતી હતા અને એ રાજકીય પોઈન્ટ સ્કોર કરવા અથવા તો કટોકટીને ઉકેલવા માટે થતા હતા. હવે દરેક ક્ષેત્રમાં સુધારા સાતત્યભરી ઝડપ વડે કરવામાં આવે છે. અમારો હેતુ દેશ પ્રથમનો છે. (એજન્સી)■

# વિપક્ષનો ઈન્ડિ બ્લોક આઈસીયુમાંઃ ઓમર

નવી દિલ્હીઃ જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન અને નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ શનિવારે જણાવ્યું હતું કે વિપક્ષી ઇન્ડિ બ્લોક હાલમાં લાઇફ સપોર્ટ પર છે અને આંતરિક ઝઘડા અને ભાજપના ચોવીસ કલાક ચૂંટણી મશીન સાથે મેળ ન ખાવાને કારણે એને આઈસીયુમાં ખસેડવાનું જોખમ છે.

સમિટમાં બોલતા, અબ્દુલ્લાએ વિપક્ષી બ્લોકની ''સંગઠનાત્મક અને વ્યૂહાત્મક નિષ્ફળતાઓ'' વિશે વિગતવાર જણાવ્યું અને તેના અભિગમને ભાજપની અપ્રતિમ કાર્ય નીતિ સાથે વિરોધાભાસ દર્શાવ્યો.

ઇન્ડિ બ્લોકના વર્તમાન સ્વાસ્થ્ય વિશે વાત કરતા, ખાસ કરીને તાજેતરની બિહારની ચૂંટણીઓ પછી, અબ્દુલ્લાએ કહ્યું કે, આપણે લાઇફ સપોર્ટ પર છીએ, પરંતુ ક્યારેક ક્યારેક, કોઈને કોઈ પોતાના ચપ્પુ બહાર કાઢે છે અને અમને થોડો આંચકો આપે છે, અને અમે ફરીથી ઉભા થઈએ છીએ. પરંતુ પછી, કમનસીબે, બિહાર જેવાં પરિણામો આવે છે, અને અમે ફરીથી નીચે પડીએ છીએ, અને પછી કોઈએ અમને આઈસીયુમાં લઇ જવા પડે છે.

અબ્દુલ્લાએ નીતીશ કુમારના ભાજપ-નેતૃત્વ હેઠળના એનડીએમાં પાછા ફરવા માટે ઇન્ડિ બ્લોકને પણ દોષી ઠેરવતા કહ્યું કે, મારું માનવું છે કે અમે નીતીશ કુમારને એનડીએના હાથમાં પાછા ધકેલી દીધા.

તેમણે રાજ્યમાં પાર્ટીની હાજરી હોવા છતાં, ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ)ને બિહાર બેઠક-વહેંચણી વ્યવસ્થામાંથી સભાનપણે બાકાત રાખવાના નિર્ણયનો ઉલ્લેખ કરીને, ગઠબંધનની એકરૂપ દૃષ્ટિકોણ લેવામાં નિષ્ફળતા તરફ પણ ધ્યાન દોર્યું.

અબ્દુલ્લાએ ઇન્ડિ બ્લોકના ચૂંટણી પ્રચારની સરખામણી ભાજપ સાથે કરી હતી અને કહ્યું કે વિપક્ષી ગઠબંધન શાસક પક્ષના શિસ્તબદ્ધ અભિગમ સાથે સ્પર્ધા કરવામાં માળખાકીય રીતે અસમર્થ છે.

તેમણે નોંધ્યું કે તેમની પાસે એક અજોડ ચૂંટણી મશિન છે. આ તાકાત ફક્ત સંગઠન અને ભંડોળથી આગળ વધે છે.

તેઓ ચૂંટણીઓ સાથે કેવી રીતે વ્યવહાર કરે છે તેના સંદર્ભમાં તેમની પાસે અદ્ભુત કાર્ય નીતિ પણ છે. તેઓ દરેક ચૂંટણી એવી રીતે લડે છે જાણે તેમનું જીવન તેના પર નિર્ભર હોય. આપણે ક્યારેક એવી રીતે ચૂંટણી લડીએ છીએ જાણે આપણને કોઈ પરવા ન હોય, એમ તેમણે કહ્યું.

## પહેલા પાનાનું ચાલુ

### ભારે ટેન્શન વચ્ચે

વાસ્તવિક મસ્જિદ બાંધકામ સાઇટ કાર્યક્રમ સ્થળથી એક કિલોમીટર દૂર હતી. સવારથી જ હજારો લોકો સ્થળ પર ઊમટી પડ્યા હતા. જેમાંથી કેટલાકે તેના માથા પર પ્રતીકાત્મક ભેંટ તરીકે ઇંટો રાખી હતી અને 'નારા-એ-તકબીર', 'અલ્લાહુ અકબર'ના નારા ગૂંજી રહ્યા હતા.

આ કાર્યક્રમ ૬ ડિસેમ્બર એટલે કે ૧૯૯૨માં અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડ્યાની વરસી વખતે યોજાવાનો હતો. આ નિર્ણયે આ સમારોહને ભાવનાત્મક પ્રોત્સાહન અને તીક્ષ્ણ રાજકીય ધાર બંને આપ્યા છે. આ કાર્યક્રમ દરમિયાન ભીડ ઊમટી પડવાની સંભાવનાને પગલે વહીવટીતંત્રે માત્ર રેજીનગર જ નહીં પરંતુ નજીકના બેલડાંગા વિસ્તારમાં પણ કડક સુરક્ષા જાપ્તો ગોઠવ્યો હતો.

આ સપ્તાહની શરૂઆતમાં 'સાંપ્રદાયિક રાજકારણ'માં સામેલ થવાના આરોપસર તૃણમૂલ કોંગ્રેસ દ્વારા સસ્પેન્ડ કરાયેલા કબીરે મંચ પરથી વિરોધનો સૂર છેડતા વારંવાર કહ્યું કે પ્રસ્તાવિત માળખું કોઇપણ કિંમતે બનાવવામાં આવશે.

આ અંગે ભાજપ આઈટીસેલના પ્રમુખ અમિત માલવિયાએ વધુમાં જણાવ્યું કે, મુર્શિદાબાદના બેલડાંગાથી આવેલા સમાચારે દેશ માટે ગંભીર ચિંતા પેદા કરી છે. મમતા બેનરજીએ રાજકીય લાભ માટે મુસ્લિમ ભાવનાના ધ્રુવીકરણ માટે સસ્પેન્ડ કરાયેલા ટીએમસી ધારાસભ્ય હુમાયુ કબીરનો ઉપયોગ કર્યો છે. તેમજ સ્થાનિક અહેવાલ અનુસાર કબીર મુસ્લિમ સમર્થકો પાસેથી ઈંટ લઇને એ સ્થળે તેનો શિલાયન્સ કરતા જોવા મળ્યા જેને તે બાબરી મસ્જિદ ગણાવે છે.

ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી તરુણ ચૂઘે કહ્યું કે, બાબર દેશની સંસ્કૃતિને સમાપ્ત કરવા આવ્યો હતો. તેણે ગુરુ નાનક સાહિબને જુલમી કહ્યા હતા. તેણે ગંગા, યમુના અને સરયૂ નદીમાં રક્ત વહાવ્યુ હતું. તેણે લોકો પર જુલમ કર્યા અને અને મંદિરો તોડયાં હતાં. બાબરના નામ પર દેશમાં કોઇ સ્મારક કે વસ્તુ કશું પણ સ્વીકાર કરવામાં નહિ આવે.

### આજ સાંજ સુધીમાં

આપવામાં આવી છે કે ઉડ્ડયનો રદ થવાથી જે પેસન્જરને સહન કરવું પડ્યું છે એની પાસે રિશેડ્યુલિંગ ચાર્જ ન લેવામાં આવે. ઈન્ડિગોને પેસેન્જરને સમર્પિત રિફન્ડમાં સુગમતા કરે એવા સેલની રચના કરવાનું સરકારે જણાવ્યું છે. આ સેલને અસરગ્રસ્ત પેસેન્જરના રિફન્ડ અનેક ફોલો-અપ વિના પાર પાડવાનું કામ અપાય. ઓટોમેટિક રિફન્ડની સિસ્ટમ ઑપરેશન સ્થિર નહીં થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

દરમિયાન નાગરિક ઉડ્ડયન ખાતાએ એવો ખુલાસો કર્યો છે કે પહેલી નવેમ્બરી અમલમાં આવેલા નવા ફ્લાઈટ ડ્યૂટી ટાઈમ લિમિટેશન્સ (એફડીટીએલ) નિયમો આખા સ્થગિત કરાયા નથી. થોડી જોગવાઈઓમાં છૂટ ફક્ત ઈન્ડિગોના એ-૩૨૦ કાફલા માટે આપવામાં આવી છે. આ અંગે ગૂંચવાડો હતો કારણ કે મંત્રાલયે શુક્રવારે એક નિવેદનમાં કહ્યું હતું કે એફડીટીએલ તત્કાલ અમલમાં મુકાય એમ સ્થગિત કરવામાં આવ્યા છે. જોકે મંત્રાલયે નિવેદન બહાર પાડ્યાના એક કલાક બાદ ડીજીસીએએ ખુલાસો કર્યો હતો કે એફડીટીએલમાં છૂટ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી દેવામાં આવી છે અને એ છૂટ ફક્ત એ-૩૨૦ કાફલા માટે છે.

દરમિયાન ઈન્ડિગોની કટોકટીનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. છ ડિસેમ્બરે એક જનહિત અરજી કરવામાં આવી હતી અને એમાં પાઈલોટની ફરજની નવી નિયમાવલીને લીધે ઊભા થયેલા વિક્ષેપ દૂર કરવા અદાલતી દરમિયાનગીરીની માગણી કરવામાં આવી હતી. અરજીમાં પેસેન્જરના અધિકારોના ભંગનો મુદ્દો ઉઠાવામાં આવ્યો છે. આ વિક્ષેપોથી પેસેન્જરના જીવન અને આઝાદીની ૨૧મી કલમનો ભંગ થાય છે. ફ્લાઈટ કેન્સેલેશનને લીધે માનસિક તાણ, નાણાકીય ખોટ અને રોજગાર પર માઠી અસર પડે છે. અરજીમાં અદાલતે ઈન્ડિગોને આડેધડ કેન્સેલશન રદ કરવાને બદલે વૈકલ્પિક મુસાફરીનો વિકલ્પ આપવાનો આદેશ દેવાની દાદ ચાહવામાં આવી છે. અરજીમાં સર્વોચ્ચ અદાલતને ખાસ બેન્ચની રચના કરીને આ બાબત સાંભળવાની વિનંતી કરવામાં આવી છે.

### ઍરલાઈન્સની મનમાની

અંતર કાપે છે. મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે આ મર્યાદા પરિસ્થિતિ સુધરે ત્યાં સુધી અમલમાં રહેશે. આમાં યુઝર ડેવલપમેન્ટ ફી (યુડીએફ), પેસેન્જર સર્વિસ ફી (પીએસએફ) અને એર ટિકિટ પર ટેક્સનો સમાવેશ થતો નથી.

## ભારતીય ચલણની કિંમત બજારના પરિબળો પર આધારિતઃ આરબીઆઇ

મુંબઈ : દેશની ફોરેક્સ બજારમાં રૂપિયાના વિનિમય માટે રિઝર્વ બેન્ક કોઈ ભાવ મર્યાદા નક્કી કરતી નથી અને બજારની સ્થિતિ પ્રમાણે રૂપિયાને તેનું સ્તર શોધી કાઢવા છૂટ છે એમ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ શુક્રવારે પત્રકારો સમક્ષ બોલતા જણાવ્યું હતું.

વર્તમાન સપ્તાહમાં ડોલર સામે રૂપિયો તૂટીને ૯૦ની સપાટીની બહાર ચાલી ગયા બાદ રિઝર્વ બેન્કની મળેલી પ્રથમ પત્રકાર પરિષદમાં પુછાયેલા પ્રશ્નના જવાબમાં ગવર્નરે જણાવ્યું હતું કે, રૂપિયા માટે અમે કોઈ ભાવ સ્તર અથવા મર્યાદા નક્કી કરતા નથી.

રૂપિયાનો ભાવ બજારને નક્કી કરવા દઈએ છીએ. બજારો ખાસ કરીને, લાંબે ગાળે, એકદમ સક્ષમ છે એવું અમે માનીએ છીએ. દેશની ફોરેક્સ માર્કેટ એકદમ ઊંડી માર્કેટ છે. રૂપિયાના ભાવમાં વધઘટ થતી રહે છે. બજારમાં વધુ પડતી અથવા અસામાન્ય વોલેટિલિટી ઘટાડવાનો રિઝર્વ બેન્કનો હમેશા પ્રયાસ રહે છે. અને અમારા આ પ્રયાસો ચાલુ જ રહેશે એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

નિકાસ મોરચે ભારત સામે ઊભા થયેલા પડકારોને ધ્યાનમાં રાખી આરબીઆઈ ડોલર સામે રૂપિયાની નબળાઈને હાલમાં સહન કરવાનું ચાલુ રાખશે તેવો ફોરેક્સ બજારમાં મત પ્રવર્તી રહ્યો છે. વેપાર ખાધ ઉપરાંત ડોલર ઈન્ફલોસ ધીમો પડવાને પરિણામે ભારત ને હાલમાં બહારી આંચકા લાગી રહ્યા છે. વર્તમાન વર્ષના પ્રથમ નવ મહિનામાં રિઝર્વ બેન્કે ખુલ્લા બજારમાં ૩૮ અબજ ડોલરનું વેચાણ કર્યું છે. ગયા વર્ષના ઓકટોબરમાં ડોલરનો ભાવ ૮૪ રૂપિયા જેટલો હતો જે હાલમાં ૯૦ ડોલરની ઉપર પહોંચી ગયો છે. ટ્રમ્પના પ્રમુખપદ હેઠળ અમેરિકા દ્વારા વેપારમાં સંરક્ષણવાદની નીતિને કારણે રૂપિયા પર દબાણ જોવા મળી રહ્યું છે.

## બુલિયન એસેટમાં ઇન્વેસ્ટર્સનો ફરી બુલીશ સ્ટાન્સઃ ગોલ્ડ ઈટીએફની એયુએમ રૂપિયા એક ટ્રિલિયનને પાર

મુંબઈ : બુલિયન એસેટમાં ઇન્વેસ્ટર્સ ફરી બુલીશ સ્ટાન્સ અપનાવી રહ્યા હોય એવું લાગે છે. ઊંચા ભાવને પગલે સોનાચાંદી ઈટીએફસમાં રોકાણકારોના રસમાં વધારો થઇ રહ્યો છે. નવેમ્બરના અંતે ગોલ્ડ તથા સિલ્વર ઈટીએફસની સંચાલિત એસેટ પાંચ મહિનામાં બમણાથી પણ વધી ગઈ છે.

સોનાચાંદીના ભાવમાં જોરદાર વધારાને પરિણામે અને એકસચેન્જ ટ્રેડેડ ફન્ડસ (ઈટીએફસ)માં રેકોર્ડ ઈન્ફલોસને પગલે પાછલાં છ મહિનામાં મ્યુચ્યુઅલ ફન્ડો પાસે સોના તથા ચાંદીનું હોલ્ડિંગ બમણાથી પણ વધુ થઈ ગયું છે.

વર્તમાન વર્ષના નવેમ્બરના અંતે ગોલ્ડ તથા સિલ્વર ઈટીએફસની સંયુકત એસેટ અન્ડર મેનેજમેન્ટ (એયુએમ) રૂપિયા ૧.૬૦ ટ્રિલિયન રહી હતી જે મેમાં રૂપિયા ૭૯૩૧૯ કરોડની સરખામણીએ બમણાથી પણ વધુ છે, એમ એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસની ઈન ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા જણાવે છે.

ગોલ્ડ ઈટીએફસની એયુએમ રૂપિયા એક લાખ કરોડ (એક ટ્રિલિયન)ને પાર કરી ગઈ છે. સપ્ટેમ્બર તથા ઓકટોબરમાં રૂપિયા ૧૦,૦૦૦ કરોડના ઈન્ફલોસ બાદ ગયા મહિને ઈટીએફસમાં આ આંક રૂપિયા ૬૦૦૦ કરોડ રહ્યાનો અંદાજ છે. ગોલ્ડ ઈટીએફસમાં ફોલિઓની સંખ્યા વર્તમાન કેલેન્ડર વર્ષના પ્રથમ દસ મહિનામાં ૫૦ ટકા વધી છે જ્યારે સિલ્વર ઈટીએફસમાં આ સંખ્યામાં ચાર ગણો વધારો થયો હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.

દસ મહિનામાં ગોલ્ડ ઈટીએફસનો ઈન્ફલો ૨૦૨૦-૨૦૨૪ના પાંચ વર્ષના ગાળામાં થયેલા નેટ ઈન્ફલો કરતા પણ વધુ રહ્યો છે. ઊંચા ભાવને પગલે સિલ્વર તથા ગોલ્ડ ઈટીએફસમાં રોકાણકારોનો રસ વધી રહ્યો છે.

## ફેડરલ રિઝર્વની આ વખતની બેઠક અનેક વર્ષોમાંની સૌથી વિવાદાસ્પદ બની રહેશે?

મુંબઇઃ વોલ સ્ટ્રીટની નજર ફેડરલ રિઝર્વના આગામી નિર્ણય પર મંડાયેલી છે, જેની અસર સમગ્ર વૈશ્વિક ઇક્વિટી બજાર પર થતી હોય છે. યુએસ ફેડરલ રિઝર્વના આંતરિક વિભાજનને જોતા તેના ગવર્નર જેરોમ પોવેલ કેવો નિર્ણય લે છે અને કેવું ગાઇડન્સ આપે છે તેના પર ગ્લોબલ ઇન્વેસ્ટર્સની ચાંપતી નજર છે.

આ અઠવાડિયે અમેરિકાની મધ્યસ્થ બેન્ક ફેડરલ રિઝર્વની બેઠક તેની અનેક વર્ષોમાંની સૌથી વિવાદાસ્પદ બેઠક બની રહેવાની ધારણા છે. રોકાણકારો નીતિ ઘડવૈયા અપેક્ષિત વ્યાજ દર ઘટાડા અંગે કેટલા વિભાજિત છે અને અધ્યક્ષ જેરોમ પોવેલ આગળના માર્ગ વિશે શું સંકેત આપે છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

એ બાબત ખાસ નોંધવી રહી કે, ફેડરલ ઓપન માર્કેટ કમિટી (એફઓએમસી)ની વર્ષ ૨૦૧૯થી એક પણ બેઠકમાં ત્રણ કે તેથી વધુ અસંમતિઓ જોવા મળી નથી અને વર્ષ ૧૯૯૦થી જોઇએ તો ફક્ત નવ વખત આવું બન્યું છે.

## SASMIRA અને TERIએ ભારતના ભવિષ્ય માટે ટકાઉ નવીનતા લાવવા સમજૂતીના કરાર કર્યા



સિન્થેટિક એન્ડ આર્ટ સિલ્ક મિલ્સ રિસર્ચ એસોસિએશન (SASMIRA) એ ૩ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યૂટ (TERI) સાથે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે જેથી સંયુક્ત રીતે સામાન્ય હિતના સંશોધન અને વિકાસ પહેલનું આયોજન અને અમલ કરી શકાય. ૧૯૫૦માં સ્થપાયેલ, SASMIRA ભારતની અગ્રણી કાપડ સંશોધન સંસ્થાઓમાંની એક છે. જે ટકાઉ પ્રક્રિયા એગ્રોટેક્સટાઇલ્સ, નેનોટેક્નોલોજી, બાયોડિગ્રેડેબલ મટિરિયલ્સ અને સ્માર્ટ ઇનોવેશનમાં તેના અગ્રણી કામ માટે જાણીતી છે. R&D ઉપરાંત, તેણે એક અગ્રણી શિક્ષણ સંસ્થા તરીકે મજબૂત પ્રતિષ્ઠા બનાવી છે, જે કાપડ, ફેશન ડિઝાઇન, વાણિજ્ય, મેનેજમેન્ટમાં બહુ-શાખાકીય કાર્યક્રમો તેમજ ફેશન સસ્ટેનેબિલિટી સર્ક્યુલરિટી, CSR, ESG અને રિપોર્ટિંગમાં વ્યાવસાયિક તાલીમ પ્રદાન કરે છે. ૧૯૭૪માં સ્થપાયેલ ધ એનર્જી એન્ડ રિસોર્સિસ ઇન્સ્ટિટ્યૂટ (TERI), એક સ્વતંત્ર, બિન-લાભકારી સંશોધન સંસ્થા છે જે ઊર્જા, પર્યાવરણ, આબોહવા પરિવર્તન અને ટકાઉ વિકાસમાં વિજ્ઞાન-સમર્થિત અસર આધારિત ઉકેલો પ્રદાન કરે છે.

## નાણાકીય વર્ષ ૨૦૨૬માં આઇટી ક્ષેત્રનો વિકાસ ધીમો પડી શકે છેઃ રિપોર્ટ

નવી દિલ્હીઃ ભારતીય આઇટી ક્ષેત્રનો વિકાસ ધીમો પડી રહ્યો છે, ઇન્ડસ્ટ્રી ગાઇડન્સ અને તાજેતરના કોર્પોરેટ પરિણામો નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે મંદ સંભાવના તરફ ઈશારો કરી રહ્યા છે, જોકે મુખ્ય નિકાસ બજારોમાં રિકવરી અને નવી ટેકનોલોજી અપનાવવાથી નાણાકીય વર્ષ ૨૦૨૭માં આઇટી સેકટરની રિકવરી શક્ય છે. એચએસબીસી ગ્લોબલ રિસર્ચ અનુસાર, ગ્રાહકોમાં નજીકના ગાળાના વિવેકાધીન ખર્ચમાં વધારો નબળો રહે છે, પરંતુ આગામી નાણાકીય વર્ષમાં વેગ મળવાના સંકેતો છે, ખાસ કરીને સાહસોમાં કૃત્રિમ બુદ્ધિ (એઆઇ - આર્ટિફિશિઅલ ઇન્ટેલિજેન્સ) અપનાવવાની ગતિ વધી રહી છે.જ્યારે નજીકના ગાળાની માગનું વાતાવરણ નરમ અને અપરિવર્તિત રહે છે.

## આઇટી શૅરોના કરંટનો ટેકો મળવા છતાં એમકૅપમાં ₹ ૨.૩૯ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજાર માટે પાછલું સત્ર ઊથલપાથલ વાળું રહ્યું, આગલા સત્રોમાં સારી પીછેહઠ બાદ પાછલા સત્રમાં સુધારો જોવા મળ્યો. રિઝર્વ બેન્કત દ્વારા રેટકટની જાહેરાતે બજારને ખાસ ટેકો આપ્યો હતો. સપ્તાહ દરમિયાન આઈટી અને ટેકનોલોજી સેક્ટરના શેર્સ સર્વાધિક વધ્યા હતા, જોકે, માર્કેટ કેપમાં રૂ.૨.૩૯ લાખ કરોડનો ઘટાડો નોંધાયો છે.

એફઆઇઆઇની એકધારી લેવાલીએ બજારનું માનસ બગાડવાનું ચાલુ રાખ્યું હતું, જોકે સ્થાનિક સંસ્થાઓની રૂ.૨૩,૯૩૪ કરોડની ચોખ્ખી લેવાલીએ બજારને વધુ ગબડતા બચાવી હતી. શુક્રવાર પાંચમી ડિસેમ્બર, ૨૦૨૫એ સમાપ્ત થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ૫.૭૦ પોઈન્ટ્સ (૦.૦૧ ટકા) વધ્યો હતો.

સપ્તાહના આરંભે સોમવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સેન્સેક્સ ૮૬,૦૬૫.૯૨ પોઈન્ટ્સ પર ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૬,૧૫૯.૦૨ અને બુધવાર ત્રીજી ડિસેમ્બરે નીચામાં ૮૪,૭૬૩.૬૪ થઈ છેવટે શુક્રવારે ૮૫,૭૧૨.૩૭ બંધ રહ્યો હતો.

ગત શુક્રવાર ૨૮ નવેમ્બર, ૨૦૨૫ના રોજ માર્કેટ કેપ રૂ.૪૭૪.૩૫ લાખ કરોડ હતું તે પાંચમી ડિસેમ્બર, ૨૦૨૫ના અંતે સુધીમાં રૂ.૨.૩૯ લાખ કરોડ વધીને રૂ.૪૭૦.૯૬ લાખ કરોડ થયું હતું.

સપ્તાહ દરમિયાન બધા બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસ ઘટ્યા જેમાં બીએસઈ મિડકેપ ૧.૨૬ ટકા, બીએસઈ સ્મોલકેપ ૧.૮૫ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૦૮ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૨૪ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૩૮ ટકા અને બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૮૫ ટકા ઘટ્યા હતા.

એસએમઈ આઈપીઓ ૩.૭૮ ટકા અને આઈપીઓ ૨.૬૧ ટકા ઘટ્યા હતા. અન્ય સેક્ટરલ ઈન્ડેક્સમાં વધેલા ઈન્ડેક્સ હતા, આઈટી (૨.૯૨ ટકા), ટેક (૨.૪૯ ટકા), ઓટો (૦.૫૯ ટકા), મેટલ (૦.૪૦) અને બેન્કેક્સ (૦.૦૭ ટકા). કેપિટલ ગુડ્સ ૨.૨૬ ટકા, પાવર ૧.૬૯ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૧.૬૮ ટકા, પીએસયુ બેન્ક ૧.૬૭ ટકા, રિયલ્ટી ૧.૧૨ ટકા, હેલ્થકેર ૧.૦૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૨ ટકા અને એફએમસીજી ૦.૯૧ ટકા ઘટ્યા હતા.

બીએસઈ ૧૦૦માં ૪૫ કંપનીઓ વધી, ૫૫ ઘટી, બીએસઈ ૨૦૦માં ૭૫ કંપનીઓ વધી, ૧૨૫ કંપનીઓ ઘટી, બીએસઈ ૩૦માં ૧૩ કંપનીઓ ઘટી, ૧૭ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૧૫૭ કંપનીઓ વધી, ૩૪૩ કંપનીઓ ઘટી. મિડકેપની ૩૮ કંપનીઓ વધી, ૧૦૬ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૨૫૬ કંપનીઓ વધી, ૯૬૬ કંપનીઓ ઘટી અને એક કંપની સ્થિર રહી હતી.

બીએસઈ સેન્સેક્સમાં સમાવિષ્ટ સૌથી અધિક વધેલી સ્ક્રિપમાં ઈન્ફોસિસ (૩.૪૮ ટકા), ટેક મહિન્દ્ર (૩.૩૮ ટકા), એચસીએલ ટેકનોલોજી (૩.૨૭ ટકા), એશિયન પેઈન્ટ્સ (૩.૧૬ ટકા) અને ટાટા કન્સલ્ટન્સી (૩.૦૬ ટકા)નો સમાવેશ હતો, જ્યારે સેન્સેક્સ સમાવિષ્ટ સૌથી અધિક ઘટેલી સ્ક્રિપમાં હિંદુસ્તાન યુનિલિવર (૫.૪૭ ટકા), ઈટર્નલ (૨.૬૫ ટકા), ટાઈટન (૨.૪૮ ટકા), રિલાયન્સ (૧.૬૮ ટકા) અને ટ્રેન્ટ (૧.૪૭ ટકા)નો સમાવેશ હતો.

ગ્રુપ અનુસાર વધઘટ આ પ્રમાણે રહીઃ એ ગ્રુપની ૭૩૨ કંપનીઓમાંથી ૨૦૧ કંપનીઓના ભાવ વધ્યા, ૫૩૦ શેરના ભાવ ઘટ્યા અને એક સ્થિર રહી હતી, જ્યારે બી ગ્રુપની ૧૪૬૧ કંપનીઓમાં ૩૧૭ કંપનીઓના ભાવ વધ્યા અને ૧૧૩૮ના ભાવ ઘટ્યા હતા, જ્યારે છ શેરના સ્થિર રહ્યા હતા. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૩ કંપનીઓને નીચલી તેમ જ ૧૪ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પર સંયુક્તપણે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૯૨,૫૮૨.૧૭ કરોડની ખરીદી અનેરૂ.૬૮,૬૪૮.૧૯ કરોડની વેચવાલી કરી હતી. આમ સ્થાનિક સંસ્થાઓએ રૂ.૨૩,૯૩૩.૯૮ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ.૬૮,૪૭૯.૪૮ કરોડની ખરીદી અને રૂ.૮૨,૬૭૮.૮૨ કરોડની વેચવાલી કરી હતી. આમ એફઆઈઆઈએ રૂ.૧૪,૧૯૯.૩૪ કરોડની ચોખ્ખી વેચવાલી કરી હતી.

કોર્પોરેટ હલચલમાં ભારતની અગ્રણી સુપર સ્પેશિયાલિટી આઇકેર ચેઇન, એએસજી આઇ હોસ્પિટલે દેશભરમાં ઉચ્ચ ગુણવત્તાવાળી નેત્ર ચિકિત્સા સંભાળની પહોંચને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરવાના હેતુથી, તેના લાંબા ગાળાના વ્યૂહાત્મક રોડમેપ, વિઝન ૨૦૩૦ની જાહેરાત કરી. જાણીતા ઇન્વેસ્ટર્સ જનરલ એટલાન્ટિક અને કેદારા કેપિટલ દ્વારા સમર્થિત સંસ્થા ૨૦૩૦ સુધીમાં રૂ.૧,૫૦૦ થી રૂ.૨,૦૦૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે.

આ યોજના અંતર્ગત સમગ્ર ભારતમાં ૬૦૦થી ૭૦૦ કેન્દ્રોનું નેટવર્ક બનાવાશે અને દેશના અંદાજિત ૫.૫૦ અબજ ડોલરની આઇકેર માર્કેટમાં તેની નેતૃત્વ સ્થિતિને મજબૂત બનાવાશે. ભારતના ૯૫થી વધુ શહેરોમાં ૧૭૫થી વધુ કેન્દ્રો સાથે નોંધપાત્ર હાજરી સ્થાપિત કર્યા પછી કંપની હવે અન્ય વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો ઇરાદો ધરાવે છે.

# ગુજરાત

## કરમસદથી પ્રારંભ થયેલી 'સરદાર ૧૫૦' રાષ્ટ્રીય એકતા પદયાત્રાની એકતાનગરમાં પૂર્ણાહુતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોખંડી પુરૂષ, દેશના પ્રથમ ગૃહમંત્રી, ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે તેમને સ્મરણાંજલિ આપવા માટે કરમસદથી નીકળેલી 'સરદાર૧૫૦' રાષ્ટ્રીય એકતા પદયાત્રા ૧૧ દિવસના પરિભ્રમણ બાદ એકતાનગર સ્થિત સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી' પરિસરમાં પૂર્ણ થઈ હતી. એકતા પદયાત્રાના સમાપન સમારોહમાં ઉપસ્થિત ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને આ પદયાત્રાને ભારતના અમર આત્માના ઉત્સવ તરીકે ગણાવી હતી. એકતા પદયાત્રા દેશના જન અને મનને જોડવાનું માધ્યમ બની છે, જેમાં એકતા, કર્તવ્ય અને રાષ્ટ્ર નિર્માણની ભાવનાનો સમન્વય જોવા મળ્યો હોવાનું ગર્વભેર જણાવ્યું હતું.

ઉપરાષ્ટ્રપતિએ વધુમાં કહ્યું હતું કે, સરદાર પટેલ આપણા શ્રેષ્ઠ રાષ્ટ્રીય નાયક હતા, જેમણે કુશળ નેતૃત્વ પૂરૂં પાડીને ૫૬૦થી વધુ રજવાડાઓને એકીકૃત કર્યા. એક અને અખંડ ભારતના નિર્માણમાં સરદાર સાહેબનું યોગદાન પેઢીઓ સુધી અમર રહેશે.

દેશભરમાં ૧૩૦૦ થી વધુ પદયાત્રાઓમાં ૧૪ લાખથી વધુ યુવાનોની ભાગીદારી એ સિદ્ધ કરે છે કે સરદાર પટેલ દ્વારા પ્રજ્વલિત એકતાની જ્યોત આજે પણ પ્રજ્વલિત છે એમ ગૌરવ સાથે જણાવતા તેમણે એમ પણ કહ્યું કે, સરદાર સાહેબ સાથે જોડાયેલી આ પદયાત્રાએ સમગ્ર દેશમાં એકતા, ભાઈચારા તથા એક ભારત, શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારતનો સંદેશ પ્રસરાવ્યો છે.

## કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માને મની લોન્ડરિંગ કેસમાં પાંચ વર્ષની જેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પૂર્વ આઈએએસ પ્રદીપ શર્મા સામે મની લોન્ડરીંગ એક્ટ હેઠળ નોંધાયેલી ફરિયાદમાં પીએમએલએ કોર્ટ દ્વારા ૫ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. પ્રદીપ શર્મા સામે પીએમએલએ હેઠળ નોંધાયેલા કેસમાં સજા ફટકારતા કોર્ટે કહ્યું હતું કે, પ્રદીપ શર્મા હાલ જે કેસમાં સજા કાપી રહ્યા છે તેનાથી અલગ આ સજા ભોગવવાની રહેશે. આ ઉપરાંત ઈડીએ અધિકારીની જે પ્રોપર્ટી ટાંચમાં લીધી છે તે સરકાર હસ્તક જ રહેશે.

પ્રદીપ શર્મા જ્યારે કચ્છ કલેકટર હતા ત્યારે વેલસ્પન ગ્રૂપની કંપનીને સસ્તામાં જમીન આપી સરકારને નુકસાન પહોંચાડવાનો આરોપ લાગ્યો હતો. જેની સામે રાજકોટ સીઆઈડી ક્રાઈમ પોલીસ મથકમાં ૨૦૧૦માં ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારબાદ અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ખાતે આવેલી વિશેષ પીએમએલએ કોર્ટમાં વર્ષ ૨૦૧૬માં ઈડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એક્ટ અંતર્ગત ફરિયાદ નોંધાવી હતી.

વેલસ્પન ગ્રૂપ ઓફ કંપનીઝના માલિકો સાથે મળીને અમેરિકામાં રહેતી તેમની પત્ની શ્યામલ શર્માને સહયોગી પેઢી વેલ્યુ પેકેજીંગ પ્રાઇવેટ લિમીટેટમાં ૩૦ ટકાના ભાગીદાર બનાવ્યા હતા. ૨૦૦૭ સુધી શ્યામલ શર્માએ કોઈ મૂડી રોકાણ નહોતું કર્યું, જયારે ૨૦૦૮માં ૧ લાખનું રોકાણ કર્યું હોવાનું સામે આવ્યું હતું. એપ્રિલ ૨૦૦૮ થી જૂન ૨૦૦૯ દરમિયાન શ્યામલ શર્માને નફાના હિસ્સા મુજબ અંદાજિત ૨૮ લાખ રૂપિયા મળ્યા હતા. આ રકમ માંથી ૨૨ લાખ રૂપિયા તેમના એનઆરઆઇ એકાઉન્ટમાં જમા કરવામાં આવ્યા હોવાનું બહાર આવ્યું હતું. પ્રદીપ શર્માએ આ નાણાંનો ઉપયોગ ગાંધીનગરમાં તેમના ઘરમાં બાંધકામ માટે લીધેલી લોન ચૂકવવા અને ગાંધીનગર દહેગામ ખાતેની જમીન ખરીદવા માટે કરી હોવાનો આરોપ હતો. આ ઉપરાંત તેમણે હવાલા મારફતે ભારતથી અમેરિકા માં મોટી રકમ ટ્રાન્સફર કરી હોવાનો પણ આરોપ હતો.

કચ્છના તત્કાલીન કલેક્ટર પ્રદીપ શર્મા સહિત ચાર અધિકારી સામે ગંભીર આરોપો સાબિત થયા હતા. આ કેસમાં તેમને પાંચ વર્ષની કેદની સજા અને રૂ.૧૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

## ડિગ્રીઓ ભ્રષ્ટાચારનો અડ્ડો, યુનિ.માં કરોડોની ગ્રાન્ટ આપવામાં આવે છે એ ક્યાં જાય છે?: આનંદીબેન પટેલ

અમદાવાદઃ ગુજરાત વિદ્યાપીઠ ખાતે સ્નાતક સંઘ શતાબ્દી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં પૂર્વ સ્નાતક અને ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ પણ હાજર રહ્યાં હતાં. જ્યાં ૨૦૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. બે દિવસના સમારોહમાં ૧૦ હજાર પૂર્વ વિદ્યાર્થીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. જેના સમાપન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં આનંદીબેન પટેલે ગાંધી મૂલ્યોનું જીવનમાં અનુકરણ કરવા પર ભાર મૂક્યો હતો. તેમણે શિક્ષણ વ્યવસ્થા પર તીવ્ર ટિપ્પણી કરતા કહ્યું હતું કે, 'ડિગ્રીઓ ભ્રષ્ટાચારનો અડ્ડો છે, જેના નિવારણ માટે ઉત્તર પ્રદેશમાં અમે ચાર વર્ષથી ડીજી લોકરમાં ડિગ્રી આપવાની શરૂઆત કરી છે, જેથી ભ્રષ્ટાચાર ન થાય'. આ ઉપરાંત, તેમણે યુનિવર્સિટીઓમાં કરોડોની ગ્રાન્ટના ઉપયોગ સામે સવાલ ઉઠાવ્યો હતો.

આ સમારોહમાં પૂર્વ શિક્ષણપ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા પણ હાજર રહ્યા હતા. આજે સનાતનનું અપમાન હું સાંખી નહીં લઉ એવો સંકલ્પ કરીએ. કેટલીક મર્યાદામાં આપણે વિરોધ નથી કરતા. પણ કોઈ આપણી સામે સનાતનનું હળહળતું અપમાન કરતું હોય, કોઈ એમ કહે કે મચ્છરની જેમ મસળી નાખીએ હોય તો તે આપણે સાંભળી લઈએ તો ખોટું કહેવાય. હિન્દુ ધર્મ હિંસક છે એવું કોઈ કહે તો કમ સે કમ એનું સમર્થન તો ના આપીએ. ગાંધી વિચારમાં પણ સનાતન વિચાર સમાયેલો છે. વિશ્વમાં માત્ર ગાંધી વિચાર જ શાશ્વત છે.

## અમદાવાદના જમાલપુરમાં જમણવારમાં ૪૦ લોકોને ફૂડ પોઇઝનિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા છીપાવાડમાં ગફુરજીની ગલીમાં ફૂડ પોઈઝનિંગની ઘટના બનતા ખળભળાટ મચી ગયો હતો. ૩૫થી ૪૦ જેટલા લોકોએ ગાજરનો હલવો ખાધા બાદ મોડી રાત્રે લોકોની તબિયત ખરાબ થઈ હતી અને લોકોમાં દોડધામ મચતા અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. આ મામલે અમદાવાદ મનપાના ફૂડ વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના જણાવ્યા મુજબ શહેરના જમાલપુર વિસ્તારમાં આવેલા ગફૂરજીની ગલીમાં રહેતા નવા ઘરના પ્રસંગે જમણવાર યોજવામાં આવ્યો હતો. જમણવારમાં માત્ર સંબંધીઓને બોલાવવામાં આવ્યાં હતા. ૫૦થી ૧૦૦ માણસોનો જમણવાર યોજાયો હતો. જેમાં ગાજરનો હલવો, ખીચડી અને નોનવેજ સહિતની ચીજવસ્તુઓ ખાવામાં હતી. જે ખાધા બાદ અચાનક જ ૩૦થી ૪૦ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. રાતે તાત્કાલિક છીપા વેલ્ફેર દવાખાનામાં અને જમાલપુર ચેપી રોગ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ફૂડ વિભાગ દ્વારા ગાજરના હલવાનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. જ્યાંથી માવો લેવામાં આવ્યો ત્યાંથી પણ સેમ્પલ લેવાની પ્રક્રિયા કરવામાં આવશે.

## અમદાવાદ ઍરપોર્ટ પર રડી રહેલી પ્રવાસી યુવતીનો વીડિયો વાઈરલ, ૬૯ ફ્લાઈટ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં ઈન્ડિગો એરલાઈન્સની સેવામાં સતત ચોથા દિવસે પણ આંધાધૂંધી જોવા મળી હતી. રઝળતા પ્રવાસીઓના વીડિયો સોશ્યલ મીડિયા પર વાઇરલ થઈ રહ્યા છે ત્યારે અમદાવાદ એરપોર્ટ પર એક રડી રહેલી યુવતીના વીડિયોએ સૌનુ ધ્યાન ખેંચ્યું હતું. પ્રવાસીઓની હતાશા અને હાલાકીને દર્શાવતા આ વીડિયોમાં સામાન સાથે એક યુવતી જોવા મળે છે, જેની આંખોમાં આસું છે અને ચહેરા પર સખત થાક અને નિરાશા છે. માત્ર એક જ નહીં દેશભરમાં હજારો પ્રવાસીઓ સખત મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોવાનું વિવિધ અહેવાલો જણાવે છે.

સતત ચોથા દિવસે અમદાવાદ એરપોર્ટથી સાંજે છ વાગ્યા સુધીમાં લગભગ ૬૯ ફ્લાઈટ્સ રદ થઈ હતી. જેમાં અહીંથી ઉપડનારી ૩૮ અને અહીં આવનારી ૩૧ ફ્લાઈટ્સનો સમાવેશ થાય છે. અહીં મુસાફરોની લાંબી લાઈનો ઈન્ક્વાયરી સેકશનમાં જોવા મળે છે. લોકોને કનેક્ટિંગ ફ્લાઈટ્સ મળતી ન હોવાથી તેઓ ખૂબ જ પરેશાન છે. એરપોર્ટ પર બેસવાનો કે સામાન રાખવાની જગ્યા રહી નથી. એરલાઈન્સ તરફથી કોઈ માહિતી ન મળતી હોવાનો આક્ષેપ પણ થઈ રહ્યો છે.

## અમદાવાદ પોલીસે ₹ ૧.૩૨ કરોડનો દારૂ અને મુદ્દામાલ ઝડપ્યો, બોર્નવિટાની આડમાં દારૂની હેરાફેરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગ્રામ્યના વિવેકાનંદ નગર પો.સ્ટે. વિસ્તારમાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. વિવેકાનંદનગર પોલીસે બડોદરા ગામની સીમમાં એક ફાર્મ હાઉસ પર દરોડો પાડી કુલ રૂ.૧.૩૨ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, જેમાં દારૂની ૭૧૦૮ બોટલો અને તેની હેરાફેરીમાં વપરાયેલું કન્ટેનર, વાહનો અને બોર્નવિટાના બોક્સનો સમાવેશ થાય છે.

આ કાર્યવાહી અમદાવાદ રેન્જના પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી અને અમદાવાદ ગ્રામ્યના પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટએ ગુપ્ત બાતમીના આધારે કરવામાં આવી હતી. મળેલી બાતમી મુજબ, બડોદરા ગામની સીમમાં વેલ સામે આવેલા ફિરોઝખાન મહમદખાન બેલીફના ફાર્મ (જે વૃદ્ધાશ્રમ તરીકે ઓળખાય છે) પર વિદેશી દારૂનું કટિંગ થવાનું હતું. પોલીસને જાણ થઈ કે ફાર્મ પર એક બંધ બોડીનું કન્ટેનર અને એક સફેદ કાર ઊભી છે, જ્યાં દારૂનું કટિંગ ચાલી રહ્યું છે.

આ માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન, ૭૧૦૮ નંગ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. ૩૭,૪૧,૭૪૦/- હતી. દારૂને છુપાવવા માટે ઉપયોગમાં લેવાયેલા બોર્નવિટાના ૧૧૪૪ નાના-મોટા બોક્સ અને બંડલો પણ જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત રૂ. ૭૮,૧૨,૩૧૫/- અંદાજવામાં આવી છે. તે ઉપરાંત પોલીસે કન્ટેનર, કાર, મોટરસાઈકલ પણ જપ્ત કર્યા હતા. કારમાંથી બે પીળી નંબર પ્લેટ અને સંબંધિત દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. પોલીસે કુલ મળીને રૂ. ૧,૩૨,૬૯,૦૫૫/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## જિજ્ઞેશ મેવાણીએ નાયબ મુખ્ય પ્રધાન સંઘવીને જાહેરમાં ડિબેટ કરવા પડકાર ફેંક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં યોજાયેલા કૉંગ્રેસના કાર્યક્રમમાં વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણીએ નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવીને ડિબેટ કરવાનો પડકાર ફેંક્યો હતો. ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન નિમિત્તે યોજાયેલા સમારોહમાં જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે બે દિવસ અગાઉ હર્ષ સંઘવી મારા મત વિસ્તારમાં આવ્યા પણ તેમણે દારૂ-ડ્રગ્સ બંધ કરાવવાનું વચન ન આપ્યું. હું તેમને મારી સાથે ડિબેટ કરવાની ચેલેન્જ આપું છું અને જો એમની મારી સાથે ડિબેટ કરવાની કેપેસીટી ન હોય તો મારા પટાવાળા કે ડ્રાઇવર સાથે કરે.

જિગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં લગભગ ૨૦ લાખ જેટલા સ્ત્રી અને પુરુષો ડ્રગ્સના રવાડે ચડ્યા છે અને છેલ્લા પાંચ વર્ષમાં ડ્રગ્સની બદી ચરમસીમાએ પહોંચી છે. બે દિવસ પૂર્વે નાયબ મુખ્ય પ્રધાન અને ગૃહપ્રધાન સંઘવી મારા વિધાનસભા વિસ્તાર વડગામમાં આવ્યા હતા, પરંતુ તેમણે જુગારધામ, કુટણખાના, દારૂ કે ડ્રગ્સનો વેપાર બંધ કરાવવા અંગે કોઈ વચન આપ્યું ન હતું.

ધારાસભ્ય મેવાણીએ ગૃહપ્રધાન સંઘવીને જાહેરમાં ડિબેટ કરવા પડકાર ફેંક્યો હતો. તેમણે કહ્યું કે જો સંઘવીમાં તેમની સાથે ડિબેટ કરવાની ક્ષમતા ન હોય તો તેમના પટાવાળા, ડ્રાઈવર કે પીએ સાથે ડિબેટ કરે. મેવાણીએ મુખ્ય પ્રધાન અને ગૃહપ્રધાનના વિધાનસભા વિસ્તારોમાં દારૂ અને જુગારના અડ્ડા ચાલુ છે કે બંધ તે અંગે સ્પષ્ટતા કરવા પણ માંગ કરી હતી.

પોલીસ તંત્ર પર આક્ષેપ કરતા મેવાણીએ કહ્યું હતું કે, જિલ્લા પોલીસ વડાઓ કોન્સ્ટેબલ પાસે પોતાના જૂતાની પોલિશ કરાવે છે, જે એક ગંદકી છે અને તેને તાત્કાલિક બંધ કરાવવી જોઈએ.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કૅન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) સુનિલ માલી | ૫૦,૦૦૦ |
| ૨) સુરેશ ચંદ્ર સરકાર | ૫૦,૦૦૦ |
| ૩) અધિગ કુમાર | ૨,૦૦,૦૦૦ |
| ૪) હુસ્ના બાનો શૈખ | ૫૦,૦૦૦ |
| ૫) માજીમાલ એસ. કે. | ૧,૨૦,૦૦૦ |
| ૬) બિસ્વાનાથ ચોકરબોરથી | ૨૦,૦૦૦ |
| ૭) પાર્થા શી | ૧,૫૦,૦૦૦ |
| ૮) સાજલી હંસદા | ૫૦,૦૦૦ |
| ૯) બબીતા કુમાર | ૩૦,૦૦૦ |
| ૧૦) અમીના બીબી | ૨,૫૦,૦૦૦ |
| ૧૧) સંપા મહાતો | ૪૦,૦૦૦ |
| ૧૨) મોહડ શૌકત અલી | ૫૦,૦૦૦ |
| ૧૩) રંજુ કુમારી | ૩,૦૦,૦૦૦ |
| ૧૪) ચંદન કુમારી રોય | ૧,૫૦,૦૦૦ |
| ૧૫) આર્યજદિન | ૨૦,૦૦૦ |
| ૧૬) લક્ષ્મી | ૪૫,૦૦૦ |
| ૧૭) નંદિતા ડેબી | ૩૦,૦૦૦ |
| ૧૮) મુન્ની દેવી | ૮૦,૦૦૦ |
| ૧૯) આનંદ કુમાર | ૨,૫૦,૦૦૦ |
| ૨૦) લીલા અશોક પાટીલ | ૧,૫૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની ‘જીવન પ્રકાશ’ વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફલેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# બાન્દ્રા મેટ્રો સ્ટેશનને - રેલવે સ્ટેશન સાથે જોડતા ૪૧ કરોડના પુલને મંજૂરી

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી એ મેટ્રો લાઇનને શક્ય તેટલા રેલવે સ્ટેશનો સાથે જોડવાનો નિર્ણય કર્યો છે. આ મુજબ અંધેરી વેસ્ટ - મંડાલે, માનખુર્દ મેટ્રો ટૂ-બી રૂટના બાન્દ્રા પશ્ચિમ સ્થિત મેટ્રો સ્ટેશનને બાંદ્રા રેલવે સ્ટેશન સાથે જોડવામાં આવશે. ૪૧ કરોડથી વધુ રકમના ખર્ચે બંને સ્ટેશન ફૂટ ઓવરબ્રિજની મદદથી જોડવામાં આવશે. એમએમઆરડીએ દ્વારા આ કામ માટે ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. એમએમઆરડીએ ૧૪ મેટ્રો કોરિડોરનું નિર્માણ કરી રહી છે. આ કોરિડોરને રેલવે સ્ટેશનો અને આસપાસનાં મહત્ત્વપૂર્ણ સ્થળોને ફૂટ ઓવરબ્રિજ સાથે જોડવામાં આવ્યાં છે જેથી પ્રવાસીઓને તેમનાં ઇચ્છિત સ્થળો સુધી પહોંચવામાં સરળતા રહે. એમએમઆરડીએ દ્વારા વડાલા-થાણે-કાસારવડવલી મેટ્રો ૪ કોરિડોર પર વિક્રોલી મેટ્રો સ્ટેશનને કાંજુરમાર્ગ રેલવે સ્ટેશન સાથે જોડવા માટે ટેન્ડર બહાર પાડ્યું છે.

# ગેરકાયદે સિમ કાર્ડને બહાને થાણેના વેપારી સાથે ₹ ૧.૨૫ કરોડનું સાયબર ફ્રોડ

થાણે: ડેટા પ્રોટેક્શન બોર્ડ ઑફ ઈન્ડિયા અને નાશિક પોલીસના અધિકારીના સ્વાંગમાં ગેરકાયદે સિમ કાર્ડને બહાને થાણેના ૬૪ વર્ષના વેપારી પાસેથી ૧.૨૫ કરોડ રૂપિયા પડાવીને સાયબર ફ્રોડ કરનારાઓ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.નૌપાડા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૧૧ નવેમ્બરથી ૩ ડિસેમ્બર દરમિયાન ફરિયાદીને કૉલ્સ કરીને કથિત છેતરપિંડી કરવામાં આવી હતી. ફરિયાદીને કૉલ કરનારા શખસે પોતાની ઓળખ મુંબઈના ખાર સ્થિત ડેટા પ્રોટેક્શન બોર્ડ ઑફ ઈન્ડિયાના પ્રતિનિધિ રાજેશ કુમાર ચૌધરી તરીકે આપી હતી. નાશિકમાંથી ફરિયાદીના નામનું ગેરકાયદે સિમ કાર્ડ ઇશ્યુ થયું હોવાથી તેનો ઉપયોગ અનેકને ધમકી આપવામાં થયો હોવાનું આરોપીએ ફરિયાદીને કહ્યું હતું.

## પારસી મરણ

ફરઝાદ નરીમાન ઈરાની તે શેરનાઝ મરચન્ટના ખાવીંદ તે પરવીન તથા મરહુમ નરીમાન ઈરાનીના દીકરા તે ફરઝાના ઈરાનીના ભાઈ તે આરયન આરના મામા તે મીનું તથા મરહુમ આરમીન મરચન્ટના જમઈ તે હુફરીશ પટેલ, ફ્રેડી ઈરાની તથા મરહુમ વિરાફ ઈરાનીના ભાણેજ. (ઉં.વ. ૪૪), રે.ઠે. ૬૫૮, ખોરશેદ આબાદ બિલ્ડિંગ, રૂમ નં. ૪, ચોથે માળે, ફીરદોશી રોડ, દાદર પારસી કોલોની પૂર્વ, મુંબઈ-૪૦૦ ૦૧૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૦૮-૧૨-૨૦૨૫ ને બપોરે ૦૩.૪૫ કલાકે દાદર મધે રૂસ્તમ ફરામ અગ્યારીમાં.

રોહીન્ટન રૂસ્તમજી સીગનપોર્યા તે ફીરોઝા રોહીન્ટન સીગનપોર્યાના ખાવીંદ તે મરહુમો ફ્રેની તથા રૂસ્તમજી સીગનપોર્યાના દિકરા તે ફરઝાદ સીગનપોર્યા ને કૈઝાદ સીગનપોર્યાના પપ્પા. તે જેસલેટ સીગનપોર્યા ને દીપતી સીગનપોર્યાના સસરા. તે ખુશનાઝ ને અરીઝાના બપાવા તે પેરૂસાસ્પા, જહાંગીર, અલ્ટીઆ, નીનાઝ, અરશાન, કાઝવીન, કાલ, અલીશા ને શાહાન ના નેવ્યુ. (ઉં.વ. ૭૦), રે.ઠે. સી/૪૦, પ્રસન્ના જીવન કો. હા. સો. લિમિટેડ, બાભઈનાકા, એક્સર રોડ, કલા નિકેતનની સામે, બોરીવલી પશ્ચિમ, મુંબઈ-૪૦૦ ૦૯૨. ઉઠમણાની ક્રિયા: તા. ૦૭.૧૨.૨૦૨૫ ને બપોરે ૦૩.૪૫ કલાકે મુંબઈ ડુંગરવાડી પર ઉપરની ભાભા બંગલી નં. ૧માં.

કેપ્ટન હોશંગ ફરામરોઝ બલસારા તે મરહુમ બેપ્સી હોશંગ બલસારાના ધણી તે મરહુમો બચામાય તથા ફરામરોઝ બલસારાના દીકરા તે દીલનાઝ કૈખશરૂ અડાજનીયા તથા મરહુમ શેહનાઝ ઝુબીન બિલીમોરીયાના પપ્પા તે કૈખશરૂ અડાજનીયા ને ઝુબીન બિલીમોરીયાના સસરા તે મરહુમ મેહરૂ ફલી ઈરાનીના ભાઈ તે રેહાન, શનાયા ને અનાપનાહના મમાવા. (ઉં. વ. ૮૩), રે.ઠે. ૫૦૩, જોઆના કો. ઓ. સોસાયટી, ૧૦, મન્યુઅલ ગોન્ઝાલવીશ રોડ, બાંદ્રા પશ્ચિમ, મુંબઈ-૪૦૦ ૦૫૦. ઉઠમણાંની ક્રિયા: તા. ૦૭.૧૨.૨૦૨૫ ને બપોરે ૦૩.૪૫ કલાકે બાંદ્રા મધે તાતા અગ્યારીમાં.

## જૈન મરણ

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી હાલ ડોમ્બિવલી, સ્વ. કાંતિલાલ ત્રિકમલાલ જોબાલીયાના સુપુત્ર મનિષ (ઉં.વ. ૪૭) તે સારિકાના પતિ. તનમયના પિતાશ્રી. યોગેશ, રાજેશ, વિજય તથા સૌ. જાગૃતિ અશોકકુમારના ભાઈ. સ્વ. ધીરુભાઈ તથા જયંતભાઈ જોબાલીયાના ભત્રીજા તે સુનિતાબેન સદાનંદ ગોડીના જમાઈ. તા. ૦૪-૧૨-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ સામખીયારીના સ્વ. ગંગાબેન હિરજી (હિરા) પાંચા ગડા (ઉં. વ. ૧૦૦) તા. ૩/૧૨/૨૦૨૫ ના અવસાન પામેલ છે. આધોઈના ચોથીબેન ભીમા લાલા ગીંદરાની દીકરી. સ્વ. બાબુલાલ, પ્રેમજી, પ્રવિણ, સ્વ. દિવાળી, હરખુ, ગં.સ્વ. લક્ષ્મીબેનના માતુશ્રી, સ્વ.પાંચીબેન, ગં.સ્વ. સવિતા, સ્વ. નેણશી, શ્રી શાંતીલાલ, સ્વ. ધીરજના સાસુ. સંદીપ, પ્રવિણા, સ્વ. વિમલ, મીનલ, જય, ધ્રુવના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૮.૧૨.૨૦૨૫, સોમવારે સવારે ૧૧.૩૦ થી ૧.૦૦. પ્રાર્થના સ્થળ જાનકીબાઈ હૉલ, આઝાદનગર મેટ્રો સ્ટેશનની બાજુમાં ભવંસ કૉલજની બાજુમાં, જે.પી રોડ, અંધેરી (વે.). નિવાસ સ્થાન ૧૩૦૧, આવેઝ હાઈટ્સ, એસ.વી.રોડ, આંબોલી નાકા, અંધેરી (વે.).

**વાગડ વિ.ઓ.જૈન**

આધોઈના હર્ષાબેન વિનોદ નિસર (ઉં. વ. ૫૫) મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન મુરજી નિસરના પૌત્રવધૂ. ગં.સ્વ. પુનઈબેન રાજાભાઈના પુત્રવધૂ, વિનાદના ધર્મપત્ની. પૂજા, મિહિરના માતુશ્રી, જીનેશ ગાલાના સાસુ. સ્વ. લક્ષ્મીબેન ડુંગરશી બુરીચાના દીકરી.પ્રાર્થના સભા સોમવાર, તા. ૮.૧૨.૨૫. પ્રાર્થના સમય સવારે ૧૦.૦૦ થી ૧૧.૩૦. પ્રાર્થનાસ્થળ નારણજી શામજી વાડી, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે.). નિવાસ સ્થાન ૧૦૧ નક્ષત્ર, વી.એન. પૂરવ માર્ગ, ચેમ્બુર નાકા. મુ. ૪૦૦ ૦૭૧.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

કોડાયના ગં.સ્વ. કુસુમ મુલચંદ વિસરીયા (ઉં. વ.૬૪) તા. ૪-૧૨-૨૫નાં અરિહંત શરણ પામેલ છે. જેઠીબાઇ પુનશીના પૌત્રવધૂ. સાકરબેન વશનજીના પુત્રવધૂ. સ્વ. મુલચંદના ધર્મપત્ની. અમીતના માતુશ્રી. ગંગાબેન મુરજીના પુત્રી. સ્વ. કોકીલા, ગીરીશ, રીટા, જયશ્રી, નયનાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અમિત વિસરીયા, સી-૫૩, સલસનગર, આધારવાડી જેલ રોડ, કલ્યાણ (વેસ્ટ).

ભુજપુરના જયંતીલાલ ખીમજી ગોગરી (ઉં. ૭૪) મુંબઇમાં ૪-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. લીલામા વેરશી વીરજીના પૌત્ર. મીઠાબેન ખીમજી વેરશીના પુત્ર. સ્વ. માવજી, જેયવંતી, નેમીદાસ, જગદીશના ભાઇ. સ્વ. તેજઇ મા ધનજી ખેતશીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. એડ્રેસ : જગદીશ શાહ, ૫૧, શ્રીજી ભવન, ૪થે માળે, રૂમ નં. ૨૧, મંગલદાસ રોડ, લોહાર ચાલ-૪૦૦૦૦૨.

બેરાજાના લક્ષ્મીચંદ ભાણજી ધનાણી (ઉં.વ. ૭૭) ૦૫-૧૨-૨૫ના પ્રયાગરાજમાં અવસાન પામેલ છે. માતુશ્રી પાનબાઇ ભાણજી ધનાણીના સુપુત્ર. રૂક્ષ્મણીના પતિ. સંજય, કિર્તીના પિતા. હરીલાલ, સ્વ. મઠાંબાઇ, સ્વ. મણીલાલ, સ્વ. નાગજી, સ્વ. હરખચંદ, સ્વ. મોરારજી, સાકરબેનના ભાઇ. નવીનારના માતુશ્રી સ્વ. ઉમરબાઇ મુરજી ઘરોડના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રૂક્ષ્મણી ધનાણી, ૧૩સી/૨૫ અરિહંત નિવાસ, પ્રયાગરાજ.

નાગલપુર (હાલે બોઈસર)ના ધીરજલાલ દામજી ભેદા (ઉં. વ. ૮૦) તા. ૦૫-૧૨-૨૫ના અરિહંત શરણ પામ્યા છે. માતુશ્રી જેઠીબેન દામજી મોનજીના પુત્ર. ધનવંતીના પતિ. નિખીલ, બિંદુ, જાગૃતિના પિતાશ્રી. ચંપક, લુણીના હેમલતા હીરજી, બિદડાના અમૃત હરેશ, મો.આસંબીયાના ઉર્મિલા પ્રદીપ, મેરાઉના વાસંતી નવિનના ભાઈ. બિદડા જવેરબેન ભવાનજી ફુરિયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ધીરજલાલ ભેદા : શાંતિનાથ-૨/એ/૧૦૧, ઓસવાલ એમ્પાયર, બોઈસર (વેસ્ટ), પાલઘર.

શેરડીના માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી ગોસર (ઉં. વ. ૮૦) તા. ૪-૧૨-૨૫ના અવસાન પામ્યા છે. ભવાનજી ખીંયશીના ધર્મપત્ની. મુલબાઈ ખીંયશી વેલજીના પુત્રવધૂ. દિપક, પંકજ, કલ્પનાના માતુશ્રી. નરેડીના મુલબાઈ હરશી વેલજી ગાલાના સુપુત્રી. લક્ષ્મીચંદના બેન. પ્રા. શ્રી જીરાવલ્લા દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર-ઈસ્ટ. ટા. ૩ થી ૪.૩૦. નિ. ભવાનજી કે. શાહ : ૬૦૧, ઓરનેટ, આર.સી. માર્ગ, ચેમ્બુર (ઈસ્ટ), મું-૭૧.

હાલાપુરના રતનબેન ખીમજી મારૂ (ઉં. વ. ૮૬) તા. ૦૫-૧૨-૨૫ અવસાન પામેલ છે. માલબાઈ મેઘજી (મગન પટેલ) મોરારજીના પુત્રવધૂ, ખીમજીના ધર્મપત્ની. મનોજ, પુર્ણિમા, મીનાના માતુશ્રી. રાયધણજરના નાનબાઈ ઉમરશી કોરશી ચૌધરીયા (ગડા)ના સુપુત્રી. કલ્યાણજી, ધનલક્ષ્મીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મનોજ ખીમજી મારૂ, ૨૫૦૪-બુલેવાર્ડ-૧, વાધવા ધ એડ્રેસ, આર સીટી મોલની સામે, એલ.બી.એસ માર્ગ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ (ઘાટકોપર) સતીશભાઈ અમીચંદભાઈ પારેખ, (ઉં.વ. ૬૫) તા. ૫-૧૨-૨૦૨૫, શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જશવંતીબેન અમીચંદભાઈ પારેખના સુપુત્ર. મધુબેનના પતિ, કરણના પિતાશ્રી. ડોલીબેનના સસરા. કુમુદબેન ખારા, અતુલભાઈ પારેખ, ભાવનાબેન દોશી, સ્વ. સંગીતાબેન મોદી, રૂપલબેન શાહના ભાઈ. ચણાકા નિવાસી સ્વ. રસિકલાલ દેવચંદ રૂપાણીના જમાઈ. સર્વે લૌક્કિ વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

સ્વ. વાલજી કાનજી ચંડીચઠ કચ્છ ગામ સાંધાણવાળા હાલે મુલુન્ડ, નાના પુત્ર પ્રતાપભાઈ વાલજી ચંડીચઠ (ઉં.વ.૭૯), તે મંગલદાસ દેવીદાસ ખટરીયા કચ્છગામ તેરાવાલા હાલે નાગપુરવાળાના જમાઈ. અ.સૌ. ચંદ્રિકાબેનના પતિ. ગં. સ્વ. જયશ્રીબેન હીતેશભાઈ ગાવડીયા, શિલ્પાબેન મનીષ જેઠા, સ્વ. અલ્પાબેન, વૈશાલીબેન ચેતન ખીંયરા, ઉર્વશીબેન સંદીપભાઈ ચંડીચઠના પિતા. ગં. સ્વ. સરસ્વતીબેન, સ્વ. શિવદાસભાઈ, સ્વ. હરિશંકરભાઈ અને સ્વ. કસ્તુરબેનના નાના ભાઈ. રચિત, ઉન્નતિ અને કાર્તિકના નાના તા. ૫-૧૨-૨૫ના શુક્રવારે રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. સરનામું:- ૩૭, ઓધવરામ કૃપા, બીજે માળે, રઘુવંશી નગર, તાંબેનગર, મુલુન્ડ (વેસ્ટ).

**અંજાર સત્તાપર**

સ્વ.અલ્પેશ લક્ષ્મીકાંત અનમ મૂળગામ સત્તાપર અંજાર, હાલે મુલુંડ, કલ્પના લક્ષ્મીકાંત અનમના મોટા સુપુત્ર, સ્વ.નર્મદા શામજી અનમના પૌત્ર, સ્વ.ઓધવજી પુરુષોત્તમ ધીરવાણીના દોહિત્ર, રંજન જીગ્નેશના મોટાભાઇ, માહીના મોટાપપ્પાની પ્રાર્થનાસભા ૦૭/૧૨/૨૦૨૫ના ૫ થી ૬.૩૦. કચ્છીલોહાણા મહાજનવાડી, મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે

**કચ્છી પરજીયા પટ્ટણી સોની**

કચ્છ-માંડવીના (હાલે: મુંબઈ-તિલકનગર) રસીકભાઈ કેશવજી સુરૂ (ઉં.વ. ૮૩) તા. ૩-૧૨-૨૫ ના શ્રીજીચરણ પામ્યા છે. સ્વ. મોતીબેન, સ્વ. કેસરબેન, ગં. સ્વ. ક્રિષ્નાબેન કેશવજી સુરૂના સુપુત્ર. હર્ષનાબેનના પતિ. નીલમ, ભાવિકા, સોનાક્ષીના પિતાશ્રી. જીગ્નેશ રમેશચંદ્ર થલેશ્વર, દેવાંગ પ્રવિણચંદ્ર ચલ્લાના સસરા. રૂક્ષ્મણીબેન નારાણજી, વેણીબેન દામજી, ચમનભાઈ સુરૂ, હસ્તાબેન લાલજી, ચંદ્રકાન્ત કેશવજી, જાગૃતિ અનૂપ, મધુબેન મહેશભાઈ, હિંમતભાઈ, લક્ષ્મીદાસના ભાઈ. સાસરીયા પક્ષે ગૌરીબેન પોપટલાલ સાગરના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

માયાબેન જેઠાલાલ ઠક્કર (ઉં.વ. ૭૩), ગામ અંજાર (કચ્છ) હાલ મુલુંડ તા. ૨૧-૧૧-૨૫ના રામશરણ થયા છે. તે સ્વ. જેઠાલાલ વિશ્રામ ગંધાના પત્ની તે સ્વ. ઝવેરબેન વિશ્રામ ગંધાના પુત્રવધૂ. તે સ્વ. ઝવેરબેન વીરજી ચોથાણીના પુત્રી તે વૈશાખી, કામિની, યશના માતુશ્રી. નીરવભાઈ ઝવેરી, ગૌરવભાઈ મહેતાના સાસુ. દેવ, દર્શના નાનીજી. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**માધવપુર ગિરિનારાયણ બ્રાહ્મણ**

હાલ બોરીવલી, સ્વ. ગુણવંતી વિનોદરાય પુરોહિતના પુત્ર, હિરેન પુરોહિત (ઉં. વ. ૫૯) તે ગં.સ્વ.સ્મિતા, નયન, હિતેશ, ઇલા, સ્વ. ભાવનાના ભાઈ, અ.સૌ. હિના અને જાસ્મિનના દિયર, હિરેન અને સ્વ. હરેન્દ્રના સાળા, નિહારિકા, જીત, હર્ષના કાકા. તા. ૦૫/૧૨/૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવારે ૦૮/૧૨/૨૫ને ૪ થી ૬. સરનામું: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ ટી રોડ, જ્ઞાન નગર, રાધાકૃષ્ણ હૉટેલ પાસે, બોરીવલી પશ્ચિમ.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

ગામ સાયલા, હાલ વિરાર, સ્વ. મુળજીભાઈ નાનજીભાઈ સોલંકીના ધર્મપત્ની, સ્વ. રમાબેન મુળજીભાઈ સોલંકી (ઉં. વ. ૭૯) તા. ૫/૧૨/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે ચોટીલા નિવાસી (ભોથાભાઈ) રતિલાલ ચકુભાઈ પરમારના દીકરી, સ્વ. દિલીપ, જયેશ, અ. સૌ. વીણાબેન, છાયાબેન, કામિનીબેનના માતા, રત્નાબેન, આશાબેન, ભરતકુમાર, દશરથ કુમાર, મયુરકુમારના સાસુ, નયન જહાન્વી જીલ કાવ્યા, પૂજા, સમીર, અંજલિ, વિશાલ, નીલના બા. પ્રાર્થનાસભા તા. ૭/૧૨/૨૦૨૫ ના રવિવારે ૪ થી ૬. તેરાપંથી હોલ, જૈન મંદિર રોડ, કર્મભૂમિ વિરાર વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદીચ્ય ગોરવાલ બ્રાહ્મણ**

વાસા નિવાસી હાલ બોરીવલી, શૈલેષ દુર્ગાશંકર દવે (ઉં. વ.૫૭) તા. ૩-૧૨-૨૫ બુધવારના સ્વર્ગવાસી થયેલ છે. તે સ્વ. જસુમતી દુર્ગાશંકરજી દવેના પુત્ર, રીમા શૈલેષ દવેના પતિ, હિત અને આર્યના પિતા, અ. સૌ અંકિતા હિત દવેના સસરા, સનવાડા નિવાસી સ્વ. કમળાબેન પન્નાલાલજી ત્રિવેદીના જમાઈ.

**દશા ઝારોળા વણિક**

વતન-ભાવનગર હાલ મુંબઇ, રામદાસ લક્ષ્મીદાસ છોટાલાલ બક્ષી (ઉં. વ.૮૭) તા. ૬.૧૨.૨૦૨૫ના શનિવાર શ્રીજીચરણ પામ્યા છે. તે ઉષાબેનના પતિ, સ્વ. વિદ્યાબેન અને સ્વ. વિરમતી સુરેન્દ્ર ગાંધીના ભાઈ, ઓજસ અને તૃપ્તિ નીતિન શિંગાળાના પિતા, બીજલ બક્ષીના સસરા, પૌત્ર-ધર્મીલ દેવશ્રી, મોહક, પર્ણસી. પ્રાર્થનાસભા સોમવારે તા. ૦૮/૧૨/૨૫ને સોમવારે ૫.૩૦ થી ૭. હલાઈ લોહાણા બાલાશ્રમ,મથુરાદાસ એક્સટેન્શન રોડ,અતુલ ટાવર પાસે, કાંદીવલી વે.

**હાલાઈ લોહાણા**

મુળ ગામ માંગરોલ, હાલ ડોમ્બિવલી, સ્વ. મનસુખલાલ પોપટલાલ પોપટ (ઉં.વ.૭૦) ૦૫/૧૨/૨૫ના શ્રીજીચરણ થયેલ છે. તે સંતોકબેન પોપટલાલ પોપટના પુત્ર, છાયાબેનના પતિ, રોશનીના પિતા, હરસુખલાલ, નાથાલાલ, શાંતિલાલ, મોહન, નંદલાલ, જીવતીબેન કાંતિલાલ બુદ્ધદેવ, ઇલાબેન પ્રવિણ બુદ્ધદેવના ભાઈ, સુધીર, મહેશના કાકા, હરિભાઈ કાનાબારના જમાઈ. પ્રાર્થનાસભા સોમવાર ૦૮/૧૨/૨૫ના ૪.૦૦ થી ૬.૦૦ના શ્રી ડોમ્બિવલી લોહાણા સમાજ હોલ, ૧અને ૨, જય શિવમ, ગ્રા.ફ્લોર, શિવમંદિર રોડ, સુખસાગર ડેરીની બાજુમાં, ડોમ્બિવલી પૂર્વ. લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

અ. સૌ. હંસાબેન (ઉં. વ. ૮૪) તે ભૂપેન્દ્ર રતનશી ભાટિયાનાં પત્ની. સ્વ. રતનબેન તથા સ્વ. રતનશી મુલજીનાં પુત્રવધૂ. તે સ્વ. રામકુંવરબાઇ તથા સ્વ. તુલસીદાસ વૃંદાવનનાં પુત્રી. તા. ૬-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું તથા લૌકિક વ્યવહાર બંધ છે.

# જોગેશ્વરીમાં સિમેન્ટ મિક્સર ટ્રકનું ટાયર ફરી વળતાં કૉલેજની વિદ્યાર્થિનીનું મોત

મુંબઈ: જોગેશ્વરીમાં સિમેન્ટ મિક્સર ટ્રકે મોટરસાઇકલને ટક્કર મારતાં રસ્તા પર પટકાયેલી ૨૦ વર્ષની વિદ્યાર્થિનીના માથા પરથી ટ્રકનું ટાયર ફરી વળ્યું હતું, જેમાં તેનું મૃત્યુ થયું હતું. અંબોલી પોલીસે આ પ્રકરણે ટ્રકના ડ્રાઇવર વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર જોગેશ્વરી પશ્ચિમમાં અગ્રવાલ એસ્ટેટ રોડ પર શુક્રવારે રાતના આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલી વિદ્યાર્થિનીની ઓળખ નાઝનીન ખાન તરીકે થઇ હતી, જે ગોરેગામની કોલેજમાં ઇન્ટર્નશિપ કરી રહી હતી.

નાઝનીને શુક્રવારે કોલેજ છૂટ્યા બાદ તેના મિત્ર હાફિઝ તન્વરને અંધેરી પૂર્વમાં મળવા બોલાવ્યો હતો. બંને ત્યાંથી મોટરસાઇકલ પર આરે ગાર્ડન અને બાદમાં ફરવા માટે વર્સોવા ગયાં હતાં. રાતના બંને જણ મોટરસાઇકલ પર પાછા ફરી રહ્યાં હતાં ત્યારે ઓવરટેક કરતી વખતે સિમેન્ટ મિક્સર ટ્રકે મોટરસાઇકલને ટક્કર મારતાં બંને રસ્તા પર પટકાયાં હતાં અને નાઝનીનના માથા પરથી ટ્રકનું ટાયર ફરી વળ્યું હતું.

પાંચમા પાનાનું ચાલુ

## એસી લોકલ

પદ્ધતિથી પાસ કઢાવે છે ત્યારે તેમની પાસે આધારકાર્ડ આઈડી પ્રૂફ તરીકે માંગવામાં આવે છે. આવી સ્થિતિમાં ઓફલાઈન પદ્ધતિથી પાસ કઢાવનારા પ્રવાસીઓએ ટીસીને આધારકાર્ડ પણ દેખાડવું પડશે. જો કોઈ પ્રવાસી આઈડી કાર્ડ દેખાડવામાં નિષ્ફળ જશે તો તેણે પાસ હોવા છતાં પણ દંડ ફટકરાવામાં આવશે.

આ ઉપરાંત ટિકિટ ચેકરે યુટીએસ એપમાં કઢાવેલા ઓનલાઈન ટિકિટ પાસને જ માન્ય કરવા, એ સિવાય બીજી કોઈ એપમાં દેખાડવામાં આવતી ઓનલાઈન ટિકિટ કે પાસને માન્ય નહીં ગણવામાં આવે, એવી ચેતવણી પણ આપવામાં આવી છે.

## કોંકણ હાફૂસ

એસોસિએશને અરજીનો સખત વિરોધ કર્યો છે. ‘કોકણ હાફૂસ’ નામ કોઈ એક રાજ્ય માટે નથી, પરંતુ ચોક્કસ ભૌગોલિક, આબોહવા અને જમીનની પરિસ્થિતિઓમાં ઉગાડવામાં આવતી કેરી માટે અનામત છે.

કોકણના ચાર જિલ્લાઓની વેગળી પરિસ્થિતિ આ કેરીનો સ્વાદ, રંગ અને ટકાઉપણું અલગ બનાવે છે. એસોસિએશનના પ્રમુખ ભીડેએ જણાવ્યું હતું કે હાલમાં કર્ણાટક, કેરળ, તમિલનાડુ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોની કેરીમાં ભેળસેળ ‘કોકણ હાફૂસ’ તરીકે કરવામાં આવે છે.

ભેળસેળ રોકવા માટે ક્યૂઆર કોડ જેવા પગલાં લાગુ કરવામાં આવ્યા છે, પરંતુ ગેરરીતિઓ સંપૂર્ણપણે બંધ થઈ નથી. આવી સ્થિતિમાં જો ’વલસાડ હાફૂસ’ને રેટિંગ મળે તો ભેળસેળ વધુ વધવાની શક્યતા છે.

યુનિયને ચેતવણી આપી છે કે જો ગુજરાતના ‘વલસાડ હાફૂસ’ને અલગ જીઆઈ ટેગ મળશે તો કોંકણના હજારો કેરી ઉગાપડી શકે છે.

## ઈન્ડિગો ફલાઈટ્સના

વેબસાઇટ પર છેલ્લા બે-ત્રણ દિવસમાં ઇન્ડિગો સહિત ઘણી એરલાઇન્સની ટિકિટના દર કેટલાક હજાર સુધી છલાંગ મારી ગયા હતા. કેટલીક જગ્યાએ મુંબઈથી દિલ્હીની ટિકિટની કિંમત ૫૦ હજાર રૂપિયા તો કેટલીક જગ્યાએ ૧ લાખ રૂપિયા હતી. શનિવારે સવારે વેબસાઈટે બતાવ્યું હતું કે આગામી સપ્તાહની ટિકિટની કિંમત ૬,૦૦૦ થી ૭,૦૦૦ રૂપિયાની રેન્જમાં છે.

વેબસાઇટ એ પણ બતાવે છે કે આ ટિકિટ મુસાફરો બુક કરી શકે છે.

ઇન્ડિગો દ્વારા સતત બેથી ત્રણ દિવસ દરરોજ સરેરાશ ૩૦૦ ફ્લાઇટ્સ રદ કરવામાં આવતા એરપોર્ટ પર મુસાફરોનો ભારે ધસારો થયો હતો. ફ્લાઈટની સંખ્યા ઘટતા અન્ય ફ્લાઇટ્સની ટિકિટના ભાવ પણ આસમાને પહોંચ્યા હતા.

કેન્દ્ર સરકારે ઉડ્ડયન કર્મચારીઓ પરના વધારાના તણાવને ઘટાડવા માટે કામના કલાકો અને સાપ્તાહિક વિરામ માટે માર્ગદર્શિકા જારી કરતા અનેક એરલાઇન્સે કર્મચારીઓની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. જોકે, ઇન્ડિગોમાં આ પ્રક્રિયાની ધીમી ગતિને કારણે અચાનક સ્ટાફની અછત સર્જાઈ હતી.પરિણામે ઘણી ફ્લાઇટ્સ રદ થઈ હતી.

## પનવેલથી

ગાઢી નદી પરનો ખાડી માર્ગ પાર કરી એરપોર્ટના કાર્ગો પ્રવેશદ્વાર સુધી પહોંચી શકાય. આ જ રીતે એરપોર્ટની ઉલવે બાજુ પર વેસ્ટર્ન એન્ટ્રી ઇન્ટરચેન્જ પ્રોજેક્ટ પર પણ કામ ચાલી રહ્યું છે. આ પ્રોજેક્ટનાં કારણે અટલ સેતુથી મુંબઈ તરફ આવતા વાહનો સીધા એરપોર્ટ પર પહોંચી જશે. ફ્લાયઓવર, સર્ક્યુલર ઇન્ટરસેક્શન અને હાઈ રોડ નેટવર્કથી નવી મુંબઈ અને પનવેલને એરપોર્ટ સુધી અવિરત કનેક્ટિવિટી મળશે અને શહેરનો વિકાસ ઝડપથી થશે.

આ પ્રોજેક્ટ સાયન - પનવેલ હાઈવે, મુંબઈ-ગોવા હાઈવે અને અટલ સેતુ-પામ બીચ રોડ પરથી આવતા મુસાફરોને સીધી કનેક્ટિવિટી પૂરી પાડીને પનવેલ શહેરમાં ટ્રાફિકની ભીડમાં ઘણો ઘટાડો કરશે. કળંબોલી સર્કલ, ખાંદેશ્વર અને પનવેલ શહેર વિસ્તારના વાહનચાલકોને આ માર્ગનો મહત્તમ લાભ મળશે.

## બાળકોમાં

કોલારકરને મળેલી માહિતી પરથી આ જાણકારી બહાર આવી છે. નાના બાળકોમાં હૃદય રોગના લક્ષણો ઘણીવાર અલગ દેખાઈ શકે છે. આમાં શ્વાસ લેવામાં તકલીફ, હાંફ ચડવો, થાક લાગવો, છાતીમાં દુખાવો, ઉબકા, ઉલટી, પરસેવો થવું, વજન વધવું અથવા અચાનક બેભાન થવા જેવા લક્ષણો હોઈ શકે છે.

બાળકોમાં હૃદયની ખામીના કારણો શું છે? હાર્ટ સ્પેશ્યાલિસ્ટના કહેવા અનુસાર રાજ્યમાં કેટલાક બાળકોમાં જન્મજાત હૃદયમાં ખામી હોવાથી હૃદયના સ્નાયુઓનું કામ યોગ્ય રીતે થતું નથી.

સ્ટ્રેપ થ્રોટ અથવા સ્કાર્લેટ તાવને કારણે હૃદય રોગ થઈ શકે છે, જે હૃદયના છિદ્રો અને સ્નાયુઓને નુકસાન પહોંચાડી શકે છે.

## ડૉ. આંબેડકરને

હતું. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે આંબેડકરે રાષ્ટ્રની પ્રગતિનો પાયો નાખ્યો હતો અને તેમના દૂરંદેશી દ્રષ્ટિકોણને કારણે, ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યું છે અને ટૂંક સમયમાં ત્રીજા ક્રમે પહોંચવા માટે સજ્જ છે.

ફડણવીસે ભારતની ઉર્જા સુરક્ષામાં આંબેડકરની ભૂમિકા પર ભાર મૂક્યો, કહ્યું કે રાષ્ટ્રીય પાવર ગ્રીડ ખ્યાલ અપનાવવાથી દેશ ઊર્જા આત્મનિર્ભરતા તરફ આગળ વધી શક્યો.

‘સંવિધાને મજબૂત લોકશાહીનો પાયો સુનિશ્ચિત કર્યો અને સામાન્ય નાગરિકોના અધિકારોનું રક્ષણ કર્યું,’ એમ તેમણે જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર ‘ચૈત્યભૂમિ’ સ્મારક ખાતે વિકાસ કાર્યો પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે.

નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે આંબેડકરનો સંઘર્ષ સમાનતા, સ્વતંત્રતા, ન્યાય અને બંધુત્વ સ્થાપિત કરવા માટે હતો.

રાજ્યપાલ, મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન, અનેક પ્રધાનો, સાંસદો, વિધાનસભ્યો અને મહાનુભાવો સાથે, સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મહાનુભાવોએ બીએમસી દ્વારા આયોજિત ફોટો પ્રદર્શનની પણ મુલાકાત લીધી.

‘ચૈત્યભૂમિ’ પર હેલિકોપ્ટર દ્વારા ફૂલોની પાંખડીઓ વરસાવવામાં આવી અને ઉપસ્થિતોને બંધારણની નકલો અર્પણ કરવામાં આવી હતી.

## જય ભીમ

આયોજન કર્યું હતું. ડો. આંબેડકરે પરિષદમાં ભાષણ આપ્યું હતું અને લોકોને હૈદરાબાદ રજવાડાનું સમર્થન ન કરવા કહ્યું હતું, જે મધ્ય મહારાષ્ટ્રનો મોટો ભાગ હતો, એમ ભાઉસાહેબના પુત્ર સહાયક પોલીસ કમિશનર પ્રવીણ મોરેએ જણાવ્યું હતું.

‘જ્યારે ભાઉસાહેબ બોલવા ઉભા થયા, ત્યારે તેમણે કહ્યું કે દરેક સમુદાયના પોતાના દેવતા હોય છે અને તેઓ તે દેવતાના નામનો ઉપયોગ કરીને એકબીજાનું સ્વાગત કરે છે. ડો. આંબેડકરે અમને પ્રગતિનો માર્ગ બતાવ્યો હતો અને તે આપણા માટે ભગવાન સમાન છે. તેથી હવેથી, આપણે એકબીજાને મળતી વખતે ‘જય ભીમ’ કહેવું જોઈએ. લોકોએ ઉત્સાહપૂર્વક પ્રતિભાવ આપ્યો. સમુદાયના સૂત્ર તરીકે ‘જય ભીમ’ને સ્વીકારતો ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો,’ એમ મોરેએ જણાવ્યું હતું. ‘મારા પિતા તેમના શરૂઆતના વર્ષોમાં ડો. બાબાસાહેબ આંબેડકરના સંપર્કમાં આવ્યા હતા. ભાઉસાહેબ નિઝામ રાજ્ય દ્વારા દલિતો પર કરવામાં આવતા અત્યાચારોથી વાકેફ હતા. તેમણે આંબેડકરને ધર્માંતરણના દબાણ સહિત આ અત્યાચારો વિશે જણાવ્યું હતું. ડો. આંબેડકર આ અત્યાચારોના સખત વિરોધી હતા, અને તેમણે ૧૯૩૮ના પરિષદમાં હાજરી આપવાનું નક્કી કર્યું,’ એમ તેમણે જણાવ્યું હતું.

આંબેડકર રજવાડાઓનો વિરોધ કરતા હોવાથી, તેમને હૈદરાબાદ રાજ્યમાં ભાષણ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, પરંતુ તેમને તેમના પ્રદેશોમાંથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી હતી. શિવના નદી હૈદરાબાદ અને બ્રિટિશ ભારત વચ્ચે સરહદ બનાવતી હતી, એમ જણાવતાં એસીપી મોરેએ કહ્યું હતું કે, પ્રથમ પરિષદ માટે મકરાણપુરને સ્થળ તરીકે પસંદ કરવામાં આવ્યું હતું કારણ કે તે શિવના કિનારે હતું પરંતુ બ્રિટિશ પ્રદેશમાં હતું.

ઈંટોથી બનેલું સ્ટેજ, જ્યાંથી ડો. આંબેડકરે પરિષદને સંબોધન કર્યું હતું, તે હજુ પણ અડીખમ ઉભું છે. આ પરિષદ દર વર્ષે ૩૦ ડિસેમ્બરે આંબેડકરના વિચારોને આગળ ધપાવવા માટે આયોજિત કરવામાં આવે છે અને ૧૯૭૨માં જ્યારે મહારાષ્ટ્રમાં તેના ઇતિહાસનો સૌથી ખરાબ દુષ્કાળ પડ્યો ત્યારે પણ આ પરંપરા બંધ થઈ ન હતી.

‘મારી દાદીએ પરિષદના ખર્ચ માટે પોતાના ઘરેણાં ગીરવે મૂક્યા હતા. ખાનદેશ, વિદર્ભ અને મરાઠવાડાના લોકોએ તેમાં હાજરી આપી હતી. નિઝામની પોલીસે લાદેલા પ્રતિબંધ છતાં, આંબેડકરના અનુયાયીઓ કાર્યક્રમમાં હાજરી આપવા માટે નદી પાર કરીને ગયા હતા,’ એમ પણ એસીપી મોરેએ જણાવ્યું હતું.

‘આ મકરાણપુર પરિષદનું ૮૭મું વર્ષ છે. અમે જાણી જોઈને આ સ્થળ જાળવી રાખ્યું છે કારણ કે તે ગ્રામીણ વિસ્તારોમાં આંબેડકરના વિચારો ફેલાવવામાં મદદ કરે છે,’ એમ તેમણે ઉમેર્યું હતું.

## હવે દાદર મેટ્રો

શરદ પવાર જૂથના સાંસદ સુપ્રિયા સુળેએ કહ્યું હતું કે તેઓ નરેન્દ્ર જાધવની માગણીનું સ્વાગત કરે છે. તેમણે એવો પણ નિર્દેશ કર્યો હતો કે અમે છેલ્લા ઘણા વર્ષોથી દાદર રેલવે સ્ટેશનનું નામ બદલવાની માગણી પણ કરી રહ્યા છીએ. તેથી, દર વર્ષની જેમ, આ વર્ષે પણ, હું ચૈત્યભૂમિ આવી છું. ભાજપના નેતા ચિત્રા વાઘે કહ્યું કે બાબાસાહેબના કારણે જ આપણું અસ્તિત્વ છે. મુખ્ય પ્રધાન નરેન્દ્ર જાધવની માગણી અંગે સકારાત્મક વિચાર કરશે.

## ઘોડબંદર રોડ

જોવા મળતી ભીડ ઘટાડવા ટ્રાફિક પોલીસને મદદ કરવા માટે પ્રાદેશિક પરિવહન વિભાગની પાંચ ટુકડીઓ તહેનાત કરવામાં આવશે. ઘોડબંદર રોડ પરના ટ્રાફિકથી સામાન્ય નાગરિકને પરેશાની ન થવી જોઈએ. પરિપત્રમાં એવી રજૂઆત પણ કરવામાં આવી છે કે થાણેના ૯૬ ટન દૈનિક ભીના કચરાને ગાયમુખ પ્રોજેક્ટમાં ખાતરમાં પ્રોસેસ કરવામાં આવી રહ્યો છે, જે રાજ્યની આ પ્રકારની પ્રથમ પહેલ છે.

## તપોવન પછી

ફરીથી વાવવામાં આવશે. આ વૃક્ષોમાં જેકફ્રૂટ, કૈલાસપતિ, અશોક, કેરી, બદામ, શેવગે, નાળિયેર, ખજૂર, સાગ, ભોકર, કંચન, અનંતા, બેહરી માદ, લીમડો, ચાફા, ઉમ્બર વગેરે જેવા વિવિધ વૃક્ષોનો સમાવેશ થાય છે. હાલમાં, ટ્રી ઓથોરિટી વિભાગે આ સંદર્ભમાં એક જાહેરનામું પ્રકાશિત કર્યું છે અને નાગરિકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવ્યા છે. આમ હવે નાશિક બાદ થાણેમાં વૃક્ષોની કતલનો મુદ્દો ચર્ચાના ચકડોળે ચડે એવી શક્યતા જોવામાં આવી રહી છે.

## ઈન્ડિગો ક્રાઈસિસ

સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવશે અને આ ટ્રેન ૮મી ડિસેમ્બરના તેની રિટર્ન જર્ની કરશે. સાતમી ડિસેમ્બરના મુંબઈ મડગાંવ ટ્રેન રવાના થશે અને ૯મી ડિસેમ્બરના આ ટ્રેન મડગાંવથી મુંબઈ આવશે. રેલવે દ્વારા એવી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે કે પ્રવાસીઓની જરૂરિયાતને ધ્યાનમાં લઈને વધુ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવશે.

રેલવે અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર હાલમાં એક દિવસમાં ૩૫,૦૦૦ વધારાના પ્રવાસીઓ આ ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યા છે અને જ્યાં સુધી ઈન્ડિગોની આ સમસ્યા ઉકેલાતી નથી ત્યાં સુધી આશરે ૨૬ લાખ પ્રવાસીઓને રેલવે દ્વારા આ સુવિધા આપવામાં આવશે, એવો અંદાજ લગાવ્યો છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઈન્ડિગો ક્રાઈસિસઃ રેલવે મહારાષ્ટ્રથી વિશેષ ટ્રેનો દોડાવશે

મુંબઈઃ ઈન્ડિગો ક્રાઈસિસને કારણે દેશભરના એરપોર્ટ પર અફડાતફડીનો માહોલ જોવા મળી રહ્યા છે. કલાકોથી હજારો નાગરિકો વિવિધ એરપોર્ટ પર અટવાયેલા છે ત્યારે ભારતીય રેલવે નાગરિકોની મદદે આવી છે. શુક્રવારે રેલવે દ્વારા ૩૭ પ્રીમિયમ ટ્રેનોમાં ૧૧૬ વધારાના કોચ જોડવાની જાહેરાત કરીને મદદનો હાથ લંબાવ્યો છે.

ભારતીય રેલવે દ્વારા ઈન્ડિગોની ક્રાઈસિસ વચ્ચે નાગરિકોની મદદ માટે મધ્ય, પશ્ચિમ, ઉત્તર પશ્ચિમ અને પૂર્વ રેલવે દ્વારા સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. મધ્ય રેલવે દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર પુણે-બેંગ્લોર, પુણે-દિલ્હી, મુંબઈ-નવી દિલ્હી, મુંબઈ-ગોવા, નાગપુર-મુંબઈ અને ગોરખપુર-મુંબઈ જેવા મુખ્ય રૂટ પર સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે.

મધ્ય રેલવેના વરિષ્ઠ અધિકારી દ્વારા આ બાબતે માહિતી આપતા જણાવવામાં આવ્યું છે તે પ્રવાસીઓની જરૂરિયાતને પહોંચી વળવા માટે મધ્ય રેલવે હંમેશા તત્પર હોય છે. આ સમયે પણે પણ પ્રવાસીઓ માટે વધારાની ટ્રેનો દોડાવવામાં આવશે. ૧૪ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવી છે અને હજી વધુ ટ્રેનો દોડાવવામાં આવશે. ઈસ્ટર્ન રેલવે દ્વારા પણ કેટલીક મહત્ત્વની જાહેરાત કરવામાં આવી છે અને છઠ્ઠી ડિસેમ્બરના રોજ હાવડા-નવી દિલ્હી વચ્ચે (જુઓ પાનું ૪) ▶▶

## ઈન્ડિગો ફ્લાઈટ્સના ટિકિટના દરમાં ધરખમ ઘટાડો

### પચાસ હજારથી એક લાખની ટિકિટ હવે રૂા. પાંચ-છ હજારમાં

મુંબઈઃ છેલ્લાં ત્રણથી ચાર દિવસમાં ઈન્ડિગો વિમાન કંપનીમાં થયેલી જબરી ઉથલપાથલને કારણે ભારતમાં વિમાન મુસાફરી ટિકિટ દરમાં તોતિંગ વધારો થયો હતો. મુંબઈ-દિલ્હી અથવા મુંબઈ-પુણે રૂટ પર ટિકિટનો ભાવ ૫૦ હજાર રૂપિયાથી ૧ લાખ રૂપિયા વચ્ચે હતો. અનેક એરપોર્ટ પર ઇન્ડિગોના ડેસ્ક સ્ટાફને મુસાફરોના રોષનો સામનો કરવો પડ્યો હતો. આખરે કેન્દ્ર સરકારે મૂંઝવણ ઊભી કરેલા નિર્ણયમાંથી ઇન્ડિગોને મુક્તિ આપ્યા બાદ પરિસ્થિતિ સામાન્ય થવા લાગી છે અને ટિકિટના ભાવ ઘટીને ૬થી ૭ હજાર રૂપિયા થઈ ગયા છે.

ફ્લાઇટ ટિકિટ બુક કરાવવાની સુવિધા આપતી (જુઓ પાનું ૪) ▶▶

### વધારાની ટ્રેનોની યાદી-

| | |
|---|---|
| ૦૨૮૭૦ હાવડા- સીએસએમટી મુંબઈ સ્પેશિયલ | ૦૧૦૧૯ એલટીટી-મડગાંવ સ્પેશિયલ |
| ૦૨૮૬૯ સીએસએમટી મુંબઈ- હાવડા સ્પેશિયલ | ૦૧૦૨૦ મડગાંવ-એલટીટી સ્પેશિયલ |
| ૦૯૦૦૧ મુંબઈ સેન્ટ્રલ- ભિવાની સુપરફાસ્ટ સ્પેશિયલ | ૦૧૦૧૯ સીએસએમટી- નિઝામુદ્દીન સ્પેશિયલ |
| ૦૯૦૦૨ ભિવાની- મુંબઈ સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ | ૦૧૦૨૦ નિઝામુદ્દીન- સીએસએમટી સ્પેશિયલ |
| ૦૨૪૧૭ પ્રયાગરાજ- નવી દિલ્હી વિશેષ | ૦૧૦૧૫ એલટીટી- લખનઉ સ્પેશિયલ |
| ૦૨૪૧૮ નવી દિલ્હી- પ્રયાગરાજ સ્પેશિયલ | ૦૧૦૧૬ લખનઉ-એલટીટી સ્પેશિયલ |
| ૦૨૨૭૫ પ્રયાગરાજ- નવી દિલ્હી વિશેષ | ૦૧૦૧૨ નાગપુર-સીએસએમટી સ્પેશિયલ |
| ૦૨૨૭૬ નવી દિલ્હી- પ્રયાગરાજ સ્પેશિયલ | ૦૧૦૧૧ સીએસએમટી-નાગપુર સ્પેશિયલ |
| ૦૧૪૧૩ પુણે- બેંગ્લોર સ્પેશિયલ | ૦૫૫૮૭ ગોરખપુર-એલટીટી સ્પેશિયલ |
| ૦૧૪૧૪ બેંગ્લોર- પુણે સ્પેશિયલ | ૦૫૫૮૮ એલટીટી- ગોરખપુર સ્પેશિયલ |
| ૦૧૪૦૯ પુણે- નિઝામુદ્દીન સ્પેશિયલ | ૦૮૨૪૫ બિલાસપુર-એલટીટી સ્પેશિયલ |
| ૦૧૪૧૦ નિઝામુદ્દીન- પુણે સ્પેશિયલ | ૦૮૨૪૬ એલટીટી-બિલાસપુર સ્પેશિયલ |

મધમીઠી કેરીનો કડવો વિવાદ

# કોંકણ હાફૂસ પર ગુજરાતનો દાવોઃ ‘વલસાડ હાફૂસ’ માટે જીઆઈ ટેગ મેળવવા અરજી

મુંબઈઃ હાફૂસ કેરીનો ઉલ્લેખ થતા મોઢામાં પાણી આવે અને કોકણ વિસ્તારમાં તૈયાર થતી સ્વાદિષ્ટ, સુગંધીદાર અને ગુણવત્તા ધરાવતી કોકણ હાફૂસ કેરી નજર સામે તરવા લાગે. આ મધમીઠી કેરી સંદર્ભે ભૌગોલિક માનાંકન (જીઆઇ ટેગ)ના મુદ્દે કડવો વિવાદ ઊભો થયો છે. વૈશ્વિક ઓળખ મેળવનારી મહારાષ્ટ્રના કોંકણ ક્ષેત્રની હાફૂસ કેરીને જીઆઈ ટેગને ગુજરાત તરફથી પડકારવામાં આવ્યો છે. ગુજરાત સરકારના પીઠબળથી ‘વલસાડ હાફૂસ’ના નામે સ્વતંત્ર જીઆઇ ટેગ માટેની અરજીથી કોંકણમાં કેરીનો પાક લેનારા અસ્વસ્થ થઈ ગયા છે.

સ્વતંત્ર ભૌગોલિક માનાંકન (જીઆઈ ટેગ) મેળવનારી કોકણ હાફૂસ વિશ્વની પ્રથમ અને એકમાત્ર હાફૂસ કેરી છે. ૨૦૧૮માં મળેલા જીઆઈ ટેગે રત્નાગિરી, સિંધુદુર્ગ અને કોંકણ ક્ષેત્રના આસપાસના વિસ્તારોના ખેડૂતોને એક અનોખી ઓળખ અને સુરક્ષા આપી છે. આ રેટિંગને કારણે અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં કોંકણ હાફૂસની નિકાસમાં વધારો થયો છે. જીઆઈ ટેગને કારણે ‘કોંકણ હાફૂસ’ તરીકે નકલી અથવા અન્ય રાજ્યોની કેરીના વેચાણને રોકવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગુજરાતની ગાંધીનગર અને નવસારી કૃષિ યુનિવર્સિટીની પહેલ હેઠળ ૨૦૨૩માં જીઆઈ ટેગ માટે અરજી દાખલ કરવામાં આવી છે. અરજીની પ્રાથમિક સુનાવણી ૩૦ ઓક્ટોબરે થઈ હતી અને આગળની પ્રક્રિયા ચાલી રહી છે. ગુજરાતના આ દાવાને કારણે એક જ કેરીની જાત માટે વિવિધ રેટિંગ માટે માગણી થશે એવો કોકણના ઉત્પાદકોને ડર છે.

કોકણ કેરી ઉત્પાદકો અને વેચાણકર્તા (જુઓ પાનું ૪) ▶▶

# એસી લોકલમાં હવે ઓફલાઈન પાસ સાથે આઈડી કાર્ડ દેખાડવું ફરજિયાત

મુંબઈઃ મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેમાં દિવસે દિવસે બનાવટી ટિકિટ કે પાસ બનાવવાના પ્રકરણોમાં વૃદ્ધિ જોવા મળી રહી છે ત્યારે રેલવે દ્વારા આવી ઘટનાઓ પર લગામ લગાવવા માટે મહત્ત્વનું પગલું લીધું છે. પ્રવાસીઓએ હવે ટીસીને પોતાની પાસની સાથે સાથે આઈડી કાર્ડ દેખાડવાનું પણ ફરજિયાત કરવામાં આવ્યું છે.

મળતી માહિતી અનુસાર મધ્ય અને પશ્ચિમ રેલવે દ્વારા એસી લોકલ ટ્રેનના બનાવટી ટિકિટ પાસ બનાવનારાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરી છે. યુટીએસ એપની ઓનલાઈન ટિકિટ અને પાસ માન્ય કરવાની સાથે સાથે ઓફલાઈન પદ્ધતિથી કઢાવવામાં આવેલા પાસની સાથે આઈડી કાર્ડ દેખાડવું પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. સંબંધિત વરિષ્ઠ અધિકારી દ્વારા મધ્ય અને પશ્ચિમ બંને રેલવેના વરિષ્ઠ અધિકારીઓને આ બાબતના આદેશો આપવામાં આવ્યા છે.

રેલવે દ્વારા આવી ઘટનાઓ ભવિષ્યમાં ના બને એ માટે રેલવે દ્વારા હવે ઓફલાઈન પદ્ધતિથી કઢાવેલા પાસ સાથે પ્રવાસીઓએ આઈડી કાર્ડ દેખાડવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. જ્યારે પ્રવાસીઓ ઓફલાઈન (જુઓ પાનું ૪) ▶▶

# બોરીવલી - નાશિક એસટીની ઈ-એર કન્ડિશન બસ સર્વિસ

### મુંબઈ - નાગપુર સમૃદ્ધિ હાઈવેને કારણે ઘણો સમય બચશે

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરોથી નાશિક જતા મુસાફરો માટે એસટી કોર્પોરેશનની નવી ઈ-એર કન્ડિશન્ડ બસ સેવા શરૂ થઈ ગઈ છે. બોરીવલીથી નાશિક રૂટ પર નવી ઈ-એસી બસો શરૂ કરવામાં આવતા મુસાફરોને વધુ આરામદાયક અને ઝડપી મુસાફરીનો વિકલ્પ મળ્યો છે. આ બસ મુંબઈ-નાગપુર સમૃદ્ધિ હાઇવે પર દોડવાની હોવાથી મુસાફરીનો ઘણો સમય બચશે.

અગાઉ દાદર - પુણે, નાશિક - છત્રપતિ સંભાજી નગર રૂટ પર ઈ-એસી બસો શરૂ થયા બાદ બોરીવલી - નાશિક રૂટ પર બસ સર્વિસ શરૂ કરવા વધી રહેલી માંગણી હવે પૂરી થઈ છે. બંને દિશામાં કુલ ૨૨ ફેરા મારવામાં આવશે. એસટીના પરિવહન વિભાગે માહિતી આપી હતી કે આગામી કેટલાક દિવસોમાં વધુ નવી બસોના આગમન બાદ ફેરા વધારવામાં આવશે.

મહિલા સન્માન યોજના હેઠળ મહિલાઓ બોરીવલી - નાશિક એસી બસમાં માત્ર ૨૬૬ રૂપિયામાં મુસાફરી કરી શકશે. પુરૂષ મુસાફરો માટે ટિકિટ ભાડું ૫૦૯ રૂપિયા છે. બોરીવલીથી નાશિક જતી પ્રથમ બસ સવારે પાંચ વાગ્યે અને છેલ્લી બસ સાંજે પાંચ વાગ્યે ઉપડશે. નાશિકથી બોરીવલી જતી પ્રથમ બસ સવારે ૬ વાગ્યે અને છેલ્લી બસ સાંજે ૫.૩૦ વાગ્યે ઉપડશે. આ સેવા ઓનલાઇન બુકિંગ માટે પણ ઉપલબ્ધ છે. ■

**દૈનિક બસનો સમય**

(બોરીવલીથી નાશિક):
સવારે ૫.૦૦ પછી ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૨.૩૦,
બપોરે ૧.૩૦, ૨.૩૦, ૨.૩૦, ૩.૩૦
સાંજે ૫.૦૦ વાગ્યે.

(નાશિકથી બોરીવલી):
સવારે ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦,૯.૦૦, ૧૦.૦૦,
બપોરે ૧૨.૩૦, ૧.૩૦,૨.૩૦, ૩.૩૦,
સાંજે ૪.૩૦,૫.૩૦.

# ડૉ. આંબેડકરને મુખ્ય પ્રધાન, રાજ્યપાલ સહિતના નેતાઓ દ્વારા પુષ્પાંજલિ

### દાદરની ચૈત્યભૂમિ ખાતે હજારોની સંખ્યામાં અનુયાયીઓ ભેગા થયા

મુંબઈઃ ડૉ. બાબાસાહેબ આંબેડકરના હજારો અનુયાયીઓ શનિવારે મુંબઈના દાદર વિસ્તારમાં તેમના સ્મારક પર એકઠા થયા હતા અને સમાજ સુધારકને તેમની પુણ્યતિથિ પર શ્રદ્ધાંજલિ આપી હતી, જેને ‘મહાપરિનિર્વાણ દિન’ તરીકે ઉજવવામાં આવે છે.

મહારાષ્ટ્રના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને શિવસેના (યુબીટી)ના નેતા ઉદ્ધવ ઠાકરે શિવાજી પાર્કમાં ‘ચૈત્યભૂમિ’ ખાતે આંબેડકરને શ્રદ્ધાંજલિ આપનારાઓમાં સામેલ હતા.

રાજ્યપાલે કહ્યું હતું કે આંબેડકરે દેશને એક એવું બંધારણ આપ્યું જે તમામ લોકોને સમાન અધિકારો આપે છે.

ડૉ. આંબેડકરના ૬૯મા મહાપરિનિર્વાણ દિન નિમિત્તે ‘ચૈત્યભૂમિ’ ખાતે આયોજિત શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં બોલતા, દેવવ્રતે કહ્યું કે મહાન વ્યક્તિત્વો સામાજિક ન્યાયની ચળવળોને મજબૂત બનાવે છે અને તેમના વિચારો અને કાર્ય દ્વારા હંમેશા જીવંત રહે છે.

‘મુશ્કેલીઓ છતાં, બાબાસાહેબ શિક્ષણને પરિવાર, સમાજ અને દેશના ભવિષ્યને બદલવા માટે સૌથી શક્તિશાળી હથિયાર માનતા હતા. બંધારણે વિવિધ સમુદાયોના લોકોને એક કર્યા અને બધાને સમાન અધિકારો સુનિશ્ચિત કર્યા હતા,’ એમ તેમણે કહ્યું

(જુઓ પાનું ૪) ▶▶



**શ્રદ્ધાંજલિઃ** ડૉ. બાબાસાહેબ આંબેડકરની પુણ્યતિથિએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિતના નેતાઓએ પુષ્પાંજલિ અર્પી હતી. (અમય ખરાડે)

## જય ભીમઃ દલિતોને ઊર્જા આપતો નારો સૌપ્રથમ મધ્ય મહારાષ્ટ્રના મકરાણપુરા ગામમાં આપવામાં આવ્યો

છત્રપતિ સંભાજીનગરઃ ‘જય ભીમ’: આ બે શબ્દો સ્વતંત્ર ભારતમાં દલિત સમુદાયની જાગૃતિ અને સશક્તિકરણનું પ્રતીક બની ગયા છે, પરંતુ ઘણા લોકો જાણતા નથી કે તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ.

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર પ્રત્યેના અપાર આદરને પણ વ્યક્ત કરતો આ નારો સૌપ્રથમ મહારાષ્ટ્રના આજના છત્રપતિ સંભાજીનગર જિલ્લાના કન્નડ તહસીલમાં આવેલા મકરાણપુર ગામમાં આયોજિત મકરાણપુર પરિષદમાં ઉઠાવવામાં આવ્યો હતો.

ભારતના બંધારણના મુખ્ય ઘડવૈયા, આંબેડકરનું છઠી ડિસેમ્બર, ૧૯૫૬ના રોજ અવસાન થયું હતું.

મરાઠવાડાના અનુસૂચિત જાતિ ફેડરેશનના પ્રથમ પ્રમુખ ભાઉસાહેબ મોરેએ ૩૦ ડિસેમ્બર, ૧૯૩૮ના રોજ પ્રથમ મકરાણપુર પરિષદનું (જુઓ પાનું ૪) ▶▶

પતંગિયા આકારનો સિગ્નલ વિનાનો ફ્લાયઓવર

# પનવેલથી ડાયરેક્ટ નવી મુંબઈ આંતરરાષ્ટ્રીય ઍરપોર્ટ પહોંચાશે

નવી મુંબઈઃ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ કાર્યરત થવાના પગલે પનવેલ વિસ્તારની કનેક્ટિવિટીને નવું સ્વરૂપ આપનારા પ્રોજેક્ટ્સ ઝડપથી આગળ વધી રહ્યા છે. ક્લોઅર લીપ નામનો અંતિમ તબક્કામાં છે અને આગામી છ મહિનામાં કાર્યરત થવાની અપેક્ષા છે.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ૮૦૦ કરોડ રૂપિયાના ભંડોળથી મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસઆરડીસી) આ કામ કરી રહ્યું છે. પનવેલ શહેર, ખાંદેશ્વર

રેલવે સ્ટેશન વિસ્તાર અને જેએનપીટી બંદરથી આવતા કન્ટેઇનર ટ્રાફિકને ધ્યાનમાં રાખીને પતંગિયાના આકારનો સિગ્નલ વિનાનો ફ્લાયઓવર અને એપ્રોચ રોડનું નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે. ફ્લાયઓવરની રચના એવી રીતે કરવામાં આવી છે કે કન્ટેનરને

(જુઓ પાનું ૪) ▶▶



# તપોવન પછી થાણેમાં ૭૦૦ વૃક્ષો કાપવામાં આવશે

થાણેઃ નાસિકના તપોવનમાં વૃક્ષોનો મુદ્દો લાંબા સમયથી ચર્ચામાં રહ્યો છે, ત્યારે થાણેમાં રિજનલ મેન્ટલ હોસ્પિટલના કામ માટે ૭૦૦થી વધુ વૃક્ષો કાપવામાં આવશે એવી માહિતી મળી હોવાથી રાજ્યમાં નવો વિવાદ થવાની શક્યતા જોવાઈ રહી છે. જોકે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આમાંથી કેટલાક વૃક્ષો ફરીથી વાવવામાં આવશે.

થાણેની રિજનલ મેન્ટલ હોસ્પિટલની ઇમારત જૂની અને જર્જરિત છે. તેથી, અહીં નવી હોસ્પિટલ બનાવવામાં આવશે અને જૂની ઇમારત તોડી પાડવામાં આવશે. મેન્ટલ હોસ્પિટલના પરિસરમાં વિવિધ પ્રજાતિઓના વૃક્ષો મોટી સંખ્યામાં છે, પરંતુ હવે અહીંના વૃક્ષો હોસ્પિટલના મકાનના નિર્માણમાં અવરોધ ઉભો કરી રહ્યા છે.

અહીં વિવિધ સ્વદેશી પ્રજાતિઓના ૧,૬૧૪ વૃક્ષો છે અને જાહેર બાંધકામ વિભાગે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનની ટ્રી ઓથોરિટી પાસેથી ૭૨૪ વૃક્ષો કાપવાની પરવાનગી માગી છે. આમાંથી ૩૦૩ વૃક્ષો કાપવામાં આવશે અને ૪૨૧ વૃક્ષો (જુઓ પાનું ૪) ▶▶

# ઘોડબંદર રોડ ૧૫ જાન્યુઆરી સુધીમાં તૈયાર કરવા આદેશ

થાણેઃ મહારાષ્ટ્રના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓને ઘોડબંદર કોરિડોરના સર્વિસ રોડ પર કામ ઝડપી બનાવવા જણાવ્યું છે. સમીક્ષા બેઠક દરમિયાન તેમણે કહ્યું હતું કે સર્વિસ રોડ પર કામ ૧૫ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ થવું જોઈએ. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ઉદ્‌ઘાટન કરે એ પહેલા અંતિમ તબક્કામાં રહેલા તમામ પ્રોજેક્ટ ૧૫ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવા જોઈએ. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર સૌરભ રાવ, એડિશનલ કમિશનર પ્રશાંત રોડે, ડીસીપી (ટ્રાન્સપોર્ટ) પંકજ શિરસાટ, સિટી એન્જિનિયર પ્રશાંત સોનાગ્રા ઉપરાંત ટીએમસી, એમએમઆરડીએ, મેટ્રો, પીડબ્લ્યુડી અને જિલ્લા કલેક્ટર કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહ્યા હતા.થાણે મહાનગરપાલિકાના સરનાઇકે એવી પણ જાહેરાત કરી હતી કે સતત (જુઓ પાનું ૪) ▶▶

# લોનાવલા આવેલા ગોવાના બે સહેલાણીનાં અકસ્માતમાં મોત

પુણેઃ મહારાષ્ટ્રના લોનાવલા હિલ સ્ટેશન ખાતે ગોવાથી ફરવા આવેલા બે સહેલાણીની કાર મિની ટ્રક સાથે ભટકાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બન્ને સહેલાણીએ જીવ ગુમાવ્યા હતા. મૃતકોની ઓળખ યોગેશ સુતાર (૨૧) અને મયૂર વેંગુર્લેકર (૨૪) તરીકે થઈ હતી. બન્ને ગોવાના માપુસાના રહેવાસી હતા. પુણે જિલ્લાના લોનાવલામાં પિકનિક માટે ગોવાથી ૧૪ જણનું જૂથ આવ્યું હતું, જેમાં યોગેશ અને મયૂરનો પણ સમાવેશ હતો. લોનાવલા ગ્રામીણ પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શનિવારની વહેલી સવારે લાયન્સ પૉઈન્ટ નજીક બની હતી. પૂરપાટ દોડતી કાર સામેથી આવેલી ટ્રક સાથે ટકરાઈ હતી. અકસ્માતને કારણે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. યોગેશ અને મયૂર અકસ્માતગ્રસ્ત કારમાં જ ફસાઈ ગયા હતા. કારમાં ફસાયેલા બન્નેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. (પીટીઆઈ)■

# હવે દાદર મેટ્રો સ્ટેશનને ચૈત્યભૂમિ નામ આપવાની માગણી

મુંબઈઃ બંધારણના ઘડવૈયા અને ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરના મહાપરિનિર્વાણ દિને ફરી એક વખત દાદર સ્ટેશનને તેમનું નામ આપવાની માગણી ઉઠી હતી અને ભીમ આર્મીના કાર્યકરોએ દાદર સ્ટેશનને તેમનું નામ આપવા માટે દેખાવો કર્યા હતા. આ બધા વચ્ચે અર્થશાસ્ત્રી નરેન્દ્ર જાધવે દાદર મેટ્રો સ્ટેશનને ચૈત્યભૂમિ નામ આપવાની માગણી કરી હતી અને સત્તાધારી તેમ જ વિપક્ષે આના પર સકારાત્મક વલણ અપનાવ્યું હોવાથી આગામી દિવસોમાં મેટ્રો સ્ટેશનને ચૈત્યભૂમિનું નામ આપવામાં આવે એવી શક્યતા જણાઈ રહી છે.

અર્થશાસ્ત્રી નરેન્દ્ર જાધવ શનિવારે સવારે ચૈત્યભૂમિ પર ડૉ. બાબાસાહેબ આંબેડકરને અંજલી આપવા ગયા પછી તેમણે મીડિયા સાથે વાત કરતાં દાદરના મેટ્રો સ્ટેશનનું નામ ચૈત્યભૂમિ રાખવાની માગણી કરી હતી.

મુંબઈ મહાનગરપાલિકાએ ખૂબ જ સારું આયોજન કર્યું છે. પાલિકા દ્વારા બાબાસાહેબ પર એક પુસ્તિકા પ્રકાશિત કરવામાં આવી છે. બધાએ સાથે મળીને ચૈત્યભૂમિ ખાતે સુવિધાઓ માટે કામ કર્યું છે. સારી સેવા પૂરી પાડવામાં આવી રહી હોવાનું કહીને, મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તાત્કાલિક ઇન્દુ મિલ સ્મારકનું કામ પાટા પર લાવવા માટે સંકલન સમિતિની નિમણૂક કરવી જોઈએ એવી માગણી કરતાં તેમણે કહ્યું હતું કે, દાદર મેટ્રો સ્ટેશનનું નામ ચૈત્યભૂમિ રાખવું જોઈએ. હું આંબેડકરવાદીઓ વતી આ માગણી કરું છું. આ દરમિયાન, (જુઓ પાનું ૪) ▶▶

# બાળકોમાં હૃદયરોગની સમસ્યા ગંભીર

### રાજ્યમાં ૧૧ હજાર બાળકોએ સર્જરી કરાવી

નાગપુરઃ રાજ્યમાં હૃદય રોગથી પીડાતા બાળકોની સંખ્યા ચિંતાજનક છે. છેલ્લાં સાડા ત્રણ વર્ષમાં સરકારના વિવિધ આરોગ્ય કાર્યક્રમો હેઠળ રાજ્યમાં ૧૧ હજાર ૮૪૦ બાળકો ગંભીર હૃદય રોગથી પીડાતા હોવાનું નિદાન થયું છે. એમાંથી ૧૧ હજાર ૩૩૬ બાળકોએ સરકારી યોજના હેઠળ હાર્ટ સર્જરી કરાવી છે.

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ આંગણવાડી, સરકારી અને અર્ધસરકારી શાળાઓમાં બાળકોની થતી નિયમિત આરોગ્ય તપાસ દરમિયાન જોવા મળતી સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે સરકાર દ્વારા તમામ પ્રકારની સારવાર આપવામાં આવે છે. મહારાષ્ટ્રમાં ૧ એપ્રિલ, ૨૦૨૨થી સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન સાડા ત્રણ વર્ષમાં હૃદયની સમસ્યા ધરાવતા ૧૧ હજાર ૮૪૦ બાળકો જોવા મળ્યા હતા. એમાંથી ૧૧ હજાર ૩૩૬ બાળકોની સર્જરી કરવામાં આવી છે અને ૫૦૪ બાળકોની સારવાર ચાલી રહી છે. આરટીઆઈ અને સામાજિક કાર્યકર અભય (જુઓ પાનું ૪) ▶▶

# લડાયક ગ્રીવ્ઝ-કીમારની જોડીએ વેસ્ટ ઈન્ડિઝને અપાવી યાદગાર ડ્રૉ

**વેસ્ટ ઈન્ડિઝે ચોથી ઈનિંગ્સમાં ૪૫૭ રન કર્યા તો પણ ન્યૂ ઝીલૅન્ડ સામે જીતવા ન મળ્યું ▸ જોકે ટેસ્ટ ડ્રૉ થવા છતાં કૅરિબિયનોએ ઘણી સિદ્ધિઓ મેળવી**

ક્રાઇસ્ટચર્ચ: આજકાલ ટેસ્ટ મૅચ બે-ત્રણ દિવસમાં પૂરી થઈ જતી હોય છે, પરંતુ અહીં વેસ્ટ ઇન્ડિઝ અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે સિરીઝની પહેલી ટેસ્ટ રોમાંચક તબક્કામાં પહોંચ્યા બાદ છેવટે શનિવારે ડ્રૉમાં ગઈ હતી. વેસ્ટ ઈન્ડિઝ ૫૩૧ રનના લક્ષ્યાંક સામે ૬ વિકેટના ભોગે બનેલા ૪૫૭ રનના સ્કોર સુધી પહોંચ્યું હતું અને વિક્રમજનક વિજયથી ૭૪ રન દૂર રહી ગયું હતું. જોકે કૅરિબિયનો ચોથા દાવના આટલા તોતિંગ ટાર્ગેટ સામે પણ હાર્યા નહીં એ તેમના માટે બહુ મોટી સિદ્ધિ કહેવાય.

### વેસ્ટ ઈન્ડિઝ હવે બીજા નંબરે

ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઇતિહાસમાં ચોથા દાવમાં નોંધાયેલા ટીમ-ટોટલમાં વેસ્ટ ઇન્ડિઝનું ૬/૪૫૭નું ટોટલ સેકન્ડ હાઈએસ્ટ છે. આ લિસ્ટમાં ઇંગ્લેન્ડનું નામ મોખરે છે. ૧૯૩૯માં સાઉથ આફ્રિકા સામે ડર્બનમાં ઇંગ્લૅન્ડે ૬૯૬ રનના ટાર્ગેટ સામે પાંચ વિકેટે ૬૫૪ રન કર્યા હતા અને સમયના અભાવે છેવટે એ ટેસ્ટ ડ્રૉ જાહેર થઇ હતી.

ટેસ્ટના ઇતિહાસમાં ચોથા દાવમાં હાઈએસ્ટ સફળ ચેઝની યાદીમાં વેસ્ટ ઈન્ડિઝ (૨૦૦૩માં સેન્ટ જોન્સમાં ઑસ્ટ્રેલિયા સામે ૭/૪૧૮) અવ્વલ છે.

ચોથા દાવના હાઈએસ્ટ ટોટલમાં વેસ્ટ ઈન્ડિઝે ૬/૪૫૭ના ટોટલ સાથે ન્યૂ ઝીલેન્ડનું ૨૦૦૨ની સાલનું ૪૫૧ રન (ક્રાઇસ્ટચર્ચમાં ઇંગ્લેન્ડ સામે)નું ટોટલ પાર કરીને આ યાદીમાં બીજું સ્થાન મેળવ્યું છે.

### ભારતે ચેઝમાં ૪૨૯ રન કર્યા છતાં ડ્રૉ

૧૯૭૯માં લંડનના ઓવલમાં ઇંગ્લૅન્ડ સામે ભારતે ૪૩૮ રન ચેઝ કરતી વખતે આઠ વિકેટે ૪૨૯ રન કર્યા અને મૅચ ડ્રૉમાં જતાં ભારત નવ રન માટે વિજયથી વંચિત રહ્યું હતું. એ દાવમાં સુનીલ ગાવસકરની ૨૨૧ રન, ચેતન શર્માની ૮૦ રન અને દિલીપ વેન્ગસરકરની ૫૨ રનની ઇનિંગ્સ એળે ગઈ હતી. ગાવસકરે ૨૨૧ રન ૪૪૩ બૉલમાં અને ચેતન શર્માએ ૮૦ રન ૨૬૩ બૉલમાં કર્યા હતા અને તેમની વચ્ચે ૨૧૩ રનની યાદગાર ઓપનિંગ ભાગીદારી થઈ હતી.

### ભારત ૪૪૫ રન કરીને પણ હારેલું

ભારત વતી ટેસ્ટના ચોથા દાવમાં નોંધાયેલા ટોટલ્સમાં ૪૪૫ રન (૧૯૭૮માં ઑસ્ટ્રેલિયા સામે) હાઈએસ્ટ છે. એમાં ભારત ૪૯૩ રનના લક્ષ્યાંક સામે જીતથી ૪૮ રન દૂર રહી ગયું હતું.

### ગ્રીવ્ઝની ડબલ સેન્ચુરી પાણીમાં

ક્રાઈસ્ટચર્ચમાં શનિવારે ટેસ્ટ ડ્રૉમાં જતાં મૅન ઑફ ધ મૅચ જસ્ટિન ગ્રીવ્ઝ (૩૮૮ બૉલમાં ૨૦૨ અણનમ), શાઈ હોપ (૨૩૪ બૉલમાં ૧૪૦ રન) અને કીમાર રૉચ (૨૩૩ બૉલમાં ૫૮ અણનમ)ની ઇનિંગ્સ પાણીમાં ગઈ હતી. ગ્રીવ્ઝ-રૉચ વચ્ચે ૧૮૦ રનની અતૂટ ભાગીદારી થઈ હતી.

### ડ્રૉ ટેસ્ટના ટીમ ટોટલ્સ

ન્યૂ ઝીલૅન્ડના બોલર્સમાં જેકબ ડફીએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. આ મૅચની ચારેય ઇનિંગ્સના ટોટલ આ મુજબ હતા ન્યૂ ઝીલૅન્ડ પહેલો દાવ ૨૩૧ રન, વેસ્ટ ઈન્ડિઝ પહેલો દાવ ૧૬૭ રન, ન્યૂ ઝીલૅન્ડ બીજો દાવ ૮/૪૬૬ ડિક્લેર્ડ અને વેસ્ટ ઈન્ડિઝ ૫૩૧ રનના ટાર્ગેટ સામે ૬/૪૫૭). ■



**યાદગાર ડ્રૉના બે સ્તંભ:** છઠ્ઠા ક્રમના બૅટ્સમૅન જસ્ટિન ગ્રીવ્ઝ અને આઠમા ક્રમના કીમાર રૉચની જોડીએ ૬૮.૧ ઓવર સુધી ક્રીઝમાં ટકી રહીને સાતમી વિકેટ માટે ૧૮૦ રનની ભાગીદારી કરી હતી. તેમણે કિવી ટીમના મૅટ હેન્રી, જૅકબ ડફી, માઇકલ બ્રેસવેલ, રચિન રવીન્દ્ર અને ઝૅક ફૉક્સ જેવા જાણીતા બોલર્સની બોલિંગનો કલાકો સુધી સામનો કરીને ટેસ્ટ ડ્રૉ કરાવી હતી. ગ્રીવ્ઝ ૫૬૪ મિનિટ સુધી અને કીમાર રૉચ ૨૮૨ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહ્યા હતા.



**રોહિત નામવાળા ટી-શર્ટમાં ચાહકો:** ગઈ કાલની વન-ડે વખતે સ્ટેડિયમમાં રોહિત શર્માના નામવાળા ટી-શર્ટમાં તેના અનેક ચાહકો જોવા મળ્યા હતા.



**ડિકૉકની લડાયક સદી એળે ગઈ**

ક્વિન્ટન ડિકૉકે ગઈ કાલે ભારત સામેની નિર્ણાયક વન-ડેમાં ૧૩૯ મિનિટ સુધી ક્રીઝમાં ટકી રહીને ૮૯ બૉલમાં છ સિક્સર અને આઠ ફોરની મદદથી ૧૦૬ રન કર્યા હતા, પણ તેની આ ૨૩મી વન-ડે સેન્ચુરી પાણીમાં ગઈ હતી. ગયા મહિને ફૈસલાબાદમાં પાકિસ્તાન સામે તેના અણનમ ૧૨૩ રન મૅચ-વિનિંગ નીવડ્યા હતા. (પીટીઆઇ)

## વિશાખાપટનમની વાઈરલ તસવીરો





વિશાખાપટનમમાં ગઈ કાલે વન-ડે પહેલાં સાઉથ આફ્રિકાના ખેલાડીઓએ ગ્રૂપ ફોટો બાદ જાતે ખુરસી લઈ જવી પડી હતી (ડાબે). મૅચમાં કુલદીપની એક વિકેટ વખતે કોહલી તેની સાથે ડાન્સ કરવા લાગ્યો હતો (જમણે).





જાડેજાએ ચેનસેનનો કૅચ ઝીલ્યો ત્યારે ખુશખુશાલ વિરાટ તેનો હાથ ચૂમવા લાગ્યો હતો (ડાબે). બીજી બાજુ, હર્ષિતને રોહિત સૂચના આપવાના મૂડમાં હતો.



# ભારતે ટેસ્ટની હારનો વન-ડે સિરીઝમાં બદલો લીધો

**સાઉથ આફ્રિકાને નિર્ણાયક મૅચમાં નવ વિકેટે હરાવ્યું: ક્રિષ્ના-કુલદીપના તરખાટ પછી સેન્ચુરિયન યશસ્વી, વિરાટ, રોહિતે અપાવ્યો આસાન વિજય**



વિશાખાપટનમ: ભારતે અહીં સાઉથ આફ્રિકાને ત્રીજી અને નિર્ણાયક વન-ડેમાં નવ વિકેટ અને ૬૧ બૉલ બાકી રાખીને હરાવવાની સાથે શ્રેણીની ટ્રોફી ૨-૧થી જીતી લીધી હતી. ટીમ ઇન્ડિયાએ ઑલરાઉન્ડ પર્ફોર્મન્સથી આ વિજય મેળવ્યો છે અને ટેસ્ટના ૦-૨ના વાઇટવૉશનો બદલો વન-ડે સિરીઝમાં લીધો હતો. ભારતીય ટીમે ૨૭૧ રનનો લક્ષ્યાંક ખૂબ આસાનીથી, સંપૂર્ણ વર્ચસ્વ સાથે જડબેસલાક દેખાવ સાથે મેળવી લીધો હતો.

ભારતે ૨૭૧ રનનો ટાર્ગેટ ૩૯.૧ ઓવરમાં (૧૦.૧ ઓવર બાકી રાખીને) ફક્ત રોહિત શર્મા (૭૫ રન, ૭૩ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર)ની વિકેટ ગુમાવીને મેળવી લીધો હતો. પ્રથમ વન-ડે સેન્ચુરી ફટકારનાર યશસ્વી જયસ્વાલ (અણનમ ૧૧૬, ૧૨૧ બૉલ, બે સિક્સર, બાર ફોર) અને વિરાટ કોહલી (૬૫ રન, ૪૫ બૉલ, ત્રણ સિક્સર, છ ફોર)ની જોડીએ ૧૧૬ રનની અતૂટ ભાગીદારીથી ટીમ ઇન્ડિયાનો વિજય સરળ બનાવ્યો હતો.

આ વિજયમાં પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના (૬૬ રનમાં ચાર વિકેટ) અને લેફ્ટ-આર્મ ચાઇનામૅન તરીકે જાણીતા સ્પિનર કુલદીપ યાદવ (૪૧ રનમાં ચાર વિકેટ)ના પણ મહત્ત્વના યોગદાન હતા. અર્શદીપ સિંહને ૩૬ રનમાં એક વિકેટ અને રવીન્દ્ર જાડેજાને ૫૦ રનમાં એક વિકેટ મળી હતી. હર્ષિત રાણાને ૪૪ રનમાં અને તિલક વર્માને ૨૯ રનમાં વિકેટ નહોતી મળી.

સાઉથ આફ્રિકાના ઓપનર ક્વિન્ટન ડિકૉક (૧૦૬ રન, ૮૯ બૉલ, છ સિક્સર, આઠ ફોર)ની આક્રમક સેન્ચુરી પાણીમાં ગઈ હતી. બીજી વિકેટ માટે ડિકૉકે કૅપ્ટન ટેમ્બા બવુમા (૬૭ બૉલમાં ૪૮ રન) સાથે બીજી વિકેટ માટે ૧૧૩ રનની પાર્ટનરશિપ કરી હતી જે છેવટે રોહિત-યશસ્વી વચ્ચેની ૧૫૫ રનની ઓપનિંગ પાર્ટનરશિપ અને યશસ્વી-વિરાટ વચ્ચેની ૧૧૬ રનની ભાગીદારી સામે ઝાંખી પડી ગઈ હતી. એ પહેલાં, સાઉથ આફ્રિકાની ટીમ બૅટિંગ મળ્યા બાદ ૪૭.૫ ઓવરમાં ૨૭૦ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી.

### યશસ્વીને મૅચનો, વિરાટને સિરીઝનો અવૉર્ડ



યશસ્વી જયસ્વાલની આ ચોથી જ વન-ડે હતી, જેમાં તે પ્રથમ વન-ડે સેન્ચુરી ફટકારવામાં સફળ થયો હતો. અગાઉની ત્રણ વન-ડેમાં તેની એક પણ હાફ સેન્ચુરી નહોતી. તેને મૅન ઑફ ધ મૅચનો અને વિરાટ કોહલીને આખી શ્રેણીમાં બે સેન્ચુરી અને એક હાફ સેન્ચુરીની મદદથી સૌથી વધુ ૩૦૨ રન બનાવવા બદલ મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર અપાયો હતો. કુલદીપ યાદવની નવ વિકેટ આખી સિરીઝમાં હાઇએસ્ટ હતી.

### ભારત ૨૧મી વન-ડેમાં પ્રથમ ટૉસ જીત્યું

બપોરે કે. એલ. રાહુલે ડાબા હાથે સિક્કો ઉછાળ્યો હતો અને પછી ટૉસ જીતી લેતાં ભારતીય ટીમની લગભગ બે વર્ષથી વન-ડેમાં ટૉસ હારવાની અનિચ્છનીય ■

# ફિફા વર્લ્ડ કપનો ડ્રૉ જાહેર: જાણી લો, ૧૨માંથી કયા ગ્રૂપમાં કઈ ટીમ

**મેસી-રોનાલ્ડો વચ્ચે ક્વૉર્ટર ફાઇનલમાં ટક્કર થઈ શકે, ઈરાને એક મૅચ અમેરિકામાં રમવી પડશે**



વૉશિંગ્ટન: ૨૦૨૬ની ૧૧મી જૂનથી અમેરિકા, મેક્સિકો, કૅનેડામાં સંયુક્ત રીતે યોજાનારા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપની ટીમો કયા ગ્રૂપમાં રહેશે એનો ડ્રૉ અહીં હિમ વર્ષા વચ્ચે યોજાયો હતો જે મુજબ મેક્સિકોમાં સૌથી પહેલો મુકાબલો ૨૦૨૨ની વર્લ્ડ ચૅમ્પિયન ટીમ આર્જેન્ટિના અને અલ્જિરિયા વચ્ચે થશે. છેલ્લે ૨૦૨૨માં લિયોનેલ મેસીના આર્જેન્ટિનાએ વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી. મેસીએ આ વર્લ્ડ કપમાં પોતે રમશે કે કેમ એ વિશે હજી અંતિમ નિર્ણય જાહેર નથી કર્યો. જોકે તે વિક્રમજનક છઠ્ઠા વર્લ્ડ કપમાં નહીં રમવાની જાહેરાત કરશે તો કરોડો ફૂટબૉલપ્રેમીઓ માટે એ આઘાતજનક કહેવાશે. ૨૭ મહિના પહેલાં આ વિશ્વ કપ માટેનો ક્વૉલિફાઇંગ રાઉન્ડ શરૂ થયો હતો અને પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલા બ્રાઝિલથી માંડીને કેપ વર્ડે, ક્યૂરેકાઓ, જોર્ડન અને ઉઝબેકિસ્તાન જેવા નવા દેશોને પોતાના ગ્રૂપ વિશેની જાણ થઈ છે. ઇરાનની ટીમે વર્લ્ડ કપની ઓછામાં ઓછી એક મૅચ દુશ્મન-દેશ અમેરિકામાં રમવી પડશે.

જો આર્જેન્ટિના અને પોર્ટુગલ પોતપોતાના ગ્રૂપ-સ્ટેજથી આગળ વધશે તો ક્વૉર્ટર ફાઇનલમાં લિયોનેલ મેસી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો વચ્ચે ટક્કર થશે.

૪૮ દેશ વચ્ચેના આ વર્લ્ડ કપમાં કુલ ૧૦૪ મૅચ રમાશે. માત્ર ૧,૫૦,૦૦૦ લોકોની વસતી ધરાવતો ક્યૂરેકાઓ આ વર્લ્ડ કપના ઇતિહાસનો સૌથી નાનો દેશ છે. એનો પ્રથમ મુકાબલો ચાર વખત ચૅમ્પિયન બનેલા જર્મની સામે થશે. ક્વૉલિફાઇંગ રાઉન્ડ ચાલી રહ્યો હોવાથી અમુક ગ્રૂપમાં કેટલીક ટીમોના નામની જાહેરાત હજી બાકી છે.

### કયો દેશ ક્યા ગ્રૂપમાં

ગ્રૂપ-એ: મેક્સિકો, સાઉથ આફ્રિકા, કોરિયા રિપબ્લિક, જાહેરાત બાકી
ગ્રૂપ-બી: કૅનેડા, કતાર, સ્વિટ્ઝરલૅન્ડ, જાહેરાત બાકી
ગ્રૂપ-સી: બ્રાઝિલ, મોરોક્કો, હૈતી, સ્કૉટલૅન્ડ
ગ્રૂપ-ડી: અમેરિકા, પારાગ્વે, ઑસ્ટ્રેલિયા, જાહેરાત બાકી
ગ્રૂપ-ઈ: જર્મની, ક્યૂરેકાઓ, કોટે ડિવૉઇર, ઇક્વાડોર
ગ્રૂપ-એફ: નેધરલૅન્ડ્સ, જાપાન, ટ્યૂનિશ્યા, જાહેરાત બાકી
ગ્રૂપ-જી: બેલ્જિયમ, ઇજિપ્ત, ઇરાન, ન્યૂ ઝીલૅન્ડ
ગ્રૂપ-એચ: સ્પેન, કૅબો વર્ડે, સાઉદી અરેબિયા, ઉરુગ્વે
ગ્રૂપ-આઇ: ફ્રાન્સ, સેનેગલ, નોર્વે, જાહેરાત બાકી
ગ્રૂપ-જે: આર્જેન્ટિના, અલ્જિરિયા, ઑસ્ટ્રિયા, જોર્ડન
ગ્રૂપ-કે: પોર્ટુગલ, ઉઝબેકિસ્તાન, કોલમ્બિયા, જાહેરાત બાકી
ગ્રૂપ-એલ: ઇંગ્લૅન્ડ, ક્રોએશિયા, ઘાના, પનામા ■

# ઇંગ્લૅન્ડ ફરી બાઝબૉલના ચક્કરમાં ફસાયું, ઑસ્ટ્રેલિયા ૨-૦ની દિશામાં

બ્રિસ્બેન: બીજી ઍશિઝ ટેસ્ટ (ભારતીય સમય અનુસાર સવારે ૯.૩૦ વાગ્યાથી લાઇવ)માં ઇંગ્લૅન્ડે પ્રથમ દાવમાં જો રૂટ (અણનમ ૧૩૮)ની સેન્ચુરીની મદદથી ૩૩૪ રન કર્યા બાદ ગઈ કાલે ઑસ્ટ્રેલિયાએ (એક પણ સદી વગર) પાંચ હાફ સેન્ચુરી સહિત તમામ ૧૧ બૅટ્સમેનના ડબલ-ડિજિટના રનની મદદથી ૫૧૧ રન કર્યા હતા અને ૧૭૭ રનની મોટી સરસાઈ લીધી હતી. મિચલ સ્ટાર્ક ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ આ મૅચમાં બ્રિટિશરો માટે સૌથી ડેન્જરસ નીવડી રહ્યો છે. ઇંગ્લૅન્ડે જવાબમાં શનિવારના ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં બાઝબૉલ (આક્રમક બૅટિંગ) સ્ટાઇલના ચક્કરમાં માત્ર ૧૩૪ રનમાં છ વિકેટ ગુમાવી દીધી હતી. છ વિકેટ બે કલાકના છેલ્લા સત્રમાં પડી હતી.

### સેન્ચુરિયન રૂટના બીજા દાવમાં ૧૫ રન

ઇંગ્લૅન્ડની ટીમ ગઈ કાલે આ પિન્ક બૉલ ડે-નાઇટ ટેસ્ટના બીજા દાવમાં હજી ૪૩ રનથી પાછળ હતી ટૂંકમાં, ઑસ્ટ્રેલિયા પાંચ ટેસ્ટની આ શ્રેણીમાં ૨-૦ની સરસાઈ મેળવવાની દિશામાં આગળ વધી રહ્યું છે. શનિવારની રમતને અંતે કૅપ્ટન બેન સ્ટૉક્સ ચાર રને અને વિલ જૅક્સ ચાર રને રમી રહ્યા હતા. સેકન્ડ ઇનિંગ્સમાં એક પણ બ્રિટિશ પ્લેયર હાફ સેન્ચુરી નહોતો કરી શક્યો. પ્રથમ દાવનો અણનમ સેન્ચુરિયન જો રૂટ ફક્ત ૧૫ રનના પોતાના સ્કોર પર મિચલ સ્ટાર્કના બૉલમાં આઉટ થયો હતો.

મિચલ સ્ટાર્કે અને માઇકલ નેસર તેમ જ સ્કૉટ બૉલેન્ડે બે-બે વિકેટ લીધી હતી. પહેલા દાવમાં સ્ટાર્કે છ વિકેટ લીધી હતી અને એ પહેલાં સ્ટાર કે ૭૭ રન કર્યાહતા.

શુક્રવારના બીજા દિવસે ઇંગ્લૅન્ડના ફીલ્ડર્સે પાંચ કૅચ છોડ્યા જેને કારણે યજમાન ટીમ ૬/૩૭૮ના સ્કોર સાથે સરસાઈ લેવામાં સફળ રહી હતી. ઑસ્ટ્રેલિયાને એક્સ્ટ્રામાં બાવીસ રન મળ્યા હતા અને ૧૧ બૅટ્સમેનના વ્યક્તિગત સ્કોર આ મુજબ હતા: ટ્રૅવિસ હેડ (૩૩ રન), જેક વેધરાલ્ડ (૭૨ રન), માર્નસ લાબુશેન (૬૫ રન), કૅપ્ટન સ્ટીવ સ્મિથ (૬૧ રન), કૅમેરન ગ્રીન (૪૫ રન), ઍલેક્સ કૅરી (૬૩ રન), જૉશ ઇંગ્લિસ (૨૩ રન), માઇકલ નેસર (૧૬ રન), મિચલ સ્ટાર્ક (૭૭ રન), સ્કૉટ બૉલેન્ડ (૨૧ અણનમ), બ્રેન્ડન ડૉગિટ (૧૩ રન).■

# આઈસીસીના અવૉર્ડ માટે નૉમિનેટ ખેલાડીઓમાં શેફાલી એકમાત્ર ભારતીય ખેલાડી

દુબઈ: ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના નવેમ્બર, ૨૦૨૫ માટેના પુરુષ તથા મહિલા વર્ગના પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ માટે જે ખેલાડીઓના નામ નૉમિનેટ થયા છે એમાં ભારતના એક ખેલાડીનું નામ છે.

પુરુષ વર્ગમાં જે ત્રણ નામ નૉમિનેટ થતા હોય છે એમાં એકેય ભારતીયનું નામ નથી, પરંતુ મહિલા વર્ગમાં ઓપનર શેફાલી વર્માનું નામ છે. તેણે બીજી નવેમ્બરે નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં સાઉથ આફ્રિકા સામેની ફાઇનલમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

શેફાલીને આ વર્લ્ડ કપની છેવટની મૅચોમાં ઈજાગ્રસ્ત પ્રતીકા રાવલના સ્થાને ટીમમાં જગ્યા મળી હતી અને શેફાલીએ ફાઇનલમાં ૮૭ રન કર્યા હતા તેમ જ બે મહત્ત્વની વિકેટ પણ લીધી હતી. આ એક મૅચના ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ બદલ શેફાલીનું નામ નૉમિનેટ કરાયું છે. અન્ય બે નૉમિનેટ થયેલી નામમાં યુએઇની ઇશા ઓઝા અને થાઇલૅન્ડની થિપાચા પુથાવૉન્ગનો સમાવેશ છે. આ બન્ને ખેલાડીએ મહિલાઓ માટેની ઇમર્જિંગ નૅશન્સ ટ્રોફીમાં પ્રશંસનીય પર્ફોર્મ કર્યું હતું.

પુરુષોની કૅટેગરીમાં જે ત્રણ નામ નૉમિનેટ કરવામાં આવ્યા છે એમાં સાઉથ આફ્રિકાના સ્પિનર સાઇમન હાર્મર, બાંગ્લાદેશના તૈજુલ ઇસ્લામ અને પાકિસ્તાનના મોહમ્મદ નવાઝનો સમાવેશ છે. ■



કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# રશિયા–ભારત કરારઃ મોદીનો ટ્રમ્પને તમાચો

**અમેરિકાના ટ્રમ્પની ટૅરિફને લઈને વારંવાર આપણને ધમકી-ચીમકીની વચ્ચે રશિયાના પ્રમુખ પુતિનની આ માત્ર ૨૭ કલાકની ભારતયાત્રા ઘણી રીતે સૂચક અને સમયસરની છે, કારણ કે આ દરમિયાન થયેલાં ૧૬ જેટલાં અતિ મહત્ત્વના કરારના કારણે બંને દેશ વચ્ચેનો વ્યાપાર ૧૦૦ અબજ ડોલરનો આંક વટાવી જશે...! એટલું જ નહીં, આપણે ટ્રમ્પને એ પણ સાનમાં સમજાવી દીધું કે અમે કોઈના પણ દબાણથી ડરતા નથી!**



પ્રમુખ વ્લાદિમીર પુતિનની તાજેતરમાં ભારતની યાત્રા પૂરી થઈ. એક રીતે આને એક ઐતિહાસિક યાત્રા કહી શકાય, કારણ કે ગણતરીના એ ૨૭ કલાકની ભારત યાત્રા દરમિયાન અનેક સૂચક નિર્ણયો કરાર થયા.

એક તરફ પુતિને ભારતની ઉર્જા જરૂરિયાતોમાં કોઈ વિઘ્ન નહીં આવે તેની ખાતરી આપી તો બીજી તરફ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-રશિયા વચ્ચેનો વ્યાપાર ઝડપથી ૧૦૦ અબજ ડોલરને આંબી જશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો. પુતિનની ખાતરીનો મતલબ એ થાય કે, અમેરિકા ગમે તે ચીમકી આપે -

ધમકીઓ આપે પણ ભારતને ક્રુડ ઓઈલ આપવાનું રશિયા બંધ નહીં કરે. એટલું જ નહીં , ભારતના પરમાણુ ઉર્જા પ્લાન્ટ્સ માટે યુરેનિયમ આપવાનું પણ ચાલુ રાખશે.

ભારત અને રશિયા વચ્ચે થયેલા કરારોમાં એક મહત્ત્વનો કરાર રશિયામાં યુરિયા પ્લાન્ટની સ્થાપનાનો છે. ભારતીય કંપનીઓએ રશિયાની યુરલકેમ (URALCHEM) સાથે યુરિયા પ્લાન્ટની સ્થાપના માટે કરાર કર્યો છે. ભારતમાં ખેતી માટે યુરિયા બહુ મહત્ત્વનું છે અને તેની અછત વર્તાયા કરે છે. આ કરારના કારણે તેમાં ઘટાડો થશે ને ભારતીય ખેતીને ફાયદો થશે. યુરિયા બીજી પણ ઘણી ઈન્ડસ્ટ્રીમાં વપરાય છે તેથી ભારતીય ઉદ્યોગ જગત માટે આ કરાર મહત્વનો છે. ભારતની વીજળીની જરૂરિયાતને સંતોષવા માટે પુતિને નાના મોડ્યુલર ન્યુક્લિયર રિએક્ટર્સ અને ફ્લોટિંગ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ્સ બનાવી આપવા પણ ઓફર કરી છે. આ દિશામાં બંને દેશ આગળ વધશે તો ભારતની શિકલ જ બદલાઈ જશે.

આ ઉપરાંત બીજા ઘણાં ક્ષેત્રોમાં સહકાર વધારવા બંને દેશ સહમત થયા છે. વ્યાપાર માટેના સ્ટ્રેટેજિક રૂટથી માંડીને સાંસ્કૃતિક બાબતો સુધીના મુદ્દે બંને દેશો સહકાર વધારવા સહમત થયા છે. દક્ષિણ ધ્રુવ, અવકાશ સંશોધનમાં ભારતને મદદ કરવા રશિયા તૈયાર છે. ધ્રુવીય જળ પરિવહન માટે તાલીમ આપવાના પણ એમઓયુ થયા છે તેથી આ સેક્ટરમાં સહકાર વધશે. આ સિવાય આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર

(INSTC), ચેન્નાઈ-વ્લાદિવોસ્તોક દરિયાઈ માર્ગ અને ઉત્તરીય સમુદ્ર માર્ગને મજબૂત બનાવવા પણ બંને દેશ સહમત થયા છે તેનો પણ ભારતને ફાયદો મળશે. બંને દેશના સંબંધોને મજબૂત બનાવવા માટે સરળ વિઝા પ્રક્રિયા, ઈ-વિઝા, સંયુક્ત ફિલ્મ પ્રોજેક્ટ્સ અને સાંસ્કૃતિક ઉત્સવો યોજવા પણ મોદી-પુતિન સંમત થયા છે એ પણ મહત્ત્વની વાત છે.

ભારત અને રશિયા વચ્ચે ફાઈટર જેટ અને સબમરીન માટેના કરાર થશે એવી અપેક્ષા હતી. મીડિયામાં તો ભારત રશિયા પાસેથી ૨૦૦ કરોડ ડોલરમાં સબમરીન્સ ખરીદશે એવા સમાચાર પણ આવી ગયા હતા, પણ સરકારે આ સમાચારોને ખોટા ગણાવ્યા છે. એ વાત ખોટી હોય તો પણ મોદી - પુતિન વચ્ચે સંરક્ષણમાં સહયોગ વધારવા માટે તો સંમતિ સધાઈ જ છે તેથી આજે નહીં તો કાલે, રશિયાનાં શસ્ત્ર-સરંજામ ભારતને મળશે એ નક્કી છે.

આવાં બધા મળીને થયેલાં ૧૬ જેટલાં કરારના કારણે બંને દેશો વચ્ચેનો વ્યાપાર વધશે અને તેના કારણે બંનેને ફાયદો થશે. ભારત-રશિયા વચ્ચેનો વ્યાપાર નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૬૮.૭ અબજ ડોલર પર પહોંચ્યો હતો. ભારત-રશિયા ૨૦૩૦ સુધીમાં આ વ્યાપાર ૧૦૦ અબજ ડોલર પર લઈ જવાનો નિર્ધાર વ્યક્ત કરી ચૂક્યાં છે. જોકે વડા પ્રધાન મોદીએ આશા વ્યક્ત કરી કે, ૨૦૩૦ પહેલાં જ બંને દેશો વચ્ચેનો વ્યાપાર ૧૦૦ અબજ ડોલરનો આંક વટાવી જશે ...!

અહીં મહત્ત્વની વાત એ છે કે, ૧૦૦ અબજ ડોલરના વ્યાપારમાં ભારતનો હિસ્સો વધશે. ૨૦૨૪-૨૫માં થયેલા ૬૮.૭ અબજ ડોલરના વ્યાપારમાં ભારતીય નિકાસ માત્ર ૪.૯ અબજ હતી જ્યારે રશિયાથી આયાત ૬૩.૮ અબજ ડોલર હતી.

રશિયાની ભારતમાં નિકાસ વધારે છે કેમ કે ભારત હવે તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાત મુખ્યત્વે રશિયા પાસેથી મેળવે છે. ક્રૂડ તેલ અને પેટ્રોલિયમ ઉત્પાદનો ઉપરાંત સૂર્યમુખી તેલ, ખાતરો, કોકિંગ કોલસો અને કિંમતી પથ્થરો/ધાતુઓ પણ રશિયાથી ભારત આવે છે જ્યારે ભારતથી મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, લોખંડ અને સ્ટીલ અને દરિયાઈ ઉત્પાદનો રશિયા જાય છે. ભારત સાથેના સંબધો ગાઢ બનાવવા માટે રશિયા ભારત પાસેથી વધારે માલ લેવા સંમત થયું છે તેથી ભારતને આર્થિક રીતે મોટો ફાયદો થશે.

આ બધા વચ્ચે ભારત અને રશિયા વચ્ચેનો વધતો આર્થિક સહકાર ભારતની વિદેશી નીતિના સંદર્ભમાં પણ મહત્વનો છે. નરેન્દ્ર મોદી વડા પ્રધાન બન્યા પછી તેમણે અમેરિકા તરફ ઢળવાનું વલણ અપનાવેલું. તેમાં પણ ડોનલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા પછી તો ભારતની વિદેશી નીતિ અમેરિકા તરફી જ થઈ ગયેલી. મોદીને મસકા મારવા ટ્રમ્પે પોતાના 'ડિયર ફ્રેન્ડ ' ગણાવ્યા પછી ને મોદીજીએ પણ સામે 'વાટકી વ્યવહાર' રૂપે ટ્રમ્પને ફ્રેન્ડ ગણાવતા, પણ તેના કારણે ભારતનું કશું ભલું ના થયું.

ટ્રમ્પ પહેલી ઈનિંગમાં ૪ વર્ષ પછી ઘરભેગા થઈ ગયા એ પહેલાં તેમણે ભારતની બરાબર મેથી મારી લીધેલી ને બાકી રહી ગયેલી કસર હવે 'ટૅરિફ પર ટૅરિફ' ફટકારીને પૂરી કરી રહ્યા છે. ભારતના માલ પર ટ્રમ્પે ૨૫ ટકા ટૅરિફ લાદ્યા છે અને રશિયા સાથે ભારત વ્યાપાર કરે તો વધારાના ૨૫ ટકા ટૅરિફ લાદવાનું એલાન કર્યું છે. ટ્રમ્પ ટૅરિફની તલવારથી મોદીને ડરાવવા નિકળ્યા છે પણ મોદીએ રશિયા સાથે આર્થિક સંબંધો મજબૂત બનાવવાનું એલાન કરીને ટ્રમ્પને કસીને તમાચો મારી દીધો છે. ટ્રમ્પની તલવાર હાથમાં જ રહી ગઈ ને મોદીએ ઝાપટ મારી દઈને સ્પષ્ટ કરી દીધું છે કે, ભારત કોઈનું આંગળિયાત નથી ને કોઈની ધમકી કે દબાણ હેઠળ નિર્ણયો લેતું નથી કે પોતાની નીતિ નક્કી કરતું નથી...!

આમ ભારતે લાંબા ગાળે અમેરિકાની ઐસીતૈસી કરવાનો આવો મર્દાના મિજાજ બતાવ્યો છે એ ઘટના મહત્ત્વની છે. ભૂરાંટા થયેલા ટ્રમ્પ તેના જવાબમાં કંઈક અટકચાળું કરી શકે છે , પણ ભારતને તેની પરવા નથી. ઈન્દિરાજીના સમયથી રશિયા સાથેની દોસ્તી હંમેશાં ભારતને ફળી છે એ જોતાં મોદી સાચી દિશામાં જ છે. ■

## કુડનકુલમ પ્લાન્ટ માટે પુતિનની ખાતરી એ સૌથી મોટો ફાયદો...



કુડનકુલમ પ્લાન્ટ

ભારત અને રશિયા વચ્ચેની સમજૂતીમાં સૌથી મહત્ત્વની બાબત ભારતના સૌથી મોટા પરમાણુ ઊર્જા પ્લાન્ટ કુડનકુલમ અંગે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને આપેલી ખાતરી છે. પુતિને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે સંયુક્ત પ્રેસ બ્રીફિંગ દરમિયાન એલાન કર્યું કે, તમિલનાડુના કુડનકુલમમાં ભારતનો સૌથી મોટો પરમાણુ ઉર્જા પ્લાન્ટ તેની સંપૂર્ણ ક્ષમતાએ કામ કરતો થશે તેની રશિયા ખાતરી આપે છે. રશિયા કુડનકુલમ પરમાણુ ઉર્જા પ્લાન્ટને સંપૂર્ણ કાર્યરત કરવા બંધાયેલું છે.

તમિલનાડુમાં આવેલા આ પરમાણુ પ્લાન્ટના છ રિએક્ટરમાંથી બે પહેલાંથી જ કાર્યરત છે અને બીજાં ચાર રિએક્ટરનું કામકાજ ચાલી રહ્યું છે. એ પરમાણુ પ્લાન્ટમાં છ VVER -૧૦૦૦ રિએક્ટર હશે કે જેની કુલ ક્ષમતા ૬,૦૦૦ મેગાવોટ હશે. પહેલાં બે રિએક્ટર ૨૦૧૩ અને ૨૦૧૬માં પાવર ગ્રીડ સાથે જોડી દેવાયાં છે તેથી તેમાંથી વીજળી મળે છે, પણ બાકીના ચારનું કામકાજ છેલ્લાં ૧૦ વર્ષથી ચાલે છે. રશિયા આ પરમાણુ પ્લાન્ટને યુરેનિયમ પૂરું પાડે છે.

પુતિને પોતે પોતાના વચન વિશે ગંભીર છે એ સાબિત કરવા ત્રીજા રિએક્ટર માટે ફ્યુઅલ એસેમ્બલિંગ પણ તાત્કાલિક મોકલી આપ્યું હતું.

રશિયાના સરકારી ન્યુક્લિયર કોર્પોરેશન રોસાટોમે તેના નોવોસિબિર્સ્ક કેમિકલ કોન્સન્ટ્રેટ્સ પ્લાન્ટમાં બનાવેલું ફ્યુઅલ એસેમ્બલિંગ કાર્ગો ફ્લાઇટમાં ભારતને મોકલી આપતાં ત્રીજું રિએક્ટર બહુ જલદી કામ કરતું થઈ જશે. ભારત અત્યારે વીજળીમાં લગભગ સ્વાવલંબી દેશ છે તેથી પરમાણુ ઊર્જાનું ઉત્પાદન વધતાં કોલસા આધારિત વીજ ઉત્પાદન ઘટાડીને પર્યાવરણને બચાવી શકશે.

---



અરાઉન્ડ દ વર્લ્ડ
નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# તમે જ્યારે એમ કહો છો કે 'મને સ્ટ્રીટ ફૂડ બહુ ભાવે છે!' ત્યારે ખરેખર શું કહેવા માગો છો?



'મને સ્ટ્રીટ ફૂડ બહુ ભાવે છે.' બેન્ગકોકમાં રાત્રિઓમાં વિહરતા બેકપેકર્સથી લઈને કામ પછી પાણીપૂરી ખાવા ધસી જતા ઓફિસ કર્મચારીઓથી પરફેક્ટ સ્થાનિક નાસ્તાની તલાશમાં ખંડો પાર કરતા અનુભવી પ્રવાસીઓ સુધી, આપણે સર્વત્ર આ વાક્ય સાંભળતા આવ્યા છે. જોકે થોડા થોભો અને પોતાને પૂછો: આ શબ્દો તમે કહો છો ત્યારે ખરેખર શું કહેવા માગો છો?

શું તમે તેલમાં તળાતા ફ્રેશ ડફની સુગંધ વિશે કહો છો, હોટ વોકમાં મસાલાના તડતડાટ વિશે કહો છો કે ધમધમતી ગલીઓમાં કેરેમલાઈઝ કરાતા શુગરની સુગંધ વિશે કહો છો? કે પછી કશુંક નવા માટે હા કહેવાનો રોમાંચ વિશે કહો છો- દેખાતી રીતે જ તમે ક્યારેય નહીં સાંભળ્યું હોય તેવા સ્થાનિક ડેઝર્ટ, અપરિચિત સ્ટીમ્ડ ડમ્પલિંગ કે ગીચ બજારમાં તમારી હથેળીમાં દબાવવામાં આવતા હેન્ડ-રોલ્ડ સ્નેક બાબતે આ વાત છે.

કારણ કે સ્ટ્રીટ ફૂડ એ ખાદ્યથી પણ વિશેષ છે. તે ફિલોસોફી અને ભાવના છે. તે હયાતિનું ક્રિયાત્મકતામાં પરિવર્તિત થવાનું છે.તે ખાદ્ય બનાવવામાં આવેલી સંસ્કૃતિ છે. તે મુઠ્ઠીભર સામગ્રીઓ થકી કહેવાતી શહેરની વાર્તા છે. તમને આ જગ્યા તેની રેસ્ટોરાંમાંજ નહીં પરંતુ તેની ગલીઓમાં પણ મહેસૂસ થશે, જ્યાં લાડવાઓનો રણકાર થાય છે, વરાળ શ્વાસની જેમ બહાર નીકળે છે,વેન્ડરો શાંત ગૌરવ સાથે સ્મિત કરે છે અને દરેક બટકું વર્ષોની પરંપરાને આગળ ધપાવે છે.

આમ છતાં આજે નિરંતર 'ટોપ 10 ' યાદીથી ભરચક દુનિયામાં સ્ટ્રીટ ફૂડ મોટે ભાગે ટ્રેન્ડી થમ્બનેઈલ્સ અને આકર્ષક ટાઈટલ્સપૂરતા મર્યાદિત થઈ ગયા છે. જોકે અસલી સ્ટ્રીટ ફૂડ એ યાદી વિશે નથી. અસલી પ્રશ્ન શું ખાવું તે નથી, પરંતુ આપણે તે શા માટે ખાઈએ,તે સ્થળ વિશે શું ઉજાગર કરે છે અને આપણે ક્યારેય ફરી નહીં મળીશું એવા લોકોને આપણી સાથે તે જોડે તે વિશે છે.

મનપસંદ સ્ટ્રીટ ફૂડ એટલે તમે કેટલી આઈટમો અજમાવી છે તે ગણતરી કરવાની બાબત નથી, પરંતુ તે પોતાને રોકી નહીં શકાયતેવી સુગંધ મઘમઘે તે અજ્ઞાત ગલીમાં ઉત્સુકતા, મુક્તતા અને ઈચ્છાશક્તિ સાથે પગલું મૂકવા વિશે છે. સ્ટ્રીટ ફૂડ એક સમયેએક બટકું લઈને તમે ક્યાં છો તે સમજવાની સૌથી ઝડપી રીત છે.

**સ્ટ્રીટ ફૂડની ખૂબીઓ**

સ્ટ્રીટ ફૂડ કિફાયતી અથવા સુવિધાજનક છે તેથી જ મનપસંદ છે એવું નથી, પરંતુ તે જીવંત મહેસૂસ થાય છે તેથી મનપસંદ છે.તે શહેરનો ધબકાર છે - નિર્ભેળ અને નિખાલસ. હવે એક વાનગીને ઉત્તમ બનાવવા માટે વર્ષો અને દાયકાઓ પણ વિતાવનારા વેન્ડર વિશે કલ્પના કરો. એખ બાળક કશુંક તાજું તળેલું ખરીદવા માટે ઊભેલા બાળક વિશે કલ્પના કરો. વિદ્યાર્થી ગરમાગરમ મોમોઝ આદાનપ્રદાન કરતા હોય, પરિવારો ઉષ્માભરી સંધ્યાએ મીઠી કુલફી ખાવા માટે થોભે છે અથવા શ્રમિક લાંબા દિવસના કામ પછી વડાંપાંઉ ખાવા માટે ઊભો હોય તે વિશે જરા કલ્પના કરો. સ્ટ્રીટ ફૂડ આ અવસરો માટે છે. તે સ્થળના રોજબરોજના હૃદયના ધબકાર માટે છે. દરેક શહેર તેની ગલીઓ થકી પોતાને વ્યક્ત કરે છે ટોકિયોનો અવાજ ટમટમતા લેન્ટર્ન્સ હેઠળ બાઉલમાં ગરમાગરમ પીરસવામાં આવતા શાકાહારી રામેન સાથે વધે છે. ઈસ્તંબુલ સીસમ - કોટેડ સિમિત થકી બોલે છે, જે પ્રવાસીઓ દ્વારા પાણીમાં વિહરતી ફેરીઓને જોતાં જોતાં માણતા હોય છે. મુંબઈ તેનાં તમતમતાં અને તાકીદનું ખાદ્ય વડાંપાંઉ થકી ઓળખાય છે, જે તેની ગતિને પ્રતિબિંબિત કરે છે. દિલ્હી ચાટ થકી ગણગણે છે, જેનું દરેક બટકું બેજોડ આસ્વાદ આપે છે. રેસ્ટોરાં તમને ક્યુરેટેડ અનુભવ આપે છે. સ્ટ્રીટ ફૂડ તમને ખુદ જીવન આપે છે.

પ્રવાસીઓને સ્ટ્રીટ ફૂડ ભાવે છે, કારણ કે તે સ્થળના લયમાં તેમને આમંત્રિત કરે છે. તમે સંસ્કૃતિનું નિરીક્ષણ કરતા નથી,પરંતુ તેમાં ભાગ લો છો. તમે સ્થાનિકો સાથે ખભેખભા મિલાવીને ઊભા રહો છો અને એવા અવસરનું આદાનપ્રદાન કરો છોતે જૂજ સેકંડ નહીં, પરંતુ જીવનભર તમારી સાથે રહે છે. તે અર્થમાં સ્ટ્રીટ ફૂડ ગતિમાં સંસ્કૃતિ છે.

**સ્ટ્રીટ ફૂડની સાહસિકતાનો આયામ**

જો કોઈ કહે કે તેમને સ્ટ્રીટ ફૂડ ભાવે છે તો તેમની કમ્ફર્ટની સપાટી વ્યાપક રીતે ભિન્ન હોઈ શકે છે. ઘણા બધા લોકો માટે સ્ટ્રીટ ફૂડનો અર્થ પરિચિત શાકાહારી ફેવરીટ્સ છે, જેમાં ભારતના ચાટ, થાઈલેન્ડના પેડ થાઈ અથવા મિડલ ઈસ્ટના ફલાફલ રૅપ્સનો સમાવેશ થાય છે. આ વાનગીઓ દુનિયાભરમાં વખણાય છે અને સંસ્કૃતિઓ સાથે તુરંત જોડાણ સાધે છે.

અન્યો માટે સ્ટ્રીટ ફૂડનો અર્થ સામાન્યથી સહેજ અલગ અને પેઢી દર પેઢી યાદો લાવતા સ્થાનિક ક્લાસિક્સ અજમાવવાની બાબત છે.તે રસ્તા પરના સ્ટોલ ખાતે સાબુદાણા ખીચડી હોય, દક્ષિણ ભારતમાં ચટણી સાથે ગરમાગરમ સ્ટીમ્ડ ઈડલી હોય,ઈસ્ટ એશિયામાં નાજુક તોફુ - આધારિત બન હોય કે અંતરિયાળ હિમાલયન શહેરોમાં ખવાતી આથેલી ચોખાની વાનગીઓ હોય.આ વાનગીઓ તમારી ભૂખને થોડું પડકારે છે, પરંતુ ઉદાર રીતે તમને પુરસ્કૃત પણ કરે છે.

આ પછી પ્રવાસીઓ માટે અસામાન્ય અથવા આશ્ચર્યજનક જણાઈ શકે તેવી ચીજો છે, જેમ કે, સ્થાનિક પત્તીઓ સાથે તૈયાર કરાયેલી હર્બલ ટી,પામ જેગરીથી તૈયાર કરાયેલા ડેઝર્ટસ, કેળાના પાનમાં લપેટાયેલી સ્ટીમ્ડ કેક્સ અથવા અપરિચિત મસાલાઓ સાથે આથેલાં ફળો.આ બહારી લોકોને અસામાન્ય જણાઈ શકે છે, પરંતુ સ્થાનિકો માટે તે રોજબરોજનું કમ્ફર્ટ છે. અહીં મુદ્દો તમારી બહાદુરી સિદ્ધ કરવાનો નથી, પરંતુ મુદ્દો મુક્ત થવાનો છે. સ્ટ્રીટ ફૂડ તમારી ભૂખ કરતાં પણ વધુ તમારી ઉત્સુકતાની કસોટી કરે છે. આખરે સ્ટ્રીટ ફૂડની ખુશી ભૂગોળ, હવામાન, સંસ્કૃતિ અને સમુદાયની આદાનપ્રદાન કરાતી યાદગીરીઓ દ્વારાઆકાર પામતા સ્વાદની ખોજ કરવામાં રહેલી છે.

**દુનિયાભરમાં સ્ટ્રીટ ફૂડના આઈકોન**

દરેક દેશ તેની મોસમ, તેના લોકો અને તેના ઈથિહાસ દ્વારા આકાર પામતી સ્ટ્રીટ ફૂડની ઓળખ ધરાવે છે.

**ભારત**

ભારત ખુદ સાર્વત્રિક છે. પાણીપૂરી, સેવપૂરી, દાબેલી અને ભેલથી પાંઉભાજી, ઈડલી-સંભાર, મસાલા ડોસા, લિટ્ટીચોખા, ચાટ્સ, કુલ્ફી, જલેબી અને અસંખ્ય પ્રાદેશિક ખજાના સુધી ભારતીય સ્ટ્રીટ ફૂડ ફક્ત નાસ્તો નથી, પરંતુ જીવનની રીત છે. દરેક પ્રદેશ તેની ગલીઓમાં પીરસવામાં આવતા તેના અંતરના ખાદ્ય ધરાવે છે, જે દરેકના સ્વાદની વાર્તા સ્વાદ ચાખવાની વાટ જુએ છે.

**થાઈલેન્ડ**

થાઈલેન્ડની ગલીઓ હરતાફરતા કિચન જેવી લાગે છે. પેડ થાઈ સેકંડોમાં બને છે. તાજી કોકનટ આઈસક્રીમ તમને ઠંડા કરે છે. ક્રિસ્પી સ્પ્રિંગ રોલ્સ, ચીકણા રાઈસ ડેઝર્ટ,ગ્રિલ્ડ કેળા અને શાકાહારી નૂડલ્સથી મઘમઘતા બાઉલ ગલીઓને સુગંધી રંગમંચમાં ફેરવી નાખે છે.

**વિયેતનામ**

વિયેતનામ સુગંધથી મઘમઘે છે. વોર્મ ફો (શાકાહારી), હર્બ્સથી ભરાયેલા રાઈસ પેપર રોલ્સ, તોફુ અથવા મશરૂમ્સથી બનાવેલા ક્રન્ચી બાહ્મી પ્રકાર અને જૂના પાડોશમાં નીચા સ્ટૂલ પર પીરસવામાં આવતી સ્વીટ એગ કોફીનો તેમાં સમાવેશ થાય છે.

**મેક્સિકો (શાકાહારી બ્રહ્માંડ)**

મેક્સિકો કોર્ન હસ્કસમાં સ્ટીમ કરાતા તમાલીસ, કેરેમલ સાથે ભરાતી ક્રેપીસ, લીંબું અને મરચા સાથે બ્રૂશ કરાતા ઈલોટીસ (કોર્ન),શૂગર સાથે ડસ્ટ કરાતા ચુરોસ અને કપમાં સનશાઈન જેવો સ્વાદ આપતા તાજગીપૂર્ણ એગ્વાસફ્રેસ્કાસથી ખુશી આપે છે.

**ટર્કી અને મિડલ ઈસ્ટ**

ટર્કી સિમિટ, પાલક અને ચીઝથી ભરેલા ગોઝલેમ, ટોપિંગ્સથી ભરેલા બેક્ડ બટેટા અને વહાલથી સિમર કરાતા કેસ્મેકોરબાસી સાથેતમારું સ્વાગત કરે છે. મિડલ ઈસ્ટમાં ફલાફલ રોલ્સ, હ્યુમસ બાઉલ્સ, માનાકિશ બ્રેડ્સ અને ખજૂરથી ભરેલા ડેઝર્ટસગલીઓમાં રાજ કરે છે.

**ઈટાલી**

ઈટાલી ચીઝ સાથે સ્ટફ કરેલી અરાંસિની, કોબલ્ડ સ્ટ્રીટ્સ પર ખવાતા પિઝા અલ ટેગ્લિયો, તાજા બેક કરાતા ફોકેસિયાઅને તમને સ્મિત કરાવવા માટે ઝડપથી પીગળી જતા જિલેટોની ખૂબીઓ ધરાવે છે.

**ઈસ્ટ એશિયા**

તાઈવાન, કોરિયા અને જાપાનમાં શાકાહારની અદ્દભુત શ્રેણી છે, જેમાં સ્વીટ પોટેટો બોલ્સ, તોફુ સ્નેક્સ, રેડ બીન કેક્સ, મોચી,માચા આધારિત સ્ટ્રીટ્સ, રાઈસ ક્રેકર્સ અને નિયોન લાઈટ્સ સાથે ઉત્તમ રીતે ક્રંચ કરાતા વેજિટેબલ ટેમ્પુરાનો સમાવેશ થાય છે. આ ખાદ્યો બેસીને ખાવાની જરૂર નથી. તે ઊભા રહીને, ચાલતાં ચાલતાં, હસતાં હસતાં પણ ખાઈ શકાય છે.આમ છતાં ઘણા બધા સામાન્ય ભોજન કરતાં તેનો સ્વાદ લાંબા સમય સુધી રહી જાય છે.

**સ્ટ્રીટ ફૂડની વિચારધારા**

સ્ટ્રીટ ફૂડ ભાવવા માટે વિચારધારા અપનાવવી જોઈએ. તે સૌથી સારી વાનગી શોધવા અથવા વાઈરલ આઈટમોનો પીછો કરવાની બાબત નથી.આ મુક્તપણું, ઉત્સુકતા અને વિશ્વાસની વાત છે. આનો અર્થ બેન્ગકોકમાં પ્લાસ્ટિકના સ્ટૂલ પર બેસવાનો અથવા મુંબઈમાં પાણીપૂરીની લારી પર ઝૂકીને ખાવું એવો થાય છે. તેનો અર્થતમારા હાથોથી ખાવાનું, જેમાં દરેક સામગ્રીઓને તમે જાણતા નથી, હંમેશાં હાઈજીનની અપેક્ષા નહીં રાખી શકો, પરંતુ તમારી સહજતા પરભરોસો રાખી શખો છો. તેનો અર્થ એક વેન્ડર નિર્ભેળ સમર્પિતતા સાથે એક રેસિપીમાં નિપુણતા પ્રાપ્ત કરીને વ્યસ્ત ખૂણાઓમાંથીઆવતી ઉત્તમ ફ્લેવર્સમાં વિશ્વાસ કરવાનો છે. અહીં વ્યવહારુ પાસાં છે: સ્થાનિકો ભેગા થાય તે સ્ટોલ્સની પસંદગી કરવી, તાજી પકવેલી ચીજો અપનાવવી, વેન્ડર કેટલો સ્વચ્છઅને આત્મવિશ્વાસુ છે તેનું નિરીક્ષણ કરવું. જોકે આ સંવેદનશીલ પગલાંની પાર સ્ટ્રીટ ફૂડનું અસલી હાર્દ રહે છે અને તે છે જોડાણ.

તમે શહેરના અજનબીઓ સાથે બેન્ચ પર બેસો છો. તમે પેઢી દર પેઢી ખવડાવતા વેન્ડર સાથે સ્મિત આદાનપ્રદાન કરી શખો છો. તમે પરિવારની વાર્તાઓ, પ્રાદેશિક વાર્તાઓ અને વર્ષોથી પકવતા કોઈકના ગૌરવ જોડે લઈ જતું કશુંક ખાઓ છો. સ્ટ્રીટ ફૂડ તમને શીખવે છે કે સંસ્કૃતિ ફક્ત મ્યુઝિયમ, રજવાડા અથવા ભવ્ય સ્મારકોમાં જીવતી નથી. તે સિઝલિંગ પેન, મસાલાઓની સુગંધ, હાસ્યસભર ગલીઓ, આદાનપ્રદાન કરાતા ખાદ્યની ઉષ્મા અને કોઈ પણ માર્ગદર્શિકાથી વિશેષ સ્થળ વિશે વધુ તમને કહેતા સ્વાદમાં જીવે છે.

આપણે એમ કહીએ છીએ કે આપણને સ્ટ્રીટ ફૂડ ભાવે છે ત્યારે આપણે વિદેશી ડિશ અથવા નાટકીય અનુભવો વિશે વાત કરતા નથી, પરંતુ ઉત્સુકતા, સમુદાય, આદાનપ્રદાન અને સાહસની વાત કરીએ છીએ. સ્ટ્રીટ ફૂડ ઈમ્પરફેક્ટ, અણધાર્યું, ઉત્સ્ફૂર્ત અને ખરેખર સુંદર હોય છે. તેને પ્રેમ કરવો એટલે ખુદના જીવનની ઉજવણી કરવા બરાબર છે.









આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# સલામ! ભાનની દુનિયા! તને હજાર સલામ...



*વર્ણવી હાલત બિચારી, કિંતુ એ મારી નથી*
*છે કવિતા ખૂબ સારી, કિંતુ એ મારી નથી*
*હા પૂરીશ હું પ્રાણ, જાદુગર છું હું રજૂઆતનો*
*કોઈની રચનામાં સારી, કિંતુ એ મારી નથી*
*- શોભિત દેસાઈ*

થયું એવું કે ૧૯૭૩ના લગભગ સપ્ટેમ્બર મહિનામાં બરકત વિરાણી 'બેફામ'થી પ્રેરાઈ ગઝલ નામના એક અતિરમ્ય દેશમાં વિઝા પાસપોર્ટ વગર આવી ગયો. હવે આવી તો ગયો પણ મને બેઘર પરદેશીને એ મુલ્કમાં આશરો કોણ દીયે? (અમૃત ઘાયલનો શબ્દ)... ત્યારે કામ આવી યાદદાસ્ત. ઘાણીમાંથી ધાણી ફૂટે ને એમ મારા હોઠેથી અન્ય શાયરોના યાદ રહી ગયેલા શેર ૧૯૭૪થી તો ફૂટવા માંડેલા. અને ફૂટે એટલે!? આકાશમાં કિંગ સાઈઝ કોઠી પલિતો ચાંપીને મોકલી હોય અને જે ઝળાહળાં ફૂટે ને એમ મને શેર ફૂટે. અને કોઠી કે ચકરડી ફૂટે અને બાળક બહુ હરખાય ને એમ મારા હોઠેથી ફૂટેલા શેર સાંભળીને મોટાં બહુ હરખાય અને સાથે સાથે જે બે શેરથી આજે શરૂઆત કરી છે એ ન અનુભવવા પડે એ માટે **અમે અમારી કાલી ઘેલી ભાષામાં જે અને જેવું આવડ્યું એ અને એવું સતત લખતા રહ્યા.** (હું મારા કવિ હોવા વિષે વાત કરું તો બહુવચનમાં ચાલ્યો જઉં એ દંભ કેવો લાગ્યો તમને!?)

***મારે પૂરતી છે એક ચાદર... પણ -***
***જિંદગીનો હુકમ છેઃ રળતર વણ***
***છેતરાતા નહીં! અહમ્ છે નર્યો***
***નમ્રતા થઈને આવ્યો છે આ ક્ષણ***

મારે મારી જાતને જવાબ ન આપવો પડે એટલે જ મેં ૧૯૮૦માં 'અરે!', ૨૦૦૨માં **અહમ્ ઓગાળવા આવ્યા,** અને ૨૦૧૬માં **'હવા પર લખી શકાય'** અને **'અંધારની બારાખડી'** નામના સંગ્રહો ગુજરાતી ગઝલને ચરણે ધરી જ દીધા છે. ચારમાંથી ત્રણ સંગ્રહોને તો સ્વયમ્ મોરારિ બાપુએ વહેતા મુક્યા. અને એ અનાવરણ સમારોહોનું ચકચૂર નશીલું વાતાવરણ યાદ આવે તો હજી આજેય એ સાંજે તો પ્રવાહીની જરૂર નથી જ પડતી એવો તો બાપુની આંખોનો કેફ. કવિમિત્ર માધવ રામાનુજે એક વેળા મને કહેલું કે મેં અને રમેશે (પારેખ) એક સંયુક્ત ગીત શરૂ કર્યું હતું જેની માંડણી જ થઈ છે, આગળ નથી વધ્યું...

**સાંઢણીઓ ડૂકી એ પહેલાની વાત છે**
**જાકારો આવ્યો 'ને લીલીછમ ભોમકાઓ મૂકી એ પહેલાની વાત છે.**

મનનાં ભંડકિયાઓમાં ક્યાં ક્યાં અને શું શું ભરાયું છે એ બધ્ધું આ જનમમાં તો શક્ય નથી ખાલી કરવું, ૧૩૨ વર્ષનું આયુષ્ય હોય તો (૧૩૨-૬૯=?) આટલા ઓછા સમયમાં આટલું બધું તો ક્યાંથી નીકળે?!

સમગ્ર ગઝલનાં સંદર્ભમાં મારી વાત પર કેમ બેશરમીથી ઉતર્યો છું એમ મને તમે પૂછો એ પહેલાં કહી દઉં કે દુનિયા આખી રટણ શ્રવણ કે (યાત્રા સ્થળોના) ભ્રમણમાં એટલી એવડી રમમાણ છે કે આની સામે, એક ટીપાં પાણીને આખી પૃથ્વી પર પાથરી દઈએ અને સોયની ટોચ ઉપર એનો જેટલો ભાગ આવે એટલું સ્વયમ્ ખુદ દ્વારા શોધાય તો એનો તો ઓડકાર પણ આખી પૃથ્વી જેટલો. પણ જે કહેવાઇ ગયું છે એને જ માત્ર અનુસરવા કે રટવા કે એની પાછળ ભમવાથી અર્થ કેટલો સરશે એ તો તમે જ જાણો. રટણ, શ્રવણ અને ભ્રમણ અફીણ ઘૂંટી ઘૂંટીને જીભસ્થ કરવાથી વિશેષ બીજું કૈં જ નથી એવું હું માનું છું. ગીતાને ૫૦૦૦ બાઇબલને ૨૦૦૦થી વધુ અને કુરાનને ૧૫૦૦-૧૬૦૦ વર્ષનાં વહાણા વાઇ ગયાં રે!

તો ચાલો ને ! બે કે ચાર પંક્તિનું આપણું ગીબાકુ બનાવીએ... ૮૦૦ કરોડમાંથી માત્ર ૧૦ ટકા પોતપોતાના અનુભવોમાંથી ગીબાકુ બનાવશે તો પૃથ્વી એક નવો જ, જુદો જ સરસ જ ઉઘાડ અનુભવશે. ગીબાકુ એ ગીતા બાઇબલ કુરાનના પહેલા આલ્ફાબેટને ઉપાડીને બનાવેલ (મેં જિંદગીમાં પહેલીવાર 'બનાવેલ' નામના ફેકચર્ડ ગુજરાતીનો ઉપયોગ કરેલ છે એ બદલ મને ક્ષમા.)

એક રુટિન ગીબાકુ હું સૂચવું ? મુંબઇમાં રિક્ષાના મિનિમમ રૂ. ૨૬/- છે. જયારે મિનિમમ મીટર આવે ત્યારે રૂ. ૩૦ આપીને ચાલતા થવું. રોકડામાં વહેવાર કરતા હો હજી તો છૂટાની મગજમારીથી બચશો, તમને રિક્ષા પરવડે છે એટલે રૂ. ૪/- પણ પરવડશે જ અને અસલ મહેનતુને ૮-૧૦ આવા વધારે જ આપવાવાળા દિવસમાં મળે તો એને ઘેર રૂ. ૪૦/- વધારે જાય.

આવા ગીબાકુ શોધતા રહેશો તો બહુ જલદીથી રટણ, શ્રવણ, ભ્રમણ નિષ્ક્રિય લાગવા માંડશે અને તમારામાં કોઇ અદ્ભુત નવ્ય શક્તિનો સંચાર પગરવ ભરશે.

***આપણું પોતાનું જીવન ધન્ય થઇને જીવીએ***
***શાને માટે આપણે કોઇ અન્ય થઇને જીવીએ?!***
***અંત પણ આરંભની જેવો જ રોનકદાર હો***
***સહેજ પણ ઇચ્છા નથી મુર્ધન્ય થઇને જીવીએ***
***શોભિત...***

આજે આટલું જ... ■

---

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# ખાયણાં ગાઉ ને હીંચકે રે ઝૂલું, રમત સઘળી ભૂલું, કે રૂડાં મારા ખાયણાં



નારી જીવનની વ્યથાને જુદાં-જુદાં રૂપોમાં ખાયણાંએ વાણી આપી છે, એની કલા-સૃષ્ટિ અદ્ભુત છે. થોડામાં થોડા શબ્દોમાં સહજતાથી મર્મને આ સ્પર્શી જાય એવી છે એની યોજના, લાઘવ લોકવાણીનો પ્રાણ છે, અને આ પ્રાણવત્તા ખાયણાંમાં પ્રગટે છે. એક ઉદાહરણ લઈએ.

***'તળાવની પાળે મા ને દીકરી મળ્યાં***
***ધ્રૂસકે ધ્રૂસકે રડ્યાં કે સરવર ભરાયાં!'***

નારી જીવનની વિવશતાનું કેવું માર્મિક ચિત્ર છે! તળાવની પાળે મા અને દીકરી મળે છે. બન્ને ધ્રૂસકે-ધ્રૂસકે રડે છે. આંસુઓથી સરોવર ભરાઈ જાય છે! આ નાનકડી પંક્તિઓમાં આપણા સમાજની વિડમ્બના, વ્યથા, જડ-પરમ્પરાની દાસતા, મા અને દીકરી બન્નેની લાચારી કોણ જાણે કેટકેટલી અકથ કથાઓ ગૂંથાઈ હશે. એમાં !

હિંદીના કવિ બિહારીના દોહરાઓ માટે કહેવાયું છેઃ

***'સતસૈયા કે દોહરે જ્યોં નાવક કે તીર,***
***દેખન મેં છોટે લગે, ઘાવ કરે ગંભીર.'***

આ ઉક્તિઓ ખાયણાં માટે પૂર્ણતઃ લાગુ પડે છે.

આપણા પુરુષપ્રધાન સમાજમાં નારીજીવન અનેક અસંગતિઓ અને વિડમ્બનાઓથી ભરેલું છે. એ સ્થિતિનું તાદશ ચિત્ર આપણા રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્તના શબ્દોમાં અંકિત છેઃ

***'અબલા જીવન હાય! તુમ્હારી યહી કહાની,***
***આંચલ મેં હૈ દૂધ ઔર આંખોંમેં પાની !'***

આ જ ભાવને ગુજરાતી લોકગીત ખાયણામાં પણ અભિવ્યક્તિ મળી છેઃ

***'આ રે જગતમાં નારીનો નહિ ભાર,***
***હલકો તે અવતાર, કે અબળા જાતનો !'***

માત્ર આ ભાવ જ નહિ પણ અધિકાંશ નારી મનોભાવોને વાણી આપવામાં કોઈ પણ કાવ્યરૂપ સંપૂર્ણ સક્ષમ હોય તો તે ખાયણાં જ છે.

અનાજ ખાંડતી વખતે ગવાતાં ગીતો તે ખાયણાં એને રસમય શૈલીમાં રજૂ કરતાં મેઘાણીભાઈ લખે છે. ખાયણાં એટલે ધાન ખાંડતાં-ખાંડતાં ખાંડણિયા ઉપર બેસીને ગવાતાં ત્રણ-ત્રણ નાજુક પંક્તિઓનાં જોડકણાં, અથવા બબ્બે જ પંક્તિઓનાં કહીએ તો પણ ચાલે...

કંકણ વડે રણઝણતા બે સુકોમળ હાથ ખાંડે છે અને ખાંડતાં-ખાંડતાં મુખ જાણે ગાય છે... સાંબેલાના ધબકારે ધબકારે ખાયણાં તાલ પુરાવે છે પણ પછી તો કોણ જાણે ક્યારે એ ધાન ખાંડવાની ક્રિયા સાથેનો સંબંધ છૂટી ગયો અને એ લગ્નગીતો બની રહ્યાં ! ડાંગર ખાંડતી વખતે, ચોખા સાફ કરતા શ્રમજીવી વર્ગની સ્ત્રીઓ દ્વારા, ખાંડતાં-ખાડતાં આ ગીતો ગવાતાં હોવાથી 'ખાયણાં' તરીકે ઓળખાયાં દક્ષિણ ગુજરાતમાં, ખાસ કરીને વલસાડ અને સૂરત જિલ્લામાં તે પ્રચલિત છે. 'દક્ષિણ ગુજરાતના કાયસ્થ, બ્રહ્મક્ષત્રિય અને અનાવિલોના જે લોકો અમદાવાદમાં વસ્યા છે, તે તેમની સાથે આવાં ગીતો મધ્ય ગુજરાતમાં પણ લઈ આવ્યા છે. આ વિસ્તારો સિવાય ગુજરાતના અન્ય ભાગોમાં ખાયણાંનો પ્રચાર થયો હોય એમ જણાતું નથી- શ્રી ગાનાકરની આ માન્યતા સાચી નથી, કેમકે મહારાષ્ટ્રમાં ગુજરાતી સમાજમાં ગવાતાં લોકગીતોમાં ખાયણાંનો પણ સમાવેશ થાય છે. ક્ષેત્રિય સીમાઓને તોડીને ખાયણાંએ સૌરાષ્ટ્રમાં પગપેસારો કર્યો છે. કોંકણીમાં પણ 'દુરપદ' નામે એવી રચનાઓ જોવા મળે છે.

ખાયણાંની લોકપ્રિયતા પ્રદર્શિત કરતાં કહેવાયું છે કે કુમારિકાઓ ગોરમાના વ્રતપ્રસંગે રમતાં યા હીંચકે-હીંચતાં અને સ્ત્રીઓ લગ્નપ્રસંગે, અન્ય લગ્ન-ગીતોની સાથે ખાયણાં ગાય છે. આજે તે માત્ર શ્રમગીતો નથી રહ્યાં, ક્રીડાગીતો પણ થઈ, પ્રચલિત થયાં છે. ખાયણાં એક બાજુ શ્રમગીતોના રૂપમાં વિકસિત થાય છે અને બીજી બાજુ બાલિકાઓએ તેને ઝુલાગીતો અથવા ક્રીડાગીતોના રૂપમાં અપનાવી લીધાં છે. વળી તે લગ્નગીતોના અંગરૂપ પણ બન્યાં છે.

એક કચ્છીઓનું શ્રમ સંગાથી ગીત જોઈએ,

***'હે લિયા માલે રે.. જલામા, હે લિયા માલે!'***
***લખપત બંદર***
***મથે સમંદર***
***ચૌટી ચંદર***
***ભાગ સિકંદર***
***હે લિયા માલ રે...જલામા, હે લિયા માલે!***

આ ગીત કચ્છી નાદાઓનું છે. મહેનતનું કોઈ પણ કામ કરતી વખતે ખારવા લોકોની સામસામી ટુકડીઓ આ ગીત ગાય છે. હીંચકે હિંચતી બાલિકાઓ દ્વારા ગવાતુ ખાયણા ગીત એ ક્રિડાગીતનો આભાસ અવશ્ય ઉત્પન્ન કરે છે. જેમ કેઃ

***'ખાયણાં ગાઉ ને હીંચકે રે ઝૂલું.***
***રમત સઘળી ભૂલું, કે રૂડાં મારા ખાયણાં.'***

પરંતુ આ ગીતનું કથ્ય અને ભંગિમા ગીતને શ્રમગીત માનવા માટે બાધ્ય કરે છે. એ જુદી વાત છે કે ખાયણાં અસંબદ્ધ પ્રકારનાં શ્રમગીત છે એટલે એનો સ્વર શ્રમકાર્યથી જુદો છે. ખાયણાં શ્રમગીત છે, જેનો પ્રધાન સૂર વિરહના વિલાપનો હોય છે, એટલે એને કરુણ ગીત પણ કહી શકાય, જેમ કે :

***ઘડો ફૂટે ને રઝળે ઠીકરી,***
***મા વિણ રઝળે દીકરી, કે આ સંસારમાં!'***

ખાયણાંમાં કુલ ત્રણ પંક્તિઓ હોય છે, તેને બે પંક્તિઓમાં પણ લખવામાં આવે છેઃ બન્ને રૂપનાં ઉદાહરણ જોઈએઃ

ત્રણ પંક્તિઓનું રૂપ :

***'આવોની સૈયર, ઝીણાં મોતી પ્રોઈએ'***
***વાંકડીઆ વરને જોઈએ,***
***કે ચંદનબહેનને!'***

***બે પંક્તિઓનું રૂપ :***

***'આવોની સૈયર, ઝીણાં મોતી પ્રોઈએ,***
***વાંકડીઆ વરને જોઈએ, કે ચંદનબહેનને!'***

***હવે બીજા સ્વરૂપો જોઈએ,***

***'ટોપીવાળા તારી અક્કલની બિલહારી,***
***પહાડમાં કોચી ગાડી***
***કે તારા રાજમાં !'***

***'સાસરે જતાં સાસુજી સાપણ,***
***નણદી તો વીંછણ,***
***દેરાણી ડાકણ,***
***જેઠાણી જમરાજે***
***લીધો મારો જીવડો !!***

લોકગીતોની નમ્યતા ખાયણાંમાં પણ જોવા મળે છે. ઉપરનાં ઉદાહરણો એ વાતને સ્પષ્ટ કરે છે. ખાયણાં ટૂંકા, મુક્તક પ્રકારનાં લોકગીતો છે. તેમાં ધ્વનિનું ચોટદાર, ભાવનું લાઘવયુક્ત નિરૂપણ થયેલું હોય છે. ઝાઝા શબ્દો કે લાંબાં વર્ણનોને તેમાં સ્થાન નથી. કોઈવાર વેધક ભાવની સાથે સુંદર શબ્દ-ચિત્ર પણ તેમાંથી પ્રાપ્ત થાય છે. તેમાં પ્રાસંગિક ઘટનાઓ, સમકાલીન બનાવો વગેરેને સ્થાન મળે છે, પરંતુ મુખ્યત્વે તો વિવાહિત જીવનનાં દુઃખો, યાતનાઓ તથા વેદનાઓનું તેમાં મૃદુ-કરુણ, ગંભીર ગાણું વધુ સંભળાય છે. ખાયણાંમાં સામાજિક જીવનનો કોઈ પણ ભાવ, અનુભવ કે પ્રસંગ અભિવ્યક્તિ પામે છે. ■

---

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

ઇન્સ્પેક્ટર શિંદેના ગયા પછી જ્યોતિ દોડતી ડો. શાહની કેબિનમાં ગઇ.

'સર, અમને કોઇ પ્રોબ્લમ તો નહીં થાય ને....?' એણે પૂછ્યું.

'આ મને ગમ્યું કે તેં મને ને બદલે અમે શબ્દ વાપર્યો.' ડો. શાહે કહ્યું.

'સર, મિસ એક્સ અને હું ફ્રેન્ડ બની ગયાં છીએ. એ બહુ સારી છે.' જ્યોતિએ કહ્યું.

'જ્યોતિ, મને લાગે કે આપણે હવે મિસ એક્સની ફોઇને હોધવી પડહે....' સોલંકીએ કહ્યું.

'કેમ ફોઇનું શું કામ છે આપણને?' જ્યોતિને સમજાયું નહીં.

'ફોઇ મલે તો પૂછીએ કે એણે મિસ એક્સનું નામ હુ પાયડું છે.' સોલંકીએ મજાકમાં કહેલી વાતમાં મર્મ હતો.

'હા, મિસ એક્સનું કોઇ નામ તો હશે જ. એણે કદાચ કોઇ કારણથી છુપાવ્યું છે ને આપણે જાણવાની તસ્દી લીધી નથી.' ડો. શાહે કહ્યું.

'સર, એને આઘાતમાંથી બહાર આવવા દો. એને ધીરે ધીરે એ ખુલવા દો. કદાચ એ પોતે જ મન ખોલીને મને કહેશે.' જ્યોતિએ કહ્યું.

'આ દુનિયામાં ભૂતકાળ વિનાનો કોઇ માણહ નથી. મિસ એક્સ એની જાત્તે ભૂતકાળના પાનાં ખોલે તો ઠીક, નહીંતર આપણને એના પાછલાં જીવનના પાનાં ઊથલાવવાનો કોઇ હક નથી.' સોલંકીએ કહ્યું.

**************

હરેશ ભારે ડગલે દાદરા ચડ્યો. બચીબાઇના રૂમમાં ગયો. એ હાથપંખાથી હવા ખાઇ રહી હતી. હરેશે પંખાની સ્વિચ ઓન કરી.

'રહેને દે....બીજલી કા બિલ બહુત આતા હૈ. ઓર વૈસે ભી કોઇ ધંધા હૈ નહીં..' હરેશે સ્વિચ ઓફ કરી. એ માયૂસ ચહેરે બચીબાઇના ખોળામાં ઊંધું માથું નાખીને સૂતો.

'ક્યા હુઆ...?' બચીબાઇએ પૂછ્યું. હરેશ હિબકા ભરી ભરીને રડવા લાગ્યો.

'ક્યા હુઆ કૂછ બતાયેગા ભી...'

'વો ચલી ગઇ...' હરેશ બોલ્યો.

'મર ગઇ ક્યા....?' બચીબાઇની આંખોમાં ચમક આવી ગઇ.

'નહીં....હોસ્પિટલ સે ડિસ્ચાર્જ લે કર કહીં ચલી ગઇ.'

'ચલો અચ્છા હુઆ...બોજ ગયા સર પર સે...' બચીબાઇએ કહ્યું.

'મૈં ઉસકો સમઝા કર વાપિસ લેને ગયા થા...ધંધા કરને કે લિયે મના લેતા...'

'તૂ એક મર્દ હો કે એક ઔરત કે લિયે ઇતના રોતા હૈ...હરેશ, હમકો પ્યારબ્યાર કા ચક્કર પરવડેગા નહીં રે...' હરેશે ખોળામાંથી ઉઠીને સાડીના પલ્લુથી આંસુ લૂછ્યા. બચીબાઇ હરેશના વાળમાં હાથ ફેરવવા લાગી. વાળમાંથી સરકીને હાથ એના ગાલ પર ફરવા લાગ્યા.

'યે ઇશ્કવિશ્ક કૂછ નહીં. સિર્ફ જિસ્મ હૈ ઔર જિસ્મ કી કૂછ ઝરૂરતેં હૈ બસ.'

બચીબાઇ હાથની આંગળીઓ હરેશની છાતીના વાળમાં ફેરવવા માંડી. હરેશે એને અટકાવવા ઝટ દઇને એના હાથ પર પોતાનો હાથ મૂકી દીધો.

'મુઝ મેં અભી અંગાર હૈ...ઝરૂરત હૈ તો સિર્ફ હલકી હવા કી....' કહીને બચીબાઇએ પલ્લું હટાવ્યો ને હરેશે એની છાતીમાં માથું ખોંસી દીધું.

**************

ડો. શાહ વોર્ડમાં રાઉન્ડમાં નીકળ્યા હતા. એક પછી એક દરદીઓને તપાસતા જઇને જયમાલાને દવાઓની સૂચના આપી રહ્યા હતા. ઇલિયાસના બેડ પાસે પહોંચ્યા. એના છેલ્લા રિપોર્ટસ જોયા.

'બીપી અને ડાયાબિટીસ કન્ટ્રોલમાં છે....ફેંફસાનું કન્જેશન પણ ઓછું થઇ રહ્યું છે.' એમણે એક્સ રે જોઇને કહ્યું. 'ઇલિયાસભાઇ ફિકર નહીં કરો.....સબ ઠીક હૈ...' બોલીને બાજુના બેડ પર નિર્મલને ચેક કરવા આગળ વધ્યા ત્યાં ડો. સાળુંખે આવી પહોંચ્યાં.

'સર, જલદી ચાલો એક મોટી સમસ્યા ઊભી થઇ છે.'

*************

ડો. શાહ અને જયમાલા ડો. સાળુંખેની પાછળ દોડવા લાગ્યાં. હોસ્પિટલના આંગણામાં આઠ પેશન્ટ્સ બેઠા હતા અને સોલંકી કોઇની સાથે મોબાઇલ પર વાત કરી રહ્યો હતો.

'બાગ્વે સા'બ લેકિન હમકો બિના બતાયે આપને યહાં પેશન્ટ્સ કેસે ભેજ દિયે. પ્રાઇવેટ હોસ્પિટલ યા નર્સિંગ હોમ મેં ભેજને ચાહિયે.'

ફોન પરની થોડી રકઝક પછી ફોન નાખ્યો.

'સર, એક તો આપણી હોસ્પિટલમાં બિલકુલ જગ્યા ની મલે અને બીએમસીના ઇમરન્સી કન્ટ્રોલ રૂમે ફોર્મ ભરીને આ લોકોને અહીં મોકલી આયપા.' સોલંકી થોડો ઉશ્કેરાયેલો હતો.

'સર, આપણને મેડિકલ કે પેરા મેડિકલ સ્ટાફ કમ પડે છે...પૂરતી દવા અને ઇન્જેક્શનોનો સ્ટોક મળતો નથી. આપણે આ લોકોને રાખશું ક્યાં અને સારવાર કેમ કરશું?' ડો. સાળુંખે બોલ્યાં.

'સર, સાજા થઇને જનારાઓ કરતાં નવા આવનારા દરદીઓની સંખ્યા વધતી ચાલી છે. આવી અંધાધૂંધીમાં આપણે એડમિનિસ્ટ્રેશન કેમનું કરવાનું....મેં તો સીધું કહી દીધું બાગ્વેને કે આ લોકોને પ્રાઇવેટમાં મોકલવાનો બંદોબસ્ત કરો...'

'એકેય દરદી પાછો નહીં જાય. એમની સારવારની જવાબદારી આપણી છે.'

બધાને શાંત ચિત્તે સાંભળી રહેલા ડો. શાહે કહ્યું.

'પણ સર, સવાલ સારવારનો નથી, એમની વ્યવસ્થા કેમ કરશું?' ડો. સાળુંખેએ કહ્યું.

'ડો. સાળુંખે, આપણે આપણી સમસ્યા વિશે વધુ વિચારવાને બદલે થોડો વખત એનો વિચાર કરવાનું બંધ કરી દઇએ તો એનો ઉકેલ મળી જ આવતો હોય છે. 'આવું તમે જ બોલેલાં ને...' સાંભળીને ડો. સાળુંખે અવાચક બની જોતાં રહ્યાં.

'તમારા બધાનું ધ્યાન સમસ્યા પર હતું ત્યારે હું એના ઉકેલનો વિચાર કરતો હતો. એનો ઉકેલ છે આપણી પાસે.'

સોલંકી, ડો. સાળુંખે અને જયમાલા ડો. શાહના ઉકેલ વિશે વિચારતાં ઊભાં રહ્યાં.

'સોલંકી આપણી હોસ્પિટલથી બે ગલી આગળ મગનલાલ મંડપવાળો છે. એ આપણી સારવારથી સાજો થઇને હમણાં જ ગયો છે. એને બોલાવીને આંગણાંમાં ઉપર તાડપત્રી બાંધીને સામિયાણું બંધાવીએ. ગાદલા-ગોદડા નખાવીને સારવાર શરૂ કરીએ.' ડો.સાળુંખેના ચહેરે એક પોઝિટિવ સ્માઇલ ઝળક્યું ને સોલંકી વિચારવા લાગ્યો કે પહેલીવાર એ ડો. શાહના દિમાગને પારખવામાં થાપ ખાઇ ગયો. ડો. શાહ મોબાઇલ પર મગનલાલને ફોન કરવા લાગ્યા.

'સર, પણ એ આવા સમયમાં તાડપત્રી બાંધવા આવશે.?' જયમાલાએ પૂછ્યું.

'મન હોય તો માંડવે જવાય...એ જરૂર આવશે.' ડો. શાહ બોલ્યા.

************

ડો. શાહ અને જયમાલા ફરી વોર્ડમાં ગયાં. નિર્મલને તપાસવાનો વારો હતો. એમણે ત્યાં ડો. ત્રિવેદી અને જ્યોતિને જોયાં.

> **'સુખ અને ફૂલ કરમાઇ જાય તે પહેલાં મન ભરીને એની સુગંધ માણી લેવી જોઇએ.'**

'નિર્મલનું કન્જેશન ઓછું થતાં હજી થોડીવાર લાગશે. સીપીએપી ટ્રીટમેન્ટ અને ઇન્જેક્શનનો કોર્સ ચાલુ છે. પણ હજી ઓક્સિજન લેવલ સ્ટેડી નથી રહેતું, ઓછું વત્તું થયા કરે છે.' ડો. ત્રિવેદીએ ડો. શાહને રિપોર્ટ બતાવતાં કહ્યું.

'આમને અર્ધ બેભાનાવસ્થામાં રાખવાની દવા કેમ આપો છો?'. ડો. શાહે રિપોર્ટ વાંચતા કહ્યું.

'કેમ કે એ વારેવારે માસ્ક કાઢી નાખે છે. એટલે સીપીએપી ટ્રીટમેન્ટ આપવાનો આ એક રસ્તો હતો.' ડો. ત્રિવેદીએ કહ્યું.

'હા, પણ ઇટ્સ નોટ એડવાઇઝેબલ ટુ ગીવ ટુ મચ ઓફ ડોઝ....'

'આઇ નો સર, જરૂર પૂરતાં જ ડોઝ આપીશ.'

'બી વોચફુલ...' ડો. શાહે કહ્યું.

*************

મગન અને ગોદામમાં રહેતા એના ચાર માણસો ટેમ્પોમાં બાંબુ, તાડપત્રી, ચંદરવો, ગાદલાં-ગોદડાં અને બીજો સરસામાન ભરીને હોસ્પિટલના ગેટ પર આવ્યા. મિશ્રાએ ગેટ ખોલ્યો. માણસોએ ધડાધડ સામાન ઉતાર્યો. લશ્કરી ઝડપે ને ઢબે બેએક કલાકમાં વિશાળ સામિયાણું બાંધી આપ્યું. મગન ડો. શાહને હાથ જોડીને બોલ્યોઃ 'કમાઇ લેવાના મોકા ઘણા મળશે સાહેબ, તમે માંડેલા સેવાના હવનમાં હાથ લંબાવવાની આવી ઘડી મને ક્યાં મળવાની.'

**************

જયમાલા અને રમેશ રાતની શિફ્ટ પતાવીને ઘરે પાછાં જઇ રહ્યાં હતાં. જયમાલા રસ્તામાં પડેલાં પારિજાતનાં ફૂલો વીણવા લાગી. રમેશે ખિસ્સામાંથી રૂમાલ કાઢીને આપ્યો.

'આ લે આમાં વધુ ફૂલો સમાશે.' રમેશે કહ્યું.

'ના, મારે મારી હથેળીમાં સમાઈ જાય એટલાં જ ફૂલ જોઇએ છે.' એણે કહ્યું. જયમાલાએ રમેશ સાથેના સંઘર્ષ અને ક્લેશથી થાકીને ફુલો વીણવાનું સદંતર બંધ કરી દીધું હતું. રમેશ હોસ્પિટલમાં કામ કરવા લાગ્યો પછી પહેલી વાર એણે ફૂલો વીણ્યા ને સુંઘ્યા. 'સુખ અને ફૂલ કરમાઇ જાય તે પહેલાં મન ભરીને એની સુગંધ માણી લેવી જોઇએ.' એ મનોમન બોલી.

ઘરે પહોંચીને એણે અંદરના રૂમમાં ટેબલ પર ફૂલ મુક્યા ને ચોમેર સુવાસ પ્રસરી ગઇ. રમેશ સેનિટાઇઝર હથેળીમાં લઇને સીધો બાથરૂમમાં ગયો. ન્હાઇને સીધો રસોડામાં ગયો...ને એપ્રન પહેરતાં બોલ્યોઃ 'મેડમ, આજ આપ ક્યા ખાઓગે?'

જયમાલા હસી પડી. કોરોનાએ પુરુષોને ઘણું બધું શીખવી દીધું હતું...એમાંનું એક રસોઇકામ હતું.

'આજે મને બનાવવા દે નહીંતર ક્યાંક હું રસોઇ કરવાનું ભૂલી જઇશ.' જયમાલાએ હસીને કહ્યું. જયમાલા છેલ્લાં કેટલાક દિવસથી રમેશમાં આવેલું પરિવર્તન જોઇ રહી હતી. એ જયમાલાને ઘરકામમાં...રસોઇમાં મદદ કરવા લાગ્યો હતો. એના ચીડિયો સ્વભાવમાં ફરક પડવા લાગ્યો હતો. દીકરી સાથે ફોન પર મન ભરીને વાત કરી લેવા લાગ્યો હતો. દારૂ માટેના એના વલખાં બંધ થઇ ગયાં હતાં. કદાચ સ્મશાનમાં મૃત્યુને નિકટથી જોવાનું એ પરિણામ હતું. એ હવે જીવનને નિકટથી જોવા માંડ્યો હતો...જીવનનો મર્મ સમજવા માંડ્યો હતો. રમેશ એનું ઓશિકું અને ચાદર લઇને બહારની રૂમમાં સૂવા ગયો.

'રમેશ....' જયમાલાએ અંદરથી સાદ પાડ્યો. એણે અંદર જઇને જોયું. જયમાલા બેડ પર પારિજાતનાં ફૂલો વેરતી હતી. રમેશે આંખો મીચીંને એક ઊંડો શ્વાસ લઇને પારિજાતની મ્હેક માણી.

'સુખ અને ફૂલ કરમાઇ જાય તે પહેલાં મન ભરીને એની સુગંધ માણી લેવી જોઇએ' બોલીને જયમાલાને રમેશને પથારીમાં તાણી લીધો.

**************

બે ત્રણ દિવસ બાદ જ્યોતિ દિવસની શિફ્ટ પુરી કરીને સાંજે ઘરે ગઇ. મિસ એક્સ બહાર આંગણામાં ખુરસી પર બેસીને દૂર આકાશને તાકી રહી હતી.

મિસ એક્સનું ધ્યાન ખેંચવા એણે આંખ સામે ચપટી વગાડી. મિસ એક્સનું ધ્યાન ખેંચાયું.

'અરે વાહ તું અહીં બેઠી છો. શું જુએ છે આકાશમાં?'. જ્યોતિએ હાથના ઇશારે પૂછ્યું.

'ખુલ્લી હવામાં સારું લાગે છે...' મિસ એક્સે હાથ વડે કહ્યું.

'હું પણ ખુરસી લાવીને બેસું છું....વેઇટ.' જ્યોતિ અંદર ગઇ. એનું ધ્યાન ટેબલ પર પડેલી ચિઠ્ઠી પર પડ્યું. આશ્ચર્યથી એણે ચિઠ્ઠી ઉપાડીને વાંચવાનું શરૂ કર્યુંઃ 'મારું નામ સંધ્યા છે.' આટલું વાંચીને જ્યોતિ સ્તબ્ધ થઇ ગઇ. એણે બહાર નજર કરી.

'ઓહ માય ગોડ મિસ એક્સનું નામ સંધ્યા છે....એ લખી વાંચી શકે છે.' એણે આગળ વાંચવાનું શરૂ કર્યુંઃ 'સિંદૂરી રંગે રંગાયેલી સંધ્યા....આકાશે ખીલેલી સંધ્યા, જેનું ખીલવું ક્ષણિક છે...જે ક્ષણભરમાં અંધારી રાતમાં લપેટાઇ જાય છે, પણ હું અજવાસ અને અંધકાર વચ્ચેના મારા ક્ષણ બે ક્ષણના અસ્તિત્વને કાળા ડિબાંગ ભૂતકાળમાં ગરકાવ નહીં થવા દઉં. હું સંધ્યા બનીને ખીલતી રહીશ. મારા જીવનમાં સોનેરી....સિંદૂરી રંગ ભરતી રહીશ. મારે પણ તારી જેમ હવે પાછળ ફરીને નથી જોવું....આગળ વધવું છે.' (ક્રમશઃ) ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ભારતીય લગ્નની થઈ રહી છે વૈશ્વિક બોલબાલા

## અહીં એવાં પણ લગ્ન લેવાય છે જેમાં બેન્ડ બાજાં બારાત સુદ્ધાંથી લઈને બધું જ ફેક...!





પ્રતીકાત્મક તસવીરો

ચોમાસુ પૂરું થાય એટલે નવેમ્બર અને ડિસેમ્બરમાં ઘરે કંકોતરીઓની થપ્પી બને. નજીકના કે દૂરના સગામાં, મિત્રવર્તુળમાં કે ઑફિસના સર્કલમાં ક્યાંક ને ક્યાંક લગ્ન ન હોય એવું બને નહીં. છેલ્લે બાકી પડોશમાં પણ કોઈના લગ્ન હોય. દર વર્ષે લગ્ન સમારંભોની માર્કેટ નવા વિક્રમો સર્જે છે. ભારતમાં લગ્નની વિધિની ઉજવણીનો સ્કેલ ઊંચકાતો જ જાય છે.

હા, આવું કંઈ થશે એવું વડીલોએ વિચાર્યું પણ નહીં હોય એ પ્રકારના ફેરફાર આજે આ લગ્નની સિસ્ટમમાં આવી રહ્યા છે. છેલ્લાં બે એક વર્ષથી ફેક લગ્ન યોજવાનું ચાલુ થયું છે. આવાં ફેક લગ્નો શરૂ થયા એની પહેલાં દસેક વર્ષથી એક ટ્રેન્ડ ચાલુ થયો હતો કે કોઈ પણ 'મોટી પાર્ટીના' લગ્ન હોય અને એ લગ્નમાં શરીક થવું હોય એટલે કે એ લગ્નમાં હાજર રહેવું હોય તો પૈસા આપીને ભાગ લઈ શકાતો. મોટા મોટા લગ્નોનું અથથી ઈતિ સુધીનું આયોજન મોટી ઇવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ કરતી હોય છે. એ જ ઇવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓએ એકસ્ટ્રા ઇન્કમ માટે આ રસ્તો પણ અપનાવવાનું ચાલુ કરેલું.

આમેય વિદેશીઓને ભારતીય લગ્નવિધિમાં બહુ રસ હોય છે. ઇન્ડિયન વેડિંગ એટેન્ડ કરવા માટે તો જેના લગ્ન થતા હોય એના નજીકના સંબંધી હોય એ પહેલી શરત છે, પણ વિદેશીઓ કોઈ રાજસ્થાનીના સગા હોય એ સંભાવના ઓછી છે માટે પ્રોફેશનલ વેમાં જિજ્ઞાસુ વિદેશી પાસેથી આખા લગ્નનું પેકેજ બુક કરાવવામાં આવે અને એ વિદેશી દોસ્તો કે એના ફેમિલીને ભારતીય લગ્નમાં મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવે. મોટા શહેરોમાં કે મોટા મેરેજીઝમાં આ વ્યવસાય ફૂલ્યોફાલ્યો છે.

આ ટ્રેન્ડથી સંતોષ ન થતા બેએક વર્ષથી નવો જ નુસખો શરૂ થયો છે કે શું કામ કોઈના 'ગ્રાન્ડ વેડિંગ' ની રાહ જોવી ? લગ્નના સારા મુહૂર્ત તો નવેમ્બર-ડિસેમ્બરમાં આવે. પછી કમૂરતાં બેસે. નવા વર્ષે બે-ત્રણ મહિના એટલે કે વસંત ઋતુમાં પણ ખૂબ લગ્ન આવે ને પછી વરસાદની સીઝનમાં ખાસ લગ્ન હોય નહીં. ધંધો કરવા માટે પંચાંગના સહારે બેસવું પડે એ તો કોઈ ઈવેન્ટ કંપનીવાળાને પોષાય નહીં માટે સરખું બુકિંગ થાય તો નવાં લગ્નો જ 'ઉપજાવી' કાઢવાનાં ! આવાં વેડિંગમાં કોઈ કાયદેસર દુલ્હો નહીં કે કોઈ દુલ્હન નહીં, બાકી બધું જેમ હોય તેમ જ. લગ્નની બધી જ વિધિઓ યથાવત. લગ્નમાં વર પક્ષ અને કન્યા પક્ષ પણ હોય. લગ્નના ગીતો પણ ગવાય. ફટાણાં પણ ગવાય. મહેંદી પણ બધા મૂકે. એકબીજાને પીઠી પણ ચોળાય. સંગીત સંધ્યા પણ યોજાય . ગુજરાતી લગ્ન હોય તો ગરબાનો પ્રોગ્રામ પણ ખરો.. જમણવાર પણ થાય. બધા પરંપરાગત પોશાકમાં સજ્જ થાય. જાનનું આગમન પણ થાય અને કન્યા પક્ષની વિદાય પણ થાય. બેન્ડ વાજા વાળાને પણ બોલાવવાના. ઢોલના તાલે નાચવાનું પણ ખરું. ફોટોઝ પણ લગ્નની સ્ટાઇલમાં પડે, જેને હાર પહેરવા હોય એ હાર પણ પહેરે. સાફો તો બધા જ બાંધે. ભાંગડા નૃત્ય પણ થાય અને એકબીજાને મીઠું મોઢું પણ કરાવવાનું. લગ્નમાં જે પણ કંઈ થાય એ બધું અહીં થાય,માત્ર સાચુકલાં મેરેજ નહીં, પણ ફેક વેડિંગ. અને જો એ ફેક વેડિંગમાં ભાગ લેવો હોય તો મોટી ફી ચૂકવવાની. ભારતીય લગ્ન સમારંભનો આનંદ મેળવવા માટેનો આ વ્યવસાય પણ અમુક શહેરોમાં ખૂલ્યો છે. વિવાદ પણ થયા છે કે આ આપણી પરંપરાની મજાક ઉડાડી રહ્યા છે. સાથે આવા ફેક ફંક્શનમાં હાજર લોકોને પૂછતાં એમણે ફાયદા પણ ગણાવ્યા છે કે આવા ફેક વેડિંગ ફંક્શનનો ફાયદો એ છે કે અહીં કોઈ માસી કે ફુવા મોઢું ચડાવીને ફરતા નથી.

અત્યારે લગ્નની ભરચક સીઝન ચાલુ છે. કમૂરતા પૂરતો બ્રેક લાગીને જાન્યુઆરી અને ફેબ્રુઆરીના વસંતોત્સવમાં પણ ખૂબ બધા લગ્ન યોજાશે, અત્યારે ઉદયપુરમાં કોઈ બિલિયોનરના વેડિંગમાં જેનિફર લોપેઝથી લઈને ઘણી ભારતીય હસ્તીઓ જોવા મળી. કોઈ બિલિયોનર શબ્દપ્રયોગ એટલા માટે કર્યો કે સામાન્ય જનતા માટે એ અજાણ્યું નામ હતું અને ખાસ્સા સમય સુધી ઇન્સ્ટાગ્રામ પર એમના નામને બદલે 'બિલિયોનર્સ વેડિંગ' એવું જ કેપ્શન મુકાતું હતું. ગયા વર્ષે અંબાણીએ વેડિંગ ઑફ ધ સેન્ચ્યુરી કરીને ભારતના મીડિયા અને સોશ્યલ મીડિયાને બે અઠવાડિયા સુધી વ્યસ્ત રાખેલા. એ સિવાય કોઈ પણ ક્રિકેટર કે રાજકારણી કે અભિનેતાના લગ્ન થતા હોય ત્યારે બેથી ત્રણ દિવસ સુધી સમાચારોમાં એના લગ્નની જ વાત ચાલતી હોય છે. કયા ડિઝાઇનરે આઉટફિટ ડિઝાઇન કર્યાથી લઈને કોને કોને આમંત્રણ મળ્યું હતું એ રાષ્ટ્રીય ચર્ચાનો મુદ્દો બની જાય છે.

બાય ધ વે, ગુજરાતી યુવતીઓ પણ 'લેહંગા' શબ્દ બોલતી થઈ ગઈ છે પણ એ ગુજરાતી શબ્દ નથી. આપણાં ગુજરાતીમાં તો કન્યાના કપડાં માટે બહુ સુંદર શબ્દો છે - પાનેતર અને ઘરચોળું. ભારતીય લગ્નવિધિ છેલ્લા દાયકાઓમાં વિશ્વ પ્રસિદ્ધ થઈ છે. ભારતના લગ્ન સમારંભમાં જે નાટયતત્વ છે તે ભાગ્યે જ બીજી સંસ્કૃતિના વિવાહની વિધિમાં હશે. વળી દરેક રાજ્ય કે દરેક કોમની અલગ અલગ લગ્ન વિધિ માટે ભારતીય પરંપરા મુજબના લગ્ન થાય તે પ્રત્યે આકર્ષણ રહે તે સ્વાભાવિક છે. વળી કોઈ પણ વિધિ લાઈવ પ્રવૃત્તિ હોય તેનો આનંદ મ્યુઝિયમમાં માણી શકાય નહીં. જે રિવાજના સાક્ષી બનવા માટે લોકો લાખો રૂપિયા આપવા માટે તૈયાર હોય એ બધા રિવાજો અને વિધિઓ વચ્ચે આપણે ઉછેર્યા છીએ. ( (એની આપણને કદર કે સમજ છે જે નહીં એ બીજો વિષય છે) પણ એ લગ્ન માટે માન અચૂક હોવું જોઈએ. લગ્ન આગળ જતાં ટકે કે ન ટકે, એ પણ અલગ વિષય છે , પણ દરેક ધર્મ કે દરેક સંસ્કૃતિમાં જેનું અદકેરું મહત્ત્વ છે તેવા અગ્નિની સાક્ષીએ જ્યારે આપણે ત્યાં બે વ્યક્તિ ફેરા ફરે અને જિંદગી સાથે ગાળવાનું નક્કી કરે ત્યારે તે બે વ્યક્તિએ એકબીજાને અને બાકીના સમાજે તેમના નિર્ણયને પૂરતું માન આપવું રહ્યું. ■

---

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# જો...જો, મોબાઈલ ફોન કયાંક દુ:ખનો પાસવર્ડ ન બની જાય!



મોબાઇલ ફોન નામના આધુનિક રાક્ષસને કારણે ઘણા લોકોની જિંદગી નરક સમી બનતી જાય છે. હમણાં એક બાળકનો વીડિયો વાઇરલ થયો હતો, જેમાં એ બાળક પાસેથી મોબાઈલ ફોન લઈ લેવામાં આવે છે એ સાથે એ બાળક જાણે હિસ્ટ્રિયાનો અટેક આવ્યો હોય એમ બેકાબૂ બનીને વર્તવા લાગે છે પછી તેને ખેંચ આંચકી આવવા માંડે છે. મોટા ભાગના વડીલો પોતે મોબાઈલ ફોનનો બેફામ ઉપયોગ કરતા હોય છે એ બાળકોને મોબાઇલ ફોનનો ઉપયોગ ઓછો કરવા માટે કયા મોઢે કહી શકે!

એ બાળકનો વીડિયો જોઈને એક વાત યાદ આવી ગઈ, જે જાણીતા વક્તા જ્ઞાનવત્સલ સ્વામીએ એક પ્રવચનમાં કહી હતી. તેમણે કહેલી વાત ટૂંકાવીને, આ કોલમને અનુરૂપ શબ્દોમાં ઢાળીને વાચકો સામે મૂકું છું:

આપણા દેશના ટોચના ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા અને એમના પત્નીનો ઇન્ટરવ્યૂ પંદર-વીસ વર્ષો પહેલાં 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'માં છપાયો હતો. આજે પણ એ પેપર કટિંગ મારી પાસે છે. કુમાર મંગલમ બિરલાના પિતાજી આદિત્ય બિરલાનું ૫૦ વર્ષની ઉંમરે જ નિધન થઈ ગયું હતું. બહુ નાની ઉંમરમાં, માત્ર ૨૮ વર્ષની ઉંમરે કુમાર મંગલમ બિરલા આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન બન્યા હતા અને તેમણે બહુ સારી રીતે પ્રગતિ કરી એ આપણે જાણીએ છીએ.

પત્રકારે તેમને એક સવાલ એવો પૂછ્યો હતો કે 'તમે આટલા મોટા કારોબારની જવાબદારી લઈને બેઠા છો તમારી કંપનીનું પાંચ લાખ કરોડનું વાર્ષિક ટર્નઓવર છે. દુનિયાના ૬૦થી ૭૦ દેશમાં તમારો બિઝનેસ ચાલી રહ્યો છે. તમારો ઓફિસ ટાઈમ, તમારો ટ્રાવેલ ટાઈમ, તમારો મીટિંગ ટાઈમ, તમારો એડમિનિસ્ટ્રેટિવ ટાઈમ એ બધાની વચ્ચે તમે પરિવાર માટે સમય કાઢી શકો છો ખરા?'

કુમાર મંગલમ બિરલા જવાબ આપવાનું શરૂ કરે એ પહેલાં તેમના પત્નીએ કહ્યું, 'આ જવાબ હું આપવા ઇચ્છું છું. તેમણે કહ્યું, અમારા બિરલા પરિવારમાં એ રિવાજ છે કે રાતે આઠ વાગે બધાએ પોતાનો મોબાઈલ ફોન માતાને આપી દેવાનો.'

પત્રકારને આશ્ચર્ય થયું કેમ કે મોબાઈલ ફોનની દુનિયા જ આઠ વાગ્યા પછી ખૂલે છે! મોબાઈલ વગર આપણે સમય નથી કાઢી શકતા. જો હાથમાંથી મોબાઈલ લઈ લઈએ તો અડધી દુનિયા એક અઠવાડિયામાં પાગલ થઈ જાય. અને રાતના ભોજન પછી હાથમાંથી કોઈ મોબાઈલ ફોન લઈ લે તો શું કરીએ? ક્યાં જઈએ?

પત્રકારે પૂછ્યું 'એ પછી તમે શું કરો છો?'

કુમાર મંગલમ બિરલાના પત્નીએ કહ્યું, 'આઠ વાગ્યા પછી બધા રાતના ભોજન માટે ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ જાય છે. પોણો કલાક જેટલા સમય સુધી ભોજન ચાલે છે. પછી પોણા નવથી સાડા નવ વાગ્યા સુધી બધા ત્યાં જ બેસી રહે છે અને વાતો કરે છે. અમે ઈતિહાસની વાતો કરીએ છીએ, કોઈ પારિવારિક પ્રસંગ આવતો હોય તો એનાં પ્લાનિંગની ચર્ચા કરીએ છીએ. આમારા પૂર્વજો વિશે નવી પેઢીને કહીએ છીએ. ક્યારેક શ્રીમદ ભગવદ્ ગીતાના પાઠ પણ કરીએ છીએ. પછી સાડા નવ વાગે બધાને પોતપોતાનો મોબાઈલ ફોન પાછો મળે છે.'

પત્રકારે પૂછ્યું : 'કુમાર મંગલમ બિરલા પોતે પણ આનો અમલ કરે છે?'

તેમના પત્નીએ કહ્યું, 'હા. રાતના આઠથી સાડા નવ વાગ્યા સુધી ફેમિલી ટાઈમ. બીજું કશું જ નહીં. સાડા નવ વાગ્યે માતુશ્રી બધાને પોતપોતાના મોબાઈલ ફોન પાછો આપે છે કશી ઈમર્જન્સી ઊભી થઈ હોય કે કશુંક અર્જંટ કામ હોય એ માટે મેસેજ કે કોલ આવી ગયો હોય તો એ ચેક કરવા માટે. કોલ કે મેસેજ કરનારી વ્યક્તિને કોઈ અત્યંત જરૂરી કામ ન હોય તો કુટુંબના સભ્ય કહી દે છે કે કાલે સાડા દસ વાગે ઓફિસમાં વાત કરીશું. અને પછી બધા પોતપોતાના રૂમમાં જાય છે અને કોઈ સારું પુસ્તક વાંચે છે. કેમ કે બીજા દિવસે ફેમિલી ટાઈમ એટલે કે ડિનરના ટાઈમ દરમિયાન પોતે જે પુસ્તક વાંચ્યું હોય એની વાતો બધા સભ્યો એક પછી એક કરે છે. પરિવારમાં પાંચ સભ્ય છે પાંચેય સભ્ય રોજ એક પુસ્તકના કેટલાંક પાનાં વાંચે છે અને બીજા દિવસે ડિનર ટેબલ પર એ વિશે વાત કરે છે તો એક મહિનામાં બધાને પાંચ સારા પુસ્તક વિશે સાંભળવા મળે છે.'

આ પ્રકારનો જ નિયમ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લાના વડગામમાં ઘડાયો છે. વડગામમાં સાંજના સાત વાગે ડિજિટલ ડિટોક્સ માટે સાયરન વાગે છે એ સાથે ગામના બધા લોકો પોતાના મોબાઈલ ફોન બંધ કરી દે છે. એ પછી દોઢ કલાક સુધી બધા લોકો એકબીજાને મળે છે. પાડોશીઓ સાથે વાતો કરે છે કે પરિચિત લોકોને મળવા તેમના ઘરે જાય છે. સાડા આઠ વાગે ફરી વાર સાયરન વાગે છે એ પછી લોકો ફરી પોતાનો ફોન હાથમાં લે છે.

આવા નિયમનું પાલન દરેક વ્યક્તિએ કરવું જોઈએ. દિવસમાં અમુક સમય માટે મોબાઈલ ફોનથી દૂર રહેવાનો નિશ્ચય કરવો જોઈએ. મોબાઇલ ફોનના માલિક આપણે છીએ, પણ મોટા ભાગના લોકોએ મોબાઈલને જ પોતાનો માલિક બનાવી દીધો છે!

આજના સમયમાં મોટા ભાગના માણસો મોબાઈલ ફોન પોતાના શરીરનાં એક અંગ સમાન બની ગયો હોય એ રીતે તેને અળગો કરતા નથી. ઘણા લોકો ટોઈલેટમાં પણ મોબાઈલ ફોન સાથે લઈને જતા હોય છે. મોબાઇલ ફોનને કારણે માનસિક બીમારીઓ પણ વધી રહી છે.

મોબાઇલ ફોન નામના રાક્ષસને માનવજાત જ મોટો કરી રહી છે. મોબાઇલ ફોન દુઃખનો પાસવર્ડ ન બની જાય એનું ધ્યાન રાખવું જોઈએ... ■


---

મિજાજ મસ્તી


સંજય છેલ
feedback@bombaysamachar.com

# ઈશ્વર આવશે?

# નાઈલાજ જીવન-લાજવાબ સવાલ



સેમ્યુઅલ બેકેટ




***ટાઇટલ્સ:***

***ઘણાં નેતા- અભિનેતા હોય છે કેરેક્ટર વિનાનાં. (છેલવાણી)***

***'તમે પૃથ્વી પર આવી ગયા છો ને એનો હવે કોઇ ઇલાજ નથી!'***

---------------------------

***'ક્યારેક કોશિશ કરો. ક્યારેક અસફળ થશો. ફરી પ્રયત્ન કરો. ફરી અસફળ થાઓ, પણ બહેતર રીતે'...***

---------------------------

***'શબ્દો વસ્ત્રો છે, વિચારો એને પહેરે.'***

---------------------------

***'આપણે સૌ પાગલ જન્મીએ છીએં, બહુ થોડા પાગલ રહી શકે.'***

---------------------------

આવા વિચારોથી જેણે ગઇ સદીને હચમચાવી નાખેલી એ લેખક- કવિ ને નાટ્યકારનો આજે કોઇ જન્મદિવસ નથી. આગળપાછળ મરણતિથિ પણ નથી ને આજે એમને યાદ કરવાનું કોઇ કારણ પણ નથી તો પછી શું કામ એમની વાત કરવાની?

વેઇટ.... વેઇટ. થોભો ને રાહ જુઓ એવું છે કે આજે જ્યારે સમાજમાં, દુનિયામાં, કલાસાહિત્ય જગતમાં ઘણુંબધું બને જ રાખે છે ત્યારે દિલદિમાગ બહેર મારી જાય, ત્યારે જાતજાતનાં અર્થહીન સવાલોની અંતરમાં આંધી ઉઠે, જેને અંગ્રેજીમાં કહીએ તો 'એબ્સર્ડ' પ્રશ્નો કે વિચારો ઉઠે કે આ બધું જે ચાલી રહ્યું છે એનો આખિરકાર મતલબ શું છે? રોજબરોજ એના એ સ્પોંન્સર્ડ સમાચારો, કારણ વિનાનાં કાળઝાળ યુદ્ધો, સત્તાભૂખ્યા નેતાઓનાં સૂત્રો, છાપેલા કાટલાં જેવા કવિલેખકો કલાકારોનાં તાલીબાજ તમાશાઓઆ બધું જેણે દાયકાઓ પહેલાં અનુભવીને જીવનની વ્યર્થતા વિશે લખેલું, એ હતો કોણ? જે લેખકના એક નાટકથી આધુનિક ડ્રામાનો મતલબ જ બદલાઇ ગયો પણ જેણે છેક ઇશ્વર માટે પણ કહ્યું કે 'બધું જ બેમતલબ છે', તો એવો લેખિંદો હતો કોણ?

વેઇટ ... વેઇટ. થોભો ને રાહ જુઓ સ્ટેજ પર બે પાત્ર એક ઝાડ નીચે મળે છે. કારણ વિનાની રમૂજીકરુણ વાતો કરે છે. ખરેખર તો બેઉ એક જ વ્યક્તિનાં ઇતેઝારમાં છે, પણ એ વ્યક્તિનો માત્ર સંદેશ આવે રાખે છે:

'હું કાલે આવીશ'

-પણ એ વ્યક્તિ છેક સુધી આવતી જ નથી! 'વેઇટિંગ ફોર ગોદો' એટલે કોઇ 'ગોદો' માટે અનંત પ્રતીક્ષા કરતા બે પાત્રનું નાટક. એ ગોદો કોણ? 'ગોડ' કે 'ઈશ્વર'? એ બેઉનો ટ્રેજીકોમિક બકવાસ એટલે અર્થ વિનાનું આયખું? આવા ઉકેલ વિનાનાં ઉખાણાં રચનાર કલમનો જાદૂગર કોણ?

વેઇટ... વેઇટ. થોભો ને રાહ જુઓ.

**ઇન્ટરવલ:**

**ના કોઇ વાદા, ના કોઇ ઉમ્મીદ, ના યકીન**

**મગર હમેં તો તેરા ઇંતેઝાર કરના થા. (ફિરાક ગોરખપુરી)**

થયું એવું કે હમણાં એક ગમગીન ઉદાસી સાંજે, બ્રિટિશ કવયિત્રી કેથેલિન રેઈને સંપાદિત કરેલું 'ટમેનોઝ' મેગેઝિન, હડફેટે ચઢી ગયું ને રાતોની નીંદ પ્રશ્નોનાં પરસેવામાં પીગળી ગઇ. એ મેગેઝિનમાં સોહેલ નામના અરેબિક વિદ્વાને ૧૯૮૭માં પેરિસમાં કોઇકની મુલાકાત લીધેલી. વો ઇન્સાન આખિર કૌન?

વેઇટ, વેઇટ... કહું છું.

એ શાનદાર શખ્સિયત એટલે આધુનિક એબ્સર્ડ 'વેઇટિંગ ફોર ગોદો' જેવા નાટકનાં લેખક કવિનિબંધકાર: 'સેમ્યુઅલ બેકેટ'.

(ઘણા એનો ઉચ્ચાર સેમ્યુલ બેકે પણ કરે છે)

તો સોહૈલની એ મુલાકાતમાં જીવનનાં અંતકાળમાં બેકેટે કહેલું, 'જ્યારે મારી રચના લખવાની ખતમ થાય છે ત્યારે હું ખુશ પણ થાઉં છું ને ઉદાસ પણ. એક અજીબ એહસાસ હોય છે. વળી વાચકો એમાંથી એવાં રહસ્યો શોધી કાઢે છે કે જેનાથી હું ખુદ પણ અણજાણ હોઉં છું. શબ્દનું રહસ્ય તો મુજથીયે ગુપ્ત હોય છે, છતાંયે શબ્દ શાશ્વત છે. હું સતત લખું છું કે હજીયે લખતો રહ્યો છું, કારણકે મને શબ્દમાં શ્રદ્ધા છે. શબ્દ મારી ભટકતી નૈયાનું લંગર છે. શબ્દનો અંત આવશે ત્યારે બધાનો જ અંત આવશે.'

૧૯૬૯માં નોબેલ પારિતોષિક વિજેતા સેમ્યુઅલ બેકેટની વાતમાં શબ્દનો મહિમા ભલે દેખાતો લાગે, પણ એનાં પાત્રોને શબ્દો અર્થહીન લાગે છે. બાય ધ વે, વરસો પહેલાં અભિનેતાનિર્માતા રાજ

બબ્બર અને લેખિકાનિર્દેશિકા નાદિરા બબ્બરે મુંબઇનાં : ' 'પૃથ્વી થિયેટર' માં બેકેટનું 'એંડ ગેમ' નાટક 'આખરી બિસાત' નામે ભજવેલું, જેમાં ગુજરાત ગૌરવ એવા અભિનેતા પરેશ રાવલની અદ્‌ભુત ભૂમિકા હતી.

અરેબિક લેખક સોહૈલ કહે છે: 'બેકેટ જ્યારે લેખન વિશે બોલતા ત્યારે એમનાં આંગળાં એમનાં જ પુસ્તકનાં પાનાંને એ રીતે સ્પર્શતાં હતાં જાણે પોતાના છપાયેલા પુસ્તકના પાને પાને અદશ્ય શબ્દોને ફરી આંકી ના રહ્યા હોય!' સોહૈલ ઉમેરે છે :

'સેમ્યુઅલ બેકેટમાં કે એમનાં લેખનમાં નિરાશા છે'

એવું કહેનાર માણસની સમજણ અધૂરી છે. 'વેઇટિંગ ફોર ગોદો'નાં લેખક એમ કહે છે કે, 'આપણે ઈશ્વરની માત્ર પ્રતીક્ષા નથી કરવાની એમની પાસે પહોંચવાનું છે. 'કદાચ, ઈશ્વરમાં અશ્રદ્ધા, માણસમાં શ્રદ્ધા એ જ બેકેટનો વિચાર છે!

બેકેટે, એ મુલાકાતમાં આખરે કહ્યું: 'કદાચ શબ્દ કોઇ શક્તિ છે , જે મને જીવાડે છે. એ અટકશે ત્યારે બધું જ થંભી જશે. આજની દુનિયામાં ઇમેજીઝ, સિમ્બોઝપ્રતીકો, પ્રતિબિંબો વગેરે ઘણુંઘણું છે, માત્ર સાચાં ને દિલથી બોલાયેલ શબ્દો નથી.' 'બેકેટ જેવો શબ્દનો સ્વામી 'શબ્દો નથી' એમ કહે તો એ કેવી ટ્રેજેડી છેને?

૧૯૮૯માં જગતનો મંચ છોડી ગયેલા બેકેટ કહેત :

'યાદો, સતત મરતી રહે છે. એટલે તમને જે બહુ પ્રિય છે એવી ખાસ બાબતો વિશે બહુ વિચારવું નહીં અથવા તો તમારે એ વિશે વિચારવું જોઈએ, કારણ કે જો તમે એમ નહીં કરો તો એ યાદોને તમારા મગજમાંથી શોધવી ધીમે ધીમે મુશ્કેલ થઇ જશે.'

-પણ ચલો, ફરી આપણે ૧૬ વરસની કન્યાનાં કહોવાયેલા કાવ્યો, બૈરી પરનાં જોક્સવાળાં કે '૧૦૫ વરસે પણ હસીખુશી જીવવા'નાં ચાસણી ટપકતાં નાટકોની દુનિયામાં પાછાં ફરીએ એ પહેલાં...

છેલ્લે બેકેટનાં ડંખનો ડોઝ:

'મારી અગણિત ભૂલો જ મારું જીવન. જેમાં દરેક શબ્દ- મૌન પર બિનજરૂરી ડાઘ.'

**એંડ-ટાઇટલ્સ:**

**ઈવ: નાટક જોવા જઇએ?**

**આદમ: તું ઘરમાં છે તોયે?** ■




# કુછ તો લોગ કહેંગે...

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

'ના બાપા, છોકરાઓને તો એમનું ધાર્યું કરવા જ ના દેવાય, ના કરે નારાયણ ને કંઈ આડું અવળું થઈ જાય તો લોકો શું કહેશે, મા- બાપે શું સંસ્કાર આપ્યા છે?' 'સવારે ૬ વાગ્યે ઊઠીને ઘરનું કામ, રસોઈ, ટિફિન બધું તો મારે જ કરવાનું હોં, બાકી લોકો શું કહે કે આ નવી વહુથી આટલુંય કામ નથી થતું?' 'અરે ભાઈ અમારે તો દીકરીનાં લગ્ન ધામધૂમથી જ કરવા છે, બાકી લોકોને થશે કે શાંતિલાલે કંજૂસી કરી, શું કહેશે બધા?' 'મને તો પેન્ટ શર્ટ પહેરવા બઉ ગમે પણ લોકો કહેશે, જો ને આટલા વજનને શોભે એવા કપડાં પહેરાય, આ શું પેન્ટ શર્ટ પહેર્યા વગરની રહી ગઈ'તી' 'સત્યાવીસની તો થઈ, હજી કેટલી રાહ જોવી છે તારે? ક્યારેય વિચાર્યું છે કે આટલા મોડા લગ્ન કરીશ તો લોકો શું કહેશે?' 'દીકરા. એક જ શહેરમાં તું અમારાથી જુદો રહીશ તો લોકો શું કહેશે?!'

આવું જ કંઈક સાચી અને વિવેક સાથે થયું. વિવેક અને સાચીનાં લગ્નને એક વર્ષ પણ પૂરું નહોતું થયું અને વિવેકની કંપનીમાંથી કર્મચારીઓ ઓછા કરવાની પ્રક્રિયામાં વિવેકની જોબ ગઈ.ભણેલો ગણેલો વિવેક નવી નોકરીની શોધમાં હતો, પણ છ મહિના સુધી ક્યાંય મેળ ના પડ્યો. ઘર ચલાવવા સાચીએ હોમ-કેટરિંગનો બિઝનેસ શરૂ કર્યો અને જોતજોતામાં ધંધો જામી ગયો. સાચી એકલી પહોંચી વળે એ મુશ્કેલ હતું. પતિ- પત્નીએ નિર્ણય લીધો કે વિવેક પણ સાચીનાં બિઝનેસમાં જોડાઈ બંને સાથે કામ કરે.બીજી તરફ, વિવેકનાં માતા-પિતાએ આ નિર્ણયનો ખૂબ વિરોધ કર્યો કે લોકો શું કહેશે!

આપણી આ જ તકલીફ છે, લોકો શું કહેશે એ તો આપણે મનમાં ધારી લઈએ છીએ, પણ આપણું મન શું કહે છે એ નથી જાણતા. આપણે પોતાની ઈચ્છા પર ભાગ્યે જ ધ્યાન આપીએ છીએ. આપણને પોતાની પસંદ- ના પસંદ કરતાં બીજાને ગમે તેવું કરવું વધુ ગમે છે. કોઈવાર તો લાગે છે કે આપણને લોકોને રિઝવવાની તેમજ લોકોનો-સમાજનો-પરિવારનો અહં પોષવાની આદત પડી ગઈ છે.

આમ કરતાં બીજાને વધુ મહત્ત્વ આપી આપણે ક્યાંક ને ક્યાંક પોતાની જાત સાથે અન્યાય કરી રહ્યા હોઈએ એવું સતત લાગે છે.

'મારે જે કરવું છે તે વ્યક્ત કરીશ તો સંબંધમાં કટુતા આવશે, મારી પ્રાયોરિટી જણાવીશ તો સામેવાળાને ખોટું લાગશે, મારી પસંદગી કહીશ તો સાથે છે તેને નહિ ગમે, ' આ અને આવા બીજા કેટલાય ભય સાથે જીવવાની આદત પડી ગઈ છે આપણને બધાંને. કેટલીક વાર બીજાની સચવાતી સગવડ આપણી અનુકૂળતાનો ભોગ લેતી હોય તેવું લાગે છે. રંજ એ વાતનો છે કે ઘણુખરું આપણા હાથમાં હોવા છતાં આપણે સમાજ, સગા, મિત્રોની ગેરવ્યાજબી માગણીઓને તાબે થઈએ છીએ ફક્ત એટલા માટે કારણ કે આપણને સ્પષ્ટ ના પાડતાં નથી આવડતી. જે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપે છે તેમને ઉદ્ધત કે તોછડા કહેવામાં આવ છે, સમાજમાં આપણી ખોટા માણસ તરીકેની છાપ ઊભી થશે, સમાજ આપણી ઉપેક્ષા કરશે વગેરે જેવા ભય વિશ્વમાં અટવાયા કરીએ છીએ.

લોકોની નજરે પોતાની જાતને જોવાં કરતાં સ્વ દ્રષ્ટિએ જોવું ઘણું અઘરું છે. પરિણામે પોતાની વાત સારી, સાચી કે સ્વીકૃત રીતે વ્યક્ત નથી કરી શકતા. ક્યાંક ને ક્યાંક આપણે પોતાનું જીવન લોકોની રીતે જીવતા હોઈએ છીએ. ચાર્લી ચેપ્લિને સચોટ શબ્દોમાં કહ્યું છે કે 'હું મારી જાતને ત્યારે પ્રેમ કરવા માંડ્યો જ્યારે મેં અલગ જિંદગીની તૃષ્ણા છોડી દીધી અને મેં નોંધ્યું કે મારી આસપાસની દરેક વસ્તુઓ મને પ્રગતિનું આમંત્રણ આપી રહી હતી.'

આમ, સમાજમાં સ્વીકૃતી માટે સંપૂર્ણપણે તેને તાબે ના થઈને પોતાને જે ગમે છે કે પોતાને જે અનુકૂળ છે તે સારી રીતે ચોક્કસપણે કહી શકાય, કોઈ પ્રકારનાં સંકોચ કે સમાધાન વિના. વાત સમાજની વિરુદ્ધ જવાની નથી. માત્ર પોતાનો મુદ્દો સારી રીતે વ્યક્ત કરવાની છે. મહાત્મા ગાંધીએ કહ્યું છે કે ખરો આનંદ.

ત્યારે જ મળે છે જ્યારે તમે જે બોલો અને વિચારો તેમાં સંવાદિતતા હોય. ' આ રીતે મન અને તન સ્વસ્થ રાખવા માટે મધ્યમ માર્ગ અપનાવવો રહ્યો. બાકી, આપણે સાચું - ખોટું જે માનીએ એ, પરંતુ છેવટે લોકો આપણને તેમની દ્રષ્ટિએ જ મૂલવવાનાં કુછ તો લોગ કહેંગે, લોગોં કા કામ હૈ કહેના

બોલો, તમે શું કહો છો? ■

# પીલીભીત ટાઈગર રિઝર્વ વાઘની સુંદર દુનિયા

ટ્રાવેલ પ્લસ
કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com







ભારતીય સંસ્કૃતિમાં અરણ્ય વસેલું છે, ખરી રીતે કહીએ તો અરણ્યમાંથી જ આપણી સંસ્કૃતિનો જન્મ થયો છે. આપણે સહુ ભારતીય અરણ્યમાંથી જ તો ઉછર્યા છીએ. અરણ્યને નજીકથી જાણવા પ્રયત્નો કરીએ તો એનાં વાત્સલ્યને સ્પષ્ટપણે અનુભવી શકીએ. જંગલને જંગલની રીતે જ માણીએ તો જંગલ વિષે વધારે ઊંડાણમાં સમજી શકીએ. ભારતમાં તરાઈનાં વિશિષ્ટ પ્રકારનાં બારેમાસ લીલા રહેતાં જંગલોમાં ફરતા ફરતા જંગલો સાથે સંવાદ કર્યો અને સમજી શકયો કે જંગલ એટલે કુદરતે સર્જેલી પાઠશાળા, જ્યાં કુદરતનાં નિયમો એ જ એની કિંમત છે. અહીં બસ કુદરતનાં સાક્ષી બનીને જ કુદરતને માણી શકાય. હંમેશાં દરેક જંગલ મને વ્હાલથી આવકાર આપે. હવા સાથે પર્ણોનો વાર્તાલાપ, પંખીઓનો કલરવ, તમરાઓની ગૂંજ, વાઘની ત્રાડ, હરણાઓનો કોલ, ઘુવડનો અલાર્મ કોલ આ સઘળું એમનાં આવકારનાં સંકેતો છે. જંગલ આખુંયે આ વિશિષ્ટ પ્રકારનાં પ્રભાવક જીવોનું ઘર છે અને આ જંગલોનું સર્જન પણ કુદરતે અહીં વસતા દરેક જીવોની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને કર્યું છે. આ જંગલમાં વહેતી નદીઓ, વૃક્ષો અને પશુ પંખી સમેત સહુએ મને હંમેશાં વ્હાલથી આવકાર્યો છે. જંગલનાં પક્ષીઓનો મધુર અવાજ સાંભળીને કંઈક સારું, અલગ અને નશીલું લાગે છે. દોસ્ત, જંગલ એ નશો છે જે દુનિયાનાં કોઈ પણ નશાની તોલે ન આવે. ભારતનાં અદ્ભુત જંગલોમાં વિવિધ પ્રકારનાં જંગલોનો સમાવેશ થાય છે જેમાં ઉષ્ણકટિબંધ બારમાસી જંગલો, લીલા પાનખર જંગલો, સૂકા પાનખર જંગલો, મિશ્ર જંગલો, શંકુદ્રુમ જંગલો, કાંટાળાં જંગલો, અફાટ રણપ્રદેશો, તરાઇનાં જંગલો, ઘાસિયા મેદાનો, સમુદ્રકાંઠાનાં મેન્ગ્રુવ્સ અને સ્વેમ્પ જંગલો, દરિયાઈ પરવાળાનું પાણી નીચે રહેલું ગજબ વિશ્વ, વિશાળ નદીઓનાં પટમાં આવેલા મેદાની પ્રદેશો વગેરે. તરાઈનાં જંગલોમાં પહેલી વાર ગયો ત્યારથી જ એવું અનુભવ્યું કે હિમાલયનો આ હિસ્સો સાવ અલિપ્ત અને તપસ્વી જોગીની માફક એની પોતાની જ ધૂનમાં મસ્ત હોય એમ એક અલગ જ રાગ છેડતો હતો. અહીંના વાઘ પણ મસ્ત મગન થઇને ફરતા હોય, હરણાંઓ અહીં તહીં નિશ્ચિત થઈને કૂદતા હોય, બારાસિંઘા સૂર્યની હૂંફાળી ગરમીમાં મસ્તી કરતા હોય, સૂર્યનાં કિરણો પર્ણોમાંથી ગળાઈને હસતા ઘાસને હૂંફ અને માટીમાંથી નશીલી સુગંધ મનને તાજગી આપતી હોય. આ બધાની સામે કયું ભૌતિક સુખ વ્હાલું લાગે?

નિસર્ગની પ્રકૃતિ શાંત છે, ગંભીર છે. આ એ જંગલની વાત છે જે ઉત્તર પ્રદેશ રાજ્યમાં હિમાલયની તળેટીમાં આવેલા તરાઈનાં વિશાળ જંગલોનાં સૌંદર્યનો અનુભવ કરાવે છે. જંગલ સાથે ભયને કશી જ લેવાદેવા નથી હોતી. જો જંગલો ભયાવહ જ હોત તો દરેક જીવમાત્રને એ ક્યારેય ન આકર્ષી શકત. જંગલ કુદરતનું એવું રૂપ છે જે સ્પષ્ટપણે જોઈ શકાય છે. હું કુદરતમાં વિશ્વાસ કરું છું અને એ જ કુદરતને હું હંમેશાં જંગલોમાં જ જોઉં છું. નેપાળની સરહદે આવેલ પીલીભીત ટાઇગર રિઝર્વ ભારતનાં સુંદર તરાઈનાં જંગલોમાંનું એક છે.પીલીભીત ટાઇગર રિઝર્વમાં ચૂકા ઇકો ટુરિઝમ ઝોન વિકસાવેલ છે જ્યાં શારદા નદીનો વિશાળ ઘાટ એક સુંદર બીચ માફક જોવા મળે છે અને અહીં ઉત્તર પ્રદેશ વન વિભાગ દ્વારા બોટિંગ કરાવવામાં આવે છે. પીલીભીત પક્ષીવિદો માટે સ્વર્ગ સમું કહી શકાય. ભારતીય વિસ્તારમાં દેખાતા ૧૩૦૦ જેટલાં પંખીઓની પ્રજાતિમાંથી અહીં ૩૭૦ કરતા પણ વધારે પ્રજાતિઓ જોઈ શકાય છે. આ સ્થળ ૧૫ જૂન સુધી જ મુલાકાત લઈ શકાય છે, ત્યાર બાદ ચોમાસા દરમ્યાન છેક ઓકટોબર ૧૫ સુધી લાંબો બ્રેક હોય છે.

ઉત્તર પ્રદેશમાં શાહજહાંપુર જિલ્લામાં શારદા અને ઘાઘરા નદીના કિનારે આવેલ પીલીભીત ટાઇગર રિઝર્વ ભારતનાં ખૂબ જ મનોરમ્ય જંગલોમાંનું એક છે. ભારત-નેપાળની આંતરરાષ્ટ્રીય સરહદ પર સ્થિત આ જંગલ ૨૦૧૪માં ભારતનાં ૪૫ માં ટાઇગર રિઝર્વ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ૭૩૦.૨૫ ચો.કિમી. વિસ્તારમાં ફેલાયેલ પીલીભીત ટાઇગર રિઝર્વ આજે આશરે ૮૦ જેટલા વાઘ સાથે દેશના સઘળા વાઘ સંરક્ષણ ઉદ્યાનમાંથી વાઘનાં સંરક્ષણ માટે આગવી હરોળમાં સ્થાન ધરાવે છે. અહીં ખૂબ જ ટૂંકા ગાળામાં ઝડપથી વાઘની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે. આજે વિશ્વભરમાં વસતા કુલ વાઘમાંથી ૮૦% જેટલા વાઘ તો ખાલી ભારતમાં જ વસવાટ કરે છે. ૧૯૭૩માં શ્રીમતી ઇન્દિરા ગાંધી દ્વારા ઉત્તરાખંડનાં જિમ કોર્બેટ નેશનલ પાર્કથી પ્રોજેક્ટ ટાઈગરની શરૂઆત થઇ હતી. તાજેતરમાં મધ્ય પ્રદેશ સ્થિત માધવ રાષ્ટ્રીય ઉદ્યાનને ૫૮મોં ટાઇગર રિઝર્વ પ્રોજેક્ટ ઘોષિત કરવામાં આવ્યો એ સાથે આજે ભારતમાં કુલ ૫૮ ટાઇગર રિઝર્વ પ્રોજેક્ટ્સ આ અદ્ભુત અને પ્રભાવક પ્રાણીઓનું ઘર બન્યા છે. આ ટાઇગર રિઝર્વ કુદરતની આહાર શૃંખલામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવી રહ્યા છે જેનો સંપૂર્ણ શ્રેય પ્રોજેક્ટ ટાઇગરને જાય છે.

ઉત્તર પ્રદેશનો આ વિસ્તાર ભરપૂર પાણી ધરાવે છે પરિણામે અહીં શેરડીનો મબલખ પાક લેવામાં આવે છે. આ જ શેરડીનાં ખેતરો વાઘનાં બચ્ચાઓનાં ઉછેર માટે સહુથી સુરક્ષિત સ્થળ છે પરિણામે તરાઈનાં આ જંગલોમાં વાઘની સંખ્યામાં ભારતનાં બીજાં જંગલો કરતાં ખૂબ જ ઝડપથી વધારો નોંધાયો છે. જંગલમાં પ્રવેશ કરતા જ ચિત્તલનું ઝૂંડ તમારું સ્વાગત કરવા તૈયાર જ હશે. જેમ જેમ જીપ્સી જંગલ માર્ગે આગળ વધશે કે તરાઈનાં અવનવા પ્રાણીઓ અલગ અલગ રંગરૂપમાં નજર સામે દેખાવા લાગશે. અહીં વાઘને મુક્તપણે વિહરતો જોવો એ એક લ્હાવો છે. ગગનચુંબી સાલનાં વૃક્ષોમાંથી માંડ માંડ કરીને ગળાઈને આવતો સૂર્ય પ્રકાશ અહીંનાં વિવિધ છોડવાઓને જાણે અલગ જ પ્રકારનાં રંગો પ્રદાન કરે છે. અહીં વસતા બારાસિંઘા, સાંભર, ચિત્તલ, બાર્કિંગ ડિયર અને હોગ ડિયર મળીને હરણની પાંચ પ્રજાતિઓ, જંગલી સૂવર, વિભિન્ન પ્રજાતિનાં વાંદરાઓ અને માંકડાઓ વગેરે આ જંગલને વાઘ માટે એક આદર્શ અભયસ્થાન પૂરું પાડે છે પરિણામે સહુથી ઓછા સમયમાં વાઘની પ્રજાતિને ડબલ કરવા માટે આ ટાઇગર રિઝર્વ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યો છે.

ચૂકા ઇકો ટુરિઝમ તરીકે ઓળખતા આ સ્થળ પર ચૂકા બીચ પર જ નૈસર્ગિક વાતાવરણમાં રહીને આ જંગલનો આનંદ માણી શકાય એ માટે ઉત્તર પ્રદેશ વન વિભાગ દ્વારા અહીં વિશ્રામગૃહની વ્યવસ્થા કરવામાં આવી છે જે ઉત્તર પ્રદેશ વન વિભાગની વેબસાઈટ પર સરળતાથી બુક કરાવી શકાય છે. અહીંની સફારી અલગ અલગ ચાર ગેટ પરથી કરી શકાય છે. વાઘને વિહરતો જોવો અહીં ખૂબ સરળ તો ન કહી શકાય પણ નસીબ સાથ આપે તો તરાઈનાં જંગલમાં વાઘ જોવાનો અનુભવ જીવનભરનો સર્વશ્રેષ્ઠ અને યાદગાર અનુભવ બની રહેશે. ખૂબ જ ઊંચું ઘાસ અને ગીચ જંગલના કારણે ભાગ્યે જ અહીં વાઘ દેખાય. ઊંચા સાલની કેનોપી, હિમાલયનાં પક્ષીઓ ક્યાંય આછેરી ઝલક બતાવે તો ક્યારેક કરતબો બતાવે, દેખાય નહિ તો ટહુકારથી એમની હાજરી વર્તાયા કરે એવું વાતાવરણ તો એ અદ્ભુત જીવો તો બનાવે જ. ફેફસામાં ભરાય એટલી શુદ્ધ હવા ભરી લો અહીં, આંખો થાકે ત્યાં સુધીનું પ્રાકૃતિક સૌંદર્ય મનમાં ઠાંસી લો, બાકી કોઈ કેમેરાની સક્ષમતા નથી કે અહીંયાના વિશ્વને કેદ કરી શકે. છેલ્લે હું એટલું કહી શકું કે જે મળ્યું એ ખરેખર ખૂબ જ મહત્ત્વનું હતું.

તાજેતરનાં વાઘની વસ્તી ગણતરીનાં આંકડાઓ, જંગલમાં ત્રાડ પાડીને પોતાના અસ્તિત્વનો પરિચય આપતા જંગલનાં રાજા વાઘ અને એના સંરક્ષણનાં પ્રયત્નો સીધી કે આડકતરી રીતે આપણને સહુને પર્યાવરણ માટે ખૂબ જ સંવેદનશીલ બનાવે છે. ■

# ગૂગલ મેપની ટાઈમલાઈન સર્વિસઃ કામ એક ફાયદા અનેક...

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

છેલ્લા ૨૪ કલાકમાં ક્યાં ક્યાં ફર્યા? ક્યાં લેન્ડમાર્કની નજીકથી નીકળ્યા? છેલ્લે ક્યારે લોંગ ડ્રાઈવ કરી? કયો પ્રવાસ કર્યો? સામાન્ય રીતે આવા નાના સવાલોના જવાબ ભાગ્યે જ કોઈને યાદ હોય. આવા જ સવાલો પોલીસ કે પત્નીની ધાક-ધમકીથી પૂછવામાં આવે તો સાબિતી આપવામાં પરસેવા છૂટી જાય.

જોકે, આ તમામ પ્રશ્નના જવાબ એક જ એપ્લિકેશનથી મળી જાય. તેનું નામ છે : ગૂગલ મેપ ટાઇમ લાઈન સર્વિસ.

લોકેશન ઓન હોય તો મેપ્સ એપમાં દરેક મૂવમેન્ટ ટાઈમલાઈન લાઈન રૂપે મળે છે. દરેક સ્માર્ટ ફોનમાં મેપ્સ એપ ડીફોલ્ટ હોય છે. એ દરેક મોબાઈલ સાથે મેપ્સનું પોતાનું એક લોકેશન હોય છે. જ્યારે મેપ્સ ઓન કરવામાં આવે ત્યારે એ ડિવાઈસ લોકેશન સાથે અપડેટ આપે છે.

અહીં લોકેશન હિસ્ટ્રી નામનું ફીચર ટાઈમલાઈન તરીકે ઓળખાય છે. આ તમામ મુવમેન્ટ ક્લાઉડ સ્પેસ સાથે કનેક્ટ હોવાથી ડિવાઈસમાં કોઈ પ્રકારનો ડેટા સેવ થતો નથી. ગૂગલ કંપનીએ કરેલા અપગ્રેડ ફીચર્સ અનુસાર ડિસેંબર ૨૦૨૪થી આ ડેટાને સરળતાથી ડિવાઈસમાં સેવ કરી શકાય છે. આ દરેક ટાઈમલાઈન મુવમેન્ટ જે રીતે સેવ કરી શકાય છે એ રીતે સરળતાથી ડિલિટ પણ કરી શકાય છે.

આ માટે સૌ પ્રથમ મેપ્સ એપ્લિકેશનમાં જઈ



જમણી બાજુ દેખાતા તમારા પ્રોફાઈલ પિક્ચર પર ક્લિક કરો. જે મેનું ખુલે એમાં 'યોર ટાઈમલાઈન'ને પસંદ કરો. એ પછી જે દેખાશે એ જોઈને થોડું આશ્ચર્ય અવશ્ય થશે. ગૂગલ ડિવાઈસ સાથે જોડાયેલી દરેક મુવમેન્ટને પોતાની પાસે વ્યવસ્થિત રીતે જાળવી રાખે છે. આ તમામ માહિતી યુઝર પોતે જ જોઈ શકે. કંપની કે સર્વિસ પ્રોવાઈડર પણ આ પ્રોફાઈલ જોઈ શકતા નથી. આ ગૂગલ મેપ્સની પોતાની સિક્યોરિટી છે.

સૌ પ્રથમ જે દિવસની મુવમેન્ટ જોઈતી હોય અથવા તારીખ બદલીને જે મુવમેન્ટ જોવી હોય તેને સરળતાથી જોઈ શકાય છે. ચોક્કસ દિવસે આપણે ક્યાં ગયા હતા અને ક્યા લેન્ડમાર્ક નજીકથી પસાર થયા હતા. એ પણ સ્ક્રીન સામે જોવા મળે છે.

ટ્રિપ્સ નામના ઓપ્શનમાં જે દિવસે આપણે નાની નાની ટ્રિપ્સ કરી હશે એનો ડેટા જોવા મળશે. કઈ તારીખે ક્યાં ક્યાં ગયા અને શું ફર્યા એની તમામ વિગત સેવ થયેલી રહે છે. આવી ટાઈમલાઈન જાળવી રાખવાનો મૂળ હેતું ક્યાં ગયા, કેટલું ચાલ્યા, શું કર્યું, ખાણીપીણીથી લઈને શોપિંગ મોલ સુધી અને હોટેલ્સથી લઈને સાઈટ સીન સુધીની તમામ વિગત એક જ સ્ક્રીન પર ફોટોગ્રાફ સાથે જોવા મળે છે. જેને જ્યારે ઈચ્છીએ ત્યારે ફ્લેશબેક સાથે યાદ કરી શકીએ છીએ એમાંથી કેટલાક ફોટોને સોશ્યલ મીડિયા પર વગર ટાઈમલાઈન રીમાઈન્ડર શેર કરી શકીએ છીએ. 'ઈનસાઈટ' નામના ઓપ્શન બાદ આવે છે 'પ્લેસિસ'. પ્લેસિસમાંથી મળતી માહિતી થોડી અલગ છે, કારણ કે દરેક ટાઈમલાઈન સાથે બધુ આપી દેવામાં આવે તો સમાવવું અને તેને અલગ કરવું અઘરૂ થઈ પડે.

હોટેલ, રેસ્ટોરાં, સાઈટસીન, શોપિંગ મોલ, સ્પોર્ટ્સ સેન્ટર, બસ સ્ટેશન, એરપોર્ટ આ તમામ વસ્તુઓ ગૂગલ સાઈટ પર ઓલરેડી મેપ હોય છે. આ માત્ર ડિવાઈસ કે વ્યક્તિને કનેક્ટ કરીને એની ટ્રાવેલ હિસ્ટ્રી બનાવી શકે એ માટે હોય છે. આમાંથી જે લોકેશન ન ગમતું હોય એને ડિલિટ પણ કરી શકાય છે.

જે તે સમયે જે શહેરની મુલાકાત લીધી હોય એ શહેરનું લોકેશન એના મૂળ નામ સાથે સેવ થાય છે. મેપ્સમાં સેટેલાઈટ ડિવાઈસથી જે તે શહેર પહેલાથી લોકેટ હોય છે. યુઝર જ્યારે આ શહેરની મુલાકાત કરે છે ત્યારે એના જુદા જુદા વિસ્તારો મેપ થાય છે પછી એ ટાઈમલાઈન સુધી પહોંચે છે. એક જ શહેરથી એકથી વધારે વખત મુલાકાત લીધી હશે તો પણ એ લોકેશન સાથે સેવ થશે. આ જ ચિત્રને બીજીવાર જ્યારે જોવામાં આવે ત્યારે એ વધુ સ્પષ્ટ અને સમયસારણી સાથે દેખાય છે.

આ જ રીતે દુનિયાના કોઈ દેશની મુલાકાત લીધી હશે તો એ પણ બતાવશે. હા, થોડી અલગ પડે એવી વાત એ છે કે, વિદેશમાં કોઈ રીસન્ટ મુવમેન્ટ થઈ હશે તો એની અપડેટ પણ આવશે. જેમ કે, લંડનમાં ઓલિમ્પિક વખતે અમુક રસ્તા બંધ કરી દેવાયા હતા જે પછીથી ગૂગલ મેપ્સ પર લોકેટ થયા. આ તમામ બેકઅપ ડીફોલ્ટ ક્લાઉડ સર્વર હોય છે જે પછીથી ડિવાઈસમાં લઈ શકાય છે. ટાઈમલાઈનની વાત છે ત્યાં સુધી ગૂગલ સર્ચમાં પણ એક નવું ફીચર એડ થયું છે જેને ટુલ્સમાંથી જોઈ શકાય છે. ફોટો સર્ચ કરતી વખતે લાસ્ટ ૨૪ અવર્સ પસંદ કરવાથી જે તે લેન્ડમાર્ક પર જે થયું હશે એનો તસવીર રિપોર્ટ મળી રહેશે, જેમ કે, દિલ્હી એક્યૂઆઈ સર્ચ કરીને લાસ્ટ ૨૪ અવર્સ પસંદ કરવામાં આવે તો દિલ્હીના જુદા જુદા વિસ્તારના લેન્ડમાર્ક પર શું થયું એની તમામ વિગત ફોટો રૂપે મળી રહેશે.

ટેક કંપનીઓ જે તે શેર એપ્લિકેશન ડિવાઈસ કે યુઝરને શેર કરીને આ ટાઈમલાઈનને મેનેજ કરે છે. આઈફોન, આઈપેડ કે સ્માર્ટફોનમાં એક અજાણી એપ્લિકેશન જે ગૂગલની ફેમિલીમાં નથી એમાં તે મેપ્સ સર્વિસ ઝડપથી મળતી નથી. આ માટે ટેક કંપનીઓ મેપ્સ ઓન કરો તો જ એપ્સ ચાલે એ પ્રકારે સેટિંગ રાખે છે. જેમ કે, કેબ એપ્લિકેશન, ફૂડ ડિલેવરી એપ્લિકેશન. આમા પણ કંપની જે તે રાઈડર્સનો રેકોર્ડ રાખે છે. રાઈડર જ્યારે પણ એ સર્વિસ ઓફ કરે કે ઓફલાઈન થાય ત્યારે આ એપ્સ પરથી ટ્રેક થયેલો ડેટા સરળતાથી ટ્રેક થાય છે. એનેલાઈઝ થાય છે. ■

### આઉટ ઓફ ધ બોક્સ

*ટાઈમલાઈન કે ડેટાનો બેકઅપ રાખવો એ વ્યક્તિની પોતાની પસંદ છે પણ જ્યારે મોબાઈલ ખોવાય ત્યારે પણ ફોન ચાલું હોય તો આવો ડેટા સરળતાથી મોબાઈલ નંબર કે બેકઅપ પર એને ટ્રેકિંગ માટે સાયબર એક્સપર્ટને આપી શકાય છે.*

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

## જૂની હિન્દી સિનેમા સાથેની આખરી કડી એવી
# એક બેનમૂન અભિનેત્રી કામિની કૌશલ

### ચલો એક બાર ફિર સે, અજનબી બન જાયેં હમ દોનો...
### એક અધૂરી મહોબ્બત ને એક સ્ત્રીના કર્તવ્યનો સિનેમાઈ ઈતિહાસ

નવેમ્બરની ૧૪મી તારીખે, એક્ટ્રેસ કામિની કૌશલનું અવસાન થયું તે સાથે જૂની હિન્દી સિનેમા સાથેની આખરી કડી તૂટી ગઈ. ૯૮ વર્ષીય કામિની કૌશલ એક માત્ર જીવિત કલાકાર હતી, જેની કારકિર્દી સાત દાયકાઓમાં પથરાયેલી હતી.

તે સૌથી લાંબા સમય સુધી કામ કરનારી એક્ટ્રેસ હતી. તેની સાબિતી એ છે કે તેમણે રાજ કપૂરથી શરૂ કરીને અશોક કુમાર, દેવ આનંદ, દિલીપ કુમાર અને રાજ કુમારથી લઈને (લાલ સિંહ ચઢ્ઢામાં) આમિર ખાન સુધીના હીરો સાથે કામ કર્યું હતું.

તેમણે એકવાર સરસ નિરીક્ષણ કર્યું હતું, 'મેં રાજ સાથે તેની બીજી ફિલ્મમાં; દેવ સાથે પણ તેની બીજી ફિલ્મમાં અને દિલીપ સાથે ય તેની બીજી જ ફિલ્મમાં કામ કર્યું હતું.'

કામિનીએ એ ત્રણેને પોતાની આંખો સામે સ્ટાર બનતાં જોયા હતા અને પછી એ ત્રણેયને વારાફરતી વચ્ચે વિદાય લેતા પણ નીરખ્યા હતા.

કામિની કૌશલનું જીવન એટલું સમૃદ્ધ અને રોચક હતું કે તેના પર એક બાયોપિક બને તેમ છે (ઇન ફેક્ટ, તેના પરથી પ્રેરણા લઈને એક લોકપ્રિય ફિલ્મ પણ બની હતી, પણ તેની વાત પછી). તેમનો જન્મ ૧૬ જાન્યુઆરી ૧૯૨૭ના રોજ લાહોરમાં ઉમા કશ્યપ તરીકે થયો હતો. તેમના પિતા રાય બહાદુર એસ. આર. કશ્યપ વનસ્પતિ વિજ્ઞાનના પ્રોફેસર હતા. કામિની માત્ર સાત વર્ષનાં હતાં, ત્યારે પિતાનું અવસાન થયું હતું અને પાછળ તેમની અમુક ડાયરીઓ છોડી ગયા હતા, જે ઉમા કશ્યપની સૌથી મૂલ્યવાન ધરોહરોમાંની એક હતી.

ઉમાએ ૧૯૩૪માં લાહોરની ગવર્નમેન્ટ કોલેજમાંથી અંગ્રેજી સાહિત્યમાં બી.એ. ઓનર્સ કર્યું હતું. એકવાર એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું, 'હું એક બુદ્ધિજીવી પરિવારમાંથી આવતી હતી. મારા પિતાએ ૫૦થી વધુ પુસ્તકો લખ્યાં હતાં. અમારા પરિવારમાં જ્ઞાન મેળવવાની પ્રાથમિકતા હતી, પણ તેમણે મને ક્યારેય કશું કરતાં રોકી નહોતી. મારી પાસે આમતેમ ડાફોળિયાં મારવાનો સમય કે ફુરસદ નહોતી. હું તો સ્વીમિંગ, ઘોડેસવારી, સ્કેટિંગ અને આકાશવાણી પર રેડિયો નાટક કરવામાં વ્યસ્ત હતી.'



કામિની કૌશલ



ગુમરાહનું એક દૃશ્ય

આનંદ બંધુઓમાં જ્યેષ્ઠ ચેતન આનંદે તે વખતે તેમની ફિલ્મ 'નીચા નગર' (૧૯૪૬)માં ગ્રેજ્યુએટ થઇને બહાર પડેલી ઉમાને પહેલીવાર રોલ ઓફર કર્યો હતો. ફિલ્મમાં ચેતન આનંદનાં પત્ની ઉમા આનંદ પણ હતાં એટલે ઉમાનું નામ કામિની કરી દેવામાં આવ્યું હતું. ઉમાનું નામ જ નહીં, અટક પણ કેવી રીતે બદલાઈ તેની પણ એક કહાની છે.

ઉમાને તેનાથી મોટાં ચાર ભાંડું હતાં. તેમાંથી સૌથી મોટી બહેન ઉષાનાં લગ્ન બી.એસ. સૂદ નામના બોમ્બે પોર્ટ ટ્રસ્ટમાં મુખ્ય ઈજનેર સાથે થયાં હતાં. બહેનને બે દીકરી હતી- કુમકુમ અને કવિતા. આ બહેનનું એક કરુણ કાર અકસ્માતમાં અવસાન થઇ ગયું. ઉમાએ બહેન તરીકેની ફરજના ભાગ રૂપે બંને દીકરીને પોતાની દીકરી તરીકે સ્વીકારી લીધી, અને જ્યારે 'નીચા નગર'માં તેનું નામ બદલવાનું આવ્યું, ત્યારે તેમણે ચેતન આનંદને વિનંતી કરી કે 'કામિની' નામની સાથે, કુમકુમ અને કવિતાના પ્રથમાક્ષર પરથી, 'ક' નામની અટક પણ લગાવવામાં આવે. એ રીતે તે કામિની કૌશલ બન્યાં. એટલું જ નહીં, દીકરીઓને ઉછેરવાની વાત આવી એટલે ઉમા (કામિની)એ તેમના જીજાજી સાથે લગ્ન કરીને મુંબઈમાં સ્થળાંતર કર્યું. એ લગ્નથી તેમને ત્રણ દીકરા થયા; રાહુલ, વિદુર અને શ્રવણ. દત્તક દીકરી કુમકુમે મોટા થઈને મહાત્મા ગાંધીના વિચારો પર બાળકો માટે એક પુસ્તક લખ્યું, જ્યારે કવિતા આર્ટીસ્ટ બની.

'ફિલ્મફેર' સામયિક (જેના પહેલા અંકના કવર પેજ પર કામિનીનો ફોટો આવ્યો હતો) સાથે એક ઇન્ટરવ્યૂમાં તેમણે તેમના લગ્નના નિર્ણય અંગે કહ્યું હતું, 'હું મારી બહેનને બેહદ પ્રેમ કરતી હતી. મને ડર લાગતો કે મારી ભાણીઓ, જે માત્ર બે અને ત્રણ વર્ષની હતી, માતા સિવાય ભટકી જશે. મને આ સંપૂર્ણ રીતે યોગ્ય ઉકેલ લાગ્યો. આ કોઈ બલિદાન હતું નહીં. ઉપરથી, મારા પતિ એક સભ્ય અને સારા માણસ હતા.'

જવાબદારીની આ ભાવનાના કારણે કામિનીએ તેમના પહેલા પ્રેમ- દિલીપ કુમારને જતા કરવા પડ્યા હતા. તેમના આ ભાવનાત્મક સંઘર્ષ પરથી ૧૯૬૩માં બી. આર. ચોપરાએ 'ગુમરાહ 'ફિલ્મ બનાવી હતી. તેમાં ફિલ્મની નાયિકા મીના (માલા સિંહા)ને અકસ્માતમાં અવસાન પામેલી તેની બહેન કમલા (નિરુપા રોય)ના પતિ અશોક (અશોક કુમાર) સાથે લગ્ન કરવાં પડે છે, જેથી તેનાં બાળકોને ઉછેરી શકે. વર્ષો પછી, મીનાનો પ્રેમી રાજેન્દ્ર (સુનીલ દત્ત) તેના જીવનમાં પાછો આવે છે. આ અજીબ પ્રણય ત્રિકોણમાંથી જ યુવા પ્રેમીઓના હૃદયભંગનું 'રાષ્ટ્રગીત' સર્જાયું હતું: ચલો એક બાર ફિર સે, અજનબી બન જાયેં હમ દોનો...

આમ તો 'ગુમરાહ' કામિનીના જીવનની પૂરેપૂરી નકલ નથી, પરંતુ તેના ભાવ-સંસ્કાર નિશ્ચિત પણે દિલીપ અને કામિનીના એ ટૂંકા સંબંધ પરથી પ્રેરિત છે, જે પ્રેમના આકર્ષણ અને ફરજના બોજ વચ્ચે પીસાઈ ગયો હતો. કદાચ એ જ કારણ છે કે 'ગુમરાહ' માત્ર એક પ્રેમ-ત્રિકોણ નહીં, પરંતુ એવી ફિલ્મ બની ગઈ જે તે સમયના મધ્યવર્ગીય બોજ- પરિવાર, પ્રતિષ્ઠા, જવાબદારી- અને માણસની સૌથી અંતરંગ ઇચ્છાઓ વચ્ચે ઊભેલા સંઘર્ષને જીવંત બનાવે છે અને જ્યારે આજે આપણે પાછળ નજર કરીએ છીએ, તો સમજાય છે કે ક્યારેક ફિલ્મોની કથાઓ લખતાં પહેલાંથી જ જીવન પોતાની સ્ક્રિપ્ટ લખી ચુક્યું હોય છે- અને તેનો પ્રભાવ એટલો સાચો, એટલો ઊંડો હોય છે કે પડદા પર ઊતરતાં-ઊતરતાં તે વાર્તા એક યુગની ભાવનાઓનું પ્રતિબિંબ બની જાય છે.

કામિની કૌશલ અને દિલીપ કુમારની અધૂરી પ્રેમકથા પણ એવી જ એક વાર્તા છે- એક એવી શાંત, સંયમિત, ગૌરવશાળી કહાની, જેણે હિન્દી સિનેમાને તેની સૌથી આત્મીય ફિલ્મોમાંની એક આપી અને એ અનુભવ પણ કરાવ્યો કે ક્યારેક પ્રેમની સૌથી મોટી પરીક્ષા એનો ત્યાગ હોય છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# સાબદા રહો, તમારા શેર ટ્રેડિંગ એકાઉન્ટનો દુરુપયોગ થઈ શકે છે!

રોકાણકારો, સાવધ રહો... એ ચકાસી લો કે તમારા ખાતાનો કોઈ ગેરકાનૂની પ્રવૃત્તિ માટે ઉપયોગ તો થતો નથીને? .

થોડા દિવસો પૂર્વે એક અગ્રણી ડોક્ટરને સિક્યુરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ પાંચ લાખ રૂપિયાનો દંડ કર્યો હતો. સેબીએ શોધી કાઢ્યું હતું કે ડોક્ટરના ખાતાને ઓપરેટ કરીને શેરોના ભાવ સર્ક્યુલર ટ્રેડિંગ મારફતે કૃત્રિમપણે વધારવામાં આવતા હતા અને એ શેરોના પ્રમોશન માટેનાં નાણાં ચૂકવવામાં આવતાં હતાં.

કોઈ એક જૂથ દ્વારા આપસમાં મોટા પાયે લે-વેચ કરીને શેરમાં કામકાજનું ખોટું વોલ્યુમ સર્જવામાં આવે તેને 'સર્ક્યુલર ટ્રેડિંગ' કહે છે. જેમને નાણાકીય બાબતોમાં અને શેરબજારમાં બહુ કંઈ ખબર પડતી નથી એવી વ્યક્તિ પોતાના વતીથી અન્ય વ્યક્તિને કે બ્રોકરને મૂડીરોકાણ અને ટ્રેડિંગ કરવા દે છે. મોટા ભાગે તો આ વ્યવસ્થા અનૌપચારિક એટલે કે ગેરકાયદે હોય છે, કારણ કે આવા કિસ્સામાં બ્રોકર કે સલાહકાર પાસે અન્યનાં નાણાં મેનેજ કરવાનું લાઈસન્સ હોતું નથી.

ઘણા નાના બ્રોકરો બિનપ્રવાહી (illiquid) શેરોમાં વોલ્યુમ સર્જવા તેમના ક્લાયન્ટ્સનાં ખાતાંનો ઉપયોગ કરતા હોય છે. જ્યારે ક્લાયન્ટ્સના નામે કરાયેલા ટ્રેડમાં ખોટ જાય કે ગેરકાનૂની પુરવાર થાય ત્યારે ક્લાયન્ટ્સની સ્થિતિ કફોડી થાય છે.

'સેબી'ના આદેશમાં એક વિરોધાભાસની નોંધ લેવામાં આવી છે. પેલા ડોક્ટરે કહ્યું હતું કે તેના નાણાકીય સલાહકારે સોદા કર્યા હતા, જ્યારે એક મેલમાં ડોક્ટરે કહ્યું હતું કે આ સોદાઓ તેમના રુટિન કામકાજનો એક હિસ્સો હતો અને તે પોતાના સંશોધન અને પૃથક્કરણ આધારિત હતા. એ ઉપરાંત 'સેબી'ના તપાસકર્તાએ કહ્યું છે કે ડોક્ટરે આ રીતે થતા સોદા રોકવા માટે કોઈ અર્થપૂર્ણ પગલાં લીધાં નહોતાં. ડોક્ટરે પછી શું પગલાં લીધાં એની જાણ નથી, પરંતુ એ નક્કી છે કે જેમને ટ્રેડિંગનું જ્ઞાન નથી એવા લોકોને બ્રોકરો-એજન્ટો ઊંચાં વળતરની લાલચ આપીને ગેરમાર્ગે દોરે છે. ક્લાયન્ટને ખબર નથી હોતી કે બ્રોકર તેના ખાતાનો કૌભાંડ માટે ઉપયોગ કરી રહ્યો છે.

તમને થશે કે ક્લાયન્ટે ઓર્ડર મૂક્યો છે એનો સંદેશ ડિલરોએ રેકોર્ડ કરવાનો હોય છે તો પણ આમ કઈ રીતે થાય છે?

ડોક્ટરના કિસ્સામાં એમ થયું હોય શકે કે બ્રોકરે ક્લાયન્ટને ફોન પર માહિતી આપી હશે તે અમે રોકાણની એક સારી તકની વિગતો તમને મોકલાવીએ છીએ તો તમે કોલ અથવા ઈમેલથી કન્ફર્મ કરો. હવે ક્લાયન્ટે જો એમ કર્યું હોય તો બ્રોકરે અગાઉ આપેલી માહિતી તો રેકોર્ડ થઈ નહિ હોય. એવા પણ કિસ્સા બન્યા છે કે 'સેબી' જ્યારે તપાસ શરૂ કરે એ પછી નાના બ્રોકરોએ ક્લાયન્ટ સાથેની વાતચીત રેકોર્ડ કરી હોય. ક્લાયન્ટ્સ મોટે ભાગે મિત્રો અથવા નજીકના સગા હોય છે, જેમના વતીથી બ્રોકરો કામકાજ કરતા હોય છે.

તો પછી દેશમાં ઉચ્ચ વળતર પ્રાપ્ત કરવા માટે ક્લાયન્ટ્સ કાયદેસરનો માર્ગ કેમ અપનાવતા નથી?

જો વ્યક્તિ એમ ઈચ્છે કે કોઈ ત્રીજો પક્ષ પોતાના નાણાંનું વ્યવસ્થાપન સંભાળે તો તે મ્યુચ્યુઅલ ફંડ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસ (પીએમએસ) અથવા ઓલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (એઆઈએફ)નો સંપર્ક કરી શકે છે. આ બધા લાઈસન્સ ધરાવતા ફંડ મેનેજર્સ છે, પરંતુ ક્લાયન્ટ્સ તેમના ઓળખીતા બ્રોકર કે ઘર નજીકના બ્રોકરનો સંપર્ક કરે છે એની પાછળનાં કારણ એ હોય છે કે એ વધુ વળતર અને ઓછી રકમે પ્રવેશ આપે છે.

કોઈ રોકાણકાર જો પોર્ટફોલિયો મેનેજર સ્કીમ (પીએમએસ)નો સંપર્ક કરે તો તેણે ઓછામાં ઓછા રૂ.૨૫ લાખનું રોકાણ કરવું પડે, જ્યારે કે એઆઈએફ મારફત રોકાણ કરવા માટે ઓછામાં ઓછા એક કરોડ રૂપિયા હોવા જોઈએ.

**આકર્ષક યોજનાના નામે ફસામણી**

કેટલીક વાર બ્રોકર હાઉસના કર્મચારીઓ આકર્ષક યોજના' સાથે ક્લાયન્ટનો સંપર્ક કરે છે. ક્લાયન્ટને કહેવામાં આવે છે કે નફામાં થોડો ભાગ આપો એની સામે તેમના ભંડોળનો વધુ સારો વહીવટ કરવામાં આવશે. નાના બ્રોકર હાઉસીસ આની સામે આંખ આડા કાન કરે છે, કારણ કે એ ધંધો લાવે છે.

એક કિસ્સામાં એવું બન્યું હતું કે એક ભાઈનું ડિમેટ ખાતું એક પ્રતિષ્ઠિત બ્રોકરને ત્યાં હતું. તેણે કદી ટ્રેડિંગ કર્યું નહોતું. આશરે છ વર્ષ પૂર્વે તેને વધારાની આવક ઊભી કરવાની જરૂર પડી એટલે તેણે બ્રોકરની મુલાકાત લીધી અને એ જાણવા માગ્યું કે ઓપ્શન ટ્રેડિંગ દ્વારા કોઈ નિયમિત આવક ઊભી કરી શકાય કે નહિ. જોકે તેને ખબર હતી કે તે જોખમી છે એટલે તેણે સલાહ લેવાનું યોગ્ય માન્યું.

આ ભાઈના કહેવા પ્રમાણે તેમની ઓળખાણ એક ડિલર સાથે કરાવવામાં આવી, જેમણે કહ્યું કે હું તમારા વતીથી સોદા કરીશ. ટ્રેડિંગની મૂડી માટે ડિલરે પેલા ભાઈને શેરો ગીરવે રાખવાનું કહ્યું અને માર્જિન મની ભરવાનું કહ્યું. આમ દુર્ઘટનાનો પ્રારંભ થયો.

પહેલા એક કે બે સોદા નફાકારક રહ્યા. એ પછી ખોટ થવા લાગી જ્યારે ડિલરે ક્લાયન્ટને કહ્યું કે રોકડ માર્જિન ચૂકવો ત્યારે ક્લાયન્ટને એ ખબર નહોતી પડતી કે મારે શું કામ નાણાં ચૂકવવાં પડે છે. પછીથી તેને સમજાયું કે ડિલરે અતિ જોખમી, હેજ ન કરાયેલા ફ્યુચર્સમાં ઓળિયું કર્યું છે. ક્લાયન્ટે પછી માર્જિનની ઘટ પરની પેનલ્ટી અને માર્જિન લોન્સ પર ૧૮ ટકા વ્યાજ સહિત દસ લાખ રૂપિયાની ખોટ ખાવી પડી. આ દસ લાખ રૂપિયા એકત્ર કરવા તેણે તેના શેરો વેચી નાખવા પડ્યા. અલબત્ત, આ બનાવ કોવિડ પૂર્વેનો છે.

ડિસેમ્બર ૨૦૧૮માં બજારના નિયામકે સ્ટોક બ્રોકરો માટે તેમના ટ્રેડિંગ એપ્સ પર દ્વિસ્તરીય ઓથેન્ટિફિકેશન ફરજિયાત બનાવ્યું છે. એક બાયોમેટ્રિક ડેટા અને એક ડેટા ક્લાયન્ટ તરફથી જેની જાણ ફક્ત ક્લાયન્ટને હોય, જેમ કે ટ્રેડિંગ એકાઉન્ટના એક્સેસ માટે એક વારનો પાસવર્ડ.

ક્લાયન્ટના એકાઉન્ટમાંથી થર્ડ પાર્ટી ટ્રેડિંગ ન કરી શકે એ માટે આમ કરવામાં આવ્યું છે, પરંતુ ડિલરો પ્રત્યેક ખાતાને લોગ ઈન કર્યા વિના ક્લાયન્ટ્સનાં ખાતાં મારફતે સોદા કરી શકે છે. આ આખી વાતનો સારાંશ એ છે કે જાતે જ ટ્રેડિંગ કરવું, બાકી કોઈ કમાઈ આપશે એ વાતમાં બહુ દમ નથી, જોખમ વધુ હોય છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# અલ્લાઉદ્દીન ખિલજીએ શ્રી રંગનાથ સ્વામીની લૂંટેલી મૂર્તિ કેમ પાછી આપી?

તમિળનાડુના તિરુચિરાપલ્લી જિલ્લાના શ્રીરંગમસ્થિત ભવ્ય શ્રીરંગનાથસ્વામી મંદિરની પૌરાણિક અને ઈતિહાસ વિગતો ખૂબ રસપ્રદ છે. આને લગતી અનેક લોકકથા પ્રચલિત છે.

વિશાળ સંકુલમાં મુખ્ય મંદિરમાં ભગવાન વિષ્ણુ શેષશૈય્યા પર બિરાજમાન છે. ત્યાં સાથે ભગવાન રામ, ભગવાન કૃષ્ણ અને માતા સીતા પણ છે. લોકકથા મુજબ ભગવાન રામે પોતાના વિષ્ણુ રૂપમાં અહીં લંકેશ રાવણના ભાઈ વિભીષણને દર્શન આપ્યા હતા. ત્યાર બાદ પ્રભુ રામે આ મંદિર વિભીષણને સોંપ્યું હતું. અન્ય લોકવાયકા મુજબ ભગવાન રામ ખુદ આ મંદિરમાં દેવતાઓની પૂજા કરતા હતા. રાવણને હરાવીને લંકાથી પાછા ફરતી વખતે તેમણે આ મંદિર વિભીષણને સોંપી દીધું હતું.





આવા શ્રદ્ધાના કેન્દ્રમાં ઉત્સવ વખતે દશ-દશ લાખની મેદની ભેગી થાય છે ત્યારે તેઓ ભીંતો પર સંસ્કૃત, મરાઠી, તેલુગુ, કન્નડ અને ઉડિયા ભાષામાં લખેલા ૧૦૦થી વધુ શિલાલેખ જુએ છે. આ શિલાલેખોનો સંબંધ ચોલ, પાંડ્ય હોયસાલ અને વિજયનગર રાજવંશ સાથે છે. આવું કેમ? એનાં કારણો ય છે. ત્યાં સુધી પહોંચવા અગાઉ મંદિર સાથે સંકલિત પૌરાણિક કથામાંની એક જાણીએ.

એક કથા મુજબ વૈદિક કાળમાં ગોદાવરી નદીના કિનારે ગૌતમ ઋષિનો આશ્રમ હતો. એ સમયે આસપાસના વિસ્તારોમાં પાણીની ભારે તંગી હતી. એક દિવસ પાણીની શોધમાં નીકળેલા કેટલાક ઋષિઓ ગૌતમ ઋષિના આશ્રમે પહોંચી ગયા. ગૌતમ ઋષિએ મહેમાનોની યથાશક્તિ આગતાસ્વાગતા કરી. એમને સ્વાદિષ્ટ - આરોગ્યપ્રદ ભોજન કરાવ્યું. આ બધાથી સંતુષ્ટ કે પ્રસન્ન થવાને બદલે અમુક ઋષિને તેમની ઈર્ષ્યા થવા માંડી. આ ફળદ્રુપ ભૂમિ મેળવવાની લાલચમાં ગૌતમ ઋષિને ગૌહત્યાના આરોપમાં ફસાવીને એમની જમીન - આશ્રમ પડાવી લેવાયા.

ગૌતમ ઋષિએ ત્યાંથી નીકળીને શ્રીરંગમ જઈને શ્રી રંગનાથ એટલે કે ભગવાન વિષ્ણુની સેવા અને તપ કર્યાં. આનાથી પ્રસન્ન થઈને શ્રી રંગનાથન સ્વામીએ એમને માત્ર દર્શન જ ન આપ્યા પરંતુ પૂરો વિસ્તાર એમને સોંપી દીધો. ગૌતમ ઋષિની વિનવણી સ્વીકારીને ખુદ બ્રહ્માજીએ એ સમયના વિશ્વના સૌથી મોટા મંદિરનું નિર્માણ કરાવ્યું હતું.

ભગવાન શ્રી રામે વનવાસ કાળમાં આ મંદિરમાં દેવ-દેવીઓની પૂજા કરી હતી. લંકા વિજય બાદ પાછા ફરતી વખતે તેમણે આ મંદિર વિભીષણને સોંપી દીધાનોય પૌરાણિક કથાઓમાં ઉલ્લેખ મળે છે. ભગવાન શ્રી વિષ્ણુએ જ વિભીષણ સમક્ષ ઉપસ્થિત થઈને આ સ્થળે રંગનાથના રૂપમાં રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

આ મંદિરના પરિસરમાં એક આખું શહેર વસેલું છે. આ મંદિરનું નિર્માણ આઠમી અથવા નવમી સદીમાં થવાનો અંદાજ છે. આજેય એને અડીખમ જોઈને એ સમયના કસબી, સામગ્રી અને ભ્રષ્ટાચાર વિહીન શાસન વ્યવસ્થાની પ્રશંસા કર્યા વગર રહી ન શકાય. શ્રી રંગનાથન સ્વામી મંદિરનું સ્થાપત્ય એકદમ વિશાળ અને પ્રભાવશાળી છે એ હવે કહેવાની જરૂર નથી. અહીંના વાસ્તુકલામાં તમિળ શૈલી ઊડીને આંખે વળગે છે. આમેય દક્ષિણ ભારતના અધિકાંશ મંદિરોમાં વિશાળતા અને દ્રાવિડ સ્થાપત્ય છે. આશ્ચર્યની વાત એ છે કે આ મંદિરમાં એક ૧૦૦ વર્ષ જૂનું મમી પણ સાચવી રખાયું છે. જેની માંડીને વાત ફરી ક્યારેક કરીશું.

એ જમાનામાં ૯૫૩ ગ્રેનાઈટ સ્તંભ ઊભા કરવા, એના ઉપર વાઘ અને અશ્વની મૂર્તિ બનાવવી એ કેવી રીતે શક્ય બન્યું હશે? આધુનિક ટેક્નોલોજીને લીધે આજે આસાનીથી થઈ શકે પણ આઠમી-નવમી સદીમાં એની કલ્પના મુશ્કેલ લાગે તો અફલાતૂન સર્જન કેવી રીતે થયું હશે? આ મંદિરનો ઉલ્લેખ સંગમયુગ એટલે કે ઈ.સ. ૧૦૦ થી ૨૫૦ વચ્ચેના તમિળ સાહિત્યમાં મળે છે. મંદિરનું પરિસર આડેધડ બનાવ્યું નથી. જરૂરિયાતો સમજીને એમાં પાણીના બે વિશાળ ટાંકા બનાવાયા છે, જેને નામ અપાયા છે 'સૂર્ય પુષ્કરિણી' અને 'ચંદ્ર પુષ્કરિણી'. આ બન્ને ટાંકાની ક્ષમતા ૨૦-૨૦ લાખ લિટર પાણી સમાવવાની છે.

આપણે ઈતિહાસને ન સાચવવા અને ગર્વ ન અનુભવવાની ઊણપનું એક ઉદાહરણ શ્રી રંગનાથસ્વામી મંદિર પણ છે. અગાઉ આ મંદિર આઠમી-નવમી સદીમાં બન્યાનો ઉલ્લેખ જોયો પરંતુ આ મંદિરનો ઈતિહાસ આઠમીથી સોળમી સદી વચ્ચેનો હોવાનો ય દાવો થાય છે. આ મંદિર સાથે સંકળાયેલી પૌરાતાત્વિક સમાજ પણ એ યુગની આસપાસનો હોવાનું મનાય છે. શિલાલેખ મુજબ આ મંદિરની શૈલી ચૌલ, પાંડ્ય, હોયસાલ અને વિજયનગર સામ્રાજયના રાજવંશો સાથે સંબંધિત છે. આ બધા રાજવંશો ક્યારેક કાવેરી નદીની પાસે અને તિરુચિરાપલ્લી પર રાજ કરતા હતા. આજના તિરુચિરાપલ્લી શહેરનું નામ ક્યારેક 'ત્રિચી' કે 'તિરુચી' પણ હતું.

આ મંદિરનો અતીત જાણવા લાયક છે. સૌથી પહેલા રંગનાથસ્વામી મૂર્તિ સ્થાપિત કરાઈ. પછી વધુ કામ ન થતાં ત્યાં જંગલ બની ગયું. એક સમયે ચૌલ રાજા શિકાર માટે જંગલમાં ગયા ત્યારે તેમની નજર એ મૂર્તિ પણ પડી. પછી તરત રાજાએ રંગનાથસ્વામીની મૂર્તિની આસપાસ પરિસર વિકસાવીને એ સમયનું દુનિયાનું સૌથી મોટું મંદિર બનાવડાવ્યું હતું. ત્યાર બાદ વિવિધ રાજવંશો આ મંદિરનું નવીનીકરણ - સમારકામ કરાવતા રહ્યા. ક્યારેક આ સામ્રાજયો વચ્ચે આંતરિક ખટરાગને લીધે મંદિરનું નવીનીકરણ ખોરંભેય ચડી ગયું હતું.

ઈતિહાસમાં અમુક સ્થળે મંદિર બાંધવાની શરૂઆત કરનારા ચૌલ રાજાનું નામ રાજમહેન્દ્ર ચૌલ હોવાનું નોંધાયેલું છે. તેઓ રાજેન્દ્ર ચૌલ દ્વિતીયના દીકરા હતા. પરંતુ એ પછીના શિલાલેખમાં એમનો નામોલ્લેખ દેખાતો નથી. એમના અનુગામીઓએ ઈરાદાપૂર્વક આવું કરાવ્યું હશે? કે જૂના શિલાલેખ હટાવી દેવાયો હશે? એટલું જ નહીં ચોથી કે નવમી સદીના ઈતિહાસ કે શિલાલેખમાં રાજમહેન્દ્ર ચૌલનું નામ ક્યાંય નથી.

શ્રી રંગનાથસ્વામી મંદિર અને એનું પરિસર ભવ્ય, વિશાળ અને સમૃધ હોય તો પરદેશી આક્રાંતાઓની બૂરી નજરથી બચી શકે ખરા? અગાઉ અંગ્રેજો, મરાઠા અને મુસલમાનોએ અહીં આક્રમણ કર્યાનો ઉલ્લેખ આવ્યો પણ મલિક ગુફુર (મલિક કાફુર અને દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખિલજીના મુખ્ય સેનાપતિ અને સમલિંગી વ્યંઢળ (સાથી) તો અહીંથી દેવતાઓની મૂર્તિ ચોરી-આંચકીને દિલ્હી લઈ ગયો હતો. પરંતુ શ્રીરંગમના ભક્તો ચૂપચાપ બેસી ન રહ્યા. તેમણે દિલ્હીની વાટ પકડી. ત્યાં જઈને ખિલજીને મંદિરનો ભવ્ય ઈતિહાસ જણાવી - સમજાવીને મંત્રમુગ્ધ કરી દીધા. એમની ભક્તિ - કૌશલથી ખુશ થઈને સુલતાને ભેટરૂપે શ્રીરંગનાથસ્વામીની મૂર્તિ આપી દીધી. પોતે ચોરેલે-આંચકી લીધેલી ચીજ એના મૂળ માલિકને ઉદારતાથી ભેટ આપી એ કેવું વિચિત્ર લાગે ને?

શ્રી રંગનાથસ્વામી મંદિર - સંકુલના સંખ્યાબંધ કિસ્સા છૂટાછવાયા નોંધાયેલા છે. બધા વ્યવસ્થિત પરિપ્રેક્ષ્યમાં ક્રમબદ્ધ રીતે ગ્રંથસ્થ કરવાનો વિચાર કરવો જોઈએ. (સંપૂર્ણ)■

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

## ઉત્કર્ષ મઝુમદારઃ

# જૂનું એટલું સોનું...

જૂનું એટલું સોનું એ કહેવતને માનવીય પરિપ્રેક્ષ્યમાં સમજવી હોય તો ઉત્કર્ષ મઝુમદારને ઓળખવા જોઈએ, જાણવા જોઈએ અને સમજવા જોઈએ. એકવીસમી સદીના ત્રીજા દાયકામાં પણ ઉત્કર્ષ ભાઈ લગન અને ઉત્સાહ સાથે 'ગુજરાતી જૂની રંગભૂમિ'ની સફર પર લઈ જાય છે. એમની રજૂઆત એવી કાબિલ - એ - તારીફ હોય છે કે અસલનાં નાટકોનો સુવર્ણ કાળ ગઈ કાલની પેઢી માટે રિવાઇન્ડ થાય છે અને એ અનુભવથી વંચિત રહેલી પેઢીને એનો પરિચય થાય છે. તાજેતરમાં જૂનું એટલું સોનું જેવા એશિયાના સૌથી જૂના અને પ્રતિષ્ઠિત દૈનિક અખબાર 'મુંબઈ સમાચાર' પ્રસ્તુત વાર્ષિક 'ટ્રાન્સમીડિયા ગુજરાતી સ્ક્રીન એન્ડ સ્ટેજ એવોર્ડ્સ - ૨૦૨૪ સમારોહમાં ઉત્કર્ષ મઝુમદારને લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ એનાયત થયો એનો હરખ જરૂર દરેક કલાપ્રેમીને થયો હશે.

ઉત્કર્ષ ભાઈ વિશે તો અનેક વાત લખી શકાય એવું વિશાળ ફલક એમની કારકિર્દીનું છે. બાળ નાટકોથી માંડી 'માસ્ટર ફૂલમણિ' અને 'જાગીને જોઉં તો' સુધીની તેમની રેન્જ અદભુત છે. મારે તો ખાસ એ કહેવું છે કે તક મળે ત્યારે જૂની રંગભૂમિનાં ગીતો ગાઈને એ નાટકો, એનું સાહિત્ય આજની પેઢીને પહોંચાડવા સતત પ્રયત્નશીલ રહે છે એ વંદનીય છે. જૂની રંગભૂમિનું માધુર્ય આજે પણ લોકો માણી શકે છે એનો સંપૂર્ણ શ્રેય ઉત્કર્ષ ભાઈને જાય છે. જૂની રંગભૂમિના ગીતો એમના મધુર કંઠમાં લહેકા સાથે રજૂ થાય ત્યારે આજના યંગસ્ટર્સ પણ રાજી થતા હોવાનું મને જાણવા મળ્યું હતું.

ચાલીસેક વર્ષ પહેલાની વાત છે. લગભગ ૧૯૮૧ - ૮૨ની. એ વખતે ઉત્કર્ષ ભાઈ સાથે મેં એક નાટકમાં કામ કર્યું હતું. નાટકનું નામ હતું 'ઘર સંસાર.' મરાઠી ભાષાના પ્રસિદ્ધ નાટ્યકાર વસંત સબનીસના કોમેડી નાટક 'સૌજન્યાચી ઐશી તૈસી'નું એ ગુજરાતી રૂપાંતર હતું. ૧૯૬૮માં રજૂ થયેલા સબનીસના 'વિચ્છા માઝી પૂરી કરા' લોકનાટ્યને અભૂતપૂર્વ સફળતા મળી હતી. તેમના લખાણમાં વિનોદવૃત્તિ ભારોભાર જોવા મળતી. તેમનું 'ગેલા માધવ કુણી કડે' ખાસ્સું ગાજ્યું હતું. મરાઠી ભાષાના આવા સશક્ત સર્જકના નાટકમાં ગુજરાતી ભાષાના સશક્ત કલાકાર સાથે કામ કરવા મળ્યું એ તો મારા માટે લ્હાવો હતો. ઉત્કર્ષ ભાઈએ એમાં મારા પતિનો રોલ કર્યો હતો. એમની સાથે કામ કરવાથી આનંદ તો આવે જ, સાથે સતત કશુંક જાણવા મળે, શીખવા મળે, સમજવા મળે. આ નાટકના દિગ્દર્શક હતા કુશળ રંગકર્મી અરવિંદ વેકરિયા. 'ઘર સંસાર' કર્યું એનાં વર્ષો પછી વિનુભાઈ (વિનયકાન્ત દ્વિવેદી)એ 'સંભારણાંના શો કર્યા ત્યારે 'પૃથ્વીરાજ ચૌહાણ' નાટકમાં ઉત્કર્ષ ભાઈ પૃથ્વીરાજના રોલમાં હતા અને કર્ણાટકીની ભૂમિકા મેં કરી હતી. તાજેતરમાં કાંદિવલી એજ્યુકેશન સોસાયટીના કાર્યક્રમમાં ઉત્કર્ષ ભાઈ જેવા મૂઠી ઊંચેરા કલાકારના હસ્તે મારું સન્માન થયું એ મારા માટે બહુ મોટી વાત છે.

જૂની રંગભૂમિની વાત માંડી જ છે તો શ્રી દેશી સમાજ નાટકમાં કાર્યરત હતી એ દિવસોમાં જાણેલી એક અદ્ભુત નાટ્યાત્મક ઘટનાની વાત 'મુંબઈ સમાચાર'ના નાટ્યપ્રેમી દર્શકો સમક્ષ રજૂ કરવી છે. 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'ના નાટકો ભજવાતા ત્યારે દોરાબજી મેવાવાલા નામના શખ્સ ડોર કીપરની જવાબદારી સંભાળતા હતા. દોરાબજીને નાટકો માટે જબરદસ્ત રૂચિ અને લગાવ હતા. પડદો ઊંચકાય એટલે ભાઈ સાહેબ નાટક જોવામાં મશગૂલ થઈ જાય. કલાકારના હાવભાવ અનુસાર પોતે પણ એ પ્રમાણે કરવાની કોશિશ કરે. મનમાં ને મનમાં સંવાદ પણ બોલે. એમાં થતું એવું કે મોડા આવેલા પ્રેક્ષકોની



ટિકિટોના અડધિયાં ફાડવાનું ભુલાઈ જાય જેને કારણે કંપનીના હિસાબમાં ગરબડ થાય.

દોરાબજીના રસ અને રુચિથી વાકેફ એવા એમના જેવા જ એક નાટ્ય રસિકે તો સીધો સવાલ જ કર્યો કે 'મેવાવાલા, ટિકિટો ચકાસવાનું કામ છોડી તું નાટક કેમ જોયા કરે છે?'

દોરાબજીનો જવાબ સાંભળોઃ 'નાટક સમજ્યા વિના કોઈ કલાકાર કારણ વિના બૂમ બરાડા પાડે એ મારાથી નથી ખમાતું. અમુક એક્ટર તો એવી બકવાસ એક્ટિંગ કરે છે કે... એની જગ્યાએ સ્ટેજ પર જો હું હોઉં તો એક્ટિંગ કોને કહેવાય એ બતાવી દઉં.'

પેલા નાટ્ય રસિકને દોરાબજીની વાત ગરમ ગરમ શીરાની જેમ ગળે ઊતરી ગઈ. એમની પારખુ નજરે કાંકરો ગણાયેલા હીરાને પારખી લીધો. દિગ્દર્શક દયાશંકર વસનજીને તેમના નામની ભલામણ કરી 'પ્રેમકલા' નામના નાટકમાં નાનકડો રોલ મેળવી આપ્યો. કહે છે ને કે પાત્ર ભલે ગમે એટલું નાનું હોય, કલાકારનું હીર પરખાઈ જાય. દોરાબજીની અભિનય કુશળતા અનેક લોકોને ધ્યાનમાં આવી.

'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'એ નંદશંકર તુળજાશંકર મહેતા લિખિત અને ગુજરાતી સાહિત્ય જગતની સર્વ પ્રથમ નવલકથા તરીકે સ્થાન મેળવનારી ઐતિહાસિક નવલકથા 'કરણઘેલો' પર નાટક લખવાનું ભગીરથ કામ મૂળશંકર મુલાણીને સોંપ્યું હતું. મુલાણી સાહેબની કલમ નાટકને અંતમાં કરુણરસની પરાકાષ્ઠાએ લઈ ગઈ. નાટક તો સરસ લખાયું છે એની ખાતરી બધાને થઈ ગઈ. પણ લાખ રૂપિયાનો સવાલ એ હતો કે નાટકમાં મુખ્ય પાત્ર કોણ સાકાર કરે? કરણના પાત્ર માટે દયાશંકર વસનજી, બાપુલાલ નાયક અને સોરાબજી કાત્રકમાંથી એકની પસંદગીની ગણતરી મુકાઈ રહી હતી.

ત્રણે ત્રણ જબરદસ્ત કલાકાર. એકની પસંદગી કરવાથી બાકી બંનેના દિલ દુભાય એવી વાત હતી. બહુ મનોમંથન પછી નવો જ પ્રયોગ કરી ચોથી જ વ્યક્તિની પસંદગી કરણના પાત્ર માટે કરવાનો નિર્ણય લેવાયો. એ ચોથી વ્યક્તિ હતી નાટકના રસિયા, પણ ડોર કીપરનું કામ કરતા દોરાબજી મેવાવાલા. એમની પ્રતિભાને પાંગરવાનો મોકો આપવો જોઈએ એવા મત સાથે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે, આ નિર્ણયની જાણ થતા કંપનીમાં નારાજગી ફેલાઈ ગઈ. લેખક મૂળશંકર મુલાણીને તો સીધું કહી દેવામાં આવ્યું કે,

'તમારું નાટક નિષ્ફળ જશે.' કરણ જેવા રાજાના પાત્રને પારસી ન્યાય આપી શકશે? એની ભાષા એ બોલી શકશે? અન્ય કલાકારો સાથે અન્યાય કરી રહ્યા છો. ક્યાં એક સામાન્ય ડોર કીપર અને ક્યાં કરણઘેલોનું પાત્ર?

એકસામટા સવાલોના વરસાદનો શ્રી મુલાણીએ એક જ વાક્યમાં જવાબ આપ્યો 'અભિનય કોઈનો ઈજારો નથી. બહુરત્ના વસુંધરા.'

પોતાના માટે મતભેદ થયો છે એ વાતની જાણ દોરાબજીને થઈ અને એક પડકાર ઝીલી તેમણે તૈયારી શરૂ કરી દીધી. કરણની ભૂમિકા, એના સંવાદોમાં રહેલી ભાવના, કરણના પ્રતિભાવ સહિત ઝીણામાં ઝીણી વિગતો નાટ્ય ભજવણીની દ્રષ્ટિએ સમજી કરણના પાત્રને આત્મસાત કરી લીધું.

નાટક રજૂ થયું અને પડદો પડતા દોરાબજીને અભિનંદન આપવા પ્રેક્ષકોનો ધસારો થયો. 'કરણઘેલો'ને જોરદાર સફળતા મળી. સાચે જ, અભિનય કોઈનો ઈજારો નથી. ■

### થ્રસ્ટ સ્ટેજ, પ્રોસેનિયમ થિયેટર અને ખાડાનું થિયેટર

વાંચવામાં જ ભારેખમ લાગતા પહેલા બંને શબ્દનો નાતો રંગભૂમિ સાથે છે એથી વિશેષ તો નાટકો જોતા - માણતા પ્રેક્ષકો નહીં સમજતા હોય. એમાં એમનો વાંક પણ નથી, કારણ કે આ બંને ટેકનિકલ ટર્મ છે. ઉત્કર્ષ ભાઈએ એનો અર્થ સમજાવ્યો હતો. આજકાલ આપણે નાટકો જોઈએ છીએ એ પ્રોસેનિયમ પ્રકારના હોય છે. એક તરફ સ્ટેજ અને એની સામે પ્રેક્ષકો બેઠા હોય. બંને વચ્ચે એક પડદો હોય જે ઊંચકાય એટલે નાટક શરૂ થાય. થ્રસ્ટ સ્ટેજમાં તખ્તો વચ્ચે હોય અને એની ફરતે ત્રણ બાજુએ પ્રેક્ષકો માટે બેસવાની વ્યવસ્થા હોય. પ્રેક્ષકો અને તખ્તા વચ્ચે પડદો ન હોય. પૃથ્વી થિયેટર થ્રસ્ટ સ્ટેજ પ્રકારનું છે. થ્રસ્ટ સ્ટેજમાં તખ્તો પાંચેક ફૂટની ઊંચાઈએ પણ હોય. ત્રણે બાજુ પ્રેક્ષકોની બેસવાની વ્યવસ્થા કરવામાં આવે. તખ્તો પાંચેક ફૂટ ઊંચો હોવાથી બેસવાની વ્યવસ્થા એવી રીતે કરવી પડે જેથી દરેક પ્રેક્ષક વિના મુશ્કેલીએ નાટક જોઈ શકે. પ્રેક્ષકોની સગવડ સાચવવા વચ્ચે જગ્યા છોડી દેવામાં આવે અને એની પછી બેસવાની આગળની વ્યવસ્થા શરૂ થાય. વચ્ચે જો જગ્યા ખાલી રહે તો થિયેટરને આર્થિક નુકસાન થાય.

થિયેટર માલિકોમાં કલાત્મક સૂઝ પાતળી હોઈ શકે છે, પણ એમનામાં ધંધાકીય કુનેહ જબરદસ્ત હોય છે. એવો તોડ કાઢવામાં આવ્યો કે એ જગ્યામાં દર્શકોએ ઊભા ઊભા નાટક જોવાનું અને એને માટે ટિકિટના દર ઓછા રાખવાના. આ નિર્ણયનો લાભ એ થયો કે ઉચ્ચ ભ વર્ગના લોકો તો નાટકો જોવા આવતા જ, તેમની સાથે સાથે ટિકિટની કિંમત પરવડતી હોવાને કારણે શ્રીમંતાઈ ન હોય એવો વર્ગ પણ નાટક જોવા આવતો થયો. બેઠક વ્યવસ્થાને કારણે વચ્ચે જે જગ્યા પડતી એ પીટ (ખાડો) તરીકે ઓળખાવા લાગી. કાળક્રમે આ જગ્યાએ ઊભા ઊભા નાટકો જોતા દર્શકો 'પીટ ક્લાસ ઓડિયન્સ' નામથી ઓળખાવા લાગ્યું. ગુજરાતમાં પણ 'ખાડા થિયેટર' હતા એ આને મળતા આવતા હતા. *(સંકલિત)* ■

---

ક્લોઝ-અપ

ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# અવનવાં ફિલ્મ મ્યુઝિયમ્સમાં એક રોચક લટાર...

## જગતભરમાં અનેક સંગ્રહાલયો પથરાયેલાં પડ્યાં છે એમાંથી સાવ અલગ તરી આવતાં કેટલાંક અનોખા મ્યુઝિયમમાં ડોકિયું કરવા જેવું છે...

હમણાં વીતી ગયેલા નવેમ્બર મહિનાની બે ઘટના સદા યાદગાર રહેશે. એક , આપણી મહિલા ક્રિકેટ ટીમ સર્વ પ્રથમવાર વિશ્વવિજેતા બની.

બીજી ઘટના છે વિશ્વના સૌથી વિશાળ મ્યુઝિયમનો ઈજિપ્તમાં પ્રારંભ થયો. આપણી વિશ્વવિજેતા મહિલા ક્રિકેટ ટીમ વિશે બહુ લખાયું છે અને હજુ પણ એ ઐતિહાસિક સિદ્ધિ વિશે કંઈને કંઈ લખાઈ રહ્યું છે.

બીજી તરફ , આ એક અજબ ડૉલર - આશરે ૮૩૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા 'ગ્રાન્ડ ઈઝિપ્શિયન મ્યુઝિયમ (GEM)'ના સંગ્રહાલયમાં દુર્લભ એવી ૫૬ હજારથી વધુ પ્રાચીન કલાકૃતિ છે . એટલું જ નહીં, ઈજિપ્તના આ તાજા સંગ્રહાલયમાં ત્રણ હજાર વર્ષ જૂનો તૂતનખામનની કબર અને એનો દુર્લભ ખજાનો પણ દર્શકોને જોવા મળે છે આના વિશે થોડા દિવસ પૂર્વે આ કોલમમાં આપણે વાત કરી ગયા છીએ. (૧૬ નવેમ્બર-૨૫)

આ બધા વચ્ચે આપણે ત્યાં ફિલ્મચાહકોનો એક વિશેષ વર્ગ છે. એમને ફિલ્મનિર્માણની પરંપરાગતથી લઈને આધુનિક પદ્ધતિ સુધી અને વિશ્વની નમુનેદાર ફિલ્મો વિશે પણ જાણવા -જોવામાં વિશેષ રસ છે. આવા ફિલ્મવિશ્વનો ચિતાર દર્શાવતા કેટલાંક સિને-મ્યુઝિયમ જાણીતા છે. એમાનાં કેટલાંકની ઝલક જોઈએ તો સહેજે છે કે હોલિવૂડ સર્વપ્રથમ યાદ આવે.

લોસ એન્જિલિસમાં આવેલા આ મ્યુઝિયમમાં ૧૦ હજારથી વધુ ફિલ્મો તેમ જ ત્યાંના ટેલિવિઝન ઉદ્યોગની ચુનંદી સ્મૃતિઓનો ઈતિહાસ તાદ્રશ્ય કરવામાં આવ્યો છે. સેક્સી મેર્લિનમનરોથી લઈને ખૂનખાર માફિયાનો યાદગાર રોલ ભજવનારા માર્લોન બ્રાન્ડો તેમ જ અન્ય અદાકારોએ એમની યાદગાર ભૂમિકા દરમિયાન ધારણ કરેલાં વસ્ત્રો સુદ્ધાં અહીં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે.









પેરિસનું 'સિનેમાથેક ફ્રાંસે'ને વિશ્વનું શ્રેષ્ઠ ફિલ્મ મ્યુઝિયમ કહી શકાય.

ફિલ્મને લગતાં શ્રેઠ ગણાય એવાં વિશ્વનાં પ્રથમ ૧૦ મ્યુઝિયમની યાદીમાં હોલિવૂડ ફિલ્મ ઉદ્યોગની જેમ ફ્રાન્સ- જર્મન- ઓસ્ટ્રેલિયા-ઈટલી-ચીન સાથે દુબઈ અરે, યુક્રેન જેવાં દેશનાંય સિને મ્યુઝિયમનો પણ સમાવેશ થયો છે. એ દરેકને પોતાની વિશેષતા છે એની ના નહીં,પણ જ્યાં અનેકવિધ ભાષાઓની ઢગલાબંધ ફિલ્મો નિર્માણ પામે છે એનું પ્રતિનિધિત્વ કરે એવા મુબઈના આપણા નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમા નો ઉલ્લેખ સુધ્ધાં નથી એ દુઃખદ આશ્ચર્યની વાત છે...

ખેર, આપણે ભારતીય સિનેમા તેમજ વિશ્વ ફિલ્મજગતના વિવિધ પાસાને આવરતા ખબરઅંતર જાણવા હોય તો આ ક્ષેત્રના ખરા અભ્યાસુ -મર્મજ્ઞ એવા અમૃત ગંગરને મળવું પડે. મુંબઈના અમૃતભાઈ સિનેમાના અનેક્વિધ પાસાને આવરતી નવ પરિચય પુસ્તિકા લખી છે. ભારત સરકાર સંચાલિત મુંબઈના 'નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમા'ના સ્થાપક કન્સલટન્ટ ક્યૂરેટર, કન્ટેન્ટ ડેવલપર-સલાહકાર તરીકે એમણે યશસ્વી કામગીરી બજાવી છે.

મુંબઇ સ્થિત આ રાષ્ટ્રીય સ્તરના મ્યુઝિયમને અમૃતભાઈએ અવતરતાં તેમ જ પાંગરતાં જોયું છે.

દાદાસાહેબ ફાળકે-પૂર્વ અને પશ્ચાતના વિશાળ કાળખંડને આવરનારું દેશનું સૌથી પ્રથમ અને બે મકાનમાં વિસ્તરેલું ફિલ્મ મ્યુઝિયમ છે. એને વિકસાવવાની મુખ્ય જવાબદારી કલકત્તાના 'નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ્સ'ની હોવાથી અમૃતભાઈને અઢી વર્ષ સુધી કલકત્તા રહેવું પડ્યું હતું.'

અમૃતભાઈ કહે છે તેમ આ મ્યુઝિયમની અનેક વિશેષતા છે. એક તો ક્યૂરેટોરિયલ કલ્પના મુજબ તેમાં ભારતીયતા અને મ્યુઝિયમના મૂળભૂત સિદ્ધાંતનું સિંચન થયું છે.દાખલા તરીકે, મોશન (ગતિ) વિશેના આપણાં પરંપરાગત ઐતિહાસિક ખ્યાલો અને તેને લગતી પરિભાષા. તેને અમે સેંકડો વરસોથી ચાલતી આવેલી પટચિત્રની પરંપરાથી જોડી છે. શબ્દ વ્યુત્પત્તિની રીતે જોઇએ તો 'ચિત્રપટ' શબ્દ 'પટચિત્ર'માંથી આવ્યો છે. આપણી દશ્યકલામાં પણ ચિત્રો અને શબ્દોની સાથે મોશન (ગતિ)નો ભાવ છે.

આ મ્યુઝિયમનું અન્ય રસપ્રદ પાસું છે એની 'ઇન્ટરેક્ટિવ' ગોઠવણ .ઉદાહરણ તરીકે, ધ્વનિ વિભાગમાં મુલાકાતી કોઇ પણ ફિલ્મનું એની પસંદગીનું ગીત ગાઇ, તેનું રેકોર્ડિંગ કરીને પાછું સાંભળી શકે છે. સંગીતપ્રિય ભારતીય પ્રજાની આ લાક્ષણિકતાને આ સંગ્રહાલય દર્શાવે છે. એ જ રીતે , અહીં ભાષાઓનું વૈવિધ્ય વગેરે આગવી વિશેષતાઓ પણ છે ,જે તમને વિશ્વના અન્ય ફિલ્મ મ્યુઝિયમોમાં જોવા નહીં મળે.

'વિશ્વનું શ્રેષ્ઠ ફિલ્મ સંગ્રહાલય કયું અને એની વિષેશતા શું?' એવું તમે જાણાવા માગો તો એના જવાબમાં અમૃતભાઈ કહે છે કે ૧૯૩૬માં સ્થપાયેલું પેરિસનું 'સિનેમાથેક ફ્રાંસે'ને શ્રેષ્ઠ કહી શકાય. ૨૦૧૯માં આપણું મ્યુઝિયમ અસ્તિત્વમાં આવ્યું એ પહેલાં જ મેં ત્રણેક વખત એની મુલાકાત લીધી હતી. આ મ્યુઝિમના સ્થાપક વડા હેન્રી લેંગ્લોઆ જગતમાં એકમાત્ર વ્યક્તિ છે, જેમને ફિલ્મ સંગ્રહાલયની પ્રવૃત્તિ માટે 'ઑસ્કર' ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. વ્યક્તિગત રીતે મને અનેક દેશો તરફથી લેક્ચર માટે તેમજ આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલની જ્યૂરી- સભ્ય તરીકે આમંત્રણ મળે છે.પરિણામે મને ફ્રેંચ, ડેનિશ, પોલિશ, હંગેરિયન, ઇરાનિયન, સ્વીડિશ સિનેમાના મ્યુઝિયમ જોવાંની તક મળી છે, પણ સૌથી વધારે રસપ્રદ પેરિસનું 'સિનેમાથેક ફ્રાન્સે છે.સિનેમાને અદ્ભુત રીતે અન્ય કલાઓ સાથે સાંકળતી કલ્પના - ગોઠવણ માટે મને એ સર્વોત્તમ લાગ્યું છે અને એ સૌથી જૂનું પણ છે...'





ઈટાલીના મશહૂર દિગ્દર્શક ફેડરિકો ફેલિની મ્યુઝિયમમાં એની ફિલ્મો–એની મૂળ શૂટિંગ સ્ક્રિપ્ટ ફિલ્મોમાં લગતી કે વપરાયેલી સામગ્રી, ઈત્યાદિ– ઈત્યાદિ પ્રદર્શિત કરવામાં આવી છે.

આવો અભિપ્રાય છે વર્લ્ડ સિનેમા સાથે સંકળાયેલા અમૃત ગંગરનો...

આમેય મ્યુઝિયમની દુનિયા અનેરી છે. ફિલ્મ ઉપરાંત જાતભાતનાં સંગ્રહાલય છે. એમની અજાયબ વાત આપણને ચકિત કરી મૂકે તેવી છે. ઉદાહરણ તરીકે, ઑસ્ટ્રિયાના પાટનગર વિયેનાના મ્યુઝિયમમાં અનેક પ્રાચીન શિલ્પ પેન્ટિંગ્સ છે, જે જોનારને પહેલી નજરે ભલે અશ્લીલ લાગે,પણ એક કલાકૃતિ તરીકે એનું આગવું મહત્ત્વ છે. હવે વિયેના મ્યુઝિયમને તકલીફ એ છે કે આવી વસ્તુનાં ફોટોગ્રાફસ ફેસબુક-ઈન્સ્ટાગ્રામ જેવાં સોશિયલ મીડિયાવાળાએ પ્રતિબંધ મૂક્યો હોવાથી એના પર આવી ઐતિહાસિક ક્લાકૃતિનો પ્રસાર પ્રચાર થતો નથી. આને કારણે વિયેના જેવાં બીજાં કેટલાંક મ્યુઝિયમોએ એમની વીરલ કૃતિઓ એડ્લ્ટ સાઈટ-પુખ્તવયના માટેનાં વિવિધ મીડિયામાં વહેતી કરી રહ્યા છે !

પોતાના સમસ્ત ફિલ્મ ઉદ્યોગને આવરી લેતાં સંગ્રહાલયો અનેક દેશમાં છે,પરંતુ કોઈ એક ફિલ્મ સર્જકની સિને કૃતિઓને લઈને એક વિશાષ મ્યુઝિયમ કોઈ રાષ્ટ્રીય કક્ષાએ તૈયાર થાય એવી અપવાદરૂપ ઘટના ઈટાલીમાં બની છે. વિશ્વ જેને સલામ કરે છે એવા ઈટાલીના મશહૂર દિગ્દર્શક ફેડરિકો ફેલિની અલગારી આદમી હતા. એમની ફિલ્મો ચીલાચાલુ કરતાં હંમેશા અલગ તરી આવતી. જગતના આ એક માત્ર એવા સર્જક હતા કે એમની સર્જક કળાને વર્ણવા માટે 'ઑક્સફર્ડ' ડિકશનેરીમાં મ્‘ ફેલિનિસ્ક્યૂ' શબ્દ ખાસ ઉમેરવામાં આવ્યો છે !

આવા દિગ્ગજ દિગ્દશર્કના અનોખા મ્યુઝિયમ પાછળ ઈટાલીની સરકારે છેલ્લાં બે વર્ષમાં ૧૨ મિલિયન યુરો (આશરે ૧ અબજ રુપિયા)નો ખર્ચ કર્યો છે. હજુ મ્યુઝિયમમાં બીજા વિભાગ વધશે -વધુ આધુનિક થશે એમ વધુ રકમ ઈટાલીની સરકાર પૂરી પાડશે..

ફેલિનિના જન્મ સ્થળ રિમિની સિટીમાં બે માળની ઈમારતમાં વિસ્તરેલા આ મ્યુઝિયમમાં ફેલિનિની ફિલ્મો-એની મૂળ શૂટિંગ સ્ક્રિપ્ટ ફિલ્મોમાં લગતી કે વપરાયેલી સામગ્રી,ઈત્યાદિ-ઈત્યાદિ, પ્રદર્શિત કરવામાં આવી છે. એક દેશ એના બહુમુલા સર્જેકની સ્મૃતિને કઈ રીતે યાદગાર બનાવી શકે એનું ચોટદાર ઉદાહરણ પણ અહીં જોવાં મળે છે. પાંચ પાંચ ઑકેડેમિ



મુંબઈના 'નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમા'

અવૉર્ડસ એટલે કે પ્રતિષ્ઠિત 'ઓસ્કર' પુરસ્કાર વિજેતા આ સર્જકના મ્યુઝિયમની નજીક આવેલા વિશાળ પાર્કથી લઈને શહેરની મોટા ભાગની સ્ટ્રીટને ફેડરિકો ફેલિનીની યાદગાર ફિલ્મોનાં નામ સુદ્ધાં આપવામાં આવ્યાં છે..!

આ જાણીને આપણા સિને- ચાહકોને અચૂક ઈર્ષા જાગે એ સહેજે છે. આમ છતાં, આપણા ખુદના મુંબઈના 'નેશનલ મ્યુઝિયમ ઓફ ઈન્ડિયન સિનેમા'ની અનેક વિશેષતા વિશે પણ આપણે વાત કરીશું બહુ જલદી..! ■

હાસ્ય વિનોદ

# બગાસું ખાતા નેપ્ચૂન મળ્યો...

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

કોઈ માણસ બગાસું ખાતો હોય ત્યારે જ એના મોંમાં પતાસું એકાએક જઈ પડે તો તે ચોક્કસ રાજી થાય, સિવાય કે એને ડાયાબિટીસ થયો હોય.

આ નેપ્ચૂન ગ્રહનું પણ બરાબર આવું જ થયું છે. હર્ષલ નામના વિજ્ઞાનીએ ૧૭૮૧માં યુરેનસની શોધ કરી અને આ યુરેનસ વિશે વધુ વિગતો જાણવા તેની સામે દૂરબીન માંડીને જોવામાં આવ્યું તો દૂરબીનની અડફેટે નેપ્ચૂન ચડી ગયો. આમ અકસ્માતે તે ઈસવીસન ૧૮૪૬માં શોધાયો, તેની ઉંમર ૧૫૪ વર્ષની ગણાય, પણ ગાંધીજી કરતાં તે માત્ર ૨૩ વર્ષ જ મોટો કહેવાય. હા, તે મોટો ખરો, પણ મહાન નહીં. જો કે તેને ખબર નથી, પરંતુ તે આપણી અસ્મિતાનું જીવંત સ્વરૂપ છે. તેને વિશે તેમ જ અસ્મિતા અંગે આપણે અંધારામાં હતા. અસ્મિતા જેવો શબ્દ નર્મદને કદાચ તેણે જ સુઝાડયો હશે, જે ત્યાર બાદ કનૈયાલાલ મુનશીએ ગુજરાતી સાહિત્યમાં ચલણી સિક્કાની જેમ ચલાવ્યો, જે આજેય ચાલે છે.

આ નેપ્ચૂન આમ તો અંગ્રેજી નામ છે, પણ આપણે ત્યાં તે વરુણદેવના નામે ઓળખાય છે. તેને ગુરુ તેમ જ શુક્રનો વિસ્તાર કહ્યો છે. તે મહાજ્ઞાની છે. તે કવિઓનો કવિ અને લેખકોનો લેખક છે. એ અર્થમાં તે કવિવર રવીન્દ્રનાથ ટાગોર છે અથવા તો ગુજરાતી લેખક સુરેશ જોશી છે. આ બન્ને સાહિત્યકારો લેખકો માટે લખતા હતા એટલે ક્યારે તો પોતાને પણ ન સમજાય એવું અઘરું લખી નાખતા.

મોટા મંદિરોમાં પાછલા દરવાજેથી ભગવાનનાં દર્શન કરાવવાનો ઈજારો એ મંદિરોના પૂજારીઓનો હોય છે એમ ઈશ્વરનો સાક્ષાત્કાર કરાવવાનો ઈજારો નેપ્ચૂનના હાથમાં છે, તેની પાસે એની પરમિટ છે. જે આવતી કાલે બનવાની છે એવી ઘટનાઓના દશ્યો, ટીવીની મદદ વગર કે જ્યોતિષીઓને પૂછયા વગર તે આજે બતાવી દે છે. જે કાલે બનવાનું છે એનાં સપનાંય તે આજે આપી દે છે. પરીક્ષાની ભાષામાં કહેવું હોય તો તે પેપર ફોડી નાખે છે.

ટૂંકમાં જે અલૌકિક ચીજો છે તે નેપ્ચૂનના સામ્રાજ્ય હેઠળ છે. રાહુ-કેતુની પેઠે નેપ્ચૂન અને હર્ષલ બન્ને એકબીજા સાથે સગા ભાઈ જેવો સંબંધ રાખે છે. અને બન્ને વચ્ચે કોઈ મુદ્દે ગેરસમજ ન થાય એ વાસ્તે નેપ્ચૂન-હર્ષલે એમ.ઓ.યુ. (મેમોરેન્ડમ ઑફ અન્ડસ્ટેન્ડિંગ-પરસ્પર સમજૂતીનો કરાર) કર્યો છે. આ કરાર મુજબ હર્ષલે ભૌતિક ચીજોને પોતાની સાથે જોડી છે. તેણે બુદ્ધિ અને તર્કને પોતાની સાથે રાખ્યાં છે. જ્યારે નેપ્ચૂનનો સંબંધ લાગણીઓ અને ભાવના સાથે છે. ભાવનાને અત્રે સંકુચિત અર્થમાં નહીં લેતા એને અધ્યાત્મના અર્થમાં લેવાની છે. આમ નેપ્ચૂન હૃદયથી જીવે છે, હર્ષલ બુદ્ધિથી જીવે છે. બન્ને એકબીજાની આડે આવ્યા વગર પોતપોતાની રીતે જીવે છે.

જોકે હર્ષલ કરતાં નેપ્ચૂને સૂરજથી પોતાને વધારે આઘો રાખ્યો છે. દૂર રહેવાથી ઓછું દઝાય છે એ પણ ખરું. સૂર્યથી તે ચાર અબજ, પચાસ કરોડ, ચાલીસ લાખ કિલોમીટર દૂર આવેલો છે. સૂર્યની પ્રદક્ષિણા તે ૧૬૫ વર્ષે પૂરી કરે છે. આપણા દિવસ-રાત ચોવીસ કલાકના હોય છે એમ તેના દિવસ-રાત ફક્ત છ કલાકના હોય છે. તો બીજા કેટલાક વિજ્ઞાનીઓના મતે ત્યાં દિવસ-રાત પંદર કલાકના હોય છે. જો કે આ બેમાંથી એક પણ વિજ્ઞાનીએ નેપ્ચૂન પર જઈ આ અંગે પાકી ખાતરી કરી નથી, પણ એક જમાનામાં મેં થોડાક મહિના સરકારી નોકરી કરી હતી એટલે મારું સરકારી મન ત્યાં પંદર કલાક જેટલો લાં...બો સમય સાંખી લેવા તૈયાર નથી એટલે આપણે અત્રે - અર્થાત્ તત્રે - ત્યાં છ કલાકના દિવસ-રાત સ્વીકારીને ચાલીશું. આથી અહીંની ગણતરી પ્રમાણે ત્યાં પંદર વર્ષની ઉંમરે માણસ નોકરીમાંથી રિટાયર થાય છે અને છ કલાકના જ દિવસ-રાત હોય તો દિવસ માત્ર ત્રણ જ કલાકનો હોય, એનો અડધો સમય એટલે કે દોઢ કલાકની નોકરી સરકારી કચેરીઓમાં રહે. ઑફિસનો પટાવાળો હજી તો ઓફિસે જઈ ચા-પાણી પતાવી ઑફિસમાં સાફસૂફી શરૂ કરે, બે-ચાર બીડીઓ ફૂંકી નાખે ત્યાં સાહેબો આવવા માંડે. પટાવાળો હજી તો મસ્ટર કહેતાં હાજરીપત્રક લઈ હાજર થઈ જાય એટલામાં તો ઑફિસના કલાકો પૂરા થઈ ગયા હોય એટલે મસ્ટરમાં સહી કરી સાહેબો ઘર તરફ ચાલવા માંડે અને પટાવાળો ઑફિસ બંધ કરવાના કામે લાગે.

પૃથ્વી માટે પણ નેપ્ચૂન બહુ દૂરનો ગ્રહ છે, જેથી જાતકની કુંડળી સુધી પહોંચતા તેને ખાસ્સી વાર લાગે છે. જાણીબૂઝીને તે પણ વધારે વાર લગાડે છે, કેમ કે તે પૂરતી તપાસ કર્યા વગર ગમે તેની કુંડળીમાં ઘસી જતો નથી. તે સંવેદનશીલ જાતકોમાં પણ જે અતિશય સંવેદનશીલ હોય એની જન્મકુંડળીમાં પણ એકદમ સંવેદનશીલ હોય એ જગ્યા પર જઈને ગોઠવાય જાય છે અને તેની હાજરીનો સાક્ષાત્કાર પામી જાતક તરંગો-વમળો અનુભવે છે. એમાંય જાતકના લગ્ને બેઠેલો નેપ્ચૂન કાચના વાસણ જેવો અત્યંત નાજુક હોય છે. જો કે તેના પર 'ગ્લાસ વિથ કેર' કે એવું કશું લખ્યું નથી હોતું.

લગ્ને યા ચંદ્ર સાથે રહેલા નેપ્ચૂનવાળી વ્યક્તિના શરીરના પરમાણુ અત્યંત સંવેદનશીલ અને લજામણીના છોડ જેવા હોય છે. આવો જાતક મીડિયમ (અથવા ધંધે કુરિયર યા આંગડિયો) તરત જ બની જાય છે. ઉચ્ચ આત્માઓ તેમ જ બૂટલેગર્સ, સ્મગલર્સ અને શુદ્ધ કેફી દ્રવ્યોની હેરાફેરી કરતા નિમ્ન કક્ષાના આત્માઓ આવા મીડિયમની કાયમ રાહ જોતા હોય છે. આ કારણે સરકારી ભાષામાં કહીએ તો પ્રથમ વર્ગના જ નહીં, બીજા, ત્રીજા અને ચોથા વર્ગના આત્માઓ પણ આવા જાતકનો કબજો આસાનીથી લઈ શકે છે. નેપ્ચૂન સાથે સૂર્ય, બુધ, ગુરુ અને ચંદ્ર જેવા શુભ ગ્રહોનો અંશાત્મક દૃષ્ટિ સંબંધ થાય તો પણ પ્લેટોનિક લવ (શુદ્ધ ગુજરાતી ભાષામાં કહેવું હોય તો મનમાં પરણવું અને મનમાં જ વૈધવ્ય મેળવવું!) ધર્મભગિની પ્રેમ અર્થાત્ ધર્મની બહેન દ્વારા મળતો શુદ્ધ પ્રેમ-જેની શુદ્ધતા અંગે લોકો અંદરોઅંદર કાનાફૂસી કર્યા કરતા હોય, ભક્તિભાવ અથવા તો જેના ભાવ બોલાતા હોય એવી પ્રોફેશનલ ભક્તિ, દિવ્ય અનુભૂતિઓ - જે સાંકડા ગળાના સમાજના ગળે ક્યારેય ઊતરતી નથી, યોગ (અર્થાત યોગાનુયોગ જે બને છે કે), વિઝન (માત્ર વિઝન, ટેલિવિઝન નહીં), લેખન - એટલે કે એવું લેખન જે વાંચતા વાંચક ત્રાસી જાય એવું ગૂઢ એટલે કે અઘરું ડ્રોઇંગ વગેરે સર્જે છે. સંક્ષેપમાં સર્જનાર માટે બધું સારું અને લાભદાયી થાય છે, પણ તેનો ભોગ બનનાર માટે આમ કહી શકાતું નથી. આ નેપ્ચૂન શુક્ર જેવા ગ્રહના શુભ યોગમાં સારા રાગ-રાગિણીનું જ્ઞાન આપે છે અથવા તો વિકલ્પે પ્લેબેક સિંગર બનાવે છે અને જેનામાં પ્લબેક સિંગર બનવાની પણ ત્રેવડ ન હોય તેવા જાતક પર મહેરબાન થઈ તેને પ્રસિદ્ધ પાર્શ્વગાયકોના નકલચી બનાવે છે અને આવો જાતક જે તે ગાયકની એવી તો અદ્ભુત નકલ કરી શકે છે કે અસલ ગાયક જે અંતરામાં બેસૂરો થયો હોય તે અંતરામાં બરાબર એ જ જગ્યાએ તે પણ બેસૂરો થઈને નકલકારની પોતાની પ્રતિષ્ઠા ઉજાગર કરે છે. ઉદાહરણ તરીકે વોઈસ ઑફ મુકેશ, વોઈસ ઑફ રફી, વોઈસ ઑફ કિશોરકુમાર વગેરે, વગેરે, વગેરે...

રાજ કપૂર જેવા ગ્રેટ શોમેનને બુધ-નેપ્ચૂનની યુતિ હતી અને શુક્ર-નેપ્ચૂન વચ્ચે અંશાત્મક અર્ધત્રિકોણ હતો. આ જ કારણે જે જે સ્ત્રીઓને એણે ચાહી એમાંની એક પણને એ પરણી ન શક્યો અને જેને એ પરણ્યો એને બાળકોથી વિશેષ કશું આપી ન શક્યો. મંગળ-નેપ્ચૂનના શુભ યોગોમાં સારી તર્કશક્તિ ખીલે છે અને આ તર્કશક્તિથી જાતક ડિટેક્ટિવ બની શકે છે, પણ જો એને ડિટેક્ટિવ થયા પછીય કોઈ કેસ ન મળે, માખીઓ મારવાના દિવસો આવે તો આ ગાળાનો સદુપયોગ કરી તે ડિટેક્ટિવ વાર્તાઓનો લેખક થઈ શકે છે. આ જાતક ચૂસ્ત સ્વદેશી પ્રેમી હોય તો પણ ડિટેક્ટિવ વાર્તા - લેખન પૂરતો એનો વિદેશપ્રેમ એને નડતો નથી અને ધારો કે જાતકની રુચિ લેખન દ્વારા પ્રજાને કંટાળો આપવાની ન હોય તો તે વિકલ્પે આયુર્વેદાચાર્ય પણ થઈ શકે છે. એમાં તો બસ, સ્વાવલંબી બની એણે પોતાનાં નામ આગળ ધન્વંતરિરત્ન અથવા ધન્વંતરિશ્રેષ્ઠ લખેલું પાટિયું દવાખાનાની બહાર ટિંગાડી દેવાનું રહે, કેમ કે આમાં તો હિસાબ અને જોખમ સોએ સો ટકા દરદીના માથે જ હોય છે.

ચંદ્ર અને નેપ્ચૂનના નબળા સ્થાનમાં અશુભ યુતિ વળગાડ આપે છે. આ જાતકને ભૂત-પ્રેત જ નહીં, જીવતા માણસ પણ ક્યારેક વળગે છે અને જેની કુંડળીમાં નેપ્ચૂન સાથે મંગળ હોય તો મનોરોગી અને એવા મનોચિકિત્સક બને છે. આ નેપ્ચૂનના તાબામાં તમામ મંદિરો, મઠો, આશ્રમો, યાત્રાધામો, યાત્રાધામોમાં ચાલતી સારી-નરસી પ્રવૃત્તિઓ, અખાડા-પ્રવૃત્તિઓ તેમ જ અખાડા મનોવૃત્તિઓ અને આધ્યાત્મિક શાળાઓનો સમાવેશ થાય છે. આટલું ઓછું હોય તેમ ડાહ્યા-ગાંડા માટેની ઈસ્પિતાલો, છોકરાઓએ તરછોડ્યાં હોય એવાં મા-બાપો નાછૂટકે જેમાં રહેવા ચાલ્યાં જાય છે તે વૃદ્ધાશ્રમો પણ આ ગ્રહના ચાર્જમાં છે.

શુક્રનું એ વિરાટ અને વ્યક્ત સ્વરૂપ હોવાથી આખેઆખો ફિલ્મ ઉદ્યોગ (ઍટેચ્ડ વિથ માફિયાઝ) તેમાં કામ કરતાં ડુપ્લિકેટો, જેમને ફાલતું ગણવામાં આવે છે એવા ઍક્સ્ટ્રાઓ પણ આવી જાય છે. ઉપરાંત અંગ્રેજી ફિલ્મો નહીં જોનારાઓને ખબર ન પડે અથવા તો અંગ્રેજી ફિલ્મો જોનારને પણ અણસાર ન આવે એ રીતે હિન્દી વાર્તાઓ ઘડી કાઢવામાં નિષ્ણાત એવા લેખક-જાતકોની કુંડળીમાં આ યોગ અંશાત્મક રીતે પડેલો હોય છે.

આ નેપ્ચૂન તો દરિયા પર આધિપત્ય જમાવી બેઠો છે. અશુભ ગ્રહોથી ઉશ્કેરાઈને તે ધ્રુજારો બતાવે ત્યારે દરિયાઈ તોફાનો આવે છે, જેમાં ભલભલા મગરમચ્છો અને દાણચોરીના માલથી છલોછલ ભરેલાં જહાજો ડૂબી જાય છે. આ નેપ્ચૂનના પ્રભાવને લઈને હાજી કાસમ જેવાઓની વીજળીઓ વેરણ થઈને આ દરિયામાં ગરક થઈ જાય છે તો ક્યારેક ટાઈટેનિકને જળ-દોસ્ત કરી નાખે છે! આથી અલબત્ત, ગુણવંતરાય આચાર્ય જેવા નવલકથાકારને એક સુંદર દરિયાઈ નવલકથા લખવાનો મસાલો મળે છે તેમ વિદેશી ફિલ્મકારોને ટાઈટેનિક જેવી અદ્ભુત ફિલ્મો ઉતારી એવૉર્ડો ગજવે કરવાની તક આપે છે.

નેપ્ચૂન સૂક્ષ્મ, આત્માથી પણ વધુ સૂક્ષ્મ અને પારદર્શક ગ્રહ છે, જે દેખાતો નથી એટલે તરત જ મીડિયમ બની જાય છે. ના, મીડિયા બનવામાં તેને જરાય રસ નથી... નેપ્ચૂનને જે જે રોગમાં દિલચસ્પી છે અથવા તો નેપ્ચૂન પ્રભાવિત જાતકને થતાં રોગોમાં ભય નામના માનસિક રોગને યોગ છે. ભય ન હોય ત્યાં ભય દેખી છળી મરવું, અંધારામાં રજ્જુને સર્પ અથવા તો પત્નીને ભૂત યા પલીત સમજીને ગભરાઈ જવું, ચીસાચીસ કરી મૂકવી, યાદશક્તિ ઘટી જવી. જોકે આવા જાતકો ભૂલકણો સ્વભાવ હોવાથી ઉધાર લીધેલા નાણાં પરત કરવાનું ભૂલી જાય છે. એટલી સહેલાઈથી ધીરેલા નાણાં પરત લેવાનું ભૂલી જતા નથી. આ એમની વિશેષતા છે. જીવનની ક્ષણભંગુરતાની યાદ સતત આવ્યા કરવાથી આવા જાતકો પોતાનું વિલ યાને વસિયતનામું વારંવાર ફેરવીને એમના વારસદારોનું બ્લડ પ્રેશર વધાર્યા - ઘટાડયા કરે છે. આ કારણે ક્યારેક એકાદ બે વારસદાર ઓછા થવાના યોગો ઊભા થાય છે.

નેપ્ચૂન એક સેતુ છે, જેના માધ્યમથી દેવો પૃથ્વી પર આવે છે અને પછી ભરાઈ પડ્યાની, પસ્તાવાની લાગણી અનુભવે છે. નેપ્ચૂનને ઈશ્વરનો ઑફિશિયલ એજન્ટ ગણવામાં આવે છે. તે ધારે ત્યારે ઈશ્વરને જાતકની આંખ સામે હાજર કરી શકે છે, પણ આ ગ્રહને ઈશ્વરની જેમ આસાનીથી જોઈ શકાતો નથી. તેને નીરખવો હોય ગગનમાં તો અતિ સૂક્ષ્મ દૂરબીનથી જ તે જોવો પડે ને જાતકની કુંડળીમાં તેની કેવી અસરો પડે છે એ જોવા તો એથી પણ ભારે - ખાસ પ્રકારનાં દૂરબીનની સહાય લેવી પડે.

નેપ્ચૂનની અશુભ અસરો ખાળવા તેમ જ તે છે એથી પણ તેને વધારે દૂર રાખવા ઑપલ નામનું રત્ન વીંટીમાં પહેરાવવામાં આવે છે. આ રત્ન વાદળ જેવી આભાવાળું અને મેઘધનુષ્ય જેવા ઝબકારા મારતું હોય છે. પણ આ રત્ન એન્ગેજમેન્ટ વીંટીમાં વાપરી શકાતું નથી, સિવાય કે જાતક ઑક્ટોબર મહિનામાં જન્મ્યો હોય. ઑક્ટોબરમાં જન્મી ન હોય એવી વ્યક્તિ જો આ રત્ન ધારણ કરે તો એને કુંવારા રહેવાનો યોગ આવે છે. તે બીજાઓના લગ્નોમાં મહાલી શકે છે, પણ પોતાની લગ્નપત્રિકા કોઈને આપવાનો સુયોગ એને સાંપડતો નથી. આ રત્ન ધારણ કરનાર સિક્સ્થ સેન્સ અર્થાત્ છઠ્ઠી ઈન્દ્રિય ધરાવે છે ને સાતમી ઈન્દ્રિય ધરાવવા પ્રયત્ન કરે છે. આ રત્ન પહેરનારનો પ્રેમી (કે વાઈસે વર્સા) બેવફા નીવડે ત્યારે ઑપલ રત્ન ઝાંખું થવા માંડે છે, પણ પ્રિયતમ બેવફાઈ કરશે જ એવી શંકા-કુશંકા કરીને વારંવાર આ રત્ન સામે જોયા કરવાથી પણ તે ઝાંખું પડે છે એનો જાતકે ખ્યાલ રાખવો.. અસ્તુ. ■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# બાર બાપની વેજા અને બારગીર



બારમો મહિનો (ગ્રેગોરિયન કેલેન્ડર અનુસાર ડિસેમ્બર) બેસી ગયો છે. એકંદરે ગુલાબી ઠંડીના દિવસોનો પ્રારંભ, અને એટલે કોઈ મજાકમાં કહી દે કે બારમાં બેસવાના દિવસો શરૂ થઈ ગયા છે. ઘરબાર વિનાના અને ઘરમાં બાર વિનાના એમાં બહુ મોટું અંતર છે. અલબત્ત બારની કુટેવને કારણે ઘરબાર વિનાના થઈ જવાયું હોય એવી સંભાવના ખરી. બારની કુટેવને કારણે પત્ની સાથે બાર બાર વર્ષના અબોલડા થઈ જાય એ વળી અલગ જ વાત છે. ટૂંકમાં બારનો મહિમા અનંત છે જેના વિશે વધુ જાણકારી મેળવી ભાષા સમૃદ્ધિ વધારવાની કોશિશ કરીએ. કેટલાક એવા ઓછા જાણીતા શબ્દોની દુનિયામાં ડોકિયું કરીએ જેની સાથે બાર શબ્દ જોડાઈ ગયો છે.

મારો છોકરો ઉધામા લે છે, **તોફાની બારકસ** છે એવી ફરિયાદ તમે અનેક મમ્મીના મોઢે સાંભળી હશે. એમાં રહેલો **બારકસ** શબ્દ મૂળે ફારસી છે. શબ્દકોશમાં એનો અર્થ ભારે બોજ લઈ જતું વહાણ અથવા વ્યાપારી માલનું જહાજ એવો આપવામાં આવ્યો છે. ચોક્કસ સંદર્ભ નથી મળતો, પણ અનુમાન કરી શકાય છે કે વ્યાપારી માલવાહક જહાજ તોફાનમાં સપડાઈ જાય તો કેવું ધાંધલિયું બની જાય, કાબૂ બહાર થઈ જાય, એ જ રીતે બાળક કાબૂમાં ન રહેતા બાળક માટે **તોફાની બારકસ** શબ્દ ઉપયોગમાં લેવાયો હશે. **બારખળી જમીન** એટલે જમીનદારો દ્વારા મહેસૂલ વસૂલ કરવામાં આવતું હોય તેવી જમીન, ખાલસા ન કરી હોય તેવી જમીન. ધર્માદા જમીન માટે પણ આ પ્રયોગ વપરાય છે. જે જમીનના ઉત્પન્નમાંથી સરકારનો હિસ્સો ન આપવાનો હોય તેવી ઊપજને ખળામાં લાવવામાં આવતી નથી. એવી **જમીન ખળા બહાર એટલે બારખળી** (ખળીની બહાર) તરીકે જાણીતી થઈ. **બારગીર** શબ્દ તાજેતરમાં મહારાષ્ટ્રના રાજકારણ સંદર્ભે ખાસ્સો ચર્ચામાં આવ્યો હતો. બારગીર મૂળ ફારસી શબ્દ છે અને એનો અર્થ બોજો ઉપાડનાર કે ભાર વેંઢારનાર એવો થાય છે. છત્રપતિ શિવાજી મહારાજના સમયકાળમાં પાયદળની જેમ ઘોડદળ પણ રહેતું જેમાં પાણીદાર ઘોડા અને એના પર પલાણવામાં માહેર સૈનિકોનો સમાવેશ રહેતો. રાજા એ સૈનિકને ઘોડાની સાથે શસ્ત્ર પણ સોંપતા. બારગીરને સરકારી કર્મચારીનો દરજ્જો રહેતો અને સરકાર જ એને પગાર ચૂકવતી હતી.

હવે બારને ગાણિતિક સંખ્યા તરીકે નહીં પણ સંખ્યાનો ભાવ ધરાવતા કેટલાક પ્રયોગો જોઈએ. **બાર બાપની વેજા** કહેવત સમજતા પહેલા એમાં આવતા શબ્દો સમજીએ. અહીં બાર શબ્દ સંખ્યાના અર્થમાં જ છે, પણ નિશ્ચિત ૧૨ નહીં, બલકે ખાસ્સી સંખ્યામાં એવો અર્થ અભિપ્રેત છે. વેજા એટલે છોકરાઓનું ટોળું. આ સંદર્ભ જાણ્યા પછી કહેવત સમજવી ખૂબ જ આસાન રહેશે. **બાર બાપની વેજા** એટલે પરસ્પર જુદા જુદા અભિપ્રાય ધરાવતા અથવા એકમેક સાથે મેળ ન ખાય એવો મત ધરાવતા લોકોનો સમૂહ. હક માંગવા બધા તૈયાર હોય, પણ કામ કરવાનું હોય ત્યારે બધા પીઠ દેખાડી દે. વેજા પણ સૂચિત અર્થમાં છે.

**बारा वर्ष शेला विणला, म्हणे राजाच्या दफणाला**

કમાનમાંથી છૂટેલું તીર અને મોઢામાંથી નીકળેલો શબ્દ એ બંને પાછા નથી વાળી શકાતા. તીર લક્ષ્યના દેહને વીંધે છે અને શબ્દ દિલને વીંધે છે. એટલે જ કહેવાય છે કે બોલતા બે વાર વિચાર કરવો. એક ખોટો શબ્દ એક હજાર સારા કામ પર પાણી ફેરવી દે છે અને બધી કોશિશ - મહેનત નકામી જાય છે. આ સંદર્ભ દર્શાવતી એક કહેવત મરાઠીમાં છે **बारा वर्ष शेला विणला, म्हणे राजाच्या दफणाला.** મરાઠી શબ્દ શેલા એટલે રેશમી શાલ. એક રજવાડાની કથા આ કહેવતના ભાવાર્થ પર પ્રકાશ ફેંકે છે. રજવાડામાં વસ્ત્ર સજાવટનો એક કુશળ કારીગર રહેતો હતો. એના સિલાઈ કામ અને ભરતકામની પ્રશંસા દૂર દૂર ફેલાઈ હતી. પોતાનો દીકરો પણ મોટો થઈ નામના કાઢે એ આશય સાથે કારીગરે નાનપણથી જ બધું કામ શીખવી દીધું. આ તરફ કુંવર પણ ઉછરી રહ્યો હતો અને રાજાએ ઘોષણા કરી અમુક વર્ષ પછી એ ગાદી પર આવશે. કારીગરે દીકરાને ભાવિ રાજા માટે અનેક વર્ષ મહેનત કરી જરીવાળું ઉપરાણું તૈયાર કર્યું, પણ એ આપતી વખતે 'મહારાજ, આ આપના દફન માટે છે' એમ કહી પોતાના જ પગ પર કુહાડી મારી. લાંબો સમય પરિશ્રમ કરી સરસ વસ્તુ તૈયાર કરી અંતે એક અજૂગતા શબ્દથી બધી મહેનત પર પાણી ફરી વળ્યું.

## हिंग्लिश VINGLISH
## Twelve in Idioms
## बारह की कहावतें

ભાષાની ચમત્કૃતિ ગજબની હોય છે. ક્યારેક ચોંકાવી જાય, ક્યારેક હેરત પમાડે તો ક્યારેક થોડામાં ઘણું સમજાવી જાય. અંકગણિતમાં શબ્દો ભળતા બીજગણિત બને એ આપણે જાણીએ છીએ. વિવિધ અંકની જેમ ૧૨ - બાર પણ હિન્દી ભાષાની કહેવતો - રૂઢિપ્રયોગોમાં વણાઈ ગયો છે. **कुत्ते की दुम बारह जमीन में गाडी फिर भी टेढी ही निकली. तबीयत और फित्रत की कजी कोशिश से नहीं जाती। लाख कोशिश के बावजूद जब कोई तबदीली ना हो तो कहते हैं.** મનુષ્ય સ્વભાવ અને પ્રકૃતિ લાખ કોશિશ કરવા છતાં નથી બદલાતા એ એનો ભાવાર્થ છે. આ કહેવત તો ગુજરાતીમાં પણ જાણીતી છે 'કૂતરાની પૂંછડી જમીનમાં દાટો તો પણ વાંકી ને વાંકી' તરીકે પ્રસિદ્ધ છે. અંગ્રેજીમાં પણ એવી જ કહેવત છે કે **A dog's tail is never straight. The lazy and incorrigible are never cured of their bad habits.** આળસુના પીર અને બદલાવના વિરોધી લોકોને કુટેવથી મુક્ત નથી કરી શકાતા એમ કહેવામાં આવ્યું છે. **आठ गाँव का चौधरी और बारह गांव का राव, अपने काम न आए तो ऐसी तैसी में जाओ.** કહેવત અત્યંત માર્મિક છે. સમજવા જેવી અને સમજીને કાયમ યાદ રાખવા જેવી છે. ગામમાં ખાસ્સી મિલકત ધરાવતી ધનવાન વ્યક્તિની વાત છે. **कोई कैसा ही धनवान अथवा धनी हो जब अपना काम उसे ना निकले तो ऐसे घन-धान्य से कया लाभ, जिस से कोई भाल ना हो उस का होना ना होना बराबर है.** કોઈ વ્યક્તિ ગમે એટલી શ્રીમંત - પૈસાદાર હોય, પણ જો એ આપણા ખપમાં ન આવે તો એની ઓળખાણ ન હોય તો પણ શું ફેર પડે? આવી વ્યક્તિ હોવા છતાં ન હોવા બરાબર છે. ચા કરતાં કીટલી ગરમ કહેવત તમે જરૂર જાણતા હશો. એનો અનુભવ પણ કર્યો હશે, ખાસ કરીને કોઈ ઓફિસમાં. **बाडी में बारह आम सट्टी अठारह आम** કહેવતમાં માલિક - નોકરના સંબંધ પર સર્ચ લાઈટ મારવામાં આવી છે. ખેતરમાં કામ કરતા લોકો એટલા ચાલાક હોય છે કે ખેતીની ઊપજ માટે કામ કરવાનું હોય ત્યારે માંદગીનું બહાનું કાઢી આવે નહીં અને અન્યનું ખેતર હોય ત્યારે લાભ લેવા હોંશે હોંશે હાજર થવાનું. **नौकर का आका से भी ज्यादा मिजाज.** માલિક કરતા નોકર વધુ હોશિયાર. અંગ્રેજીમાં આવા જ ભાવાર્થવાળી અને ગુજરાતી કહેવત સાથે ખાસ્સું સામ્ય ધરાવતી કહેવત છે **Kettle hotter than the Tea. Union Minister Nitin Gadkari today took potshots at the style of functioning of over enthusiastic personal assistants (PAs) of ministers, saying sometimes 'the kettle is hotter than the tea'.** કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ તાજેતરમાં અતિઉત્સાહી અંગત સહાયકોના ઉદાહરણ આપી વાણોતર શેઠ કરતાં વધુ ડાહ્યો થવાની કોશિશ કરે છે એ ભાવાર્થ રજૂ કર્યો હતો. **अनाडी का सौदा बारह बाट-नौसिखिया का सौदा या काम भरोसेमंद नहीं होता इधर उधर बिखरा हौता है.** અનાડી માણસે કે નવ શિખાઉ વ્યક્તિએ કરેલા કામ કે પાર પાડેલા સોદા પર ભરોસો કરી ન શકાય. એના ઠેકાણા ન હોવાની સંભાવના વધારે છે. અંગ્રેજીમાં **Fool's bargain** રૂઢિપ્રયોગનો અર્થ જુદો છે. **It means an agreement in which one party ends up disadvantaged or cheated.** એક એવો કરાર કે સંમતિ જેમાં એક પક્ષને નુકસાન થાય અથવા છેતરાયા હોવાની લાગણી થાય. ■



---

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ટેસ્ટ મેચ મેચ જીતવા છતાં ?..



'યુ ઓલ આર બન્ચ ઓફ જોકર્સ.' ચેરમેને પોતાની દાઝ ઉતારી. ચેરમેન ગ્રીનબર્ગ ભયંકર ગુસ્સામાં હતો. તે પોતાના વાળ ખેંચતો હતો. તેની સામે અગિયાર જણા ઊભા હતા. જે ચેરમેનના ગુસ્સાનો શિકાર બન્યા હતા.

'તમે અમારું અપમાન કરી રહ્યા છો, મિસ્ટર સીઇઓ.' કેપ્ટન જેવા સ્મિથે ચેરમેનના વિધાનનો વિરોધ કર્યો.

'હું ફરીથી કહું છું કે તમે બન્ચ ઓફ જોકર્સ છો.' ચેરમેને વિવાદ વકરાવવા વાયડું સ્ટેટમેન્ટ દેહરાવ્યું.

'અમે મહેનત કરીને મેચ જીતી છે.' કેપ્ટને સસ્મિત કહ્યું. 'તો તમને મારા માથા પર બેસાડું?' ચેરમેને લાલચોળ થઇને પૂછયું.

'તમારો સ્વભાવ ખડુસ છે એટલે તમે અમારા વખાણ ન કરો એની અમને ખબર છે..એટલીસ્ટ અમને ધમકાવવાનું બંધ કરો.' કેપ્ટને મક્કમ થઇને કહ્યું.

'તમે તો ઇચ્છતા હશો કે હું તમારી આરતી ઉતારું? ચેરમેને કટાક્ષ કર્યો.

'એની કોઇ જરૂર નથી. બસ, અમારી ઇજ્જતનો આ રીતે ફાલૂદો ન કરો.'

'તમે લોકો એક ટેસ્ટ મેચ જીત્યા છો. ટ્વેન્ટી ટ્વેન્ટી કે વન ડે મેચનો વર્લ્ડ કપ જીત્યા નથી કે તમારા અછોવાના કરું. સમજ્યા?'

'ખેલાડીની ટીકા કરવી સહેલી છે. મેદાન પર એકસો પચાસ કિલોમીટરની સ્પિડે આવતા બાઉન્સર કે યોર્કરનો સામનો કરવો કેટલું દુષ્કર છે એની ખબર પડી જશે. જીવનમાં કદી બેટ પકડ્યું ન હોય કે બોલ ન પકડ્યો હોય અને ક્રિકેટનો સ્પેલિંગ સાચી રીતે લખી શકતા ન હોય તેવા લોકો ક્રિકેટ બોર્ડના માંધાતા બની જાય છે.' કેપ્ટને પણ તેના મનની ભડાશ કાઢી.

'એટલે કહેવા શું માંગો છો?' ચેરમેન બગડ્યા .

'તમે જે સાંભળ્યું એ જ કહેવા માગું છું,'

'ટેસ્ટ મેચ કેટલા દિવસની હોય?' ચેરમેને યોર્કર જેવો સવાલ કર્યો. 'ટેસ્ટ મેચ પાંચ દિવસની હોય.' કેપ્ટને ફટાક દઇને જવાબ આપ્યો.

'તમે લોકો ક્રિકેટર બન્યા એ પહેલાં ચૂનો ચોપડવાનું કે કોઇનું ગબન કરવાનું કામ કરતા હતા?' ચેરમેને આંખ ચૂંચી કરીને ખંધા મુન્શીની જેમ સવાલ કર્યો.

'તમે એમ કેમ જેમતેમ પૂછો છો?' કેપ્ટન બગડ્યો.

'જસ્ટ રિલેક્સ યંગ મેન. ચિલ્ડ બિયર પી ચિલ થા.' ચેરમેને સિગારેટ સળગાવતાં કેપ્ટનને સ્વસ્થ રહેવાની સલાહ આપી.

'અમે ક્રિકેટર બન્યા તે પહેલાં લોન્ડ્રીમેન, ફાઉન્ડ્રીમેન, બાઉન્ડરીમેન, ફાર્મર, ટીચર, ક્લાર્ક , એનિમલ ઝૂ કીપર હતા..અંધારામાંથી એક પણ કલરમેન એટલે રંગરેજ ન હતા.'

'તમે લોકોએ ક્રિકેટ બોર્ડનો ભઠો બેસાડી દીધો છે.'

'અમારો વાંક શું? અમે શું ગુનો કર્યો છે?' કેપ્ટન સહિત અગિયાર જણાએ રડમસ અવાજે પૂછ્યું.

'વાંક શું? ગુનો શું? વાહ તમારી માસૂમિયત .' ચેરમેને કટાક્ષમાં બોલ્યો.

'અમને ખરેખર ખબર નથી. તમે કાંઇક ફોડ પાડો તો ખબર પડે.' કેપ્ટને સરન્ડર થઇ પૂછ્યું. :

'માની લઇએ કે અમારો વાંક છે. અમારા લીધે નુકસાન થયું છે તો એ નુકસાનીની રકમ અમારી ફીમાંથી કાપી લેજો.' અગિયાર જણા ટીમ તરીકે ખખડીને બોલ્યા.

'નુકસાન કેટલું છે તેનો અંદાજ છે?' ચેરમેને ટેબલ પર ગુસ્સાથી હાથ પછાડ્યો.

'બે પાંચ હજાર ડૉલર તો બોર્ડ માટે કાનખજૂરાના પગ જેવું કહેવાય.' હેડ નામના ખેલાડીએ કહ્યું.

'તમારી સૌની બેવકૂફીને લીધે બોર્ડને હજારો ડૉલરનું નુકસાન થયું છે.' ચેરમેને વટાણા વેર્યા.

'એ તો સ્ટોલવાળો બે ચાર બર્ગર, પાંચદસ સેન્ડવિચ કે દસબાર હોટડોગ કે સોડા વેચી ન શકે તો આટલું મોટું નુકસાન થોડું થાય? તમે એવું ઇચ્છો કે બેટિંગ, બોલિંગ, ફિલ્ડિંગ કે વિકેટકીપિંગ પડતું મેલીને અમે ખેલાડીઓ સેન્ડવિચ કે બર્ગર વેચીએ?' કેપ્ટને ચેરમેનને સ્ટમ્પની અણી જેવો સવાલ પૂછયો.

'હં ચોરી પર સિનાજોરી?' ચેરમેન કુટિલ હસ્યો .

'આ બધી લપ્પનછપ્પન મુકો અને મૂળ મુદા પર આવો. તમે નોળિયો નથી અને અમે સાપ નથી.' કેપ્ટને ઇનફ ઇઝ ઇનફ કર્યું.

'ટેસ્ટ મેચ પાંચ દિવસની હોય. ઇંગ્લેન્ડ જેવા પરંપરાગત હરીફ સાથે એશીઝ ટ્રોફીની મેચ નોર્મલ ન હોય. એશીઝ ટ્રોફીની મેચ હાઇ વોલ્ટેજ ડ્રામા જેવી હોય. પ્રેક્ષકો મેચની પળોપળ માણવા પાંચ પાંચ દિવસની ટિકિટો ખરીદે. ક્યારેક બ્લેકમાં પણ ટિકિટ એડવાન્સમાં ખરીદે' ચેરમેને પ્રસ્તાવના કહી. જો કે, તે શું કહેવા માંગતા હતો તેની સ્મિથને ખબર પડી નહીં.

'તેનું શું છે?'

'હમણા ભારતની ક્રિકેટની ટીમ સાઉથ આફ્રિકા સામેની મેચ ચારસો આઠ રને હારી ગઇ.પણ ભારતની ટીમ પૂરા પાંચ દિવસ મેચ ખેંચી ગઇ.' ચેરમેને વિગતો આપી. 'પણ આપણે તો જીતી ગયા છીએ.' કેપ્ટને કોલર ઊંચો કરી જવાબ આપ્યો.

હમણા ઓસ્ટ્રેલિયાના પર્થ ટેસ્ટ મેચ ખાતે રમાયેલ. જે બે દિવસમાં જ પૂરી થયેલી. પહેલાં દિવસે પચાસ હજાર પ્રેક્ષકોની હકડેઠઠ પ્રચંડ ભીડ હતી. બીજા દિવસે એકાવન હજાર... ત્રીજા, ચોથા અને પાંચમા દિવસે તો આના કરતાં વધારે દર્શકો મેચ જોવા આવશે તેમાં કોઇ મીનમેખ ન હતો, પરંતુ ઓસ્ટ્રેલિયન ટીમે રેપિડફાયર રાઉન્ડ જેવી ટ્વેન્ટી ટ્વેન્ટી મેચ જેવી રમત ખેલી. ટીમ જીતી ગઇ. પરંતુ, બોર્ડને ત્રીજા, ચોથા અને પાંચમા દિવસની રમત માટે વહેંચાયેલ ટિકિટનું રીફંડ આપવાને લીધે ૩૦.૦૦.૦૦૦ મિલિયન ડૉલરનો ધુંબો લાગી ગયો. મતલબ કે ભારતીય ચલણમાં રૂપિયા ૧૭,૩૫,૦૦,૦૦૦નું નુકસાન વેઠવું પડ્યું. ઓસ્ટ્રેલિયન ટીમ પાંચ દિવસની રમત રમી હોત તો બોર્ડને ટિકિટ રીફંડ કરવાનું નુકસાન સહન કરવું પડ્યું ન હોત... !

ક્રિકેટમાં કોઇ ટીમની હાર થાય તો પરાજિત કેપ્ટન, ખેલાડી, કોચ, સિલેકટર, પીચ ક્યુક્યુરેટર એમ તમામ પર માછલાં ધોવાય. જગતમાં એકમાત્ર ઓસ્ટ્રેલિયન ટીમ એવી ટીમ હશે કે તે ટેસ્ટ મેચ જીતી ગઇ તો પણ તેના પર માછલાં ધોવાયા. એટલું નહીં. પરંતુ, કેપ્ટને મેચ વહેલી પૂરી કરવા માટે પ્રેક્ષકોની માફી માગવી પડી! ■

# ભુજના ભાવેશ્વર નગરમાં ઈલેક્ટ્રોનિક્સની દુકાનના ખાનગી ગોડાઉનમાં ભીષણ આગ ફાટી નીકળી

ભુજ: ભુજના ભાવેશ્વર નગરમાં ઇલેક્ટ્રોનિક્સની દુકાનના આવેલા ગોડાઉનમાં કોઈ અગમ્ય કારણોસર વિકરાળ આગ ફાટી નીકળતાં આસપાસના લોકોમાં ભય ફેલાયો હતો.

ગત શુક્રવારે મોડી સાંજના અરસામાં સર્જાયેલી આ આગજનીની દુર્ઘટના અંગે ફાયર શાખાના દિલીપ ચૌહાણે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ભુજની વડી ટપાલ કચેરી પાસે આવેલી સિમરન સેલ્સ નામની ઈલેક્ટ્રોનિક સામાનના શો-રૂમના ભાવેશ્વર નગરમાં આવેલા ગોડાઉનમાં સંભવિત શોર્ટસર્કિટના લીધે આગ લાગી હતી, જેમાં ટીવી, ફ્રીઝ, એસી, કૂલર,વોશિંગ મશીન, માઇક્રોવેવ ઓવન, પંખા, સહિતનો ઈલેક્ટ્રોનિક્સનો તમામ સામાન બળીને ખાખ થઇ ગયો હતો. અગનજ્વાળાઓએ જોતજોતામાં વિકરાળ સ્વરૂપ લેતાં આસપાસના લોકો ભયભીત થયા હતા અને તાત્કાલિક ફાયર શાખાને જાણ કરતાં ૨૫થી ૩૦ જણની અગ્નિશમન દળની ટુકડીઓ ચાર ફાયર વ્હિકલ સાથે ધસી ગઈ હતી અને સાડા ત્રણ કલાક સુધી સતત પાણીનો મારો ચલાવ્યા બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવાયો હતો. આ આગજનીમાં વેપારીને મોટી નુકસાની થઈ હોવાની ભીતિ સેવાઈ રહી છે. બનાવની જાણ થતાં દુકાન માલિક પરિવાર સહિત દોડી આવ્યા હતા, તો પીજીવીસીએલની ટુકડી પણ ઘટનાસ્થળે ધસી આવી હતી. તે ઉપરાંત ભુજ શહેર બી-ડિવિઝન પોલીસ કાફલો પણ તાબડતોબ પહોંચી આવ્યો હતો અને આગ કઈ રીતે લાગી તે જાણવા સહિતની તપાસ આદરી હતી.

# ભુજના માધાપરમાં લગ્નપ્રસંગમાં આવેલા આમંત્રિત મહેમાનોના વાહનોમાં આગ ફાટી નીકળતાં ભય

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: શહેરના પરા સમાન માધાપર ગામમાં સ્થિત જાણીતાં નાના યક્ષના મંદિર સામે આવેલાં મેદાનમાં પાર્ક કરાયેલી બે કારમાં સંભવત : ફટાકડાને કારણે આગ ફાટી નીકળતાં લોકોમાં ભય ફેલાયો હતો. ઘટનાસ્થળે તત્કાળ પહોંચેલી અગ્નિશમન દળની ટુકડીઓએ આગ પર કાબૂ મેળવ્યો હતો. અલબત્ત, બંને કાર સળગીને રાખ બની ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, યક્ષ મંદિરના પાર્ટી પ્લોટમાં શુક્રવારે આયોજિત લગ્નપ્રસંગને લઈને બહાર મેદાનમાં આમંત્રિતોના મોટી સંખ્યામાં વાહનો પાર્ક થયેલાં હતાં, તેવામાં સંભવિત ફટાકડાના કારણે મેદાનમાં રહેલા કચરામાં લાગેલી આગ અહીં ઊભેલી એક કારમાં આગ લાગી હતી. જોતજોતાંમાં તેની બાજુમાં ઊભેલી બીજી મોટરકાર પણ આગની ઝપટમાં આવી હતી. પાર્ટી પ્લોટમાં લગ્ન માણી રહેલાઓ બહાર આ બનાવથી અજાણ હતા, તેવામાં ત્રીજી ગાડી પણ આગ લાગવાની અણી પર હતી, ત્યારે અગ્નિશમન દળ આવી પહોંચ્યું હતું અને અન્ય વાહનમાલિકો પણ આવી જતાં અન્ય વાહનો આગમાં રાખ થવાથી બચી ગયા હોવાનું જાણવા મળ્યું હતું.

# રાજકોટમાં નવ હોક વિમાન સાથે સૂર્યકિરણ ટીમે રિહર્સલ કર્યું

અમદાવાદ: રાજકોટમાં આજે એટલે કે રવિવારે ભારતીય વાયુસેનાની સૂર્યકિરણ એરોબેટિક્સ ટીમ દ્વારા એર શોનુ આયોજન કરવામાં આવ્યું છે ત્યારે શનિવારે ટીમે ફાઈનલ રિહર્સલ કર્યું હતું. આ રિહર્સલનો મુખ્ય હેતુ વાતાવરણનો અંદાજ મેળવવાનો પણ છે. આ કાર્યક્રમ અટલ સરોવર ખાતે યોજવામાં આવી રહ્યો છે. રિહર્સલના દિલધડક દશ્યો લોકોએ કેમેરામાં કેદ કર્યા હતા. નવ હોક વિમાનોએ આકાશમાં કરતબ બતાવ્યા હતા. આ કાર્યક્રમ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે આયોજિત કરવામાં આવ્યો છે. અગાઉ એક રિહર્સલ સૂર્યકિરણ ટીમે કર્યું હતું. તે સમયે પણ ઘણા શહેરીજનોએ આ કરતબો માણ્યા હતા. આકાશમાં વિવિધ આકૃતિઓ બનાવવી, રંગબેરંગી ફોર્મેશન સાથે



શિસ્ત અને સર્જનાત્મકતાનું સુંદર પ્રદર્શન ટીમ દ્વારા કરવામાં આવશે. આ પ્રકારના શો અને સરંક્ષણ પાંખોની સ્પિરીટ જોઈને યુવાનોમાં પણ દેશની સેવા કરવાનું જોમ જાગતું હોય છે. આજે રાજકોટના આકાશમાં સવારે દસ વાગ્યાથી ૪૦ મિનિટ માટેના આ એર શોમાં હજારો શહેરીજનો જોડાશે, તેવી સંભાવના છે.

# તમારા નામે સુપ્રીમ કોર્ટનું વોરંટ નીકળ્યું છે, આદિપુરના વૃદ્ધને ડિજિટલી અરેસ્ટ રાખીને સાયબર ક્રિમિનલોએ મરણ મૂડીના ₹ ૪,૩૦,૦૦૦ પડાવી લીધા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: રાજ્યમાં સાયબર ફ્રોડ અંગે જાગૃતિ આણવા માટે સતત થઇ રહેલા પ્રયાસો છતાં પણ ભોળા નાગરિકો સતત લૂંટાઈ રહ્યા છે તેવામાં આદિપુરમાં રહેનાર નિવૃત્ત એવા વૃદ્ધને વોટ્સએપ ઉપર વીડિયો કોલ કરી, ખોટી ઓળખ આપી, ડરાવી-ધમકાવીને સાયબર ક્રિમિનલોએ તેમને ડિજિટલ અરેસ્ટ કર્યા હતા અને રૂ.૪,૩૦,૦૦૦ પડાવી લીધા હતા.

આદિપુરના સાતવાળી સી.બી.એક્સ-૯૭ નામના વિસ્તારમાં રહેનાર દુર્ગાશંકર ટોપનદાસ શર્મા નામના વડીલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત તા.૧૭-૧૧ના રોજ તેમના ઘરે હતા ત્યારે અજાણ્યા નંબર પરથી તેમને વોટ્સએપના વીડિયો કોલ આવ્યો હતો. શરૂઆતમાં તેમણે ફોન ઊંચક્યો ન હતો, પરંતુ બાદમાં જવાબ આપતાં ફોન કરનારા શખ્સે હિન્દી ભાષામાં વિનયકુમાર ચોબે આઇ.પી.સી. પોલીસ મુંબઇથી વાત કરતો હોવાનું જણાવ્યું હતું અને તમારા નામે સુપ્રીમ કોર્ટનું અરેસ્ટ વોરંટ નીકળ્યું હોવાનું જણાવ્યું હતું. પોતે કોઇ ગુનો ન કર્યો હોવાનું વૃદ્ધે કહેતાં અમારા મેડમથી વાત કરી લેજો તેવું આ શખ્સે કહ્યું હતું.

બાદમાં ફરીથી ફોન આવ્યો હતો જેમાં દેખાતી મહિલાએ પોતાની ઓળખ સ્ટેટ ઇન્વેસ્ટિગેશન વિભાગની અધિકારી નવજ્યોત સિમ્મી તરીકેની આપી હતી. અરેસ્ટ વોરંટ ઠેલવવું હોય તો સુપ્રીમ કોર્ટથી વાત કરીશ, તેમ જણાવી, મોબાઇલ ઉપર સરકારી કચેરીઓના સહી-સિક્કાવાળા જુદા-જુદા દસ્તાવેજો તેમને મોકલવામાં આવ્યા હતા, જેમાં મુંબઇ ક્રાઇમ બ્રાન્ચ તથા મુખ્ય આરોપી તરીકે નરેશ ગોયલ જેવી વિગતો હતી. આ દસ્તાવેજો જોઇને ફરિયાદી ખૂબ ડરી ગયા હતા. બાદમાં બીજા દિવસે અને તે પછી વીડિયો કોલ કરી આ મહિલાએ પોતે સુપ્રીમ કોર્ટમાંથી સમય લઇ લીધો છે, પણ સિક્યુરિટી માટે રૂપિયા ભરવાની વાત કરી હતી.

ફરિયાદીએ પોસ્ટઓફિસમાં ખાતું હોવાનું અને જીવનભરની કમાણી તે ખાતામાં રૂ. ૧૫ લાખ હોવાનું કહ્યું હતું. મહિલાએ તમારા ખાતામાં છે તેના ૫૦ ટકા એટલે સાડા સાત લાખ રૂપિયા ભરવાનું જણાવતાં પોતે મરણમૂડી છે, તમે મારી ધરપકડ કરી લો તેમ કહેતાં મહિલાએ રૂ. ૪,૩૦,૦૦૦ માગ્યા હતા અને કૃપેશ અનિરુદ્ધ કુમાર નામના શખ્સના ખાતા નંબર મોકલાવ્યા હતા. આ ખાતા નંબર કોના અને તે કોણ છે તેવું પૂછતાં મહિલા તે નામદાર અદાલતનો જ કર્મચારી હોવાનું જણાવી, તપાસ પૂરી થશે તો રૂપિયા વ્યાજ સહીત પરત આપી દેશું તેવી હૈયાધારણ આપી હતી.

ત્યારબાદ જાન છોડાવવા માટે ઇન્ડિયા પોસ્ટમાંથી મરણ મૂડીના પૈસા ઉપાડી આરોપીના બેંક ખાતામાં જમા કરાવ્યા હતા અને આ રૂપિયા મળી ગયાની રસીદ પણ મોબાઇલમાં મોકલવામાં આવી હતી.

બાદમાં ફરિયાદીએ આ નંબરો પર વારંવાર ફોન કર્યા છતાં તેમણે ફોન ઉપાડયા નહોતા. પોતે છેતરાયા હોવાનું બહાર આવતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકના હેલ્પલાઇન નંબર ૧૯૮૦ પર અજ્ઞાત આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# અબડાસાના વિંઝાણમાં રહેણાક મકાનમાં ગેરકાયદે ચાલતું ગૌવંશ કતલખાનું ઝડપાયું: ત્રણ ગૌવંશનો બચાવ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છના અબડાસા તાલુકાના વિંઝાણ ગામમાં એક રહેણાક મકાનમાંથી ગેરકાયદે ચાલતાં કતલખાનામાં એક ગાય તથા બે ગૌધન અને એક બળદ તથા મૃત ગૌવંશ પશુના અવશેષો મળી આવતાં કચ્છ સહિત બૃહદ કચ્છમાં ચકચાર ફેલાઈ હતી.

પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખા પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, પૂર્વ બાતમીના આધારે હાથ ધરાયેલી કાર્યવાહીમાં વિંઝાણમાં અલીઅકબર ઉર્ફે ઈકબાલ જાકબ હિંગોરા નામના શખ્સના રહેણાક મકાનમાંથી મૃત ગૌવંશ પશુના અવશેષો તથા મકાનની પાછળના ભાગે આવેલા શેડમાં કતલ માટે રાખવામાં આવેલી એક ગૌ માતા તથા બે નંદી મળી આવ્યા હતા.

મૃત પશુના અવશેષો તથા પશુઓને કાપવા માટેના જુદા-જુદા ધારદાર હથિયારો કબજે કરી, મૃત ગૌવંશના નમૂના ફોરેન્સિક લેબમાં મોકલાયા હતા, જ્યારે બચાવ કરેલા ગૌવંશને કોઠારા પોલીસ મથકને સોંપવામાં આવ્યા બાદ, તેમને નજીકની પાંજરાપોળમાં મોકલી આપવામાં આવ્યા હતા.

# જૂનાગઢના માંગરોળમાં પથ્થરની ખાણ પર દરોડો, ૨૫ ટ્રક અને ચકરડી જપ્ત

અમદાવાદ: જૂનાગઢ જિલ્લાના માંગરોળ પંથકમાં ગેરકાયદે ધમધમતી પથ્થરની ખાણ પર કેશોદના મહિલા એસડીએમએ દરોડો પાડતા ખનીજચોરોમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાસ્થળ પરથી પથ્થર (બેલા) ભરેલી ૨૫થી વધુ ટ્રક, અને પથ્થર કાઢવા માટેની ચકરડીઓ સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. દરોડોના પગલે સ્થળ પર જે લોકો હાજર હતા તે ફરાર થઈ ગયા છે. આ મામલે ફરિયાદ નોંધવા વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરે ગેરકાયદે ખનીજ ચોરી અટકાવવા કડક સૂચનાઓ આપી હતી. તેના અનુસંધાનમાં કેશોદ પ્રાંત અધિકારીએ તાત્કાલિક અસરથી માંગરોળ અને શીલ વિસ્તારમાં ગેરકાયદે ચાલતી પથ્થરની ખાણો પર દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી એટલી ગુપ્ત હતી કે જિલ્લાનો ખાણ ખનીજ વિભાગ કુંભકર્ણની નિંદ્રામાં હોય તેમ તેને દરોડાની જાણ પણ કરવામાં આવી નહોતી.

દરોડા દરમિયાન, ઘટના સ્થળેથી ૨૫થી વધુ પથ્થર ભરેલા ટ્રક સહિત પથ્થર કટિંગ માટે વપરાતી અનેક ચકરડીઓ (કટિંગ મશીનો) પણ કબજે કરવામાં આવી હતી. જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત કરોડો રૂપિયામાં આંકવામાં આવી રહી છે. થોડા સમય પહેલા જ જિલ્લામાં ચાલતી ખનીજ ચોરીને લઈને રજૂઆતો થઈ હતી, જેના પગલે આ પગલું લેવામાં આવ્યું હતું.

જૂનાગઢ જિલ્લામાં આટલા મોટા પાયે ચાલતી ગેરકાયદે પથ્થરની ખાણો પર તવાઈ બોલાવતા ખનીજ ચોરી કરતા તત્ત્વોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આ ગેરકાયદે ખાણો ઘણા લાંબા સમયથી ધમધમતી હતી અને તેમાં અનેક રાજકીય માથાઓના નામ ખુલે તેવી શક્યતા છે.

# નાની ચીરઇ અને ગળપાદર ગામમાં બે યુવાનોએ ગળેફાંસો લગાવી આપઘાત કરી લેતાં ચકચાર

ભુજ: કચ્છના ભચાઉ તાલુકાના નાની ચીરઇ ખાતે એક ખાનગી કંપનીની વસાહતમાં રહેનાર ગોપીચંદ હીરાલાલ કોલ (ઉં.વ.૩૩) નામના યુવકે જયારે ગળપાદરના સહારા નગરમાં મહેંદી હસન મહંમદબીન અંસારી (ઉં.વ.૨૭)એ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ, નાની ચીરઇ નજીક આવેલી આકાશ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપનીની શ્રમિક વસાહતમાં ગત બપોરના અરસામાં અપમૃત્યુનો આ બનાવ બન્યો હતો જેમાં આ કંપનીમાં કામ કરનાર ગોપીચંદ નામના શ્રમિકે પોતાના રૂમ ઉપર પંખાના હૂકમાં સાડી બાંધી અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ અનંતની વાટ પકડી લીધી હતી.

આ પ્રકારનો વધુ એક બનાવ ગાંધીધામ સંકુલના ગળપાદરના સહારાનગર મકાન નંબર ૭૩માં બન્યો હતો. અહીં પરિવાર સાથે રહેનાર મહેંદી હસન નામના યુવાને તેના રૂમમાં સીલિંગ ફેનમાં બાંધેલા ગમછા વડે ગળેફાંસો ખાઇ પોતાનો જીવ દીધો હતો. આ બંને આપઘાતનાં પ્રકરણમાં પોલીસે કારણ જાણવા માટે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ભાવનગર શહેરની પરિણતા ઉપર બળાત્કારના આરોપીના જામીન કોર્ટે નામંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: શહેરના ગઢેચી વડલા વિસ્તારમાં રહેતા દિપકભાઈ ભરતભાઈ પરમાર ઉ.વ.૩૭, નામના શખ્સે આ કામના ફરીયાદી તથા તેમના પતિ વચ્ચે ચાલતા મનદુ:ખનો ગેરલાભ ઉઠાવી ફરીયાદીને ગઈ તા. ૧/૯/૨૦૨૫ ના રોજ બપોરે આશરે ત્રણેક વાગ્યે ફોન કરી ફરિયાદીને આશ્વાસન આપવાના બહાને એક જગ્યાએ બોલાવી એકલતાનો લાભ લઇ આરોપીએ ફરિયાદીને ડરાવી ધમકાવી ફરિયાદીની ઇચ્છા અને મરજી વિરુદ્ધ ફરિયાદી સાથે શરીર સંબંધ બાંધી ફરિયાદી ઉપર બળાત્કાર કરી ગુનો કર્યો હતો. આ બનાવ અંગે ભોગ બનનારે વરતેજ પોલીસ સ્ટેશનમાં આરોપી દિપકભાઈ ભરતભાઈ પરમાર સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સામે ગુનો નોંધ્યો હતો અને આરોપીને ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો. આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે પોતાના વકિલ મારફતે ભાવનગરના ત્રીજા એડિશનલ સેશન્સ જજ સ્પે. પોક્સો જજ એચ.એસ.દવે. ની કોર્ટમાં ચાલી જતા અદાલતે સરકારી વકીલ ગીતાબા પી. જાડેજાની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીની જામીન અરજી અદાલતે ના-મંજૂર કરી હતી.

# ઓપરેશન કારાવાસ અંતર્ગત રાજકોટ જેલમાંથી પેરોલ જમ્પ કરી ફરાર થયેલો આરોપી અંજારથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છની સ્થાનિક ગુનાશોધક શાખાના ઓપરેશન કારાવાસ અંતર્ગત પદ્ધરના અપહરણ કેસમાં રાજકોટ જેલમાંથી વચગાળાના જામીન મેળવી છેલ્લાં સાત મહિનાથી ફરાર થઇ ગયેલા અપરાધીને અંજાર હોવાની બાતમીના આધારે દબોચી લઇ, તેને રાજકોટ ખાતેની મધ્યસ્થ જેલના હવાલે કર્યો હતો.

આ અંગે એલસીબી પી.આઇ. એન.એન.ચુડાસમાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે, ભુજ તાલુકાના પદ્ધર પોલીસ મથકે વર્ષ-૨૦૧૮માં નોંધાયેલા અપહરણના ગુનામાં અંજારના ગંગાનાકા વિસ્તારમાં રહેતા અકરમ શાબાન સંગારને ભુજના પાંચમા અધિક સેશન્સ જજ અને સ્પેશિયલ જજ પોક્સો કોર્ટે ૧૦ વર્ષની સજાનો હુકમ આપ્યા બાદ જેલવાસની સજા દરમિયાન રાજકોટ જેલમાંથી વચગાળાના જામીન મેળવી, સાત મહિનાથી પેરોલ મેળવી ફરાર થયેલો આરોપી અંજાર હોવાની બાતમી મળતાં તેને પકડી લઇ રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરાયો હતો.

કચ્છ બોર્ડર રેન્જ આઇ.જી ચીરાગ કોરડીયા અને પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારે ઓપરેશન કારાવાસ અંતર્ગત પેરોલ રજા મેળવી ફરાર થયેલા આરોપીઓને ટ્રેસ કરીને પકડવાની આપેલી સૂચના અન્વયે આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

# અમરેલીમાં ૨.૨૪ લાખ ખેડૂતોએ કૃષિ રાહત માટે અરજી કરી:૧.૫૬ લાખ અરજીઓની ચકાસણી પૂર્ણ

### કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે અમરેલી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં જોગવાઈ મુજબ વી.સી.ઈ. મારફત નુકસાનગ્રસ્ત ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી ૧૪ નવેમ્બર, ૨૦૨૫થી શરૂ થઈ હતી

અમદાવાદ: અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદને કારણે થયેલા પાક નુકસાન માટે જાહેર કરાયેલા કૃષિ રાહત પેકેજ અંતર્ગત ૭૫ હજારથી વધુ ખેડૂતોને રૂ.૨૫૨ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે. જિલ્લામાં કુલ ૨,૨૪,૬૧૩ અસરગ્રસ્ત ખેડૂતોએ સહાય માટે અરજી કરી હતી, જેમાંથી ૧,૫૬,૦૦૦ અરજીઓની ચકાસણી પૂર્ણ થઈ ગઈ છે.

રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ બાદ કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ પેકેજ હેઠળ પાક નુકસાની સહાયનો લાભ મેળવવા માટે અમરેલી જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨,૨૪,૬૧૩ ખેડૂતોએ અરજીઓ કરી છે.

પી.એફ.એમ.એસ. પોર્ટલ મારફત થયેલી કામગીરીમાં ૭૫ હજારથી વધુ નુકસાનગ્રસ્ત ખેડૂતોને ₹૨૫૨ કરોડથી વધુની રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા સીધી અરજદાર ખેડૂતોના આધારલિંક બેંક ખાતામાં જમા કરવામાં આવી છે.

કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે અમરેલી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં જોગવાઈ મુજબ વી.સી.ઈ. મારફત નુકસાનગ્રસ્ત ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી ૧૪ નવેમ્બર, ૨૦૨૫થી શરૂ થઈ હતી. અરજી મેળવવાની આ કાર્યવાહી હવે પૂર્ણ થઈ ગઈ છે.

# માંગરોળમાં ખાતરની તંગી સાથે ભેળસેળનો પણ આક્ષેપ, ખેડૂતોને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ઘણી જગ્યાએ ખાતરની તંગીની ફરિયાદો થઈ રહી છે ત્યારે જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં ભેળસેળવાળુ ખાતર મળતું હોવાની ફરિયાદ ખેડૂતો કરી રહ્યા છે.

તાલુકામાં ખાતર માટે ખેડૂતો લાઈનો લગાવી રહ્યા છે. એક તો ખાતરની અછત છે અને જે મળે તેમાં પણ ભેળસેળવાળું મળતો હોવાની ફરિયાદો થઈ રહી હતી. લાંબી લાઈનમાં ઊભા રહ્યા બાદ એક ખેડૂતને માત્ર બે થેલી મળે છે અને તેમાં પણ ભેળસેળ હોવાનું ખેડૂતો કહી રહ્યા છે. ખેડૂતોને ત્રણ પ્રકારનું મિક્સ ખાતર આપવામાં આવી રહ્યું હોવાની ફરિયાદો થઈ રહી છે. આથી ખેતીની ગુણવત્તાને અસર થઈ રહી છે. ખેડૂતોએ આ મામલે રોષ વ્યક્ત કર્યો હતો અને સ્થાનિક તંત્ર સામે રજૂઆત પણ કરી હતી. આ પ્રકારે ભેળસેળવાળા ખાતર આપનારા સામે કડક પગલાની માગણી ખેડૂતોએ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સ્થાનિક અધિકારીઓ સાથે વાત થઈ શકી ન હતી.

# ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા જાન્યુઆરીમાં, ૧૩૦૦ સ્પર્ધક લેશે ભાગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શિયાળાની કડકડતી ઠંડીમાં ગિરનાર ચડવાની મજા હોય છે. હજારો પ્રવાસીઓ રોજ ગિરનારની મુલાકાતે આવે છે. રાજ્ય સરકાર દ્વારા ગિરનારની આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજવામાં આવે છે. આ સ્પર્ધા ૨૦૨૬માં એટલે કે નવા વર્ષના પહેલા સપ્તાહમાં યોજાશે, તેમ જાણવા મળ્યું હતું. વિવિધ જિલ્લાઓમાંથી લગભગ ૧૩૭૭ સ્પર્ધકે રજિસ્ટ્રેશન કરાવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.

યુવક-યુવતીમાં સાહસવૃતિ જાગે તે માટે યોજાતી આ સ્પર્ધા રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે યોજાય છે. પુરુષ સ્પર્ધકો માટે તળેટીથી અંબાજી સુધીના ૫૫૦૦ પગથિયાં અને મહિલા સ્પર્ધકો માટે માળીના પરબ સુધીના ૨૨૦૦ પગથિયાં ચડવા અને ઉતરવાની સ્પર્ધા હોય છે. આ સ્પર્ધા અનુક્રમે બે કલાક અને ૧.૧૫ કલાકમાં પૂરી કરવાની હોય છે.

હાલમાં ફોર્મની ચકાસણી ચાલી રહી છે, તેને ફાઈનલ કરી અંતિમ યાદી બહાર પાડવામાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

# સૌરાષ્ટ્રની ટ્રેનોને ચાંદલોડિયા સ્ટોપેજ મળતા લોકોને હાલાકી, સાબરમતી સ્ટોપની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદના કાળુપુર રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું હોવાથી મોટાભાગની ટ્રેનના અમદાવાદ ખાતેના સ્ટોપેજ બદલવામાં આવ્યા છે, આને લીધે સૌરાષ્ટ્રના પ્રવાસીઓએ ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. આથી સૌરાષ્ટ્રના પ્રવાસીઓએ સાબરમતી સ્ટોપેજ આપવાની માગણી કરી રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સૌરાષ્ટ્રથી આવતા પ્રવાસીઓએ જણાવ્યું હતું કે ટ્રેનોને ચાંદલોડિયા સ્ટોપેજ મળતું હોવાથી તેમણે કનેક્ટિંગ ટ્રેન પકડવા સાબરમતી સ્ટેશન તરફ દોડવું પડે છે. બાળકો કે વૃદ્ધો તેમ જ સામાન સાથે આ ખૂબ અઘરું અને ખર્ચાળ બની રહ્યું છે. રિક્ષાવાળાઓ જરૂર જાણી ગયા હોવાથી ચાંદલોડિયાથી સાબરમતી જવાના રૂ. ૨૦૦ લઈ લે છે. સામાન હોવાથી અને બીજી ટ્રેન પકવાની હોવાથી પ્રવાસીઓ પાસે બીજો કોઈ વિકલ્પ રહેતો નથી, તેમ પ્રવાસીઓએ જણાવ્યું હતું. આ મામલે રેલવે ઓથોરિટીનો સંપર્ક સાધી શકાયો નથી.

# સૌરાષ્ટ્રના આદિવાસી ભીલ સમાજના અગ્રણીઓએ આદિજાતિ વિકાસ પ્રધાન પી. સી. બરંડાને રજૂઆતો કરી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભાવનગર: સૌરાષ્ટ્રના છુટાછવાયા આદિવાસી ભીલ સમાજના લોકો અને વિદ્યાર્થીઓને જાતિના દાખલાઓ અને વિશ્લેષણ સમિતિમાં પડતી તકલીફો અંતર્ગત ગત ૨-૧૨-૨૦૨૫ અને મંગળવારના રોજ સૌરાષ્ટ્રના આદિવાસી ભીલ સમાજના અગ્રણીઓએ રાજય કક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી પી. સી. બરંડાને તેમજ બિરસા મુંડા ભવન ખાતેના આદિજાતિ વિકાસ કમિશનર અનિલકુમારને રજૂઆતો કરી હતી જેમાં રાજકોટ, ભાવનગર અને સુરેન્દ્રનગર સહિત સૌરાષ્ટ્રના અન્ય નગરો અને ગામના તેમજ અમદાવાદના અગ્રણીઓ હરેશભાઇ પરમાર, દર્શનભાઈ ભીલ, રમેશભાઈ કોલી, મધુભાઈ રાણા, રોનકભાઈ ભીલ, દલપતભાઈ ઝાપડીયા, આશાભાઈ મીના, સુનિલભાઈ ઉમટ તથા કમલેશભાઈ વાઘેલા સહિતના આગેવાનોએ રજૂઆતો કરી હતી. રાજ્ય મંત્રી પી. સી. બરંડાજી તેમ જ કમિશનરએ ઉક્ત સમસ્યાના નિવારણ અંગે ખાતરી આપી હતી.